3

હરિઃ ૐ

# પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ

## તદ્રૂપ - સર્વરૂપ

સ્વજનઃ શ્રી રમણભાઈ અમીન
સંપાદકઃ ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ

હરિઃ ૐ

# પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ

## તદ્રૂપ - સર્વરૂપ

સ્વજનઃ શ્રી રમણભાઈ બી. અમીન

સંપાદકઃ ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન, નડિયાદ.

| | |
|---|---|
| * પ્રકાશક : | શ્રીમતી ધીરજબહેન રમણભાઇ અમીન<br>રેસકોર્સ સર્કલ પાસે,<br>વડોદરા. ૩૯૦ ૦૧૫ |
| *C | હરિઃ ૐ આશ્રમ, નડિયાદ, સૂરત. |
| * પ્રથમ આવૃત્તિ : | એપ્રિલ, ૧૯૯૦ |
| * પ્રત : | ૧૫૦૦ |
| * કિંમત - | રૂ. ૪૦/- |
| * વેચાણ કિંમત - (રાહત દરે) | રૂ. ૨૦/- |
| * પ્રાપ્તિસ્થાન : | હરિઃ ૐ આશ્રમ, પોસ્ટ બોક્સ નં. ૭૪,<br>નડિયાદ. ૩૮૭ ૦૦૧<br>હરિઃ ૐ આશ્રમ, કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,<br>રાંદેર. સૂરત. ૩૯૫ ૦૦૫ |
| * મુદ્રક : | લાઇટ પબ્લિકેશન્સ લિ.<br>ભાઇલાલ અમીન માર્ગ<br>વડોદરા. ૩૯૦ ૦૦૩ |

હરિઃ ૐ

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટા પ્રત્યે તથા હરિઃ ૐ આશ્રમ પ્રત્યે
ઊંડો પ્રેમભાવ રાખનાર;
પરંપરાગત સાધુ-સંન્યાસીઓથી
તદ્દન મૌલિક રીતે જ વ્યકત થનાર;
અનેક વ્યક્તિઓના જીવન વ્યવહારને
અજવાળનાર અને ઉન્નત કરનાર;
શાંતિ આશ્રમના (ભાદરણ, જિ. ખેડા)
સ્થાપક તથા સંચાલક
એક વિલક્ષણ વિભૂતિ,
**બ્રહ્મલીન સ્વામી કૃષ્ણાનંદની**
પવિત્ર સ્મૃતિમાં
આ ગ્રંથ સમર્પિત કરતાં
કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

તાઃ ૩-૪-૯૦

હરિઃ ૐ આશ્રમ ટ્રસ્ટ
નડિયાદ.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| *નિવેદન : શ્રી રમણભાઇ બી. અમીન | 5 |
| *આભારદર્શન : હરિઃ ૐ આશ્રમ ટ્રસ્ટ | 6 |
| *પરમચૈતન્યનો પ્રેમપ્રસાદ (સંપાદકીય) ડૉ. રમેશભાઇ ભટ્ટ | 7 |

| વિષય | | પાના નં. |
|---|---|---|
| ૧. | 'મન' વિશે મનન | ૧ |
| ૨ | સાધનક્રમ | ૧૩ |
| ૩ | નીરવતા | ૨૨ |
| ૪ | જપનું પરિણામ | ૨૬ |
| ૫ | વૈષ્ણવધર્મ | ૩૧ |
| ૬ | રામાનુજાચાર્ય | ૩૬ |
| ૭ | પ્રકાશનાં દર્શન | ૩૯ |
| ૮ | અભિમુખતા | ૪૩ |
| ૯ | જીવની ગતિ અને કાર્ય | ૪૬ |
| ૧૦ | અનુભવી અને નિમિત્ત | ૫૦ |
| ૧૧ | ગુણવિવેક | ૫૬ |
| ૧૨ | ચેતનનાં - પ્રભુનાં દર્શન | ૬૭ |
| ૧૩ | સાકાર-નિરાકાર એક જ | ૭૫ |
| ૧૪ | તાદાત્મ્ય ચિંતન | ૭૮ |
| ૧૫ | સંત પરિચય | ૮૨ |
| ૧૬ | પરિણામની આશા | ૯૪ |
| ૧૭ | નામસ્મરણ | ૯૯ |
| ૧૮ | નિમિત્ત છતાં-જ્ઞાની બંધનરહિત | ૧૦૪ |
| ૧૯ | વાતાવરણ - વિજ્ઞાન | ૧૧૪ |
| ૨૦ | કર્મ | ૧૨૦ |
| ૨૧ | દેશનો સ્થિતિવિચાર | ૧૩૭ |
| ૨૨ | પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ | ૧૩૮ |
| ૨૩ | તાદાત્મ્ય | ૧૪૧ |
| ૨૪ | ગુણાતીત માટેની પ્રક્રિયા | ૧૫૫ |
| ૨૫ | ચેતનશક્તિનું યુદ્ધ | ૧૬૩ |
| ૨૬ | સમૃદ્ધિ વિશે | ૧૭૯ |
| ૨૭ | આત્મમુહૂર્ત વિધિનો મર્મ | ૧૮૦ |

હરિઃ ૐ

# નિવેદન

ઇ.સ. ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન પૂજ્ય શ્રીમોટા આરામ માટે ફાજલપુર મુકામે ફાર્મ હાઉસમાં કેટલાક દિવસો રહેલા. તેઓશ્રીના નિવાસના એ દિવસો દરમિયાન વહેલી સવારે અમારે એમની પાસે જવું એમ નક્કી થયેલું હતું. કલાક-દોઢ કલાક સત્સંગની વાતો થતી. મારા મનમાં થતા પ્રશ્નો પૂછતો. ક્યારેક ક્યારેક ધીરજબહેન પણ કંઈક પૂછે. ચિ. જ્યોતિબહેન પણ પૂછે. આ બધી સત્સંગની વાતો ટેઇપમાં રેકોર્ડ કરી દીધેલી. પૂજ્ય શ્રીમોટાના આ સત્સંગની પચાસ કેસેટ્સ ભરાયેલી.

આ કેસેટ્સમાં ઊતરેલી પૂજ્ય શ્રીમોટાની વાણી પૂજ્ય શ્રીમોટાના હજારો સ્વજનો સુધી પહોંચે એવી ભાવના શ્રી રમેશભાઇએ મારી સમક્ષ વ્યક્ત કરી. એમણે કેસેટમાંથી વાણીનું સંકલન-સંપાદન કરીને મને વાંચવા આપ્યું. મેં એ પ્રેસ નકલ વાંચી. પ્રસન્નતા અનુભવી.

આ પુસ્તક ' તદ્રૂપ - સર્વરૂપ ' - માંના પ્રગટ થયેલા સત્સંગમાંનો મોટો ભાગ પૂજ્ય શ્રીમોટાએ ભાઇલાલ અમીન હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરેલો.

પૂજ્ય શ્રીમોટાની વાણીનું આ અક્ષરરૂપ પ્રકાશિત કરીને ધન્યતાની અને કૃતાર્થતાની લાગણી અનુભવું છું.

વડોદરા
૧૦ એપ્રિલ, ૧૯૯૦

રમણભાઇ બી. અમીન

હરિઃ ૐ

## આભાર દર્શન

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૪-૭૫માં શ્રી.રમણભાઈ અમીન સાથે સત્સંગ કરેલો. એ સત્સંગ શ્રી.રમણભાઈએ કેસેટ-ટેઈપમાં રેકોર્ડ કરેલો. એ પરથી શ્રી.રમેશભાઈ ભટ્ટે સંપાદન કરેલું આ પુસ્તક 'તદ્રૂપ - સર્વરૂપ' તૈયાર થયું છે. પૂજ્ય શ્રીમોટાની વાણીની કેસેટ્સ શ્રી.રમણભાઈ અમીન સાહેબે આપીને પૂજ્ય શ્રીમોટાના સ્વજનો પર પોતાનો પ્રેમભાવ દર્શાવ્યો છે એ માટે એમને ધન્યવાદ ઘટે છે.

શ્રી.રમેશભાઈએ ઘણા પરિશ્રમથી આ પુસ્તક તૈયાર કર્યું છે. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના એમના ભાવની અમે કદર કરીએ છીએ.

આ પુસ્તક તથા આ જ શ્રેણીનાં બીજાં પુસ્તકો લાઈટ પબ્લિકેશન્સ લિ.માં નવા ગોઠવાયેલા કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટિંગથી તૈયાર થાય છે. અને શ્રી.રમણભાઈ અમીન તરફથી આ પ્રકાશનો પૂજ્ય શ્રીમોટાના ચરણે સમર્પિત થયાં છે. આ માટે શ્રી.રમણભાઈ અમીન સાહેબના અમે ઘણા ઘણા આભારી છીએ.

શ્રીમતી જ્યોતિબહેન એસ. પટેલ તથા શ્રી રેશ્માબહેન પટેલે અંગત ખંત અને ઉત્સાહ દાખવીને આ પ્રકાશન તૈયાર કર્યું છે એ માટે એમનાં આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાના સ્વજનો તથા અધ્યાત્મરસિકોને આ પુસ્તકો જીવનપંથમાં પ્રેરણાદાયી બનશે એવી અમને શ્રદ્ધા છે.

હરિઃ ૐ આશ્રમ, ટ્રસ્ટ
નડિયાદ.

હરિઃ ૐ

# પરમચૈતન્યનો પ્રેમપ્રસાદ

(સંપાદકીય)

પૂજ્ય શ્રીમોટાએ શ્રી. રમણભાઇ અમીન સાથે કરેલા સત્સંગનું આ ત્રીજું પુસ્તક 'તદ્રૂપ-સર્વરૂપ' આધ્યાત્મિક વિજ્ઞાનની કેટલીક સૂક્ષ્મ-ગૂઢ હકીકતોના પૃથક્કરણ માટે વિશેષ નોંધપાત્ર છે. પૂજ્ય શ્રીમોટા સાથેના સત્સંગની આ પ્રકાશનશ્રેણીનું દરેક પુસ્તક સ્વતંત્ર પ્રકાશન છે. એને જે પેટા-શીર્ષકો અપાયાં છે એ દ્વારા તે પુસ્તકમાં એ વિષયની વિશિષ્ટ અને વિગતવાર છણાવટ સૂચવાઇ છે. આ પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ અનુભવદર્શનની પૂર્વભૂમિકાથી આરંભીને એના નિરંતર વિકાસમાં અનુભવાતા તબક્કાઓ પૈકીના ત્રણ મહત્ત્વના તબક્કાઓનું વિશ્લેષણ કર્યું છે. આ વિશ્લેષણ દ્વારા આધ્યાત્મિક વિજ્ઞાનનું નિગૂઢ પ્રકરણ ઘણે અંશે ખુલ્લું થયું છે. પૂજ્ય શ્રીમોટાએ આત્માના અનુભવને બુદ્ધિગ્રાહ્ય કર્યો છે તેમજ અમૂર્ત ભાવને નકશાબદ્ધ કર્યો છે, એ આ પુસ્તકની વિશેષતા છે. આવા સૂક્ષ્મ અનુભવને પૂરેપૂરો સમજાવવાની અસંભવિતતા પૂજ્ય શ્રીમોટાએ દર્શાવી છે. આનું તાત્પર્ય એ છે કે આવા સૂક્ષ્માતિસૂક્ષ્મ અનુભવને ભાષામાં વ્યક્ત થવા માટે મર્યાદા પણ છે. એની સામે એમ પણ સ્વીકારી શકાય કે જિજ્ઞાસુ-શ્રેયાર્થી આવી ગૂઢ હકીકતને યથાર્થ રીતે સમજી શકે એવી એની બૌદ્ધિક પાત્રતા પણ કેળવાઇ હોતી નથી.

આમ છતાં આ સત્સંગશ્રેણી વાંચતાં શ્રેયાર્થી-સ્વજનનું જિજ્ઞાસુરૂપ અને પૂજ્ય શ્રીમોટાના હૃદયકમળમાં પ્રગટી રહેલ પરમાત્મરૂપ વચ્ચે સધાતો સંવાદ હૃદયસ્પર્શી બની રહે છે. પૂજ્ય શ્રીમોટાના દેહરૂપમાં જે પરમાત્મભાવ પ્રગટ થયો એમાંથી અનુભવાતો પ્રેમભાવ આ સત્સંગશ્રેણીના વાચનનું ઉત્તમ ફળ છે.

પૂજ્ય શ્રીમોટાને ૧૯૩૯ની રામનવમીએ જે અનુભવ થયો એને નિર્ગુણ બ્રહ્મના સાક્ષાત્કાર તરીકે ઓળખાવાયો. 'પોતે' સર્વત્ર વિદ્યમાન (હાજર) છે એવો અનુભવ થયો અને રહ્યો. એટલું જ નહિ પણ આવો અનુભવ સૂક્ષ્મ અને ગૂઢ રીતે વિસ્તરતો-વિકસતો અને સક્રિય થતો જ રહ્યો. આવી હકીકત પૂજ્ય શ્રીમોટાની વાણી દ્વારા અવતરી છે. એમાં તેઓશ્રીમાં પ્રગટેલી પ્રેમરૂપ ચેતનાનો કરુણાપ્રવાહ અનુભવાય છે. આ સત્સંગ માણતા આધ્યાત્મજિજ્ઞાસુ જે પ્રસાદ પામે છે એ પરમચૈતન્યનો પ્રેમપ્રસાદ છે. 'ચેતન', 'ભગવાન' 'પ્રભુ' કે 'પરમાત્મા' એ તો સકળ જગત અને અખિલ બ્રહ્માંડના આધારરૂપ રહેલું તત્ત્વ અનુભવરૂપે પ્રગટયું છે એને સમજવાની સંજ્ઞાઓ છે. એ તત્ત્વ પૃથ્વીની ચેતનામાં સક્રિય બની માનવમાત્રમાં કલ્યાણ પ્રેરે એ માટે સદ્-અસદ્-દેવાસુર સંગ્રામ કેવા ખેલાય છે તેમજ એ સૂક્ષ્મ યુદ્ધમાં કેવા કેવા વ્યૂહ ગોઠવાય છે તેમજ સામસામાં અનુભવદર્શનમાં કેવાં પરિણામો ભોગવાય છે એનું રસભર્યું અદ્‌ભુત વર્ણન આ સત્સંગમાં પ્રગટ થયું છે. જે હૃદય તત્-રૂપ બન્યું છે, મતલબ કે પ્રભુરૂપે પ્રગટયું છે એ જીવમાત્રમાં - અણુ પરમાણુમાં - સર્વરૂપ કેવી રીતે બને છે, એની પ્રક્રિયા પૂજ્ય શ્રીમોટાએ વર્ણવી છે. આવી સૂક્ષ્મ ગૂઢ પ્રક્રિયા સંપૂર્ણ સ્પષ્ટ બની છે. આથી આ વિષયમાં પ્રવર્તતી કેટલીક ભ્રાન્તિઓ તેમજ કલ્પનાઓ પણ દૂર થાય છે.

ભગવાન પ્રત્યે અભિમુખ બનેલો જીવ જયારે કોઈપણ સાધન દ્વારા સાધનાક્રિયામાં પ્રવેશે છે અને એ ક્રિયાનો દીર્ઘકાળ અભ્યાસ કરે છે ત્યારે વિવિધ પ્રકારનાં પ્રકાશના દર્શન થાય છે. એ વખતે બુદ્ધિ પ્રકાશનાં વિવિધ અર્થઘટનો કરવા પ્રેરાય છે. આથી શ્રેયાર્થી દર્શનની પૂર્ણતા પામ્યાની ભ્રાન્તિમાં અટવાય છે. પ્રકાશનું દર્શન એ પ્રભુનું દર્શન નથી, એમ પૂજ્ય શ્રીમોટાએ સ્પષ્ટ કર્યું છે. તેઓશ્રીએ આવા પ્રકાશદર્શનને કશાકના 'આઉટકમ' - આવિર્ભાવ તરીકે સમજવાનું સૂચવ્યું છે. મતલબ કે પ્રકાશદર્શન દ્વારા પ્રભુદર્શનની સંભવિતતાની ભૂમિકા રચાઈ રહી છે એનો સંકેત છે. તેજતત્ત્વમાં આકાશની ભૂમિકા રહેલી છે. જયારે સંપૂર્ણરીતે આકાશતત્ત્વ અનુભવાય ત્યારે પ્રભુરૂપ અનુભવાય છે. જેવી રીતે

આકાશતત્ત્વ બધે જ પ્રસરેલું છે એવી રીતે જેને પ્રભુરૂપ અનુભવાયું છે એ 'પોતા'ને બધે જ પ્રસરેલો અનુભવે છે.

દેહરૂપમાં પ્રભુરૂપના અનુભવની સંપૂર્ણ શક્યતા હોવા છતાં એમાં રહેલો એક સૂક્ષ્મ ભેદ પૂજ્ય શ્રીમોટાએ સ્પષ્ટ કર્યો છે. પ્રભુરૂપનો અનુભવી દેહધારી સ્વયં પ્રભુ કે ભગવાન નથી અને એ ભગવાન હોઇ શકે જ નહિ. કેમકે જયાં સુધી એને દેહ છે ત્યાં સુધી એ પ્રભુનું યંત્ર બનીને કાર્ય કરે છે તે સાથે સાથે એને અનેક જીવો સાથે 'નિમિત્ત' સંબંધો છે. પોતાના અનેક જન્મો થયા છે અને બધા જન્મો દરમિયાન સ્થળ, સમય, પ્રકૃતિ, વ્યકિત, વાતાવરણ વગેરે સાથે એનો સંબંધ હતો. આ જન્મે પોતે અનેક જન્મોની સાધના પછી હૃદયમાં પ્રભુરૂપ પામ્યો છે અને એ સર્વ સંબંધો સાથેનાં પોતાના પ્રારબ્ધમાંથી મુકત બનેલો છે. આમ છતાં જે તે સર્વ જીવો જયાં સુધી મુકત બન્યા નથી, ત્યાં સુધી આવા અનુભવીનો એ સર્વ જીવો સાથેનો સંબંધ 'નૈમિત્તિક' રહે છે. પૂજ્ય શ્રીમોટાએ અનુભવ પછીના સંબંધોને 'નિમિત્ત' તરીકે ઓળખાવ્યા છે અને જીવદશાના પરસ્પરના સંબંધને 'વલણ' તરીકે ઓળખાવ્યા છે. આપણે વ્યવહારની સરળતા ખાતર 'નિમિત્ત' શબ્દ ગમે ત્યાં પ્રયોજીએ છીએ. પરંતુ આધ્યાત્મિક વિજ્ઞાનક્ષેત્રેમાં 'નિમિત્ત' એ ઘણો મહત્ત્વનો અર્થગર્ભ-શબ્દ છે.

સંસારીજીવો જે સંબંધોમાં વ્યવહાર કરે છે એમાં જીવદશાને લીધે - વલણને લીધે નવા બંધનોનું નિર્માણ કરે છે. પોતાના ચાલુ જીવનમાં તો એ બંધાયોલા હોય છે અને આવા 'વલણ' થી નવાં જન્મને માટે બંધનનું કારણ ઊભું કરે છે. જયારે પરમાત્માનુભવ પછી દેહધારી વ્યકિત પોતાની પ્રકૃતિના તમામ વલણોનો સ્વામી હોવાથી નવા કર્મ બાંધતો નથી. એ પોતાના નિમિત્ત સંબંધોમાં એકરૂપ બનતો હોવા છતાં એ બંધાતો નથી. આ અર્થમાં અનુભવીના નૈમિત્તિક સંબધો એને બંધનકર્તા નથી. ઉપરાંત આવા નિમિત્ત સંબંધો સાથે - એની પ્રકૃતિ સાથે એકરૂપ થવાનો એનો જ્ઞાનાત્મક જીવતોજાગતો હેતુ હોય છે. એ અન્ય જીવની પ્રકૃતિના પ્રવાહના પટને પ્રભુ પ્રત્યે વાળવાના હેતુથી એકરૂપ થાય છે. પરંતુ સામો જીવ પોતાના

જીવનહેતુથી અજ્ઞાત અને અજ્ઞાન હોવાથી અનુભવીના આવા ગૂઢ કાર્યને - નિમિત્ત સંબંધને એની યથાયોગ્યતામાં સત્કારીને અને સ્વીકારીને પોતાના જીવનને ઉઠાવ આપી શકતો નથી. અનુભવી એક જ પળે અનેક નિમિત્તો સાથે સંકળાયેલો છે છતાં એની આવી એકરૂપતાનો એ 'પોતે' સાક્ષી પણ હોય છે.

પૂજ્ય શ્રીમોટાએ વ્યક્ત કરેલી આ પ્રક્રિયાથી આપણને પ્રતીત થાય છે કે સત્પુરુષો પૃથ્વી પરના માનવજીવનમાં કેવી નિગૂઢ રીતે ઉત્ક્રાન્તિ પ્રેરે છે ! મનુષ્ય જીવનનાં સુખ અને સમૃદ્ધિ માટે જે જે વૈજ્ઞાનિક શોધખોળો થઇ છે તથા બીજા અનેક ક્ષેત્રોમાં જે સંશોધન થાય છે એના મૂળમાં આવી ભાગવતી ચેતનાનું સૂક્ષ્મ કાર્ય રહેલું છે એનું પ્રતીતિકર નિરૂપણ આ સત્સંગમાં થયું છે. પરમાત્માનુભવી બ્રહ્માંડમાંના પૃથ્વી ઉપરાંત અનેક ગ્રહોમાં પહોંચે છે અને ત્યાં રહેલા જુદા જુદા તત્ત્વોના વિદેહી જીવોનો સંપર્ક પણ કરે છે. આવી સહજ પ્રક્રિયાના મૂળમાં 'પ્રેમ' તત્ત્વ રહેલું છે. અનુભવની આવી કક્ષાઓ બુદ્ધિની ભૂમિકા પર પૂરવાર કરી શકાય એવી નથી - માટે એવો અનુભવ જ હોઇ શકે નહિ એમ સ્વીકારવામાં તો બુદ્ધિના જ અમર્યાદ પ્રકાશની સંભવવાનો ઈન્કાર કર્યો કહેવાય. માટે આપણી હાલની સ્થિતિમાં આપણે આથી વધુ સમજવા શકિતમાન નથી એમ સ્વીકારવામાં સચ્ચાઇ રહેલી છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાના આવા અનુભવની બીજી અનેક શ્રેણીનું વર્ણન કરવાનું ટાળ્યું છે. એમાં તેઓશ્રીએ હાલની માનવમતિની આ પ્રકારની અવસ્થાઓ સમજવાની મર્યાદાને સ્વીકારી છે.

પૂજ્ય શ્રીમોટાએ સર્વરૂપના અનુભવના કારણ તરીકે આત્માના તાદાત્મ્યગુણને ગણાવ્યો છે. વ્યકિતમાત્ર તાદાત્મ્યમા તો અનુભવે છે. પરંતુ જીવમાત્રનું તાદાત્મ્ય પ્રાકૃતિક છે. વસ્તુ, વ્યકિત, સ્થળ, વિચાર, માન્યતા, સમજણ વગેરે સાથે આપણે તાદાત્મ્ય અનુભવીએ છીએ. આપણી આવી તદ્રૂપતામાં જ્યારે આઘાત આવે છે ત્યારે દુઃખ, સંતાપ, ક્લેશ, વેદના વગેરે અનુભવીએ છીએ. પૂજ્ય શ્રીમોટાએ તાદાત્મ્યગુણનું કક્ષાભેદે પૃથક્કરણ કર્યું છે. જીવદશામાં અનુભવાતું તાદાત્મ્ય પ્રાકૃતિક હોવાથી અજ્ઞાનમૂલક છે.

પરિણામે એ બીજા અનેક જન્મોના બંધનનું કારણ બને છે. જ્યારે પરમાત્માના અનુભવ પછીનું તાદાત્મ્ય જ્ઞાનમૂલક છે. કેમકે અનુભવી તાદાત્મ્ય અનુભવતો હોવા છતાં પણ 'પોતે' સાક્ષીરૂપે પ્રવર્તે છે. આથી એને કશું જ બંધન નથી. અનુભવીના તાદાત્મ્યની પ્રક્રિયા કેવી હોય છે તેમજ 'પોતે' સાક્ષીરૂપે પ્રવર્તીને શું અનુભવે છે એનું રસભર્યું અને રોમાંચક તેમજ પ્રતીતિકર નિરૂપણ પૂજ્ય શ્રીમોટાએ કર્યું છે. આવા નિરૂપણ દ્વારા અધ્યાત્મશાસ્ત્રના એક વૈજ્ઞાનિક તરીકે તેઓશ્રીનું દર્શન પામી શકાય છે એ સાથે તેઓશ્રીની વાણી દ્વારા ગુરુનો પ્રેમભાવ માણી શકાય છે.

આત્મનુભવ પછીનું તાદાત્મ્ય પ્રયોગાત્મક પણ છે. આ કક્ષાએ 'પ્રયોગાત્મક' શબ્દ દ્વારા પ્રયત્નપૂર્વકની ક્રિયા સમજવાની નથી. પણ નૈમિત્તિક તાદાત્મ્ય દ્વારા પરમાત્માનુભવનું પદ પણ વિલક્ષણરીતે કેવું હોય છે એનું એમાં પ્રમાણ અનુભવાય છે - એવું 'પ્રયોગાત્મક' શબ્દથી સૂચવાય છે. પ્રભુ રસરૂપ છે એ આ પ્રયોગથી 'પોતે' સિદ્ધ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ અનુભવને-રસાત્મક અનુભવને 'પોતે' સાક્ષી છે એ રીતે રજૂ કર્યો છે. આથી આત્માનુભવીનું તાદાત્મ્ય એ સંપૂર્ણ સાક્ષીત્વની અવસ્થા પછી જ શક્ય છે એમ તેઓશ્રીએ દર્શાવ્યું છે. આવા પ્રકારના તાદાત્મ્યના પ્રયોગને આપણે 'અવતરણ' તરીકે ઓળખાવીએ તો વધુ સરળ પડશે. પરમાનુભવીનું જીવ સાથેનું તાદાત્મ્ય 'પોતાના' અનુભવમાં રસાત્મક છે - રસપૂર્ણ છે, તેની સાથે સાથે અનુભવી જેની સાથે તાદાત્મ્ય થાય છે એ જીવ માટે કલ્યાણપ્રેરક પણ છે. પૂજ્ય શ્રીમોટા 'પોતાના' તાદાત્મ્ય પ્રયોગની પ્રક્રિયા વર્ણવતા જણાવે છે કે આવા અનુભવનો આરંભ અળસિયા જેવા નાના શરીરવાળા જીવ સાથેના તાદાત્મ્યથી થાય છે એ રીતે પછી પશુ, પંખી, જળચર પ્રાણીઓ, વનસ્પતિ તથા માનવજીવો સાથે તાદાત્મ્ય અનુભવે છે. પરમાત્મનુભવી પુરુષની આ તાદાત્મ્યલીલા અપાર છે. આવા અનુભવ દરમિયાન 'એ' જેની સાથે તાદાત્મ્ય અનુભવે છે એ જીવના બધા જ ગુણધર્મ અનુભવે છે, અને 'પોતે' એ ગુણધર્મોનો સાક્ષી હોવાને લીધે એનું એમને જ્ઞાન પણ થાય છે.

પૂજ્ય શ્રીમોટાએ તાદાત્મ્ય દ્વારા અનુભવાતા જ્ઞાન-પ્રકાશના દ્રષ્ટાન્ત

તરીકે આયુર્વેદને તથા જ્યોતિષશાસ્ત્રને ગણાવ્યા છે. વનસ્પતિઓના ગુણધર્મોનું વર્ણન ઋષિઓએ અનુભવેલા તાદાત્મ્યને લીધે શક્ય બન્યું છે. માનવદેહ દ્વારા જ મુક્તિની શક્યતા છે એથી દેહ નીરોગી રહે અને જીવનના આવા લક્ષ્યને પામવા સુધી ટકી રહે એવો આયુર્વેદનો હેતુ છે. અને જ્યોતિષશાસ્ત્રથી કાળની સાપેક્ષતાની માહિતી મેળવી શકાય છે. સ્થળકાળની મર્યાદામાં રહેલા માનવજીવનને અમર્યાદ - અનંતજીવનનું દર્શન કરાવવામાં આ બન્ને શાસ્ત્રોનો ઉપયોગ છે.

અનુભવીપુરુષ વિવિધ પ્રકૃતિના જીવાત્માઓ સાથે તાદાત્મ્ય દ્વારા એ પ્રકૃતિના વિવિધ રસોને પરખે છે. આ અવસ્થાની સાથે જ તેઓશ્રીનું સાક્ષીપણું સંપૂર્ણ જ્ઞાનપૂર્ણ હોય છે. એક સાથે અનુભવાતી આ સ્થિતિ આપણી કલ્પના કે સમજણમાં ભલે ન ઊતરે એથી આવો અનુભવ અશક્ય છે એમ માની લેવું એ તો સતત વિકસતી બુદ્ધિના પ્રકાશને આપણે આંતર્યો ગણાય.

દેહધારી અનુભવી પુરુષ - પૂજ્ય શ્રીમોટાનું દેહરૂપ - શાંત, આનંદપૂર્ણ અને બધા જ દુન્યવી વ્યવહાર કરતું બાહ્યદર્શન, તેઓશ્રીના આવા વિરલ આંતરદર્શનને આવરે છે. ! આથી જગતવ્યવહારમાં વ્યસ્ત જીવો કે માત્ર પુસ્તકપંડિતો પરમાત્માનુભવી દેહધારીઓને સમજવા શક્તિમાન નથી. આથી પૂજ્ય શ્રીમોટાએ એક માર્મિક ચેતવણી વારંવાર આપ્યા કરી છે કે આવા અનુભવીનું મૂલ્યાંકન કયારેય ન કરવું કેમકે મર્યાદામાં જીવતા - રહેતા માનવીઓ અનંતમાં - અમર્યાદમાં વિહરતા આત્માનુભવી ને કેવી રીતે પ્રમાણી શકે ?

આ પુસ્તકનો ત્રીજો મહત્ત્વનો અંશ દેવાસુરસંગ્રામ - એક પ્રકાર સૂક્ષ્મ સંગ્રામની કથાનો છે. પરમાત્માનુભવ થતાં જ 'જ્ઞાન, સામર્થ્ય અને આનંદ' એક સામટાં હૃદયમાં લક્ષણરૂપે અનુભવાય છે. પૂજ્ય શ્રીમોટાએ 'જિજ્ઞાસા' નામના ગ્રંથમાં એનું સ્પષ્ટ વિવરણ કર્યુ છે. પરમાત્માનુભવ પછી કશું જ હોતું નથી, કશું જ થતું નથી. તેમજ કઇ જ કરવાનું રહેતું નથી એવી માન્યતા

ભ્રામક છે. પરમાત્માનુભવ પછી કેવા બાહ્યાંતર સંગ્રામો ખેલાય છે એનો સ્પષ્ટ ખ્યાલ પૂજ્ય શ્રીમોટાએ આપ્યો છે પાંચ તત્ત્વોના માનવરૂપમાં ભગવાનનો અનુભવ પ્રકટે છે. પાંચ તત્ત્વો પૈકી ત્રણ તત્ત્વો - આકાશ, વાયુ અને તેજ એ અનુભવ સ્વીકારે છે અને સત્કારે છે. પરંતુ જળતત્ત્વ અને પૃથ્વીતત્ત્વ સ્વીકારતા નથી. એમાં રહેલો જડતાનો ગુણધર્મ ચેતનનો પ્રતિકાર કરે છે. આ પ્રતિકારને લીધે સંગ્રામ ખેલાય છે. આ સ્થળે પૂજ્ય શ્રીમોટાએ પૃથ્વી અને જળ - બન્નેની ક્રમિકતા પર નવો જ પ્રકાશ પાડયો છે. તેઓશ્રીએ તત્ત્વોના ઉત્પતિક્રમમાં જળને અગ્રતા આપી છે. જળમાંથી પૃથ્વીની ઉત્પત્તિ જણાવી છે. આ હકીકત તેઓશ્રીએ તર્કબદ્ધ રજૂ કરી છે. શરીરમાં જળનું પ્રમાણ પણ વિશેષ છે. આકાશ, તેજ અને વાયુમાં વ્યાપ્ત ચેતન જળ અને પૃથ્વીને સ્વીકારાત્મક બનાવવા માટે કેવો સંગ્રામ નીપજાવે છે એનું નિરૂપણ વાર્તાલાપ-સંવાદરૂપે કર્યું છે એ કોઈપણ શ્રેયાર્થીને આહ્‌લાદ આપે એવું છે. સત્સંગના એક દિવસે તો પૂજ્ય શ્રીમોટાએ દમની સતત ખાંસી સાથે આવા પરમ અનુભવનું વર્ણન આપવાનું ચાલુ રાખ્યું છે. સત્સંગ દરમિયાનની આવી સ્થિતિ વાચકના ચિત્ત પર અંકિત થાય એટલા માટે જયાં જયાં ખાંસી સંભળાય છે ત્યાં ત્યાં એનો નિર્દેશ પણ કર્યો છે.

આવા સંગ્રામ સાથે અનુભવીપુરુષમાં પ્રગટેલી ચૈતન્યશકિત વાતાવરણમાં રહેલા આસુરી બળો સામે પણ કેવું યુદ્ધ આપે છે એનું વર્ણન અત્યંત પ્રતીતિકર બન્યુ છે. આસુરી બળો સામે ક્યારેક દૈવીશકિત પરાસ્ત થતી ભાસે છે. આસુરી બળો કેવાં દેવરૂપો ધારણ કરીને પોતાનું સામ્રાજય ટકાવવા ઝૂઝે છે - એનું વર્ણન રજૂ કરતાં કરતાં પૂજ્ય શ્રીમોટાએ આપણા પુરાણોમાં દેવાસુરસંગ્રામની કથામાંના પ્રતીકોને સ્પષ્ટ કર્યા છે. અંતે તો પ્રભુનો જ જય થવાનો છે એની ખાતરી અને શ્રદ્ધા આ સત્સંગ દ્વારા દ્રઢ થાય છે.

પૂજ્ય શ્રીમોટાએ પોતાના દેહરૂપની હયાતિ દરમિયાન માનવમાત્રના કલ્યાણ માટે કેવો ગૂઢ અને સૂક્ષ્મ ભગીરથ પુરુષાર્થ આદર્યો હતો એની ઝાંખી તેઓશ્રીના સ્વજનોને તથા આત્માભિમુખ શ્રેયાર્થીને અવશ્ય થશે.

પૂજ્ય શ્રીમોટાંએ પૃથ્વી પરના આપણા જીવનને આનંદપૂર્ણ બનાવવા માટે જે પવિત્ર અને શ્રેયસ્કર ચૈતન્યપ્રવાહનું અવતરણ કરાવ્યું છે એ અવિનાશી છે. માનવદેહમાં પ્રભુના કેવા વિરલ અનુભવની શક્યતા છે એની દ્રઢ પ્રતીતિ કરાવતો પૂજ્ય શ્રીમોટાનો સત્સંગ કોઈ પણ શ્રેયાર્થીને પ્રેરક તથા પથદર્શક બની રહેશે .

આવા સત્સંગને વ્યક્ત કરાવવામાં નિમિત્ત બનનાર મુ. શ્રી. રમણભાઈ અમીનને આપણા સૌ તરફથી ધન્યવાદ ઘટે છે. આ પુસ્તકની પ્રેસ નકલ તૈયાર કરી આપવા બદલ સ્નેહી શ્રી. પ્રભુદાસ જાનીનો અત્યંત આભારી છું. પૂજ્ય શ્રીમોટાના ફોટોગ્રાફની રંગીન નેગેટીવ વિના મૂલ્યે તૈયાર કરી આપવા બદલ મે. લીબર્ટી પ્રોસેસ વર્કસ પ્રાયવેટ લિમિટેડ (મુંબઈ) ના ભાગીદાર શ્રી. સતીશભાઈ વિ. ભટ્ટના સદ્‌ભાવની કદર કરું છું. આ ઉપરાંત સાધન-સહાય કરનાર શ્રી. એમ. ડી. મહેતા (મુંબઈ) તથા સૌ. સોનલબહેન દવેનો પણ આભારી છું.

પૂજ્ય શ્રીમોટાના પ્રેમાર્દ્ર સત્સંગ પ્રવાહમાં સ્નાન કર્યાથી શુચિતા પ્રાપ્ત થાય છે અને તેઓશ્રીના સૂક્ષ્મ સાનિધ્યથી જે પ્રસાદ - સંસ્કારભેટ પ્રાપ્ત થાય છે એ આપણા જીવનનું મહામૂલું પાથેય છે. એ પાથેય આપણા સૌના જીવનમાર્ગને ઉન્નત કરે એવી ભાવના વ્યક્ત કરીને આ સંપાદન દ્વારા ઉપાસનાથી જે પ્રસન્નતા પામ્યો છું એ તેઓશ્રીના ચરણે સમર્પું છું.

લખાયું : રામનવમી, સંવત: ૨૦૪૬ પરોઢિયે પાંચ વાગ્યે
સ્થળ: હરિ ૐ આશ્રમ, સૂરત

૩૨. પંચવટી, મણિનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮
તા. ૩-૪-૧૯૯૦

રમેશ મ. ભટ્ટ

# તદ્રૂપ - સર્વરૂપ

# 'મન' વિશે મનન

**સ્વજનઃ (જ્યોતિબહેન)ઃ** મોટા, મનને કાબૂમાં કેવી રીતે રખાય?

**શ્રીમોટાઃ** ઘણા બધા આ સવાલ બહુ પૂછે છે. ખરેખર મનને કાબૂમાં રાખવાની જે વાત કરે છે, તે બરાબર નથી. એને એ કરવી હોતી નથી. મન છે ખરું. મનને કાબૂમાં રાખવા જે બીજાં સાધનો જોઇએ- તે સાધનો વિષે કોઇ વિચારતું નથી. વળી એમ પણ વિચારતા નથી કે કઇ રીતે આ કાબૂમાં રહે? એમ ને એમ કહીશું કે કાબૂમાં મન રહે તો એ કાબૂમાં રહી શકે તેવું નથી. મન એવું નથી કે આપણે કહીએ એટલે કાબૂમાં રહી જાય. એને માટે પણ કંઇક પ્રક્રિયા, સાધન વગેરે કરવું પડે છે. ત્યારે શું કરવું જોઇએ? મન કાબૂમાં રાખવું છે એ વાત સાચી- બધા કહે છે- કોઇ નકારતું નથી- ત્યારે મન કાબૂમાં કેમ રાખવું તેની માણસે વિચારણા કરવી જોઇએ. જ્યારે બીજાએ કહેલું હોય તે એને ગળે નહિ ઊતરે. એ તો એની મેળે સૂઝેલું, એ તો એની મેળે નક્કી કરેલું, એની મેળે એ પણ સાચી રીતે આચરણ કરેલું હોય તો ગળે ઊતરે. એટલે એણે પોતે પોતાની મેળે, આવી રીતે વિચાર કરવો જોઇએ.

જે હકીકત છે, એ વાત તમારી આગળ મૂકું છું. મનથી ચાલવાથી કરીને આપણું બહુ બગડે છે. આટલી બધી મનમાં અશાંતિ હોય છે, ક્લેશ થાય છે, અજંપો થાય છે, આવું બધું જે મનમાં થતું હોય, આપણા વર્તવાથી કરીને મનમાં આવું થતું હોય અને એવું બહુ લાંબો ગાળો આપણામાં ચાલ્યા કરે છે, તેમ છતાં એના પર માણસ વિચારતો નથી. માણસ વિચારેઃ સાલું, આ મનને લીધે જ થયું! માટે અશાંતિ, ક્લેશ, કંકાસ બધું થાય છે તે

આને લીધે જ થાય છે. એમ માણસે વિચાર કર્યો ત્યારે કે, સાલું આ તો બરોબર નહિ. અગવડો તો પડશે જ. સંસારમાં રહ્યા છીએ, એટલે કામકાજ બધું કરવું પડશે તે મનજીભાઇ વિના ચાલે નહિ. મનજીભાઇ આપણામાં મુખ્ય. ને એના વિના ચાલે નહિ. એ વિચારે એ પ્રમાણે આપણે કરવું પડે. કંઇ નિશ્ચિત આમ જ હોય, એવું થાય નહિ. માટે આપણું કામ થાય અને મનજીભાઇ ડાહ્યા ને ડાહ્યા રહે, એવો કંઇ રસ્તો નીકળવો જોઇએ. ઓગણીસો-ચોવીસમાં મેં 'મનને' સંબોધીને લખેલું. એક સંત રામદાસના 'મનાંચે શ્લોક' છે. એ મરાઠીમાં છે. બીજી, ગુજરાતીમાં મારી લખેલી છે. એમણે તો અનુભવ કર્યા પછી લખેલી- અનુભવની સ્થિતિમાં આવતાં લખેલી. જ્યારે મેં મથામણના ગાળામાં જ લખેલી છે. એમાં મન જ મુખ્ય આપણને અડચણરૂપ છે, એમ મેં લખ્યું છે. એ તો તમે વાંચો એટલે ખબર પડે. ફરીથી વાંચજે. વાંચવાથી તને ઘણા ઉકેલ મળશે.

મૂળ વાત એ છે કે મનથી વર્તવાથી અશાંતિ ને આ બધું થાય છે. એ આપણે કબૂલ કરીએ છીએ. પણ દર વખતે એમ નહિ થાય. કોઇ વખત સારી રીતે પણ રહે. કોઇ વખત એના કહ્યા પ્રમાણે વર્તવાથી સારું પણ થતું હોય છે. દર વખતે ખોટું જ થતું હોય એવું કંઇ હોતું નથી. મનને આપણે દોષ આપીએ તે નકામું છે. મન કહે, 'હું શું કરું? તમારે જે રીતે કરવું હતું એ રીતે મેં વિચાર્યું ને તે રીતે તમને રીત બતાવી. હું તો ખાલી તમારો ગુમાસ્તો છું. મને તમે દોષ ના દેશો. દોષ દેવો હોય તો તમે તમારી જાતને દો.' કારણ શું? તો કે' આપણે યસ(=હા) કે 'નો'(=ના) આપણા મનમાં નક્કી હોય છે. નક્કી થઇ જાય કે આવી રીતે કરવું છે ને આમ કરવું છે, પછી મન આપણું હથિયાર છે. એ પ્રમાણે મનને

ચલવવાને, આપણે બધા પ્રયત્નો કરીએ છીએ. પણ પછી ત્યાં પંચાત થાય છે કે આપણે ધારીએ તે પ્રમાણે મન ચાલે તે સ્થિતિનું આપણું મન હોતું નથી. આપણા તાબામાં રહે, આપણા કાબૂમાં રહે, આપણે કહીએ તેમ જ તે વર્તે, એવી સ્થિતિ વ્યવહારમાં જામી નથી. નહિ તો મન વર્તે. આપણે આમ જ ચાલીએ- સીધી રીતે તો, મન સીધી રીતે ચાલે. જો આપણે આપણા કાબૂમાં, આપણા પ્રેમમાં, આપણી સાથેના મેળાપમાં એને એવું કહી દીધું હોય તો મન કહીએ તે પ્રમાણે જરૂર વર્તે છે. અને જરાયે વિરોધ વિના, આનંદથી અને પ્રેમથી તે પ્રમાણે થાય છે. ધારો કે આપણે નથી કરવું તો બીવાની શી જરૂર? શેનાથી બીવાનું? કોઈનાથી બીવું નહિ. પણ એ બધું થાય છે તે આપણા પોતાના કારણે જ. મન સાથીદાર થાય તે વાત સાચી. મન ક્યારેય વિખૂટું નથી પડતું. અમુક સાધક- દશા થયા પછી અમુક સાધના પછી મન વિખૂટું પડે છે ખરૂ. ગમે તેટલી ભયંકર જગાઓ હોય, તો મન ડરી જતું નથી. જો તમે ડરતા હો તો મન સ્થિર રખાવે છે. એવું મન થાય છે. એટલે આપણે શરૂઆતની સ્થિતિમાં હોઈએ ત્યારે મનને વારેઘડીયે, વારેઘડીયે દબાવવું નહિ. મનને ઘણા લોકો દબાવી રાખે- સપ્રેસ કરી રાખે. તે બરાબર નહિ. મનને મોકળું રહેવા દો. અને તેમ કરશો તો તમને પોતાને સમજણ પડશે. કારણકે આપણી જીવદશા ભલે હોય તેમ છતાં આપણે સાક્ષી છીએ. મન આપણને ઊંધું બતાવે તો આપણે કહીએ કે 'ના, આ રીત નથી કરવી. ભલે મન કહે'. અત્યારે આપણને એટલી સભાનતા આવી નથી હોતી, કે આપણને સમજણ પડે કે આપણને આ મન કહે છે. પણ આપણને એવી સભાનતા આવે તો બધું સમજાય કે આપણે ને મન જુદા છીએ. અને મન જે વર્તે છે તે આપણે કળી શકીએ. જે બાબતમાં, જે કર્મમાં, જે રીતે, વર્તવાને મન આપણને પ્રેરે છે તે

યથાયોગ્ય નથી કે છે તે આપણી બુદ્ધિ પારખી શકે. 'આ બરોબર નથી. આ પ્રમાણે નહિ ચાલી શકાય.'- આમ જ્યારે આપણને આપમેળે અંદરથી સમજણ ઊગે છે, ત્યારે આગળ ધીરે ધીરે આપણે સાધવું જ હોય તો આપણું મન આપણને ડીસ્ટર્બ(=ખલેલ) ન કરે. તો મનના દરેક ધાર્યા પ્રમાણે આ બાજુના વિચારો અને સામી બાજુના વિચારો- એટલે તદ્દન વિરુદ્ધના વિચારોનું આપણે પરિશીલન કરી લેવું જોઇએ. ચારે બાજુથી વિચાર કરવો જોઈએ. આપણને થાય કે સાલું આ તો બહુ માથાકૂટનું કામ છે. હવે એ કેવી રીતે થાય? જેમ ચાલતું હોય તેમ ચાલવા દો. એને જેમ કરવું હોય તેમ કરે. પણ જેને ઊંચે ચઢવું છે- દા.ત. જ્યોતિબહેને સવાલ પૂછ્યો એવાને માટે છે. જો સવાલ અમસ્તો પૂછ્યો તો કંઇ નથી. પણ જેને ખરેખરી લાગેલી છે તેને માટે જ આ પ્રશ્ન છે.

એવા મનના ઊઠતા વિચારો વિષે વિશ્લેષણ અને પૃથક્કરણ કરવું જોઇએ. આ રીતે વર્તવાથી ફાયદો છે એમ આપણે વિચારીએ. મન ત્રણ ચાર વસ્તુ બતાવશે. એનો ઉદ્દેશ આપણને ભુલાવામાં નાંખવાનો નથી. મન આપણું બેસ્ટ ફ્રેન્ડ(=ઉત્તમ મિત્ર) છે. પણ ઘણી વખતે એ જુદી જુદી રીતે વર્તે. એના પોતાના જજમેન્ટ(=નિર્ણયો) આપે છે, અથવા તો પોતાને કઇ પરિસ્થિતિમાં કેમ વર્તવું એ મન પોતે નક્કી કરે છે. એમાં પ્રાણ, બુદ્ધિ, ચિત્ત, અહમ્ એ બધાં ડખલ નથી કરતાં. પછી બધાં ભેગાં થઇ જાય છે. પછીથી બધાં ભેગાં થઇને અમલ કરે છે. વિરોધ કોઇ કરતા નથી. વિરોધ માત્ર કરે છે તે બુદ્ધિ. મન નિર્ણય લઇ લે, પછી એ બુદ્ધિ વિરોધ કરે છે. પણ આપણે જે કંઇ કરવું એ બાબતમાં આપણા તરફથી જે કંઇ વિચારેલું હોય તે રૂપે મન

આપણને મદદ કરે એવું કરવું હોય તો એમ ને એમ એ વસ્તુ બને તે કદાપિ શક્ય નથી. મનને આપણી તરફેણમાં લાવવાને માટે આપણે કંઇક ક્રિયા કરવી પડશે. કોઇ વિધિ કરવી પડશે. વિધિ એટલે કોઈ સાધના કરવી પડશે. એ બીજા કશાથી વશ નહિ થાય.

મન ભગવાનના સ્મરણથી વશ થાય છે. એક વખતના મારા અનુભવની વાત છે. ઓગણીસો-ચોવીસમાં પહેલવહેલા ગાંધીજીના આશ્રમમાં સંગીતના એક મોટા ગવૈયા આવ્યા હતા. ગાંધીજીએ કહેલું કે અમારા આશ્રમમાં ભજન કરવાને માટે એક ભક્ત વિદ્વાન જોઇએ. સંગીતનો નિષ્ણાત જોઇએ. એટલે એમણે મોકલેલા નારાયણ મોરેશ્વર ખરેને. ભક્ત માણસ, એનું ભજન ચાલ્યા જ કરતું હોય- જતાં આવતાં ચાલ્યા જ કરતું હોય. અને બોલ્યા જ કરતા હતા. હું થોડા સમય પછી એમના સબંધમાં આવ્યો- મેં કહ્યું, 'સાહેબ, મેં મન પર શ્લોક લખ્યા છે.' ત્યારે એમણે કહ્યું 'એ તો રામદાસ સ્વામીએ લખ્યા છે- તું શું લખતો હતો?' 'પણ મેં લખ્યા છે. મારે વાંચી સંભળાવવા છે. તેને છપાવવાની મારી શક્તિ નથી. તેને છપાવવાના પૈસા ના મળે' પછી કહે, કે, 'કાલે બરોબર સવા આઠ વાગ્યે આવી જજે. જો તું નહિ આવે તો પછી નહિ બને.' કામ હતું એટલે મેં તો ટાઈમ સાચવ્યો. સવા આઠમાં પાંચ મિનિટ બાકી હતી તે પહેલાં ગયો. તે કામમાં હતા. ત્યાં સુધી બેઠો. સવા આઠ થયા એટલે મને કહે, 'આવ ચુનીલાલ'. એક કોપી મેં રાખી, એક એમને આપી. એ વાંચી ગયા. પછી કહે, 'બહુ સુંદર હતું. આ તો ગડમથલ કરતા હોય તેવાનું આ લખાણ છે. રામદાસ સ્વામીએ તો અનુભવ પછી લખ્યું છે. તું આ છપાવ. હું તને સુંદર પ્રસ્તાવના આના પર લખી

આપીશ. તેં તો મનમાં આ જે થયા કરે છે તે બાબતમાં લખ્યું ને બહુ સરસ છે. મને બહુ ગમ્યું. અને એક બે શ્લોક તો આખા ને આખા 'મનાંચે શ્લોક'ના જેવા જ'. ત્યારે મારે તો પૈસાની એટલી બધી ખેંચ. એટલે એ પુસ્તક એ વખતે ન છપાયું.

મન વિષે આપણો કોઈ જાતનો વિચાર હોતો નથી. આપણે તેવું રાખવું છે. મનને છે તેવું રાખવું છે તો પછી મન આપણને કેમ પજવે નહિ? એ બહુ જબરું છે. તેને માટે સરળમાં સરળ રસ્તો- ભગવાનનું ભજન-સ્મરણ આ એક જ રસ્તો છે બીજો કોઈ રસ્તો છે નહિ. હોમિયોપેથીવાળા કહે છે કે અમે દવા આપીએ છીએ ને મન શાંત રહે. મન તમારું શાંત રહે. દવાની શાંતિથી તમારું કહ્યું કરે, એવો દાવો હોમિયોપેથીવાળા કરવા લાગ્યા છે. પણ એક બેને મટાડો-એક બેને સારું થાય પછી તમે બહાર મૂકો તો સારું. અત્યારે મૂકો તો મન બિચારું ભોળવાઈ જાય. પણ તમે એક બે માણસો પર પ્રયોગ કરી આપો તો સારું.

**સ્વજનઃ** મોટા, તમે જે કહ્યું કે નામસ્મરણથી મન પર કાબૂ આવે છે તે નામસ્મરણથી એક જાતની એકાગ્રતા અને નોખાપણાની વૃત્તિ આવે તે કારણે?

**શ્રીમોટાઃ** આપણે નામસ્મરણ કરીએ કે તરતજ પહેલાં તો એકાગ્રતા ના થાય. પણ એકદમ નામસ્મરણ બોલતાં મન એમાં પરોવાય. ગમે તેવા એલફેલ વિચાર કરો- જેને જીવન સાથે સંબંધ ના હોય- એવાય વિચાર થાય- તો એમાંય મન પરોવાય. મન પરોવાયા વગર રહેતું નથી. એટલે આપણે એની સાથે રાગ ના થયો હોય, એની(નામસ્મરણ) સાથે પ્રેમ ના થયો હોય, એના

તરફનું મમત્વ કે એવું કંઇ જાગ્યું ના હોય, પણ આપણે વિચારવું કે આપણે નામસ્મરણ લેવું છે કે જે દશામાં હોય એ દશામાં લેવું છે. એટલે એ લેવા લાગે. હવે લેવા લાગે એટલે મન એમાં ભળે જ. ભળ્યા વગર રહે જ નહિ. નામસ્મરણમાં ભળે. ગમે તે વિચાર કરો ને ગમે તે પ્લાનિંગ(=યોજના) કરો, તેની સાથે મન હોય જ. તમે સંસારમાં ગમે તે કશું કર્યું હોય, ગમે તે વિચાર્યું હોય, તોય તેમાં મન પરોવાય. જેટલું વધારે વખત લઇએ એટલું વધારે વખત મન પરોવાયેલું હોય. બીજા બધા વિષયોમાં એની જરા વેલોસીટી (=તીવ્રતા) રહે તેટલી નામસ્મરણમાં ના હોય. ઇશ્વરના સ્મરણમાં પૂરેપૂરી હોય નહિ. કારણ કે એમાં સંપૂર્ણ પરોવાયેલું ના હોય. એ તો આપણેય સમજીએ છીએ, પણ થોડું ઘણું પણ પરોવાયેલું હોય અને વધારે ને વધારે વખત જો પરોવાયેલું રાખીએ તો બીજા વિષયો પરત્વેની એની વેલોસીટી ઘટે. એ વેલોસીટી ઘટવાથી કરીને આ એક અશાંતિ, ક્લેશ ઓછાં થાય. એ માટે ટાઇમ જોઇશે. એ બેચાર દિવસની વાતમાં નહિ જાય. એને માટે ઓછામાં ઓછા છ-આઠ-દસ મહિના તો પ્રયોગ કરો. એટલે પછી સારું લાગે તો જાળવી રાખો. પ્રયોગ ખાતર ચાલુ રાખો. એનો ફાયદો દસ-બાર-ચૌદ કલાક ગયા પછી એને તરત જ સમજાય છે એમ ને એમ સમજાશે નહિ. અનેક લોકો ભગવાનનું સ્મરણ લઇને ભક્ત થઇ ગયા છે. આપણી દુનિયામાં એવા ભક્તો થઇ ગયા છે. એક ભંગી હજુય જીવે છે. તંબૂરો લઇને ભજન ગાય છે.

એકદમ આપણું મન જલદી કબૂલ ના કરે. અને એકદમ સ્મરણમાં કે એવા ઉપાયમાં લાંબો વખત લાગી જઇએ એ પણ શક્ય બનતું નથી. શરૂઆતમાં શક્ય ના બને. તો જે વિષે જે કોઇ સ્ત્રી કે પુરુષ એવા કોઇ આત્મા સાથે, શરીરવાળા એવા સાથે, જો

આપણો માનસિક મેળ બંધાઇ ગયેલો હોય, આપણને એના પ્રત્યે પ્રેમ થયેલો હોય, એના પર આપણને વિશ્વાસ જાગેલો હોય, અને તે વખતે આપણે એને એવી પ્રાર્થના કરીએ, એને સામે ધરીને આપણે વાત કરીએ કે 'આવું આવું છે, આમ છે, તેમ છે.' મને તો વહેલો સારો ઉકેલ નીકળવાની શક્યતા આમાં જણાય છે. પેલું સ્મરણ ને આ બધું છે તે શરૂઆતમાં અઘરું પડે. જો સીનસીયરલી(=નિષ્ઠાપૂર્વક) કરે તો ઉત્તમમાં ઉત્તમ ને આ સરળ ઉપાય છે, નહિતર નહિ. નહિતર બિલકુલ અર્થ નહિ. પોતાની સામે એનો ફોટો રખાય, ફોટો હોય નહિ તો, આપણે એમને જોયેલાં હોય, એટલે બે ચાર પાંચ વાર એમને આપણી નજર સમક્ષ લાવવા મથીએ, એટલે નજર સમક્ષ આવે. ત્યારે આપણે તેને આપણી સામે રાખીને આખી વાત કહેવી. આવું પણ આખો વખત રહેશે નહિ, નીકળી જશે. ફરીથી પાછું આંખો મીંચીને એમને સામે પ્રગટાવવા. અને પછી વાત કરવી. પાછો જતો રહેશે. મન સમક્ષ, પાછો ધીરે રહીને આપણે આંખ સામે લાવવો. અને એક દિવસમાં દસ-પંદર વાર આપણે કરવું પડશે. જ્યારે ઘણી પ્રેક્ટીસ(=અભ્યાસ) થશે, ત્યારે પછી એક બે વાર જતો રહેશે. પછી નહિ જતો રહે. છેક સુધી તમારી સાથે રહેશે, અને એ તરફ તમને જે કંઇ- એ કંઇ બોલતો ત્યારે હોતો નથી- કે તમને મનથી કંઇ જવાબ આપતો નથી. એ ઇન્સ્પાયર(=પ્રેર્યા) કરે છે. અને એનાથી તમે નિર્ણય લઇ શકો. અને એ જે નિર્ણય તમે લો છો, તેમાં વાઢકાપ થઇ શકતી નથી. હંમેશાં કંઇ ગંભીર કામ હોય ત્યારે એવું સ્મરણ કરતાં પહેલાં એની પ્રાર્થના કરવી. અને કામ કરતી વખતે એને આપણા મનાદિકરણમાં જીવતો રાખવો. એટલે એને સંભાર્યા કરવો. અને એમ કરીને કામ કરો. તો તમે નિશ્ચિંતતાથી કામ કરી શકો. કામ પણ સારું થશે. એટલે આવા બધા રસ્તા છે.

પેલો રસ્તો જરા અઘરો છે. અઘરો છે એટલા માટે કે કાળ પણ લાંબો જોઈએ. પણ આવી ભક્તિ કે પ્રેમ કોઈ માણસ વિષે પ્રગટવો એ પણ સહેલો નથી. એ પણ સાથે સાથે કહી દઉં કે જેને શરૂ થઈ રહેલું હોય તેને માટે ઉત્તમ છે. એ પ્રયોગ કરી જેવા જેવો છે. હું બી.એ. માં હતો, ત્યારથી આ બાબતની મને થોડી લગની લાગેલી. પરીક્ષા વખતે પહેલો હું તેને યાદ કરું, પગે લાગુ, પછી લખું. લખીને પછી પૂછું, કે 'આ મેં બરોબર લખ્યું છે? આ પ્રશ્ન બરોબર લખાયો છે મારાથી?' એ કંઇ બોલે તો નહિ. કેવી રીતે બોલે? પણ મારા મનમાં એમ થાય કે ના મેં આ બરોબર લખેલું છે. અઠ્યાશી, નેવ્યાસી, નેવું, ત્રાણું માર્ક આવતા. એક એક વિષયમાં. હું તો આજે પણ માનું છુ કે એની કૃપા મારી સાથે હતી. એવા પુરુષોની કૃપા- અનુભવી જે આત્માઓ છે એવાઓની કૃપા-માત્ર કોઇ એક સ્થળે હોતી નથી. જે જે માણસો જેવી રીતે ચાહતા હોય, તે બધાની સાથે હોય છે. જાનકીદાસજી મહારાજ હમણાં સુધી જીવતા હતા. તેમને ગુજરી ગયે દસ-બાર વર્ષ થયા. હજુ તો તે પેટલાદમાં અને બીજા ગામડામાં ફરતા હતા. અજાણ્યા માણસ હતા. પણ બહુ સરસ માણસ હતા. ડગલી પહેરે, ધોતિયું પહેરે, ખેસ નાંખે. બધે ફરે અને કોઈ પણ માણસ જાણીતો, અજાણ્યો, રસ્તાનો જનારો પણ- નમસ્કાર કરી એને પૂછે અને એ એનો જવાબ આપે. એમ નહિ કે ક્યાંય ના જાય. ગમે ત્યાં જમવાનું આમંત્રણ મળે ત્યાં જાય. નાતજાતના ભેદ વિના- ભંગીને ત્યાં પણ જાય. પહેલી વખત પરીક્ષા એવી થયેલી કે નારણભાઈ શેઠ, એમના એટલા બધા ભક્ત. ટપાલ પણ વંચાવે. એવું કરે. 'નારણભાઈ શેઠ, તું મારું કહ્યું કામ કરશે એવું મને કેટલીય વાર કહ્યું છે. અને કેટલીય વાર તેં કહ્યું છે કે, મારા મરણના ભોગે પણ કરીશ. પણ સાલું આજે તું કેવી રીતે કરે છે, તે

જોઉ છું. આ મારા રઘા ભગત આવ્યા છે. ખાવાનું મેં તૈયાર રાખ્યું છે- જો આ તાંબડીમાં ભરીને લટકાવી રાખ્યું છે. એમને માટે ખાવાનું હવે તારે નાહીધોઇને ભીના કપડાં પહેરીને, તારા ઘેર એને તારી જોડે બેસીને જમાડવાનું છે.' તે નારણભાઇ શેઠ એ મને ક્હે 'ઘેર મારે પૂછ્વું પડે.' તો, ક્હે, 'પૂછો.' ઘેર ગયા ને બધાંને પૂછ્યું. તો કોઈએ કબૂલ કર્યું નહિ. નારણભાઇ શેઠ તો રડતા રડતા પાછા આવ્યા. 'મહારાજ, બધા જ ના પાડે છે. મારે શું કરવું? એક્લા રહીને કરવું? સલાહ આપો, મને.' 'હું શું કરવા સલાહ આપું તને? તારે જેમ કરવું હોય તેમ કર. આ તો મેં તને કહ્યું. આ તો તું ઘણા વખતથી કહ્યા કરતો હતો કે મારા જેવું, મહારાજ, મને એવું કંઇ કામ બતાવો કે તમે રાજી થાઓ. આ તને કામ બતાવ્યું કે એને જમાડીશ તો હું રાજી થઇશ. ઘણો રાજી થઇશ.' પછી શેઠને પેલી તાંબડી રાખી હતી તે આપે છે. ને નારણભાઇ શેઠ જમાડે છે. તેમને ઘેર જઇને જમાડી શકતા નથી. એ ડંખ એને બહુ લાગેલો. અને થોડાક જ વખતમાં- દસ-પંદર દિવસમાં એ શેઠ ગુજરી ગયા. નારણભાઇ શેઠ- બહુ ઉદાર દિલના. હું અહીં વડોદરા કોલેજમાં ભણવા આવતો હતો, તે પૈસા મળે નહિ, તો કેવી રીતે ભણું? તે સાત સાત રૂપિયા આપતા. સાત રૂપિયા તેમના ભાઇ સરકારી કામમાં હતા તે આપતા. તેમની સાથે મોક્લતા. મને સાત રૂપિયા તો મળતા હતા. બીજા કોઇના મળતા નહોતા. એમ મને એક્વીસ રૂપિયા મળતા હતા.

મતલબ કે મનની વાત એવી છે કે કાં તો એને ભગવાનના સ્મરણમાં રોક્યાં કરો અને પ્રયત્ન કરો. એની મેળે કંઇ નહિ રહે. પ્રયત્ન કરતાં કરતાં રહે. અથવા તો બીજો ઉપાય- જે કોઇ માણસ- પુરુષ કે સ્ત્રી - કોઇ આત્મા - શરીરધારી આત્મા છે, જેનામાં તમારી

ભક્તિ કે ભાવ છે- તેને તમારી સાથે રાખો. તો મન ઓછામાં ઓછું વિચાર કરશે. મન એમાં ને એમાં રહેશે, કારણકે એટલા બધા ભાવથી, એટલા બધા પ્રેમથી, એટલી બધી ભક્તિથી, અને એટલી બધી ભાવનાથી એને તમે ધારણ કરો છો એટલે પેલું મન તેને પહોંચી નહિ શકે. એટલી એની પેલી ભાવના હોય છે કે મન તેને પહોંચી નહિ શકે. આ ઉત્તમમાં ઉત્તમ રસ્તો, સહેલામાં સહેલો રસ્તો મેં આચરેલો છે. આ જ રીતે સમજણ આપણને પડશે.

**સ્વજનઃ** મોટા, આપણે આ મનની વાત કરી. આમ જોઇએ તો મનના ત્રણ પ્રકાર થાય ને! એક ઓબ્જેક્ટીવ માઇન્ડ(=વસ્તુલક્ષી મન) બીજું સબકોન્શ્યસ માઇન્ડ(=અવચેતન મન) અને ત્રીજું, કારણ મન, આ કારણ મન અને ગુરુનું મન એક થઇ જાય ને?

**શ્રીમોટાઃ** એક જ થઇ જાય. કારણમાં એક થઇ જાય. આપણે બોલીએ છીએ ખરા કે એ ત્રણ જુદા જુદા, પણ ત્રણ એકબીજા સાથે જોડાયેલા છે. એ વાત પણ એટલી જ સાચી છે. કોઇ માને કે ન માને, પણ એમાં માનવા જેવી કંઇ વાત નથી. જેમ આપણે સીલીકમાં- ચોપડામાં- પચીસ હજાર રૂપિયા બોલતા હોય એ પચીસ હજાર રૂપિયા છે જ, એમ આપણને ખાતરી છે. એવી રીતે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ ભાગ કહ્યા. પણ એ એકબીજા સાથે સંકળાયેલા છે. પણ 'કારણ'માં મન છે તે પેલામાં આવવું બહુ દુર્લભ છે. હજુ સ્થૂળમાં આવી શકે છે. પણ સૂક્ષ્મમાં નથી આવતું, પણ 'કારણ'માં તો બહુ ભાગ્યે જ બને છે. અને કારણ શું? કે આપણી જીવદશામાં 'કારણ'માં તો મન જતું નથી. 'કારણ' એવું મોસ્ટ એબ્સ્ટ્રેક્ટ(=તદ્દન અમૂર્ત) વિષય છે અને ઉચ્ચ વિષય છે. એટલે 'કારણ'ની સાથે આપણા સ્થૂળ જીવનમાં મનને કોઇ સ્કોપ

જ નથી. કોઈ કારણ નથી અંદર જવાને કે અંદર ઊઠવાને. કોક વખત મનમાં કોઈ વિચાર આવે. ભગવાન વિષે કે એવા સૂક્ષ્મ તત્ત્વ વિષે, એવી સૂક્ષ્મ વિદ્યા વિષે, એવા વિજ્ઞાન વિષે, તો એમાં મન બહુ સાથ નથી આપી શકતું. મન સાથે રહે છે ખરું. મન તે વખતે આપણને વિચાર કરવા પણ ના દે. પણ માનો કે કોઈ વિજ્ઞાનનો વિષય છે તો મનને કોઈ જાતનો સંબંધ નથી. મનને કોઈ જાતનો પરિચય નથી, એટલે આપણને મદદ નહિ કરી શકે. એ તો આપણે જાતે મહેનત કરીને વાંચવું પડશે. અને વાંચીએ ત્યારે મનને એનો સંબંધ થાય છે, ત્યારે એ મદદ કરે છે. એટલે બુદ્ધિ મદદમાં આવે છે. અને બુદ્ધિથી આપણને સમજણ પડે છે. એ વિજ્ઞાનની વાત. જેને જેમાં એની કશી જાણ જ નથી, એમાં મન આપણને મદદ નથી કરી શકતું. એટલે ભગવાનના વિષયમાં પણ મનને કોઈ સંબંધ નથી. મન એટલું જાણે છે કે ભગવાન એક શક્તિ છે પણ એ ટ્રેડીશનલી(=પરંપરાગત રીતે) જાણે છે. એની મેળે કંઈ એને ઊગેલું હોતું નથી. ટ્રેડીશનલી કોઈ માને કે ના માને પણ એના મનમાં એ વિચાર હોય, કારણ કે એ ટ્રેડીશનલી આવેલું છે. હજારો વર્ષથી આપણામાં વિચાર પડેલો છે. એટલે કંઈ એ જતો ના રહે. એ તો રહે જ. કોઈ કહે હું ઈશ્વરને માનતો નથી. એમ કહે પણ હમણાં કોઈ સંકટ આવી પડે તો, 'હે રામ! હે પ્રભુ!' એમ બોલ્યા સિવાય રહેવાય નહિ. તે વખતે એનાથી બોલાઈ જાય. હોં! આપણા મનમાં ભગવાન તો છે જ. ઈશ્વર તો છે જ. એ વાત ચોક્કસ. એમાં કોઈ બુદ્ધિની કે કંઈ કશાની વાત નથી. એ તો ખરેખર એક રીયાલીસ્ટીક(=વાસ્તવિક) હકીકત છે. આ મનમાં ભગવાન છે. તે પણ બહુ બહુ તો બુદ્ધિથી માનીએ. ભગવાનની કે એવી કંઈ વાત આવે તો થોડીક વાર સુધી એ ગમે. પણ પછી એના પર પણ માણસોને કંટાળો આવે છે.

## સાધનક્રમ

**શ્રીમોટા :** એક, જપ માટેનો શબ્દ ટૂંકામાં ટૂંકો હોવો જોઇએ. બીજી બાબત, મૂળાક્ષરો બોલવામાં કઠણ પડે તેવા ન હોવા જોઇએ. હ્રસ્વ સ્વર હોવા જોઇએ. ત્રીજી શરત, 'વોવેલ્સ કોન્સોનન્ટ' ના જોઇએ. જપ માટેનો શબ્દ ટૂંકાંમાં ટૂંકો એટલે સૌથી ઉત્તમ તો ૐ અને ચોથી શરત એ છે કે, એ એવા પ્રકારનો જોઇએ કે નાભિ, કંઠ, અને મૂર્ધન્યમાંથી પસાર થાય. નાભિ મૂળ છે. શબ્દના ત્રણ સ્તર. એ ત્રણે સ્તરને સ્પર્શે અને ભેદે તેવો શબ્દ હોવો જોઇએ.

આ જપનું સાયન્સ મેં મારી મેળે ખોળેલું, આવી શરતોવાળો જે શબ્દ હોય તે આપણા માટે બહુ ઉત્તમ.

મને તો 'હરિઃ ૐ' આપેલો. સંન્યાસી તરફથી પ્રસાદીમાં તે મળેલો. મેં તેનું પૃથક્કરણ કરેલું. પછી થયું બરોબર છે. આ વોવેલ્સ ત્રણે સ્તરને સ્પર્શે અને ભેદે. પણ સૌથી ઉત્તમ તો ૐ એકલો જ. 'ૐ' એ બધી જરૂરિયાતને પૂરી પાડે છે. જ્યારે આદિમાનવો બોલતા નહિ હોય- શીખ્યા નહોતા- ત્યારે તેઓ 'ઓ ઓ' એવું કંઇ બોલતા હશે. એ શબ્દ નીકળેલો. ૐ એ બ્રહ્મવાચક છે. ત્રણેય સ્તરને સ્પર્શે છે, ભેદે છે. ૐ સૌથી ઉત્તમ છે.

હું જે કહેતો હતો તે ચેતનની સાથે સાંકળવાની વાત. ચેતન આપણી બુદ્ધિની પકડમાં આવી શકતું નથી. એટલે એની સાથે સાંકળ જોડવાને માટે આપણી પાસે કંઇ સાધન જોઇએ. તો એ સાધન શું જોઇએ? આપણી પાસે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્

આદિ છે. તે સ્થૂળને જ પકડી શકશે. એકદમ તો સૂક્ષ્મને નહિ પકડી શકે. એટલે આ જે જપ છે, સ્મરણ છે તે ભગવાનનું નામ છે. બધા સવાલ પૂછનારાઓએ કહ્યું કે, 'બરાબર, આ સમજણ બરાબર છે'.

સ્મરણ હ્રદયે કરાવીને, ચરણ તુજ સ્થાન બક્ષ્યું છે,
ઠરીઠામ કરાવીને, હૃદય જંપ વળાવ્યો છે.

જીવનની જવાબદારી મુજ, શિરે તેં વ્હોરી લીધી છે
ફિકર, ચિંતા, કશો બોજ રહેવા ના દીધેલાં છે.

મને જેમાં અને તેમાં હૃદય હળવો બનાવીને
ગગનમાં પાંખ ઊડવાને કૃપાથી શી દીધેલી છે!

બલિહારી હરિ તારી, હૃદયથી ગાઉં શી રીતે?
હૃદય તે ભાવ ઉદ્‌ભવતાં થવાતું મૌન-દિલ વિષે.

પ્રકૃતિ તરફ એટલે કે દ્વંદ્વ અને ગુણ તરફ એટલે કે સંસારી કર્મવ્યવહારમાં જે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ પરોવાયેલાં છે. તેમ છતાં તો આપણે થવું છે ચેતન. તો એ જે આપણું જીવનનું આઇડીયલ(=આદર્શ) હોય- ધ્યેય હોય. ભલે આપણે આમાં હોઇએ તો પણ આપણું મનનચિંતવન સંસારવ્યવહારની બાબતમાં નહિ. આમ તો જરૂર પૂરતું કર્યા કરતા હોઇએ, પણ આપણું મનન-ચિંતવન, આપણો રસ એ બધું ઊર્ધ્વ પ્રત્યેનું - ચેતન પરત્વેનું રહ્યા કરે. પ્રકૃતિથી મુક્ત થઇને આપણે ચેતનમાં પ્રવેશીએ. તો એ ક્યારે બનશે? કે પ્રકૃતિથી ઇતર પ્રકારનું, ઊર્ધ્વ પ્રકારનું મનન-ચિંતવન, વિચાર આદિ, ભાવ હોવા ઘટશે. આ તો જાણે કે તર્કથી સમજીએ. જો આપણે પ્રકૃતિમાંથી જીવનના ઊર્ધ્વ

વિષયમાં પ્રયાણ કરવું છે તો આ જે પ્રકૃતિ છે તેના મનનચિંત્વનથી નહિ ચાલી શકે. એ તો એમાં ને એમાં રખાવશે. પણ આપણું મનનચિંત્વન ચેતન પરત્વેનું વિશેષ ને વિશેષ રહે એવી ભૂમિકા કંઇ એકદમ આપણાથી નહિ થાય. એ તો એ જાતની આપણી ઉત્કટમાં ઉત્કટ અભિલાષા જાગવી જોઇએ. એ કેટલાકમાં ડોરમન્ટ(=સુપ્ત) હોય, કેટલાકમાં સંસ્કારપ્રેરિત હોય, ઇન્ટરનલ(=આંતરિક) આપણામાં એવા પ્રકારના સંસ્કાર પડેલા હોય, કેટલાકને એવા જે જાતના સંસ્કાર પડેલા છે તે ભભૂકીને બળતા થયેલા હોય, આવી બધી કેટેગરી(=કક્ષા) છે. જેને બળતા થયેલા છે, તેને આપમેળે આવા એફર્ટ્સ'(=પ્રયત્ન) થયા કરશે. જ્યારે આપણા માટે, આપણે શું કરવું પડશે? તો કે' ચેતન પરત્વેનું મનનચિત્વન કરવું પડશે. ત્યારે એ કંઇ એટલો બધો સ્વાર્થ, રસ, તરસ આપણને લાગેલાં નથી કે એની મેળે એ જાતનું મનનચિંત્વન થયા કરે. અને સંસારવ્યવહારમાં આપણાં કર્મો તો રહેલાં જ છે. એ કરીએ નહિ તો આપણું જીવન ના ચાલે. જીવનની જે પ્રકારની જવાબદારી છે, તે પણ આપણો ધર્મ છે. પ્રાપ્ત ધર્મ છે. એને પણ છોડી શકાય એમ છે નહિ. કારણકે એને છોડીને તમે આગળ જાવ તો તમારાં મનાદિ છે- મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ એ-કંઇ એવાં ખાલી નથી થયા કે એકદમ ચેતનનો વિચાર કરે. એ તો આ છોડી જશો તો ત્યાં પણ એનું એ જ-પ્રકૃતિનો જ વિચાર કરશે, એ તો જોડે ને જોડે જ આવશે. એટલે આને કંઇ છોડવાની વાત તો આવતી નથી. ત્યારે આમાંથી પેલામાં જવા માટે એક અભ્યાસ જ રહ્યો.

એ અભ્યાસ એટલે શું કરવું આપણે? અભ્યાસમાં પરિણામ એ કે જ્યાં આપણે પ્રકૃતિમાં ચોંટેલા છીએ- પ્રકૃતિમાં કોણ ચોંટેલું

છે? આત્મા અથવા તો એ જાતની જે એબસ્ટ્રેક્ટ કોન્શ્યસનેસ(=અમૂર્ત ચેતના) છે તે તો ચોંટેલી નથી- તો ચોંટેલું કોણ છે?- તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ એ એમાં ચોંટેલાં છે. ત્યારે એ એની મેળે કંઈ ઊખડી જવાના નથી. ઊખાડવાનો પ્રયત્ન કરો તો પણ નહિ ઊખડે. ત્યારે આમાં રસ લગાડવા માટે એક જ સાધન-અભ્યાસ. તો અભ્યાસ એટલે માત્ર વાચન નહિ પણ સક્રિય રીતે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ પેલાના વિશે વિચારતા જાય તેવા પ્રકારનું સાધન તે અભ્યાસ. તો સક્રીયપણે એટલે શું? તેના વિશે મેં લખ્યું છે ખરું. લગભગ વીસ એકવીસ કડીઓ લખી છે. પણ એમાં એકદમ આપણને સ્વાર્થ, રસ કે એવી જ્વાળામુખી જેવી તમન્ના જાગેલી હોય તો તે આપણને તેમાં દોરી જાય. ત્યારે આ એક સ્મરણ, બીજું પ્રાર્થના અને ત્રીજું નિવેદન -એ ત્રણ કહ્યાં. આ ત્રણ તો આપણાથી સરળતાથી થઈ શકે. સ્મરણ થાય. એકદમ શરૂઆતમાં આપણાથી નથી થતું. પણ થોડા વખત પછી અભ્યાસ પડયા પછી એમાં હેતુનું ભાન આવે છે. જે આપણને થતું હોય, જે વૃત્તિઓ થતી હોય, તેના વિશે મેં ઘણી પ્રાર્થનાઓ લખેલી. પણ બધું જતું રહ્યું. પણ થોડુ બચ્યું છે. મેં પ્રાર્થનાઓ લખેલી. 'હૃદયપોકાર' નામની ચોપડીમાં આ બધી પ્રાર્થનાઓ જળવાઈ છે. એમાંથી આપણને, શ્રેયાર્થીને સમજણ પડે કે કેવી પ્રાર્થના કરવી. દા.ત. આજે સવારના ઊઠયો, અથવા તો કામ કરતાં કરતાં વૃત્તિ નડી. તો વૃત્તિને માટે હું પ્રાર્થના કરું કે પ્રભુ, આ વૃત્તિ નડી. આવું આવું છે. સાંસારિક ઉપાધિ આવી તો તે વિષે પ્રાર્થના કરું. કર્મ કરતાં કરતાં મુશ્કેલી આવી તો તે મુશ્કેલી આવી તેના નિવારણમાં બુદ્ધિનો ઉપાય લઈએ, પણ સાથે સાથે ભગવાનને એવી પ્રાર્થના પણ કરીએ.

પ્રાર્થના પાછળનો હેતુ શો છે? તો કે, આવી રીતે વારંવાર નિવેદન કરીએ, પ્રાર્થના કરીએ તો એની સાથે સાઇકીક કોન્ટેક્ટ(=ચૈતસિક સંબંધ) જોડાય છે. હવે દિવસમાં પચાસ-સાઠ વાર થાય. એનો અભ્યાસ થતાં તો ઘણી વાર થાય છે. એની સાથે એક લીંક(=કડી) જોડાય છે અને તેથી પેલાની સાથે લીંક સજીવનપણે જોડાવાને માટે પ્રાર્થના તો બહુ જ મોટું સાધન છે. પ્રાર્થનામાં ધીરે ધીરે ઊંડાણ થાય છે. અને ભાવ વધે છે. ત્યારે એ પ્રાર્થના કરવાથી ઘણા બધા હળવા થઇ જઇએ છીએ. બહુ હળવા થવાય છે. માથે કોઇ બોજ નથી રહેતો અને ભાવપૂર્વક પ્રાર્થના થાય છે. એમાંથી આપણને જે મુશ્કેલી આવી, પ્રોબ્લેમ(=કોયડો) આવ્યો તો તેનો ઉકેલ જડી જાય છે. તેનો મને ઘણી વાર અનુભવ થયો છે. આ ત્રણ સાધન તો કહ્યાં. આ સાધનમાં આપણું દિલ પરોવાય, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ પરોવાય, પછીથી સમર્પણની ભાવના આવે. અત્યારે આપણે બોલીએ ખરા. પણ સર્મપણ થતું નથી. આ ત્રણ જ્યારે જીવતાંજાગતાં થાય ત્યારે સર્મપણ થઇ શકે છે. સ્મરણ, પ્રાર્થના, નિવેદન, સમર્પણ પછી મનન-ચિંત્વન-નિદિધ્યાસન.

નિદિધ્યાસન એટલે ઊંડાણમાં સમર્પણે- મનનચિંત્વન આવે. મનનચિંત્વનથી વધારે ઊંડાણમાં જવાય. 'ઊંડાણમાં' છેક ઊંડાણ જે સૂક્ષ્મપણે ભાવનાત્મક, મનનચિંત્વન, એબ્સ્ટ્રેક્ટ(=અમૂર્ત) મનનચિંત્વન- એ તો મનનચિંત્વન થાય તેની 'અવેરનેસ'(=સભાનતા) આપણને રહે. એવું મનનચિંત્વન થાય છે - જે- એબ્સ્ટ્રેક્ટ થાય છે તે આપણા ઊંડાણના ઊંડાણમાં 'સાઇકીક હાર્ટ'(=સૂક્ષ્મ હૃદય)માં થાય છે. તે નિદિધ્યાસન છે.

આવાં બધાં પગલાં ધીરે ધીરે ધીરે લીધાં કરીએ અને પછી જે કરીએ તે પ્રભુપ્રીત્યર્થે એટલે સેલ્ફ(=પોતાપણાનો- કર્તાપણાનો) ભાવ ઊડી જાય. ભાવ ઊડી જાય એટલું જ નહિ. આ બધું કરવા છતાં પણ સંસારવ્યવહાર સાથેનો આપણો સંબંધ પૂરેપૂરો રહેતો હોવા છતાં આપણે સંસારી બનતા નથી. બધું પ્રભુપ્રીત્યર્થે છે એ જ ભાવના આપણામાં જાગે છે. એટલે આમાં આપણે સંકળાયેલા નથી રહેતા, અને ભગવાનની સાથે સંકળાયેલા રહીએ છીએ.

ચેતન તો આખા બ્રહ્માંડમાં, સૃષ્ટિમાં, અણુયે અણુમાં જોડાયેલ છે. અંદર પોતે જ બિરાજેલો છે. એ સ્થિતિ પછી આવી જાય. એટલે ધીરે ધીરે આવો અભ્યાસ પાડ્યા કરીએ. એટલે એની સાથેની આપણી જે લીંક છે, આમ તો છે તો ખરી, યુ આર નોટ કોન્શ્યસ(=તમે સભાન નથી.) પણ એની અવેરનેસ(=સભાનતા) આ બધા સાધનોથી થાય છે.

એનાથીય સરળ સાધન છે. કે ચેતનામાં નિષ્ઠા પામ્યા છે એમની સાથે આપણું દિલ હળી, મળી, ગળીને એક થઇ જાય, એકરસ થઇ જાય. આવા અનુભવી પુરુષ હોય- સ્ત્રી કે પુરુષ- અનુભવીમાં પછી લિંગભેદ નથી. એનું એક બહુ સરસ દ્રષ્ટાંત છે. ઋષિમુનિઓની સભા થાય છે. જેમાં ગાર્ગી નગ્ન જાય છે. એટલે બધા ઋષિમુનિઓ જરા આડું જોઇ જાય છે. ગાર્ગી પેલા મોટા મોટા ઋષિમુનિઓને કહે, 'સાલા, તમે બધા ચમાર છો. તમે તો શરીરને જોવાવાળા છો' એટલે એનો મતલબ એ કે જે સ્થિતિમાં કંઇ ભેદ નથી. પણ એ તો બહુ ઊંચી વાત થઇ. પણ મૂળ કહેવાનો ભાવાર્થ એ છે કે આપણા કન્સેપ્શનમાં(=વિચારણામાં) બધું આવી જવું જોઇએ. જે મૂળ સ્વરૂપમાં છીએ તેની 'ઇન્ટલેક્ચ્યુઅલ ગ્રીપ-

અન્ડરસ્ટેન્ડીંગ(=બૌદ્ધિક સમજ) આપણને પાછી આવી જવી જોઇએ. નહિતર શું થાય છે કે માણસો સાધના કરતા જાય, થોડી શાંતિ લાગી, પ્રસન્નતા લાગી તો બસ પોતે અનુભવી થઇ ગયા! પણ આપણને ગ્રીપ(=પકડ) આવી ગઇ હોય તો આપણને સમજણ પડે. ના ના, હજુ બહુ વાર છે. એટલા માટે ઇન્ટલેક્ચ્યુઅલ ગ્રીપ(=બૌદ્ધિક સમજ) પણ જરૂરી. હવે એ જરૂરી છે એમ સ્વીકારીએ તો પેલા ગામડાના માણસનું શું થાય? તો એનો વાંધો નથી. કેમકે એનો આખો કોઠો એ રીતે ટેવાયેલો નથી. આપણો જુદી રીતે કેળવાયેલો છે. એ તો ભગવાનનું ભજન કરતો રહે ને ભગવાન એનું બધું બરાબર કરે. એક વખતે એની ભૂમિકામાં પેસી ગયા પછી 'અફર્ટલેસ એફર્ટ'(=સહજ પ્રયત્ન) શરૂ થઇ જાય છે. પછી એ બધું સંભાળી લે છે. જીવનની બધી જવાબદારી–

> **જીવનની જવાબદારી મુજ, શિરે તેં વ્હોરી લીધી છે,**
> **ફિકર, ચિંતા, કશા બોજ, રહેવા ના દીધેલાં છે.**

એટલે પછી બધું ચાલ્યા કરે. કોન્શ્યસ એફર્ટ(=સભાન પ્રયત્ન) ના કરવો પડે. એમાં કોન્શ્યસ(=જાગૃતિ) રહે ખરું હોં! એ એફર્ટલેસ એફર્ટ(=સહજ પ્રયત્ન) થયા કરે. પણ એમાં જે થયા કરે એની એને અવેરનેસ રહે. અવેરનેસ ના રહે તો તે બરાબર નહિ. સંસાર વ્યવહારમાં પણ આપણે જે કંઇ કરીએ છીએ તેની પણ અવેરનેસ રહે છે. તો પેલાની કેમ ના રહે? પેલાની ના રહે તો તે ખોટું છે. સંસારવ્યવહારમાં જે કંઇ કામ કરીએ છીએ તેની સભાનતા આપણને રહે છે એવી રીતની સભાનતા રહેવી જોઇએ.

**સ્વજનઃ** મોટા, એનો અર્થ એ થયો કે તમારે હેબીટ ફોર્મ(=ટેવ

પાડવી) કરવી પડે.

**શ્રીમોટાઃ** હેબીટ (=ટેવ) ફોર્મ એમ ને એમ નહિ થાય. અભ્યાસ વિના હેબીટ ફોર્મ નહિ થાય. આવી જાતના અભ્યાસથી હેબીટ ફોર્મ થઇ જાય. કોઇ પણ રીતે કરો ને! આ જ રીતે કરવી એવું કંઇ નથી. જે રીતે ફાવે તે રીતે હેબીટ કરી દો. પછી આનંદ આનંદ.

હું બધે જાઉં ને? રોટલા ખાવા. પણ કોઈ સત્સંગ ના કરે, એનો મને કંઇ વાંધો ના આવે. અમદાવાદમાં અનુપમરામ ભટ્ટ સંસ્કૃતના પ્રોફેસર છે.(હાલ 'સદ્ગત') બહુ સિનિયર પ્રોફેસર છે. મને શાસ્ત્રના જ બધા સવાલ પૂછે. પણ મને બહુ મઝા પડે. તે શાસ્ત્ર- બાસ્ત્ર ભણેલા એટલે તેવા બધા સવાલો બહુ પૂછે. અને હું બરાબર જવાબ દઉં અને તે સંતોષ પામે.

**સ્વજનઃ** મોટા, આ જે હેબીટ ફોર્મ થાય અથવા તો આપણે આ સતત જે બધું કર્યા કરીએ- પહેલાં કોન્શ્યસથી કરીએ, બધું ધ્યાન રાખી રાખીને કર્યા કરીએ. ધારો કે નામસ્મરણ- તમે કહ્યું કે પ્રાર્થના કરીએ, ધ્યાન કરીએ, નિવેદન કરીએ, એ પછી તે સહજતામાં ફરી જાય. પાકો અભ્યાસ પછી તે સૂક્ષ્મ ગ્રહણ કરી લે, પછી ઓબ્જેક્ટીવ માઇન્ડ(=વસ્તુલક્ષી મન) ને કશું કરવાનું ના રહે?

**શ્રીમોટાઃ** જેમ આપણે સંસારવ્યવહારમાં શરૂઆતમાં પડ્યા નથી હોતા એટલે કર્મના પરિચયમાં આવવું પડે. એટલે પરિચયમાં આવતાં, આપણે જેમ જેમ કરતા ગયા, તેમ તેમાં આપણને ગતાગમ પડતી ગઇ. પછી તેમ કરતાં કરતાં જ્યારે આપણે તેમાં દિલ રાખીને કરીએ ત્યારે એમાંથી કુનેહ વગેરે પ્રગટે. તેવી રીતે

આપમેળે આપણને સમજ ઊભી થતી જાય છે. આમાં પણ આ જ નિયમ નથી. કેમકે એ જડ વસ્તુ નથી સાહેબ અને એ ક્રીએટીવ હેબીટ(=સર્જનાત્મક ટેવ) છે. આ જે હેબીટ છે તે ક્રીએટીવ હેબીટ. એમાંથી આપણને નવું સૂઝતું થાય. સંસારવ્યવહારમાં પણ યોગ્યતાથી કર્મ જો આપણે કરીએ તો કર્મનાં જુદાં જુદાં પરિણામોની આપણને ખબર પડે. એના આપણે 'પ્રોઝ એન્ડ ક્રોન્સ'(=લાભાલાભ) કહીએ તો 'ઇફેક્ટ'(=અસર)ની પણ સમજણ પડે. એવી રીતે આ જે 'ક્રીએટીવ હેબીટ' છે, તેમાંથી નવું સમજાતું જાય. ત્યારે જ આપણે સમજવું કે આ બરાબર છે. નહિતર તામસ. જડ હેબીટ નહિ ચાલે. આમાં ક્રીએટીવ હેબીટ જોઇએ. ક્રીએટીવ કેવી રીતે? તો આવું આવું થાય ત્યારે આપણને સમજણ પડે!

એક શબ્દ, સાહેબ, ગુસ્સામાં બોલાયેલો હોય તો તેનું પરિણામ જુદું; એ શબ્દ રાગદ્વેષથી પ્રેરાઇને બોલાયેલો હોય તો પરિણામ જુદું; કંઇ પ્રેમથી બોલાયેલો હોય તો પરિણામ જુદું; ભાવનાથી બોલાયેલ હોય તો પરિણામ જુદું; વળી સંગીતમાં લય આદિથી પ્રેરાઇને બોલાયેલો હોય તો પરિણામ જુદું. શબ્દ એકનો એક પણ ભૂમિકા જુદી જુદી હોય તો પરિણામ જુદું. એ જેમ આપણને બિલકુલ રેશનલ(=વ્યવહારુ) લાગે છે, તેવી રીતે આપણો જે અભ્યાસ થાય ને તે અભ્યાસમાં એવું અનુભવાય. જેમ કોઇ માણસ આપણને દીઠો પણ ના ગમતો હોય, પણ તેની સાથેના સ્વાર્થ કે ગરજ એવાં પ્રગટ્યા હોય કે તેનો પરિચય આપણે કરવો જ પડે. છૂટકો જ ના થાય. ગરજને લીધે, તેની પાછળનો અણગમો સમજણપૂર્વક આપણે જતો કરીએ છીએ. એવી રીતે આપણે અભ્યાસ કરીએ પણ શેને માટે આપણે અભ્યાસ કરીએ

છીએ તે હેતુની સભાનતા આપણને હોવી જોઇએ. નહિતર શું થાય? આખરે જીવદશામાં પ્રકૃતિ મોખરે છે. હેતુની સભાનતા આપણે નહિ રાખીએ તો આપણે પ્રકૃતિમાં પડ્યા રહીશું. જે આ અભ્યાસ કરવાનો ખરો, અભ્યાસથી ક્રીએટીવ હેબીટ ફાર્મ થઇ જાય એ ખરું. પણ ક્રીએટીવ હેબીટ તો જ ફોર્મ થશે, જો હેતુની સભાનતા હશે. એ બહુ જરૂરનું છે. આપણે આ આધ્યાત્મિક બાબતની વાત કરીએ છીએ. પણ સંસારવ્યવહારમાં- એમાં એ જ બાબત છે. હેતુની સભાનતા જોઇએ. કર્મમાં પણ હેતુની સભાનતા ન હોય, તો કર્મ યોગ્ય પ્રમાણે ના થાય. એટલે કર્મમાં પણ હેતુની સભાનતા બહુ જરૂરી છે.

તા. ૯-૪-૭૪

## નીરવતા

**સ્વજનઃ** મોટા, આ નીરવ થવાનું એટલે શું?

**શ્રીમોટાઃ** મારા ગુરુમહારાજ પાસે પહેલવહેલો ગયેલો ત્યારે પહેલાં તો નિરાશ થઇ ગયેલો. કેમકે આવાં સાધન તો બધાં શી રીતે થશે? આ તો અશક્ય છે. ત્યારે ગુરુમહારાજે કહેલું 'મારામાં તારું ચિત્ત લગાડજે. અને મને સામે ધાર્યા કરજે. પછીથી તો કંઇ સાધન નહિ કરે તો પણ ચાલશે- જા. આ બધું તું કર્યા કર. સ્મરણ, પ્રાર્થના, નિવેદન, ભજન-કીર્તન, અને આ અભય, નમ્રતા- મૌન અને એકાંત- આ સાધનો કર્યા કરતો.

સ્મશાનમાં હું સૂતો'તો. ત્યાં મને સ્વપ્ન આવ્યું. આ વાત

પહેલાં મેં કરેલી. પણ આ ચર્ચાના અનુસંધાનમાં ફરી કહું. સાધનાનું સ્વપ્નું આવેલું. પણ સ્વપ્ન તો મિથ્યા. એટલે તેને કંઇ મહત્ત્વ આપ્યું નહિ. પણ બીજે દિવસે પાછું એ જ પ્રકારનું, જરાકે ફરક નહિ એવું સ્વપ્નું ફરીથી આવ્યું. ત્રીજે દિવસે આવ્યું. ચોથે દિવસે આવ્યું. પાંચમે દિવસે આવ્યું. ત્યારે થયું કે આ એકનું એક સ્વપ્ન રોજ આવે છે. સ્વપ્ન તો મિથ્યા. એ બધું જાણીએ છતાં પણ કરી જોવામાં આપણું શું જાય છે? એકનું એક સ્વપ્ન આવે, રોજે રોજ આવે છે તેનું કંઇ કારણ હોવું જોઇએ. મિથ્યા હશે તો પણ આપણું શું જવાનું છે? કરી તો જુઓ. એટલી 'રીસેપ્ટીવીટી'(=સ્વીકારાત્મકતા) આવી. એટલે પાંચમા દિવસ પછી એ સાધન મેં કરવા માંડયું. એટલે સ્વપ્નમાં ચાર-પાંચ વખત સાધન બતાવેલા. મને લાગ્યું કે સાલું, આ બરાબર નહિ. સ્વપ્નમાં સાધન બતાવે તે કરતાં સામે બતાવે તો સારું! ને એ તો કેવી રીતે થાય? તો કે' એને આપણામાં જીવતો કરી દો. તો જીવતો કેવી રીતે કરી દેવો? તે આપણી સન્મુખ તો રહેતો નથી. એટલે એનો જે આકાર હતો તે પચાસ, સાઠ, સીત્તેર, સો વાર રોજ સામે ને સામે રાખ્યા કરું. શરૂઆતમાં તો ધીમે ધીમે-'હેલ્પ ઓફ ઈમેજીનેશન' (=કલ્પનાની મદદથી)- કરવા લાગ્યો. એમ કરતાં કરતાં સવા વર્ષ જેવું થઈ ગયું. ત્યારે અખંડ થઈ શક્યા. પછી એ સૂક્ષ્મમાં ઊતરે. સ્થૂળ સાધન હોય-સ્થૂળ સાધનમાં એકાગ્રતા કરવી જોઈએ. જ્યારે એકાગ્રતા થાય પછી એ સૂક્ષ્મમાં ઊતરે. ને પછી તો મને એનો લાભ સારો મળ્યો.

જે તે બધું આપણે પ્રભુપ્રીત્યર્થે કરવું. પણ પ્રભુ તો એ કન્સેપ્શનમાં આવતો નથી. આ કન્સેપ્શનમાં આવે છે. એટલે ચેતનાના સીમ્બોલ (=પ્રતીક) તરીકે આપણે એ રીતે ગ્રહણ

કરીએ. મેં પણ એ રીતે જ ગ્રહણ કરેલો. પ્રભુપ્રીત્યર્થે એટલે મારી સામે મારા ગુરુમહારાજને રાખેલા ને બધું એ રીતે જ કરું. જે તે બધું. પછી બધા સાધનો પણ મને મળ્યાં કર્યા. એ તો નિમિત્ત છે માત્ર. પણ આપણો માંહ્યલો અંદર જે છે તે જ સાચો ગુરુ છે. બીજા ગુરુ ભલે ગમે તે રહ્યા. પણ આપણને સાધનો, જ્ઞાન જે બધું સૂઝે છે તે બધું અંદરથી જ સૂઝે છે. પછી એ તો એનું 'મેનીફેસ્ટેશન' (=પ્રગટરૂપ) બહારથી ધારીએ છીએ. ખરું તો એ માંહ્યલામાંથી જ- અંદરથી પ્રગટે છે. અને એ જ સાચા ગુરુ છે. પણ આવું બધું થાય છે ખરું. આવી એક પ્રોસેસ (=પ્રક્રિયા) છે. રીયલાઈઝડ સોલ(=સાક્ષાત્કારી આત્મા) છે તેને આપણે સન્મુખ કરી શક્યા- જીવતાજાગતા-તો ઘણો વિકાસ સરળતાથી થાય છે. તે મારો પોતાનો અનુભવ છે. પણ તે થતું નથી એનું કારણ છે. કારણકે આપણામાં નર્યો સ્વાર્થ, ગરજ લાગેલાં હોતાં નથી. અને તેને આપણે ખોળવા ક્યાં જવા? આ પ્રપંચકાળમાં આપણને મળે નહિ. એના કરતાં અભ્યાસ એ સાચામાં સાચું સાધન. એમાં કોઈ વાંધો આવે નહિ. આપણી બુદ્ધિ સ્વીકારી શકે એવું છે. એવું કરતાં કરતાં, હેતુની સભાનતા રાખીએ તો ક્રીએટીવ હેબીટ પડી જાય. અને ક્રીએટીવ થઈ તેનું એ લક્ષણ કે એ પરત્વેની નવી નવી સમજણો આપણને ઊગતી જાય એ એનું લક્ષણ. એટલે જાણવું કે બરોબર છે કે આ પાકું છે. તમે 'હેબીટ' શબ્દ સારો આપ્યો, સાહેબ.

**સ્વજન:** મોટા, આ નીરવ થવા માટે તદ્દન બ્લેન્ક માઈન્ડ(=શૂન્ય મન) કરવાનું? એ સમજાતું નથી.

**શ્રીમોટા:** એવું છે ને કે આખો પ્રોસેસ(=પ્રક્રિયા) આપણે સમજી

લેવાનો. નીરવ એટલે વિચાર પરત્વેના સંકલ્પ-વિકલ્પ કંઈ જ નહિ. ત્યારે એ થવાને માટે શું? અત્યારે આપણે પ્રકૃતિના બધા ગુણધર્મો લય પામે એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામના, અનેક પ્રકારની ઝંખનાઓ બધું લય પામીને હરિમાં બધું લય થઈ જાય. આપણે 'પોતે' થઈ જઈએ. અને એવી સ્થિતિ થઈ જાય પછી નીરવ થવાય. એકદમ નહિ થવાય. અત્યારે આપણે થઈએ ખરા. એકદમ ભાવાવસ્થામાં આવી જઈએ. એક ભગવાનમાં અથવા તો એની ભાવનામાં એકાગ્ર થઈ ગયા તો એટલા સમય પૂરતા નીરવ થઈએ. પણ આમાં શું છે? અનુભવની નીરવતા જુદી અને આ નીરવતા જુદી. આના બેકગ્રાઉન્ડમાં(=આધારમાં) પ્રકૃતિ ભારોભાર અને પેલામાં - અનુભવની નીરવતામાં - બ્રહ્મ જ છે. - ચેતન છે. અત્યારે આપણને એના મનન ચિંતવનમાં એવી ભાવના જાગતાંજાગતાં એકાગ્રતા થઈ જાય ત્યારે જે જાગે તેમાં સંકલ્પવિકલ્પ, વિચાર-વૃત્તિ કંઈ જ ના હોય. પણ તેના બેકગ્રાઉન્ડમાં પ્રકૃતિ. તે સારું છે, ખોટું નથી. પણ એવું વારંવાર થયા કરે. પછી પ્રકૃતિનું જોશ મોળું પડી જાય. કારણકે જે ભાવાવેશની એકાગ્રતા થઈ તેવી નીરવતાના બેકગ્રાઉન્ડમાં ભલે પ્રકૃતિ. પણ વારેવારે થાય એટલે પ્રકૃતિનું જોશ મોળું પડશે. કારણકે ઊર્ધ્વ પ્રદેશની લાક્ષણિકતામાં આપણે પ્રવેશીએ છીએ. એટલે આવી નીરવતા પ્રકૃતિના બેકગ્રાઉન્ડ ઉપર થયા કરે છે. અને એ થતાં થતાં, ઘણીવાર થયાં કરે. પછી પ્રકૃતિનું જોશ મોળું પડી જાય. એ મોળું પડતાં પછી ચેતનાની ભાવનામાં પ્રવેશીએ. એ પ્રવેશતાં પ્રવેશતાં જે અનુભવની સ્થિતિ આવે તેની જે નીરવતા થાય તેમાં સંકલ્પ-વિકલ્પ, વિચાર-વૃત્તિ કંઈ જ ના હોય. તેની પાછળ તો પછી હરિ જ - ચેતન જ. બીજું કશું ના હોય. એ નીરવતા ઉત્તમ

પ્રકારની.

નીરવતાની કેટેગરીઝ(=કક્ષાઓ) આપણા લોકોએ પાડી કે શૂન્યમાં શૂન્ય પ્રકારની નીરવતા. કે જેને છેલ્લામાં છેલ્લી જ્ઞાનની સમાધિ અવસ્થા કહે છે. તે પણ નીરવતાનો પ્રકાર છે. જેમાં કંઈ જ કશું નહિ. 'હું' પણ નહિ. તે પણ નીરવતા છે. તે બહુ ઊચ્ચ પ્રકારની. એના અધિષ્ઠાનમાં- બેકગ્રાઉન્ડમાં(=આધારમાં)તો ચેતન જ. નીરવતા એ ચેતનનું લક્ષણ છે. આમ તો આપણામાં ચેતન છે. છતાં પણ ચેતનની અસર આપણને થતી નથી. કારણકે આપણે સતત કોન્શ્યસલી(=સભાનતાથી) પ્રકૃતિમાં જ રમ્યા કરીએ છીએ. એટલે પ્રકૃતિમાં હોવા છતાં કોન્શ્યસલી આપણે ચેતનમાં રમ્યા કરીએ છીએ એવી હેબીટ આપણે પાડી દેવી પડશે અને એ પાડતાં પાડતાં આપણામાં નીરવતા આવે છે. ચોક્કસ નીરવ થવાશે. પણ આપણે તેવો અભ્યાસ પાડવો. કલાક-બે કલાક કામમાં હોઈએ- પણ એક મિનિટ જેટલા નીરવ હોઈએ. આંખો મીંચીને પણ. ભલે એક મિનિટ હોઈએ પણ એવી સ્થિતિમાં આવી જવાનો આપણે અભ્યાસ પાડવો જોઈએ.

તા. ૯-૪-૭૪

## જપનું પરિણામ

**સ્વજનઃ** જપ કરતાં, વૃત્તિઓ શાથી સાકાર થતી હશે?

**શ્રીમોટાઃ** જ્યારે જપ કરવા માંડીએ, જપ જેમ જેમ વધારે વખત કરાતો જાય, જપ અખંડ થતો જાય- જપ માટેનો એ શબ્દ

આકાશની સાથે સંકળાયેલો છે. એથી એ જ્યારે અખંડ થાય ત્યારે આ બધી વૃત્તિઓ છે- મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આ બધામાં પોતાની સ્વતંત્ર-શરીરની જુદી જુદી, હોં, એકની એક જ પ્રકારની નહિ, દરેકની જુદી જુદી હોય છે. અને ત્યારે જ એને ફુલ્લ સ્કોપ(=સંપૂર્ણક્ષેત્ર) મળે છે, કારણકે અત્યારે આપણે જીવદશામાં હોઈએ ત્યારે જુદી જુદી બીજી અનેક પ્રવૃત્તિઓમાં રોકાયેલા પણ હોઈએ છીએ. અને સજાગ હોવાથી આ થાય છે. ભલે તેને રોકી ના શકતા હોઈએ. પણ તે મોળી તો પડે જ છે. મોળી તો પાડી શકતા હોઈએ છીએ- આટલું તો થાય જ છે. પણ જ્યારે શબ્દ સંપૂર્ણ સાકાર થાય છે, ત્યારે શું થાય છે? મનાદિ ઉપર તેનો કન્ટ્રોલ(=કાબૂ) હોતો નથી. જેમ થતું હોય તેમ થવા દે છે. એવી સ્થિતિ થઈ જાય છે. એટલે આ બધાંય છૂટ્ટાં ઢોર થઈ જાય છે. ત્યારે આ બધી વૃત્તિઓ ખીલવા માંડે છે. પણ તે વખતે સતત જપમાં રહેલા હોવાથી- આપણામાં જે સાક્ષીપણું છે, તે સાક્ષીપણું વર્તવા માંડે. સાધનામાં પ્રવેશે. સહેજ થોડી ઊંચી કક્ષામાં જાય. એનું સાક્ષીપણું જુદું છે, અને ઊંચે ગયેલો સાધક છે, તેનું સાક્ષીપણું જુદું. એ સાક્ષીપણાને લીધે પેલો સમજે છે કે આવા આવા આમ આમ તોફાનો થાય છે. અને આ કરે છે એ અખંડ જપ પેલું સાક્ષીપણું છે, તે પછી તેનામાં જે અવેરનેસ(=પૂર્ણ જાગૃતિ) આવી, એને લીધે જે હુકમ નથી કરતો કે દબાવી નથી દેતો. પણ એને એમ કહે છે કે, 'ભઈ, આ ઠીક નથી કરતો. આનું તારે શું કરવું છે? તું શું કરે છે આને? તું જે કરવા માંગે છે, તે આમાં થઈ નથી શકવાનું. તું જો, કરી જો.' અને કરી જોવા દે છે. એ કરી જોવા દે છે પણ ખરો, પણ થતું નથી. અનુભવ કરીને તે પાછો ફરી જાય છે. શાંત થઈ જાય છે. એમ બધાં ધીરે ધીરે શાંત થઈ જાય છે. એ અવેરનેસ(=પૂર્ણ જાગૃતિ) પછી પ્રકૃતિની સ્થિતિ

રહેતી નથી. એની ડીવાઇન અવેરનેસ(=દિવ્યજાગૃતિ) થઇ જાય છે. એનું મીડીયમ(=માધ્યમ) પ્રકૃતિ હોય છે. અને છતાં પોતાની રીતે પ્રકૃતિ વર્તી શકતી નથી. એ એની જે ઊંચી જાતની સ્થિતિ છે, એના પ્રમાણે વર્ત્યા કરે છે. પ્રકૃતિના લેવલ પ્રમાણે તે વર્તતી નથી.

એટલે શરૂઆતમાં તેના કામ, ક્રોધાદિ હુમલાઓ- ફંક્શનો થયાં કરે છે ખરાં- સાધક એ જાણે છે- અથવા તેનાં જે પરીક્ષણ હોય છે, તે થયાં કરે છે ખરાં. તે થયાં કરે છે એટલે એમાં જે વર્તનારો સાધક છે, તે જાણે છે કે, આમાં સાલું, આ બધું થાય છે. એ કદી એને હુકમ કરીને દાબી દેતો નથી. કારણકે એ સમજે છે, કે જો એને દાબી દઇએ, પ્રેસ કરીએ, તો એ ફરી વાર ડબલ જોરથી આવવાનો છે. માટે ધીરે ધીરે એની પાસેથી કામ લો. માટે સમજાવી, સમજાવીને એની સાથે કામ લે છે.

આ બધાં બળો એની સાથે રહે છે. એ સાથે શી રીતે રહે છે- દા.ત. આપણને કામ થયો. એ કામ- પેશનને સાધનામાં શી રીતે વાળી દેવો? એમ આપણને પ્રશ્ન થાય. પણ એમાં જોશ છે. તે એટલું બધું જોશ છે, જે વાયટાલીટી(=શક્તિમત્તા) છે. તે વાયટાલીટીને આની સાથે જોડી દે. એવી એક કળા આવી જાય છે. સામાન્ય માણસ નહિ કરી શકે. પણ એનામાં એવી કળા આવી જાય છે. ઘણી વખત એણે અભ્યાસ કરેલો, આવા પ્રયોગ કરેલા હોય છે. એટલે એવી કળા એનામાં આવી જાય છે. એટલે એને કોઈપણ કામ, ક્રોધ, લોભ, મોહ- આ કંઇ પણ થયું તો એની વાયટાલીટી પોતે પોતાની સાધનામાં વાપરી લે છે. એવી કળા એનામાં છે. શરૂઆતમાં એ પાંચ-દસ, પંદર વાર વાપરે છે. એ

ફાવી શકતો નથી. તેમ છતાં એ છોડી દેતો નથી. એ પોતાના કામમાં, વાપરવાની કળામાં તૈયાર જ હોય છે. પ્રયત્નમાં તે આખરે ફાવે છે. એવી રીતે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ મત્સર, અહમ્ આદિ બળો જીવનમાં ઊર્ધ્વગામી થઇ પણ શકે. ગમે તેમ આખરે તેને પેલું જોશ છે. આખરે એ ફોર્સ છે. આ ફોર્સને તે પોતાની સાધનામાં વાળી લે છે. આવી એક કળા છે. આ તો મને સદ્‌ગુરુએ શીખવાડી હતી. ગમે તે કરી શકે. અમુક જ કરી શકે એવું છે નહિ. માત્ર એનો પ્રિન્સિપલ(=સિદ્ધાંત) સમજી લેવો જોઇએ. તો એને વાપરી શકાય. અને એમાં વાપરવાથી પછી એવી જાતની એક સળંગ મસ્તી પ્રગટે છે. આ બધાં બળો છે. આ બધાં આપણા શરીરમાં અમસ્તાં નથી રહેલાં. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ મત્સર, બધાં બળ જ છે. અને ભારે બળ છે. અને એ પછી આપણી સાધનામાં આવે છે ત્યારે આપણને ઓર બળ મળે છે. પછી ખરેખરા મર્દ બની જઇએ છીએ. પછી ગમે તેવા ઓબ્સ્ટેકલ્સ(=અંતરાયો) સામે આવે- આપણને નમાવે, તો પણ આપણે નમી જતા નથી.

એક બીજું પણ સાધન છે. તંત્રનું સાધન છે. હું એ શીખ્યો નથી. પણ ગુરુમહારાજે મને આપેલું. ઓગણીસો તેતાલીશની સાલમાં જ્યારે શરીરનું મરણ થવાનું હતું, ત્યારે મેં ભગવાનને અરજ કરી. એ વખતે મને હુકમ તો આપ્યો હતો કે એક કરોડનું કામ કરો. તો મેં કહ્યું, 'મારી શક્તિ નથી. હું તો સાવ ગરીબ માણસ છું. મને કોઇ પચીસ રૂપિયા આપી શકતું નથી.' પણ મેં તો કામ માથે લીધું કે 'તારો હુકમ છે, તો કરીશ. હજુ તો થયું નથી. અને મને તું લઇ લેવાની વાત કરે છે. માટે તું કૃપા કરીને જીવાડી દે તો જીવવું. અને તારે લેવો હોય તો હું તૈયાર છું. તારે કૃપા કરવી હોય

તો કર.' તો કૃપા કરી. જીવાયું. પછી થોડા વખત પછી શક્તિ બહુ ઓછી થવા લાગી. પણ એમાં એક પ્રિન્સિપલ છે. ગુરુમહારાજે કહેલું કે, ઉચ્ચ કક્ષાના સાધક સાથે તારે રહેવું. 'કોઇને તો બહુ વિચિત્ર લાગે, અર્થ વગરનું બહુ ખરાબ લાગે'. 'પણ એમાંથી તારે શક્તિ લેવી. એમ ને એમ ના લેવાય. કોઇ એક્શન(=ક્રિયા) નહિ. સંપૂર્ણ શુદ્ધિ, અને એમાંથી તને શક્તિ મળશે અને એમાંથી તારાથી જીવાશે'. આ તો નવાઇની વાત છે. એમ ને એમ તો આપણાથી કોઇને ભેટાય નહિ. એવું કોઇ મળે ત્યારે ને! એમ ને એમ કંઇ થાય નહિ. પણ એમાંથી સંજોગ બની ગયેલો. ને વાત સાચી થઇ. ને એમાંથી મને બળ મળેલું એ વાત સાચી. આજે આ શક્ય હોય તે ઘણી મોટી વાત થઇ જાય. જ્યાં સુધી ભગવાનને જીવાડવું હશે ત્યાં સુધી જીવાડશે એમ નક્કી થઇ ગયું. એવાં સાધનો એ આપશે તો દુનિયાની કોઇ સેવા કરવા સિવાય વાપરીશ નહિ. કારણ કે એમાં કંઇ જીવવૃત્તિ નથી. ભાવનાની વૃત્તિ છે. એમાં કંઇ સ્ત્રી-પુરુષનો સંગમ કહે છે, એવું કંઇ નથી હોતું. પણ એટલી એ વખતે માનસિક સ્થિતિ અમુક પ્રકારની રાખવાની હોય છે. એ કોની રહે? એ શક્ય નથી. એવી વખતે એક વખત મે ભજન લખી બતાવ્યાં છે. ત્રણ ભજન એક સાથે. બોલ્યે જ જઉં, ને પાસે બેઠેલો બીજો માણસ લખી લે. તેમની પાસેથી લખાવ્યું. પછી એ કહે:'મોટા, તમારી વાત હવે ખરી. તમારું મન જુદી દિશામાં છે'. મે કહ્યું, 'પાંચ લખું?' તો કહે, 'ના. હવે મને ખાત્રી થઇ ગઇ.' ગમે તે પ્રશ્ન મને કોઇ પૂછે ને તો તેનો જવાબ સુંદરમાં સુંદર રીતે આપું. સામાન્ય સ્થિતિ કરતાં વધારે સારી રીતે આપી શકું. પણ એ ભગવાનની કૃપા. પણ ગુરુમહારાજ એવો કે કઠણમાં કઠણ કામ સોંપે. દુનિયાદારીનો માણસ એ કરી ના શકે. આ શક્ય નહિ. એને માટે શક્ય નહિ. એટલે એ કરી ના શકે. એની તાકાત

ના ચાલે. હિંમત ના ચાલે. એવા કામ સોંપે. માટીના હાંલ્લામાં તેલ ના મળે, તોય આશ્રમ સ્થાપ્યો. તેલ નહિ. ખીચડી કરીએ, ભાત અને ખીચડી. અંદર મીઠું અને હળદર નાંખીએ. શાકબાક મળે નહિ. એવી રીતે રહીએ. બાજરીનો રોટલો ટીપીને ખાઇએ-શાક વિનાનો. એ પણ ભગવાનની પ્રસાદી અને એમાંથી આ બધું ધીરે ધીરે થયું. એ પણ ભગવાનની પ્રસાદી છે. ભઇ, તપ કરો. તે વિના કશું થવાનું નથી. તમારે વેપારમાં પણ સતત એમાં મન પરોવીને, જે પ્રોબ્લેમ્સ(=સમસ્યાઓ) આવે તો ધીરે ધીરે તેમાં મન પરોવીને સોલ્વ(=ઉકેલ) કરતાં જવું. આગળ વધ્યાં જઇએ ને એમાં ને એમાં રહીએ. પછી તમે સંસાર ભોગવો. આઠ કલાક એમાં આપવાના તે આપવાના જ. આઠ કલાક તેમાં ખરા જ. જેમ પેલી સર્વિસમાં આઠ કલાક આપો છો, તેવા આમાં પણ ખરા. નહિતર પાપ કરો છો તમે. એમ ને એમ સિદ્ધિ થતી નથી.

## વૈષ્ણવ ધર્મ

**શ્રીમોટા:** જે જે કાળની જરૂરિયાતને યથાયોગ્ય સ્થાને જાળવી રાખવાને માટે સંપ્રદાય હોય છે. એની મેળે એને કોઇ કરાવતું નથી. એક મુખ્ય માણસ હોય છે. એને મનમાં જાગે. વૈષ્ણવ ધર્મ આપણા દેશમાં ન હોત તો કળા, સૌન્દર્ય આ બધું મરી ગયું હોત. વૈષ્ણવ ધર્મને લીધે કળા- પેઇન્ટીંગ્સ(=ચિત્રકળા)- સંગીત વધ્યાં. ને સંગીતને ભક્તિમાં પ્રગટાવવા તો તપ હોય. તે વિના ભક્તિના પથમાં પ્રાણ પ્રગટી શકતા નથી. ઉત્તમમાં ઉત્તમ જાતનું સંગીત ભલે હોય, એમાં રાગ પ્રમાણે બોલાતું હોય, મીઠાશ પણ હોય છે. એ બહુ ઉત્તમ લાગે છે. કોઇ સંગીતનો જાણકાર હોય, તો તેને ઉત્તમ લાગે છે, પણ જ્યારે એમાં ભક્તિ ઉમેરાય છે, ત્યારે એ

સંગીત બહુ જુદા પ્રકારનું બને છે. એ સંગીતનો પ્રકાર વૈષ્ણવ સંપ્રદાયે ઊભો કર્યો છે. સંગીતમાં નવા પ્રાણ પૂર્યા. જેણે એ સંગીત સાંભળ્યું હોય, તે એની કદર કરી શકે. સામાન્ય રીતે આપણે શાસ્ત્રીય ગવૈયા પાસે સંગીત સાંભળીએ છીએ. તે ઘણું સારું. એમાં આપણે ખૂબીઓ પ્રગટાવી શકીએ છીએ. ને એમાં રાગ એક જ હોય. બે ગવૈયા હોય. એક માણસ એકના એક જ રાગમાં સંગીતમાં કોઇ નવીન પ્રકારની ખૂબી પ્રગટાવતો હોય. બીજો માણસ ન પ્રગટાવી શકે. જે કઇ રાગ ખિલવવાનો તો ખરો. એ તો બન્ને ખીલવી શકે. એ રાગ પરિપૂર્ણતયા આવડ્યો નથી એમ ન ગણાય- છતાંય ત્યારે વૈષ્ણવ સંપ્રદાયે ભક્તિથી જુદી રીતે રાગ ખીલવ્યા છે. વળી રાંધણ કલા ખીલવી. ઉત્તમમાં ઉત્તમ પ્રકારનાં ભોજન- વૈષ્ણવ સંપ્રદાય ન જાગ્યો હોત તો આટલી બધી જુદી જુદી કળાઓ, જુદી જુદી જાતની વાનગીઓ, છપ્પન ભોગ, વગેરે ન હોત. છપ્પન ભોગ આજે પણ મંદિરોમાં થાય છે. એ જોવા જેવી કળા છે. ઘણા તો હસી કાઢે છે. પણ એને જુદી દૃષ્ટિથી જોવી જોઇએ.

સંસારવ્યવહારમાં આપણે જોઇએ તો આપણને બધું ઉપયોગી છે. એનું મૂળ- રસ. આ બધાનો આપણને ઉકેલ ના આવે. એનું મૂળ, અથવા તો એનું રહસ્ય જે આપણને જીવતા રાખવાની શક્યતાવાળું છે. એ ન હોત તો આ બધું ક્યાંથી હોય? એ રીતે જો આપણે વિચારીએ તો આપણે એની કદર કરી શકીએ. 'ભાઇ, આ તો લાખો રૂપિયાનો વ્યય છે' એ રીતે જો આપણે એને ઉડાવી દઇએ, પણ દરેક વસ્તુ જે કંઇ હયાત છે, જે જે કંઇ અસ્તિત્વ ધરાવે છે તેમાં કંઇક રહસ્ય છે. એ જ રીતે આપણે સમજવું હોય, જાણવું હોય તો જે કંઇ આ ઐહિક શરીરમાં અસ્તિત્વ ધરાવે છે, દરેકમાં

કંઈ ને કંઈ હેતુ છે. એ આપણાથી બરોબર દ્રઢ રીતે સમજી શકાય, આપણા મનની સાથે જીવતું- જાગતું દ્રઢાવી શકાય, તો પછી આપણે આપણા જીવનમાં નકારાત્મક રીતે નહિ વિચારી શકીએ. આ શરીરમાં નરક જેવું નરક જ છે. ત્યારે આપણને ઘૃણા આવી જાય એવું છે. તો પણ એનો હેતુ છે. એ આપણા પેટમાં ને પેટમાં રહ્યું હોત તો આપણે મરી જાત. માટે એ નીકળવું જોઇએ, એ કલ્યાણ માટે છે. કોઇપણ વસ્તુના હેતુને નકારાત્મક રીતે ન લેતાં હકારાત્મક રીતે જોવાની કળા જો આપણામાં જન્મે તો આ દુનિયામાં તદ્દન નજીવી ચીજમાં આપણે નરી સુંદરતા દેખી શકીશું. એવી રીતે વૈષ્ણવધર્મમાં આ સખડી ભોગ ધરે કે આવાં અન્નકૂટ- છપ્પન ભોગ ભગવાનને ધરાવાય એમાં ઘણા લોકો મશ્કરી કરે. મેં એમને જવાબ આપ્યા છે. આવડ્યા તેવા- કે જો આ અસ્તિત્વમાં ના હોત તો આપણે જે જુદી જુદી વાનગીઓ ખાઇએ છીએ, એનો સ્વાદ માણીએ છીએ તે માણતા ના હોત. અનેક ફૂલોના શણગારથી એને શણગાર્યા, ફૂલના જુદા જુદા- અરે તમે લોકોએ તો જોયા જ હશે- પણ આ ભગવાનને હિંડોળે બેસાડે છે. શ્રાવણ મહિનામાં હિંડોળા થાય છે. પણ એક મહિનામાં એવા સરસ શણગાર- એ કેળમાંથી, જુદા જુદા ફૂલમાંથી, જુદા રંગોથી, જુદા જુદા રંગવાળા ફૂલો એવી સુંદર રીતે કળાથી તમે ગોઠવો તો જોનાર ખુશ થઇ જાય! મારા મિત્ર મને કહે કે,- 'તને તો આવું દેખાય! આ બધું નકામું છે! પૈસા બગાડ્યા.' અલ્યા, પૈસા બગાડ્યા? પણ કળાને તમે ઓળખો છો કે નહિ? કળામાં એક વસ્તુ એવી છે કે એ ચિરંજીવી છે. જેના જીવનમાં કળા વિષેનું જ્ઞાન પ્રગટ્યું નથી, કળાને પારખી શકતું નથી, તે મારી દૃષ્ટિએ તો મૂર્ખ માણસ છે. 'તું તો બધું આવું બોલે, એમાં શું કળા છે? આ ફૂલોને ગોઠવે એમાં?' ભાઇ, એમાં જ કળા છે. ફૂલ ગોઠવવાની જ

કળા છે. એવા તો કેટલાય છે. કેટલાય માણસોના મગજ કેળવાયેલા ના હોય. આ પરત્વે-કળાની સેન્સ પરત્વેનો તેને અનુભવ નથી. એ કળાને જાણી ના શકે. એ કળાને સમજી ના શકે. કળાની અદ્ભુતતા એનામાં કદી ના પ્રગટી શકે.

મારું કહેવાનું એ છે કે કેટલી બધી વસ્તુઓ મુસલમાન રાજ્યના કડકમાં કડક અમલ વખતે વૈષ્ણવ ધર્મે જીવતી રાખી. મુસલમાન રાજ્યકાળમાં આપણા ધર્મ પરત્વે વિરોધ હતો કે એવા કાળમાં છાનીમાની રીતે નહિ પણ છતી રીતે આ કળા જીવતી રાખી. મથુરા અને વૃન્દાવન પણ આ લોકોએ ખીલવ્યું, કેમકે એ કૃષ્ણની ભૂમિ હતી. કોઈ પૂછે કે, 'ભાઈ, એમાં વળી એની વિશેષતા શી?' પણ એ જોવાથી સંસ્કારને જાળવી રખાયો છે એનો ખ્યાલ આવે છે. કૃષ્ણનો તે સંસ્કાર હતો ખરો, મરી નથી ગયો. એ સ્થળે એને કેન્દ્રિત કરવું એ જરૂરનું હતું. માટે એમણે મથુરા અને વૃન્દાવન ઊભાં કરીને એ સંસ્કાર કેન્દ્રિત કર્યા. ત્યાં પણ સરસ મંદિરો બાંધ્યા, ત્યાં સંગીત પણ સુંદર ચાલે છે.

ઉત્તમમાં ઉત્તમ તો મથુરામાં થતી આરતી છે. યમુના નદીની સામે મોટો આરો છે. એના પર એટલી મોટી, બહુ ભારવાળી, મજબૂત માણસો ઊંચકી શકે એવી જગ્યામાં અગરબત્તીની આરતી ઊતરે. આ પણ જેને એવી જાતની કંઈ ભાવના હોય, તેને જ અનુભવાય. બાકીનાને તો લાગે કે 'આ શું આરતી ઉતારે છે?' એમાં શું રહસ્ય? એમાં વિશેષતા શી છે? એમાં ધર્મ જ ક્યાં આવ્યો?' એવા ઘણા પૂછનારા જાણ્યા છે. તેમને ઉત્તર પણ મેં આપ્યા છે.

એક તો વલ્લભાચાર્યજીએ આ રિવાજ પાડેલો છે. તેમણે કુદરતને ભગવાન કહેલો છે. તે કુદરતને પૂજે છે. કુદરતની આરતી ઊતારે છે. સામે જુએ તો કંઇ કશું છે નહિ. કુદરત જ છે. એમણે કુદરતને વિચારી છે. કુદરતને એ સમજ્યા છે. આપણે સમજતા નથી. કુદરતનું એપ્રીસીએશન(=કદર- પૂજા) આ દ્વારા કરી શકીએ, અથવા એ જાતની ભાવના આપણામાં જન્મે- ઊતરે એ આચાર્યશ્રી વલ્લભાચાર્યનો આદર્શ હતો. તે આ યમુનાજીની આરતીમાં બહુ સ્પષ્ટપણે દેખાઇ આવે છે. તદ્દન ખુલ્લા ભાગમાં ખુલ્લી રીતે અને યમુનાજીની સામે જ એ આરતી ઉતારે છે, ત્યારે જેના હૃદયમાં ભાવ છે તે સમજી શકે છે. કેટલા બધા માણસો ત્યાં હોય છે! એ બધાના દિલમાં તે વખતે ભાવ હોય છે. પછી નથી રહેતો. પછી બધા જડ જેવા છે. પણ ત્યારે જે બધો ભાવ છે તે ભાવનો હું તો ઉપયોગ કરી લેતો. એ ભાવના વાતાવરણનો હું ઉપયોગ કરતો, કારણકે ત્યારે હું સાધનામાં આગળ વધેલો. એટલે આ બધું ભાવને લીધે મને સમજાતું હતું. જો ભાવ ના હોત તો હું પણ એમ જ કહેત કે આ બધું નકામું- આ નકામો ખર્ચો. એમાં માણસોનો આટલો વખત બગડે. આનાથી શું વળે? આનો શો ઉપયોગ? આ બધું નકામું. મથુરામાં એ ભક્તિનું સંગીત આજે પણ ચાલુ છે. ત્યાં આઠ વખત દર્શન થાય. તે આઠે વખત ત્યાં સંગીત બહુ પ્રાણવાળું કહું એટલું જ બસ નથી. પણ ભક્તિની ભાવનાથી છલોછલ છલકાય એવું સંગીત છે. એ સંગીત સાંભળવાનો એક લહાવો છે.

મને તો સંગીત આવડતું નહિ. ફાવે જ નહિ. સંગીત જાણતો નહિ. પણ સંગીતમાં જે ભાવ છે, તે ભાવ મને સ્પર્શતો. આજે પણ એનો ભાવ સ્પર્શે. એક વખતે મારે સંગીત સાંભળવું હતું.

શુભલક્ષ્મીને સાંભળવાં હતાં. એ ઘણાં મહાન સંગીતકાર હતાં- દક્ષિણમાં હતાં. દક્ષિણ ભારતમાં નંદલાલના મામા ગોપાલદાસ ખરા ને! મેં કહ્યું, 'મારે સંગીત સાંભળવું છે' પણ એ સંગીતના રસિયા નહિ. તો કહે, 'એમાં શું સાંભળવું છે! 'પણ એમાં ખૂબી છે! તો કહે, 'રાગડાની તે કંઈ ખૂબી હોતી હશે?' મેં કહ્યું, 'તમે મુરબ્બી છો તે તમને આ બાબતમાં શી વાત કરું?' 'આ વાત કરી તે બધી સારી વાત કરી. હું કંઈ સંગીત જાણતો નથી. સંગીત પ્રત્યે મને અભિરુચિ નથી. એટલે આવું બોલું છું. પણ તને મન છે, ને તને ગમતું હશે તો ગોઠવીશ. શુભલક્ષ્મીની પાસે લઈ જઈશ'. ત્રિચિનાપલ્લીમાં એક જણને ઘેર પધારેલાં. મામાના ઘરાક- હીરાના ઘરાક શ્રીમંતો હોય છે. 'મારે ત્યાં એક ગુજરાતી છોકરો આવેલો'. એમ એમણે કહ્યું, 'શુભલક્ષ્મીનાં એક- બે ભજન સાંભળવાં છે.' તો કહે; 'એ આજે ભજન ગાવાના જ છે. તમે આવો.' હું ત્યાં ગયેલો. સાહેબ, એમણે મીરાંના ભજન ગાયાં, પોતાની ભાષા તામિલ પણ હિન્દીમાં જે ભજન ગાયાં તે અદ્દભુત હતાં. અને ભજનમાં પ્રાણ પ્રગટેલો. શુભલક્ષ્મી નાનપણથી સ્વતંત્ર રીતે જીવી રહેલી, અને આ વિદ્યા શીખેલી. એમના વર પણ આ વિદ્યા જાણતા હતા. બંનેને બહુ સારું બને છે. જ્યાં જવું હોય ત્યાં જવા દે!

## રામાનુજાચાર્ય

આ વૈષ્ણવ સંપ્રદાય કાળે કરીને થાય છે. તે કાળની માગ હોય છે. એ પ્રમાણે જો ના થાય તો બધું વેરવિખેર થઈ જાય. આપણા દેશમાં જેટલું જળવાઈ રહ્યું તેનું કારણ આ જ. જે જુદા જુદા સંપ્રદાયો થયા તે શા માટે થયા? આટલો મોટો દેશ. ઘણી જાતના

લોકો રહે. એટલે સંપ્રદાયો પણ જુદા જુદા થયા. દક્ષિણમાં રામાનુજ થઇ ગયા. રામાનુજ એવા હતા, તે નાતજાતના ભેદ કંઇ જાણે નહિ. એ ભેદ ઉચ્છેદવામાં માનતા હતા. એમના ગુરુએ એમને મંત્ર આપ્યો. જાહેરમાં તારે કોઇને કહેવાનો નહિ. આ મંત્ર ભગવાનને મેળવી આપે. મોક્ષ કરાવે. એમને થયું; 'તે મંત્ર હું બીજાને ના કહું? હું ભલે નરકમાં જવાનો હોઇશ તો જઇશ. પણ બીજાને હું આ મંત્ર કહેવાનો' એમના ગુરુની સામે એણે કહ્યું. એના ગુરુ ગુસ્સે થઇ ગયા. આ ના ચાલે. ગુરુએ આપણને મંત્ર આપ્યો હોય તે મંત્ર આપણે બીજાને નહિ કહેવાનો. એવી આપણી ટ્રેડીશન્સ(=પરંપરા) છે. 'ભલે રહી એવી ટ્રેડીશન્સ એ ટ્રડીશન હું તોડીશ.' જ્યારે રામાનુજાચાર્ય ભક્તિ કરતાં કરતાં એ સ્ટેજે પહોંચ્યા, આચાર્યજીની સ્ટેજે- ચર્ચા કરી શકે એવી સ્થિતિ જ્યારે એમની થઇ ત્યારે એ મંત્ર બધાને એ આપવા લાગ્યા. બધાને આપ્યો. એ સંપ્રદાયનો મૂળ મંત્ર જ એ થઇ ગયો.

એમનામાં એમણે હરિજનો અને બધાને આવકારેલા. હરિજનોમાં મોટા મોટા સંતભક્તો થયેલા. એ લોકો એને શું કહે છે એ ખબર નહિ- તામિલમાં જુદું કંઇ નામ છે- પણ જુદું નામ છે. અને એટલું નહિ પણ એવા ભક્ત થઇ ગયા. હરિજન ભક્તો પણ એવા મહાન થઇ ગયેલા કે એની પ્રશંસા આજે પણ આપણે કરી શકીએ. એનો એક મોટામાં મોટો ગ્રંથ- વેદના જેવો ગ્રંથ- ત્યાં દક્ષિણમાં લખાયેલો છે.

એ પણ હરિજને લખેલો છે. હરિજન ભક્ત- હાલનું જે એક માઇલ પણ દૂર નથી-શ્રીરંગમ્‌નું એક આખું મંદિર એક હરિજન ભગતે બનાવેલું છે. મોટો ઋષિ હતો. તે ફરતો ફરતો જંગલમાં

ગયો, ત્યારે જંગલમાં એક મૂર્તિ જોઇ. એને બહુ ગમી ગઇ, પછી એને ધોઇ કરી બરાબર સાફ કરી, આગળ-પાછળ સાફ કરી, રોજ એની પૂજા કરે. પછી એને થયું, આ એકલું બરાબર નહિ. આના પર ચણતર થવું જોઇએ. મંદિર થવું જોઇએ. જેવું તેવું નહિ પણ ભવ્ય મંદિર થવું જોઇએ. પહેલેથી જ એ 'પેનીલેસ'(=નિર્ધન) માણસ. મંદિરની એની કલ્પના જ કેટલી બધી કે આપણું અડધું વડોદરા એમાં સમાઇ જાય. એટલું મોટું એ મંદિર છે. હવે એટલું મોટું એ મંદિર છે. હવે શું કરવું આપણે? પૈસા વિના તો કોઇ મંદિર થાય નહિ. તો પૈસાદારો પાસે ગયો. એટલે બહુ પૈસા મળ્યા નહિ. એથી એને થયું કે 'લૂંટો આ લોકોને' એમના ભક્તો હતા. તેમને ગામડામાં મોકલ્યા. જે બધા પૈસાદાર હતા, એમને તે જાણે. એ રીતે પૈસા લઇ આવે. એવા ઘણાય પૈસા એકઠા કર્યા. પછી રાજા પાસે ફરિયાદ ગઇ. એ પોતે જ રાજા સમક્ષ હાજર થયો. 'મે આ ચોરી કરાવી. આવા સારા કામો માટે પૈસા ના આપે તો બીજું શું કરવું? પૈસા આવા કામમાં ખર્ચવા જ જોઇએ. પૈસા ભગવાને એમને આપ્યા છે. તો સત્કર્મ માટે આપ્યા છે. સંઘરી રાખવા માટે આપ્યા નથી. ખાય, પીએ બધું ખરું, પણ સત્કર્મ જોડે કરવું જોઇએ. એમણે મારો ઉપકાર માનવો જોઇએ.' આમ એણે કહ્યું. રાજા સમજી ગયો. એમણે છોડી દીધા. આવી રીતે રોજ ધાડ કરીને એ મંદિર બંધાવ્યું છે. પછી બીજા બધા લોકોએ બંધાવી મોટું કર્યું. અને એ માણસની આખી લાઇફ લખાયેલી છે. મે ખાતરી કરવા એ ચોપડી મંગાવીને ત્રિચીમાં વાંચેલી. એ સંતપુરુષ બહુ ઉચ્ચ કોટિના હતા. હરિજન હતા. અને જ્ઞાનથી ભરપૂર, ભક્તિથી ભરપૂર. ચોરી કરીને એણે કશું પાપ નહિ કરેલું. કેમકે એનો હેતુ સ્પષ્ટ હતો. કલ્યાણ જ કરવાનો માત્ર હેતુ હતો. મંદિર બંધાવીએ તો ભગવાનના અસ્તિત્વની ભાવના સમાજમાં જળવાઇ રહે.

આજે પહેલાંના કરતાં મંદિરમાં જવાની વૃત્તિ ઓછી થઇ ગઇ. પણ જે કોઇ જાય કરે તો તેને કલ્પના આવે કે ભગવાન છે. એવી કલ્પના આવે તે માટે આ લોકોએ મંદિરો બંધાવ્યા.

સમાજમાં જેમ જેમ ભાવનાનું પતન થતું ગયું, તેમ તેમ એ ભાવનાને પકડી રાખવા માટે આવાં સાધન હતાં. પહેલાં આવાં કોઇ મંદિરો ન હતા. પહેલાં સંગીત હતું. સંગીત પહેલાં કંઇ કશું નહોતું. ઉપનિષદ કાળમાં કંઇ નહોતું. માત્ર મનનચિંતવન હતું. એ પહેલાં કંઇ ના મળે. શંકરાચાર્યનો પંથ પણ પછી આવ્યો. એ પહેલાં ગૌતમ બુદ્ધ થઇ ગયા. હિન્દુસ્તાનમાં આખા ધર્મને સંસ્કારવા માટે શંકરાચાર્યએ બહુ મોટો ભાગ ભજવેલો. શંકરાચાર્યએ પોતાની જિંદગીનો બહુ મોટો ભાગ આ બૌદ્ધ ધર્મને હટાવવા માટે વાપરેલો. એ કંઇ ભગવાનને નહોતા માનતા એવું નહિ. બૌદ્ધ ધર્મ ભગવાનને માનતો હતો. પણ આખી પ્રણાલિકા જુદા પ્રકારની હતી. એ શંકરાચાર્યને ગમેલી નહિ. સમાજ આવા બૌદ્ધ ધર્મને નહિ ઉઠાવી શકે. માટે આપણે સરળ ધર્મ રાખો.

તા. ૨૦-૯-૭૪

## પ્રકાશનાં દર્શન

**સ્વજનઃ** આ પ્રકાશ એ શું છે?

**શ્રીમોટાઃ** એ કંઇ કશાનું આઉટકમ(=પરિણામ) છે. પ્રકાશ આપણને લાગે છે. તે ચેતનના જેવું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું તત્ત્વ લાગે છે. પણ એ કંઇ કશાના પરિણામ રૂપે છે. ગમે તે માણસ

લાગે છે. પણ એ કંઈ કશાના પરિણામ રૂપે છે. ગમે તે માણસ હોય, એક સામાન્ય માણસ હોય, પરિશ્રમ કરતાં કરતાં એક એવી સ્થિતિએ પહોંચે છે કે માન, પ્રતિષ્ઠા, આબરૂ, કીર્તિ, ધન, દોલત એ બધું પ્રકાશમાન થાય છે. એવી રીતે આજે ચેતન છે, તેને પ્રકાશ છે. તે આ માણસોના પ્રકાશ કરતાં અનંતગણો છે. અને વધારે તેજસ્વી પણ ખરો. જીવમાં પ્રકાશ તેજસ્વી છે. પણ ચેતનમાં તો અનંતગણો. એટલે આ પ્રકાશ ચેતનનો આઉટકમ એટલે કે એના અસ્તિત્વની ઝાંખી રૂપે છે. એના અસ્તિત્વની સભાનતા એ તો આપણે ફાળવવાનો અર્થ છે પણ એની સભાનતા છે કે 'હું છું' એ રીતે આ પ્રકાશ છે. તે ખરી રીતે તો આકાશતત્ત્વમાંથી ફલિત થયેલો છે.

આ બધાં પાંચ તત્ત્વો ખરાં. પણ મૂળ તત્ત્વ તો આકાશ. એટલે આકાશમાંથી એક થયું, એકમાંથી બીજું થયું, બીજામાંથી ત્રીજું, ત્રીજામાંથી ચોથું એમ પહેલું જળ, પછી પૃથ્વી. હવે આ તો બિલકુલ માન્યામાં જ ન આવે કે જળમાંથી પૃથ્વી કેવી રીતે થઈ? જળ પહેલાં બધે પ્રસરેલું છે. પછી જળમાંથી પૃથ્વી કેવી રીતે થઈ? આપણને તો એમ જ લાગેને! 'પહેલાં પૃથ્વી હોય, ને પછી જળની વાત કરો, તો પૃથ્વી પર જળ બની શકે! આ બધી કેવી ઊંધી વાત કરો છો!' આપણને તો કોન્ટ્રાડીક્ટરી(=વિરોધી) લાગે, પણ ખરી રીત આ છે. પણ આ જે જળ છે, તેના આકાર જુદી રીતના છે. ત્યાં કંઈ આ જળ નથી. આપણે જે જોઈએ છીએ તે આકાર નથી. માણસની ભૂલ ક્યાં થાય છે કે જે કન્સેપ્શનમાં છે, અક્કલમાં ઊતર્યું તે પ્રમાણે જ માની લે છે. માણસની આ મોટામાં મોટી ભૂલ છે. કારણ કે આપણે જે જળ જોયું તે જ માનીએ કે જળ પર પૃથ્વી કેવી રીતે થાય? પણ એ જળ છે તે જુદા પ્રકારનું- એટલે એ

કેવી રીતે? કે આ વરાળ હોય- વાતાવરણમાં- ત્યાં આ જળતત્ત્વ છે. દા.ત. આકાશમાં ચાર પાંચ માઇલનો પૃથ્વીનો વિસ્તાર છે એમાં જળતત્ત્વ છે. એ પણ ઘનીભૂત થાય. પછી પૃથ્વીનું રૂપ થાય. એવી જ રીતે આકાશ, તેજ, જળ, વા, પૃથ્વી આ બધું થયું. પણ મૂળ આકાશતત્ત્વ. આકાશ-તત્ત્વમાંથી પ્રકાશ થયો. આ જે પ્રકાશ છે તે ફૂલ્યો-ફાલ્યો. અત્યંત વિકાસની અવસ્થામાં હોય તો આ પાંચ તત્ત્વના અનુભવમાંથી પહેલો જ અનુભવ થાય છે પ્રકાશનો. ઘણા ખરા માણસોને અનુભવીઓને તો પ્રકાશનું જ દર્શન થાય છે. આકાશનું ના થાય. પહેલું પ્રકાશનું દર્શન થતું હોય છે. આકાશનું દર્શન થઇ જ ના શકે. એ બધું તો હોવાપણાનું- આપણા લોકોએ 'સચ્ચિદાનંદ' કહ્યું. તે 'સત્' એટલે હોવાપણું. જે કંઇ છે તે બધું- હોવાપણું. જે હવે એકલું હોવાપણું હોય- દા.ત. મારી પાસે પાંચ લાખ રૂપિયા છે. પણ એની સભાનતા ના હોય તો નકામું ને? એની કોન્શ્યનેસ(=સભાનતા) અવેરનેસ(=જાગૃતિ) ના હોય તો નકામું. ત્યારે આ બધું હોવાપણું છે. એની અવેરનેસ કોન્શ્યસનેસ પણ એટલી જ જરૂરી છે. 'હોવાપણાની' અવેરનેસ, કોન્શ્યસનેસ એજ 'ચિત્'! અવેરનેસ એ 'ચિત્'. હવે હોવાપણાની અવેરનેસ આપણામાં જાગી એ 'આનંદ'. સત્, ચિત્ અને આનંદનો અર્થ આ છે. પણ એ હોવાપણું હોવું જોઇએ. એ હોવાપણાની સભાનતા આપણામાં જાગે છે એની સાથે એના ગુણધર્મ આપણામાં આવે છે. એવી રીતે પ્રકાશ એટલે કે જે ચેતનતત્ત્વ છે તે નિરાકાર તત્ત્વ છે. તે સાકાર સ્વરૂપે પહેલ-વહેલું પ્રકાશે છે. એ પ્રકાશનો આપણને જે અનુભવ થાય, તેમાં ઝાંખી થઇ જાય તે જુદી. કેટલીક વાર ઝબકારો થઇ જાય. કેટલાંકને વાદળી પ્રકાશ દેખાય છે. એ એવા પ્રકાશવાળો થઇ જાય. એ પ્રકાશની અસર એના આધારમાં પડી જાય. આ બહુ ઊંચા

પ્રકારનો અનુભવ છે, એ પણ સાચું. તેથી કરીને તે સંપૂર્ણ અનુભવી નથી થઈ જતો. એ તો એક ઝલક થઈ. પાછો તે પ્રકૃતિમાં તો આવી જાય છે.

જેવી રીતે આપણો શ્વાસોશ્વાસ આપણી સાથે છે, પળવાર પણ એનાથી વિખૂટું થવાતું નથી. એવી રીતે પછી જ્યારે પેલો અનુભવ રહે ત્યારે તે અનુભવ સાચો. એટલે જે હોવાપણું છે તેની અવેરનેસ શાથી આપણને લાગે? તો એ અવેરનેસ થાય છે આ પ્રકાશને લીધે. એટલે કુદરતે તો એવું બધું રાખ્યું ને એની રચના એવી કરેલી કે આ બધું પ્રગટે. એની અવેરનેસ આપણને પ્રગટે. એ પ્રગટતી નથી, કારણકે આપણે પ્રકૃતિમાં એવા ઓતપ્રોત, એકરસ થઈ ગયેલા છીએ કે તે હોવા છતાં તે નથી એમ આપણને લાગે છે. પ્રત્યક્ષપણે - ચોક્કસપણે છે જ એમ આપણી બુદ્ધિ પણ વિચારે તો ના નહિ પાડી શકે એટલો બધો તે પ્રત્યક્ષપણે છે. પણ આપણે પ્રકૃતિની રાજરમતમાં એટલા બધા મુગ્ધ, ઓતપ્રોત અને અંદર એકરસ થઈ ગયેલા છીએ કે પેલું અસ્તિત્વ છે જ તેમ જ તેના અસ્તિત્વની સાબિતી આપે છે, તો પણ આપણને પેલા વિષેનો વિચાર છૂટતો નથી. પેલું હોવાપણું છે ખરું પણ તે હોવાપણા વિષેની અવેરનેસ આપણને જાગતી નથી. કારણકે એ હોવાપણું બીજામાં માનીએ છીએ. પ્રકૃતિમાં આપણે એકરસ થઈ ગયેલા છીએ. એટલે ભાન થતું નથી. બાકી છે જ સત્ અને એની અવેરનેસ પણ આપણને જાગે એવા પ્રત્યક્ષ લક્ષણો પણ છે જ. પણ એના તરફ આપણું લક્ષ જ ગયું નથી. કદાચ કોઈ ક્ષણ માટે થાય છે પણ પૂરું જ્ઞાનપૂર્વકનું નહિ.

માણસ મથતાં મથતાં ઊંચે આવે. દા.ત. મહાત્મા ગાંધી.

તેમની પ્રતિષ્ઠા, આબરુ, કીર્તિ, પ્રતિભા આ બધું છે. તેમજ તેનો પ્રકાશ પણ છે. પ્રકાશ સ્વતંત્ર લાગે છે ખરો. પણ પ્રકાશ એ કંઈ કશાનું આઉટક્મ છે એનું મૂળ છે જે સત્, હોવાપણું. જો આપણાને જ્ઞાનપૂર્વકની- બુદ્ધિપૂર્વકની સભાનતા જાગે તો આપોઆપ પ્રકાશ-દર્શન થઈ જાય. એ તો કંઈ કશાના પરિણામરૂપે છે.

## અભિમુખતા

**સ્વજનઃ** મોટા, આમાં આનંદ મુખ્ય ભાગ ભજવે?
**શ્રીમોટાઃ** આનંદ તો ચેતનમાં રહેલો જ છે. કંઈ બહાર ખોળવા જવાનું નથી. કારણકે પોતાનામાં રહેલું હોવાથી અને સર્વત્ર હોવાથી એની અભિમુખતા થોડી ઘણી થઈ, એપ્રોચ લેવાનું દિલ જાગ્યું ત્યાર પછી એ તરફ પ્રયત્ન કરવાનું મન થાય છે. જ્યારે આપણે દસ બાર પંદર વર્ષના થવા લાગીએ, આપણી પોતાની મેળે મળેલું હોય અથવા તો મેળવવાનું હોય, બેમાંથી એક હોય. આપણા બાપ-દાદાના વખતનું પ્રવૃત્તિનું ક્ષેત્ર મળેલું હોય અથવા મેળવવાનું હોય તો એ પ્રવૃત્તિના ક્ષેત્ર તરફ સહજ મેળે પ્રેરાઈએ છીએ. આવું સંસાર વ્યવહારમાં બને છે. કારણકે આપણા નિર્વાહ માટે એ સાધન છે. રોટલાનું સાધન ના હોય તો એમાં આપણે ગતિમાન પણ ન થયા હોત. એવી રીતે આપણે ચેતન જ છીએ. એની આપણને સભાનતા નથી. એ તરફની થોડી ઘણી પણ બૌદ્ધિક રીતે, માનસિક રીતે, પ્રાણદાયી રીતે, અહમ્‌ની રીતે, આપણને અભિમુખતા પ્રગટે છે, ને ગતિમાન થાય છે. એના કોઈને કોઈ કારણથી આમ બને છે. એનું મૂળ આપણા ચિત્તમાં રહેલું છે. આવા અનેક પ્રકારના સંસ્કારો નીકળે. આપણામાં એ

જાતની તત્પરતા હોય છે. આપણામાં ચીલો પડેલો છે. એ આપણે જાણતા નથી. એ જાતની આપણને અભિરુચિ છે. આપણે પૃથક્કરણ કરીને સમજી શકીએ કે આ જાતની ટેન્ડન્સી (=વૃત્તિ-વલણ) છે. તો એ જાતની જે ટેન્ડન્સી થઈ તે આપણામાં ચેતન હોવાથી એ ટેન્ડન્સી-ચેતન તરફ જવાની-એ સહભાગી બને છે. કેટલાક લોભી જીવો હોય છે. એમની ટેન્ડન્સી લોભની ચેનલમાં રહે. એવી રીતે આ જાતની જેને અભિરુચિ છે તે એ ચેનલમાં (=પટમાં) જાય. કારણકે અભિરુચિ હતી માટે આમ થયું.

પણ સામાને જો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, પ્રાણ આદિ પ્રવર્તેલા છે તેવા લોકો આવા તરફ પ્રેરાય ખરા? એવા દોરાવતા નથી? તે કામ, ક્રોધ, લોભ, મોહ, આદિમાં જાય છે એ વાત ચોક્કસ છે. તેમ છતાં એ લોકો ચેતન તરફ દોરાવાય છે. તેવી આપણા માન્યામાં આવે તેવી હકીકત નથી. બિલકુલ માન્યામાં આવે તેવું નથી. પણ કામ, ક્રોધ, લોભ, મોહ, એ પ્રકૃતિના અંશ છે. અને પ્રકૃતિ છે તે આત્માનું એક તત્ત્વ છે. આત્માના તત્ત્વમાંથી બે ભાગ પાડયા- પ્રકૃતિ ને પુરુષ. પ્રકૃતિ અત્યારે પ્રીડોમીનન્ટ (=મુખ્ય-મોખરે) છે. પ્રકૃતિ આત્માનો ભાગ છે. આત્માથી કોઈ જુદું નથી. જુદું કોઈનું અસ્તિત્વ પણ નથી. એટલે એક રીતે કહીએ કે ભલે કામ, ક્રોધાદિ થાય છે. પણ તેનું મૂળ સ્થાન, આજે નહિ તો કાલે, કાલે નહિ તો પરમ દિવસે. પણ તેનું મૂળ સ્થાન છે આત્મા. આત્મા સિવાય ગતિ નથી. ભલે કામક્રોધાદિ વલણોમાં અટવાતો હોય, પણ તેની ગતિ તો છે જ. એમ કરતાં કરતાં જીવને કોઈક જાતનો ધક્કો લાગે. અકસ્માત થાય, અને કંઈ કશાથી તેને પેલાનું ભાન જાગે.

પણ જેને અભિરુચિ આ જાતની છે એને તો પેલા તરફનું આકર્ષણ જાગે છે. અને કોઈ ને કોઈ રીતે પેલા તરફ પોતાનાં મન, બુદ્ધિ, ચિત્તથી પ્રવર્તમાન થાય છે. એ તરફની ઈચ્છા થાય. એનામાં આત્મવત્ થયા કરાતું હોય છે. અને એ થયા કરતું હોય તેની વિશેષ સભાનતા જાગે ને તો કંઈ વિશેષ લાભદાયી ખરું.

પ્રત્યેક મનુષ્ય, પ્રત્યેક જીવ,- પ્રત્યેક જળચર, વનસ્પતિ, પશુયોનિ આ ચેતનમાં ચોંટેલા થયેલા છે. અવેરનેસ નથી. માણસ પ્રકૃતિના-ધનદોલતના, કામક્રોધાદિ જેવા વિષયમાં દરેકમાં ચોંટેલો રહેલો છે. એ ચોંટેલો રહે છે તે જ ગુણધર્મ ચેતનનો છે. એ એમ જાણતો નથી કે હું ચેતનને લીધે જ આમાં ચોંટેલો રહું છું. એ જાણે કે બધું આને જ લીધે છે. પણ એ તો 'સુપરફ્લુઅસ' (=ઉપરછલ્લું). એમાં અનુભવની કક્ષા ક્યારે કહેવાય- પોતે બધાંથી નોંખો છે. સંપૂર્ણપણે નોખોં હોય, પણ પ્રયોગાત્મક રીતે નોંખો છે એવું તેને ભાન થાય ત્યારે તે અનુભવ. સામાન્ય જીવને પોતે ચોંટેલો છે તે બુદ્ધિની રીતે ખબર; પણ તેમાં હોવા છતાં નોખો છે, તે તેને ખબર નહિ . બુદ્ધિથી બોલે ખરો કે હું નોંખો છું પણ પ્રયોગાત્મક રીતે નહિ કરી શકે. અનુભવીની સમતા સાચી. એવી સ્થિતિમાં તેઓ સંપૂર્ણપણે નોંખા છે. તે સાબિત કરી બતાવે. જેમ આ વિજ્ઞાનનો પ્રયોગ કરીને થાય છે તે કરી બતાવે છે.

કેટલાકને ભગવાન તરફના આકર્ષણની સભાનતા - અવેરનેસ- જાગે છે. કેટલાકને જાગતી નથી. પણ દરેક જીવ જાણ્યે- અજાણ્યે તેના તરફના આકર્ષણમાં જ છે. પણ એ જાણતા નથી. જાણે તેની જ બલિહારી છે. પોતાની પાસે હોય ને જાણતો ના હોય. તો તેનું શું કરવાનું? તેના સ્વામીત્વનો કોઈ અર્થ નથી.

તેવી રીતે આખું વિશ્વ, સકળ બ્રહ્માંડ માત્ર ભગવાનના આકર્ષણના વર્તુળમાં જ છે. પણ એ બધાં જાણતાં નથી. જે જાણે છે. તે તેની ખૂબી જાણે છે. ને જાણવામાં જ મઝા છે. દુનિયાદારીના ક્ષેત્રમાં જાણવામાં કેટલીક પંચાત પડી જાય છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં હંમેશાં જાણવામાં મઝા છે. જાણવું એટલે ત્રણેમાં - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણમાં જાણવું. તે ત્રણેયમાં આપણે જાણવું તે અનુભવ. માત્ર બૌદ્ધિક તત્ત્વથી જાણવું તે જાણવું નહિ.

આ બધામાં આપણે હોવા છતાં, ધીર ધીરે કરવા છતાં છોડવાનું કશું નથી. એ મૂર્ખામી છે. આ બધાનું પૂર્ણત્વ થતું જાય. એટલે કે ચેતન પરત્વેની અભિમુખતા આપણામાંથી પ્રગટે. તેમજ આ બધું બ્રહ્મતત્ત્વ છે, તે પ્રત્યે આકર્ષણ રહે તો આ સહજ થાય છે. બેળે બેળે કરવું નહિ - એનું પરિણામ ખરાબ છે. સહજ મેળે થતું જાય તો આપણને ખબર પડે. મોટામાં મોટી વાત એ થઈ કે એ સહજ મેળે થતું જાય. તો આપણું બળ વધે છે. તો જ આ થાય. અને કંઈ કશું કામ ના થાય તે વાત ખોટી. કામ થાય જ.

## જીવની ગતિ અને કાર્ય

**શ્રીમોટાઃ** ખૂબ વસતી વધે છે એનું કારણ બુદ્ધિ સ્વીકારી શકે તેવું પણ છે. છેલ્લા દસેક વર્ષમાં વસતી વધુ વધતી જાય છે. ખૂબ વધારો થયો છે. ત્યારે એનું કારણ શું?

અંતરિક્ષમાં પૃથ્વીની આજુબાજુના વાતાવરણમાં અસંખ્ય જીવો છે. જેની કોઈ ગણતરી નથી થઈ શકતી. અસંખ્ય જીવોનું

અસ્તિત્વ છે તે સાબિત થઈ શકતું નથી. તે વખતે આવું ઓચિંતા આવવાનું, જન્મવાનું કેમ બન્યું? પહેલાં કેમ નહોતા જન્મતા ને હવે જ કેમ? આપણી બુદ્ધિ છે તો સવાલ તો ઉઠાવે જ ને? તો એનો જવાબ એમ છે કે દા.ત., ૧૮ની સાલમાં ઈન્ફલ્યુએન્ઝા થયેલો. પીસ્તાળીશ - છેતાળીશ લાખ માણસો એક સામટા મરી ગયેલા. એક રોગથી માણસો મરી ગયેલા તે બધા જીવો પણ આ વાતાવરણમાં ફર્યા કરે. આપણા હિન્દુસ્તાનમાં સ્વરાજ આવ્યું, ને ભાગલા પડયા. ત્યારે આપણા એક જ જાતના એક જ ઈન્ટેન્સીવ સેન્ટીમેન્ટમાં (=ધ્યેયપૂર્વકનો જુસ્સો) માણસો, લાખો માણસો માર્યા ગયેલા. હવે એક જાતના સેન્ટીમેન્ટ (=જુસ્સામાં) માં મરી ગયા. તે પણ છે. ત્યારે એવા લોકો, એવા જે જીવો છે તે અમુક વાતાવરણમાં, અમુક એવા ક્લિષ્ટતાવાળા વાતાવરણમાં ગુજરી ગયેલા છે. અસંખ્ય લોકો આપણી સ્મૃતિમાં અકસ્માતના કારણોમાં ગુજરી ગયા - ઘણી સંખ્યામાં. હવે એ એક જ રીઝન (=કારણ)-એક જ જાતના કારણમાં ગુજરી ગયા.

હવે અત્યારનો કાળ એવો ક્લિષ્ટતાઓ - ઘર્ષણવાળો આવ્યો છે. આપણા હિન્દુસ્તાનમાં જ નહિ, પણ આખી પૃથ્વી પર એ ઘર્ષણવાળો, સંઘર્ષણવાળો, અશાંતિવાળો, અમૂઝણનો - ગૂંગળામણનો એક કાળ આવ્યો છે. જે તબક્કામાં અસંખ્ય જીવો ગુજરી ગયેલા છે ને વાતાવરણમાં છે તે આવા કાળમાં જન્મ લે છે. તેને લેવો પડે. આ કાળ તેને માટે સાનુકૂળ છે. જેમ પ્રેત છે તે પ્રેતને પોતાને કોઈ ઈચ્છાને સંતોષવી છે તો તેના યોગ્ય મીડિયમ (=માધ્યમને) જ પકડશે. તો જ એ સંતોષી શકશે. એવી રીતે આ પૃથ્વીના વાતાવરણમાં, જુદા જુદા કાળના તબક્કામાં અમુક લક્ષણવાળો કાળ પ્રગટે છે. એ લક્ષણવાળા કાળમાં, તે પ્રમાણેના

લક્ષણોવાળા અસંખ્ય જીવો, તેવી જાતના લક્ષણમાં, ઈન્ટેન્સીટી - ઉત્કટતામાં એકદમ સામટા ઊતરે. સામટા ઊતર્યા એટલે વસતી વધી. એટલે કાં તો રોગ આવશે, લડાઈ આવશે અને બધા ખલાસ થઈ જશે. પછી આવું ને આવું પુનરાર્વતન થયા જ કરવાનું. એટલે આવી રીતે વસતી વધતી-ઘટતી, વધતી જાય છે. આ તો મારા મનથી મેં સમાધાન લીધેલું. આ સાચું છે કે નહિ, એ કહી ના શકાય. આ તો મને થયેલું ત્યારે મારા મનથી મેં સમાધાન કરેલું. કોઈ પણ પ્રશ્ન મનમાં સંઘરી ના રાખવો. એનું કોઈ ને કોઈ સમાધાન કરી નાંખવું. એટલે એના વિષે મન વિચારે નહિ. કંઈ પણ સંકલ્પ થયો, વિચાર થયો તો એનું મૂર્ત સ્વરૂપ કરી દેવું. નહિતર એ જ વિચાર પાછો મનમાં ઘોળાયાં કરશે ને હમણાં નહિ થાય તો વળી પાછો જાગશે. એટલે જે કંઈ વિચાર થયો તેને ભગવાનની કૃપાથી સાકાર કરી દેવો. એટલે ફરી નહિ આવે.

એ તો સાહેબ, આપણને ખબર નથી કે અંતરિક્ષમાં એવા પણ જીવો છે-જ્ઞાન આપવાવાળા છે. જેને અનુભવ થયો નથી, એવા માનવ શરીર ધારણ કરવાવાળા છે. એપ્ટ મીડિયમ(=યોગ્ય માધ્યમને) શોધીને જ્ઞાન આપે છે. તે અ, બ, ક, ડ, એવા જ્ઞાનવાળા હોય નહિ. પણ મીડિયમ એક હોય. એ પેલા જીવને પણ ખબર નથી. એને બિલકુલ ખ્યાલ ના હોય. એ તો એ રીતે હોય નહિ. આપણા પૃથ્વીના વાતાવરણમાં એવા પણ જીવો છે. જેમ પ્રેત પોતાના એપ્ટ મીડિયમને સ્વીકારીને એના દ્વારા પોતાની વૃત્તિઓને સંતોષે છે. એવી રીતે આવા પ્રકારના પણ જીવો છે કે જે એવા એપ્ટ મીડિયમને શોધીને એનામાં પોતે વ્યક્ત થવાનો પ્રયત્ન કર્યા કરતા હોય.

**સ્વજનઃ** મોટા, આ જે અંતરિક્ષમાં જીવો છે તે પૃથ્વી પર જ અવતરે તેવું કંઈ નહિ ને? ગમે ત્યાં અવતરે?

**શ્રીમોટાઃ** પૃથ્વીના વાતાવરણના જીવો પૃથ્વી પર જ આવે. બીજે જાય ખરા, પણ એ બારોબાર બીજા વાતાવરણમાં ના રહે. જીવે ઉત્તમમાં ઉત્તમ કર્મ કરેલાં હોય અને ભાવાત્મક કર્મ કરેલાં હોય એવા, ઊર્ધ્વમાં બીજા એવા પ્રકારના જીવોની પૃથ્વી છે, ત્યાં જાય. પૃથ્વીના વાતાવરણમાં એ જીવો નહિ રહે. આ પૃથ્વીના વાતાવરણમાં અવતરવા લાયક જીવો છે તે જ પૃથ્વીના વાતાવરણમાં રહેશે. અસંખ્ય જીવો છે- તે આપણે કહીએ છીએ ખરા. પણ આપણે સાબિતી નહિ આપી શકીએ. આપણા કન્સેપ્શનમાં(=વિચારણામાં) નહિ લાવી શકીએ. પણ એટલું તો આપણે જોઇએ છીએ કે આપણી પૃથ્વી પર અસંખ્ય જીવાણુઓ છે તે તો જાણે આપણી બુદ્ધિ કબૂલ કરે છે. એવી રીતે આખા વાતાવરણની અંદર આ જીવો- શરીર છોડેલા અસંખ્ય જીવો આ પૃથ્વી પર છે. એના કરતાં કેટલાય ગણા વધારે છે. અને બીજી પૃથ્વી પરથી આપણી પૃથ્વી પર અવતરવાવાળા એ સીધા નહિ આવે. વાતાવરણમાં આવ્યા પછી આવે છે. પહેલાં વાતાવરણમાં આવે છે. ત્યાં વાતાવરણમાં સ્ટેબીલાઈઝ(=સ્થિર) થાય છે. એ વાતાવરણ પૃથ્વીનું વાતાવરણ છે. પૃથ્વીનો આખો ગોળો છે. એ વાતાવરણ અમુક માઈલો સુધી છે. એ વાતાવરણમાં એ સ્ટેબીલાઈઝ થાય પછી એ અહીં ઊતરે. એને સૂક્ષ્મમાં ગર્ભ જોઈએ. એ સૂક્ષ્મમાં ગર્ભ બંધાય છે. દા.ત. મોટા મોટા એવા પ્રસંગો બનવાના હોય તો પહેલાં વાતાવરણના સૂક્ષ્મ ગર્ભમાં અવતરણ થતું હોય. પછી અહીં થાય. પહેલું ત્યાં થાય. એવી રીતે બીજા ગ્રહોમાંથી પૃથ્વી પર અવતરવા લાયક જે જીવો છે તે અહીં

આવે છે તે પહેલાં વાતાવરણમાં સ્ટેબીલાઇઝ થાય છે. વાતાવરણમાં રહે. સ્ટેબીલાઇઝ થાય પછી અહીં આવે છે. અને આપણે ત્યાં નિમ્ન કોટિ થાય તે આપણા વાતાવરણમાં ના રહે. તે પાછા તે જાતની પૃથ્વીના વાતાવરણમાં જાય છે. આપણે ત્યાં ઊર્ધ્વ પ્રકારના જે જીવો હોય તે જ્યાં જવાના હોય તેવા પ્રકારના વાતાવરણમાં સ્ટેબીલાઇઝ થાય. પછી ત્યાં અવતરે.

## અનુભવી અને નિમિત્ત

**શ્રીમોટાઃ** જેમ ચેતન છે તે જડ અથવા જીવતી વસ્તુઓ કે પ્રાણીઓ કે એકએકમાં સમરસ છે, અથવા તો જે તે વસ્તુઓ કે પ્રાણીઓ એકેએકમાં સમરસ છે, ભળી ગયેલું છે, છતાં તે નોખું છે. એવી રીતે અનુભવી પુરુષ છે તેને જ્યાં જ્યાં નિમિત્ત છે ત્યાં ત્યાં એનો સ્પર્શ છે. અને જ્યાં જ્યાં તેનો સ્પર્શ છે અને જ્યાં તેનો સ્પર્શ થયો ત્યાં પેલા નિમિત્તની સાથે તેનું તાદાત્મ્ય. તાદાત્મ્ય એટલે એ પેલાના જેવા જ થઇ જાય. એટલે નિમિત્તની સાથે તાદાત્મ્ય થઇ જાય, એટલે તેને પેલા નિમિત્તના ગુણધર્મ લાગી જાય છે. એટલે એ જ્યારે થાય ત્યારે એને જે અવેરનેસ તે આપમેળે જ ઓટોમેટીક્લી આવી જાય. ખૂબી એ છે કે એકીસાથે અનેક પ્રકારની દરેક અવેરનેસ એનામાં હોય. કારણકે અનેક પ્રકારના નિમિત્તમાં એ કોન્શ્યસલી ભાગ લેતો હોય. કારણકે એના અનેક જન્મો થયેલા છે. એના અનેક જન્મોમાં કેટલાય જીવોની સાથે, એટલું જ નહિ પણ જડ અને ચેતનની સાથે તેને સંબંધ છે. ચેતનની સાથે સંબંધ છે. અનેક ઠેકાણે એકરાગથી રહ્યો હોય. કોઇ સ્થળનો પણ તેને સંસ્કાર પડી જાય. કોઇ પ્રેમવાળા, કોઇ મનગમતા સ્થળ વિષેના સંસ્કારો પણ તેને પડી જાય છે.

એટલે કે સ્થળનું પણ નિમિત્ત છે. એટલે કે અનેક પ્રકારના નિમિત્તો તેને છે.

અનુભવી થઇ ગયો તેને વળી નિમિત્ત શાના?
તેને વળી કંઇ કશામાં ચોંટી રહેવાનુ તો હોય નહિ. એટલે જ્યાં મૂળિયાં નાંખેલાં છે- મૂળિયાં ઊખડી જાય છે. એ સંસ્કાર છે. તેના તે સંસ્કાર દગ્ધબીજ. દગ્ધબીજ એટલે કે ઘઉ હોય તેને સૂક્વી નાંખો તો તે ઊગે નહિ. પણ સૂક્વી નાખ્યા પછી. પણ તેનું અસ્તિત્વ છે. અને સૂક્વી નાંખવાથી પેલા સંસ્કારો દગ્ધબીજ થઇ જાય. દૂધ બળી ગયેલું હોય. પણ તે સંસ્કારો તો છે. તેનામાં એ જે દગ્ધબીજ સંસ્કારો છે, તેને કારણે પેલા નિમિત્ત. તે નિમિત્તો એક-એક પળે અનેક નિમિત્ત તેનામાં પ્રગટતાં હોય અને જેટલા નિમિત્ત પ્રગટયા તે દરેક પ્રકારના નિમિત્તમાં એકીસાથે હોય.

એક સૂર્ય છે. પણ તેના કિરણો અસંખ્ય છે. એક પોતે હોવા છતાં અસંખ્ય કિરણો છે. અને અનેક ઠેકાણે એ સ્પર્શ કરે છે. એવી રીતે અનુભવી પુરુષો એકી વખતે અનેક નિમિત્તમાં સ્પર્શ કરે છે. અને એટલું જ નહિ પણ તે તે વખતે તે પ્રકારેની અવેરનેસ આપમેળે એનામાં સ્ફુરે છે. તે વખતે તેને કોઇ કોન્શ્યસ એફર્ટ(=સભાનતાપૂર્વકનો પ્રયત્ન) કરવાની વાત હોતી નથી. તે તો આપમેળે થઇ જાય. જેમ આપણને કોઇ જીવ સાથે અનુરાગ હોય અને તે કાળે આપણને તેનું સ્મરણ થયું, તો તેનો આકાર આપણી સામે આવી જાય, એટલું જ નહિ, પણ જે તે કારણથી, જે કંઇ કશાથી અનુરાગ થયો હોય તે પ્રસંગો પણ યાદ આવી જાય. તે વખતે આપણને તે પ્રસંગો યાદ લાવવાને માટે કંઇ મહેનત કરવી પડતી હોતી નથી કે વિચાર કરવો પડતો નથી. એની મેળે જ

આપણને સ્ફુરે છે. એવી રીતે પેલા અનુભવીને આ જાતની અવેરનેસ નિમિત્ત પ્રગટતાં આપમેળે તેનામાં પ્રગટે છે. દા.ત. અનુભવી પુરુષ એક્સ, વાય, ઝેડના પરિચયમાં આવે છે. એ પરિચયમાં આવ્યા પછી ભૂલી જતો હોતો નથી. બીજી વખત મળે ત્યારે એની સાથેના અનુસંધાનમાં જ્યાંથી વાત અધૂરી હોય, ત્યાંથી શરૂ કરે છે. અને એના વિષે જે કાંઇ પ્રોબ્લેમ(=સમસ્યાઓ) હોય તે પણ યાદ કરે છે. ત્યારે પેલા જીવમાં સંસ્કાર પડે. અને આ માણસમાં પણ સંસ્કાર પડે કે પેલાને કેવી રીતે યાદ રહે? તે ઇમ્પ્રેશન(=સંસ્કાર) પેલાને પાસે કાયમ રહે. ત્યારે પેલા જીવદશામાં જે ઇમ્પ્રેશન છે- આ બધા જીવદશાની વૃત્તિમાં છે. આને ઇમ્પ્રેશન હોય ખરી. પણ એ ઇમ્પ્રેશન કેવા પ્રકારની? એ ઇમ્પ્રેશન તરતી તરતી પડી હોય. એની મેળે આગળ ના આવે. પેલો માણસ આવ્યો હોય તો તેની સાથે વાત કરે. એટલે અનુભવીને કોઇ પ્રકારની ઇમ્પ્રેશન ઊગે જ નહિ તે બરાબર નથી. ઇમ્પ્રેશન તો થાય. નહિ તો દરેક માણસને ઓળખે કેવી રીતે? નામ કેવી રીતે બોલે? તેની સાથે વાત કેવી રીતે કરે? પણ તે બંધનકારક નહિ. તેની સાથે લાલસામાં ના હોય. કાંઇ જ ના હોય.

આ અનુભવીને સમજનારા બહુ ઓછા. કોઇ જીવ છે- એક્સ, વાય, ઝેડને કોઇ સાથે રાગ છે. એ રાગ પ્રકૃતિના પ્રકારનો છે. કોઇને રાગ થયો. अ માણસ ઉપર રાગ થયો. ब છે તે પ્રકૃતિના પ્રમાણમાં જેટલો રાગ કરી શકે એટલી જ શક્યતાનો, એટલી જ માત્રાવાળો રાગ ત્યાં કરી શકે. એનાથી આગળ પ્રકૃતિની મર્યાદાનો રાગ નહિ કરી શકે. જ્યારે અનુભવીનો રાગ કેવો છે? જેમ ચેતન સ્પર્શ્યું તેની સાથે એકદમ તદ્રૂપ- એકદમ તાદાત્મ્ય

થઈ ગયો. ત્યારે અનુભવીનો રાગ એવો છે કે તેની સાથે તાદાત્મ્ય થઈ જશે. તે તાદાત્મ્ય થઈ જશે. તે તાદાત્મ્ય તેનો ગુણધર્મ. ચેતનના જેવો જ. જ્યાં નિમિત્ત આવે તેની સાથે તાદાત્મ્ય થઈ જાય. આપણામાં જાણીતું છે કે 'જગતમાંહી સંત પરમ હિતકારી'. જ્યારે પેલો જે ચેતન છે તે દરેકની સાથે એકદમ તાદાત્મ્ય થઈ જાય અને નોંખો રહે છે. નોંખો રહે છે એટલે તેનો સ્પર્શ બંધનકારી નથી. જુદો રહે છે. તરતો રહે છે. પેલો અનુભવી છે. તેને નિમિત્ત હોય ત્યાં તેને ચેતનના જેવા જ ગુણધર્મ. મે 'સદ્‌ગુરુ'માં આ લખ્યું છે. જે અનુભવી છે તેને નિમિત્ત આવ્યું અને જ્યાં નિમિત્તને પેલામાં સ્પર્શ થયો ત્યાં એની સાથે તાદાત્મ્ય, એકરસ થઈ જશે. પેલો જાણતો નથી. જે અ,બ,ક,ડ, જે નિમિત્ત છે તેને ખબર નથી. પણ આ છે તે એકદમ તાદાત્મ્ય. જ્યારે પ્રકૃતિનાં જીવો એકમેકને મળે ત્યારે તેમને રાગ થાય. પણ તે પ્રકૃતિની મર્યાદામાં જ. એ કંઈ બધા સિમાડા ઓળગીને ન જઈ શકે.સંપૂર્ણપણે પેલામાં તાદાત્મ્ય ના થઈ શકે. જ્યારે અનુભવી સંપૂર્ણપણે પેલામાં તાદાત્મ્ય થઈ જતો હોય છે. ત્યારે ખૂબી શું છે? કે જે નિમિત્તમાં અનુભવી પુરુષ તાદાત્મ્ય થયો તેની અવેરનેસ અનુભવીને છે. અને જે પેલો નિમિત્ત જે છે, તે નિમિત્ત તો જાણતો પણ હોતો નથી. કારણકે અનુભવીના પ્રત્યક્ષ પરિચયમાં આવનારા નિમિત્ત તો થોડા જ. જે પરિચયમાં નથી આવનારા એવા અસંખ્ય નિમિત્તો. જેની ગણતરી ના થઈ શકે. પરિચયમાં તો, સૂર્યનાં કિરણો એમાંથી એકાદ કિરણ જ, પ્રત્યક્ષ પરિચયમાં આવનારા. પરિચયમાં નહિ આવનારા અસંખ્ય. હવે પેલો અનુભવી તો પેલા નિમિત્તની સાથે તાદાત્મ્ય થઈ જાય છે-એકરસ. પણ નિમિત્ત નથી જાણતું. પરિચયમાં ના આવ્યું હોય એટલે તો ના જાણે. પણ પરિચયમાં આવ્યું તો તો ઊલટું એમ જ

સમજે કે આ તો સાલું, આ બધું શું કરે છે? પરિચયમાં આવનાર પણ એનું મૂલ્યાંકન ઊંધી રીતે કરે. કારણકે એની તાકાત નથી. એમાં એનો કોઈ જાતનો દોષ નથી.

પણ હું તો બીજી વાત કહેતો હતો કે અનુભવી પેલામાં તાદાત્મ્ય થઈ જાય છે. હવે જો એ એવરનેસ પેલામાં હોય-નિમિત્તમાં કે આ મારી સાથે એકદમ તાદાત્મ્ય છે તો એનો ભાવ અને સ્પર્શ એને થાય- અવેરનેસ વગર નહિ થાય. અવેરનેસ જેમાં અને તેમાં બહુ જરૂરી. જેમાં આપણા આધ્યાત્મિક સાધુ સંન્યાસીઓ બીજા મહામંડળેશ્વરો કહેવાય છે એ બધા એ એના ઉપર બહુ મહત્ત્વ નથી દેતા. ઈન્ટલેક્ચ્યુઅલી(=બૌદ્ધિક રીતે) પણ સૂઝે કે અવેરનેસ બહુ જરૂરી છે. મારા લખાણમાં પણ જુઓ. બહુ પહેલાથી હેતુની સભાનતાને બહુ મહત્વ આપેલું છે અને જેને આવું થઈ જાય તો એનો વિકાસ જલદી થઈ જાય છે. વિકાસ કોન્સ્ટન્ટ (=સતત) તેને રહે. જેમ ચેતન છે તે દરેકની સાથે આખા બ્રહ્માંડની સાથે, આખી પૃથ્વી, તારાઓ, ગ્રહો સુમાર વિનાના-તે દરેકમાં તાદાત્મ્ય હોય અને તે કાયમ છે એનામાં. જ્યારે અનુભવીને શું છે કે તે કાયમ નથી. જ્યારે નિમિત્ત છે- તેનું પ્રગટીકરણ થયું ત્યારે તાદાત્મ્ય છે. જ્યારે ચેતનને શું છે - હર હંમેશ, કોન્સ્ટન્ટલી, પળે પળ. એ સાહેબ, ફરક બહુ સમજી લેવા જેવો છે. અનુભવીને નિમિત્તો છે ખરા, ઘણા-અસંખ્ય. જેની ગણના ના થઈ શકે અને એ દરેકની સાથે તેનું પ્રગટીકરણ નિમિત્તનું થાય ત્યારે, અને તેટલો વખત. બાકી ફરીથી આવે ત્યારે પાછું તાદાત્મ્ય ખરું. જ્યારે ચેતનને એવું નથી. પળેપળ દરેકમાં એનું કોન્સ્ટન્ટલી તાદાત્મ્ય. આ બહુ તફાવત છે. પણ એની અવેરનેસ જે નિમિત્ત હોય તેને રહે, તો ઘણો ફેર પડી જાય. જે

અભ્યાસ કરતો હોય તેને પણ ફેર પડી જાય.

ત્યારે આ તો બુદ્ધિની માન્યતા છે. પણ જેમ ધીરે ધીરે ભાવ વધતો જાય- ભાવ એ પ્રકૃતિનો વિષય નથી. એ આત્માની કક્ષામાં આવે છે. આત્મા પરત્વેનું અથવા તો પ્રકૃતિથી ઊર્ધ્વ થવાય છે. અથવા તો ભાવ જાગે ત્યારે તેટલા કાળ પૂરતા પ્રકૃતિના ગુણધર્મ આપણામાં નથી રહેતા. એ ભાવ જાગે ત્યારે એટલા કાળ પૂરતા બધાની સાથે આપણે એકરસવાળા થઈ જઈએ છીએ. આપણને કોન્શ્યસનેસ નથી રહેતી. જ્યારે જીવદશામાં હોઈએ છીએ અને સ્ટ્રગ્લીંગ સોલ (=મથતા જીવ) તરીકે ચેતન પરત્વે હોઈએ છીએ ત્યારે ભાવ જાગે. અથવા તો ભાવ થાય તો આપમેળે, સહજમેળે એકાગ્રતા થઈ જાય. એ બહુ ભાવમાં ઉત્કટમાં ઉત્કટ હોઈએ અને ઈન્ટેન્સીટીમાં આપણે જ્યારે એકરસ થઈ જઈએ- એ ભાવની સાથે- ત્યારે આપણે બધા જીવોની સાથે એકરસ થઈએ છીએ. પણ પ્રકૃતિમાં રહેલા હોવાથી કોન્શ્યસનેસ ત્યાં નથી. ચેતનમાં હોઈએ તો આપમેળે કોન્શ્યસનેસ રહે છે. ત્યારે એ વખતે આપણે 'આત્મવત્ સર્વભૂતેષુ' એ ભાવમાં જતાં જતાં વારંવાર જઈએ. ઈન્ટલેક્ચ્યુઅલ કન્સેપ્શન (=બૌદ્ધિક વિચારણામાં) આપણી સમજણમાં બરાબર આવી ગઈ હોય તો આપણો વિસ્તાર થયા કરે. નહિતર શું થાય કે મર્યાદાના વર્તુળમાં આપણે રહી શકીએ. કારણ કે આપણે જે પ્રકૃતિમાં છીએ તે પ્રકૃતિની સમજણ પણ મર્યાદાવાળી છે. એના ગુણ પણ મર્યાદાવાળા, તેની શક્તિ પણ મર્યાદાવાળી. ત્યારે આપણને- સાધકને અંત્યંત ઊંચામાં ઊંચી ને વિસ્તારવાળી વિવિધતાવાળી આ જે સમજણ તેનામાં પ્રગટતી રહે. એટલા માટે આ બતાવેલું કે 'આત્મવત્ સર્વભૂતેષુ'- અનુભવની

સ્થિતિ આખરે આ. એટલે તું અત્યારથી વિચાર કર એ પછી જ્યારે ભાવ જાગે છે ત્યારે એની એ સ્થિતિ થાય છે ખરી પણ એની અવેરનેસ નથી. જ્યારે અનુભવીની સ્થિતિમાં અવેરનેસ રહે છે. એટલે શરૂઆતમાં 'આત્મવત્ સર્વભૂતેષુ' સમજી સમજીને આપણે દરેકની સાથે એવો વ્યવહાર રાખીએ.

## ગુણ વિવેક

આ સંસાર વ્યવહારમાં બહુ કાળજી રાખવી પડે. એટલો બધો વિવેક જોઈએ. દા.ત. આપ મુલાયમ છો. એટલા બધા મુલાયમ કે મને એ ગુણ ઉત્તમ લાગે. પણ એનો કોઈ પાછો દુરુપયોગ કરી જાય. પેલી મુલાયમતા પેલામાં પડેલી છે. તે તો બહુ ઉત્તમ છે. પણ એનો વ્યવહારની રીતે બીજા લોકો દુરુપયોગ કરી ના જાય તેની એને પૂરેપૂરી વિવેકવાળી કાળજી જાગેલી હોવી જોઈએ. ધારો કે ઉદારતા. ઉદારતા એ ઉત્તમ ગુણ છે. એ ગુણ આપમેળે આપણામાં છે. એ ઉદારતાના આ ગુણનો આધ્યાત્મિક ક્ષેત્રે કોઈ જાતનો વાંધો નથી. પણ આ પ્રકૃતિમાં ઉદારતા હોવા છતાં, ઉદારતાનો કોઈ દુરુપયોગ ન કરી જાય, કોઈ છેતરી ન જાય એટલી જાગૃતિ પણ ના રાખે તો તે પ્રકૃતિના કર્મમાં સ્ખલન થાય. એટલે ક્યા ક્ષેત્ર ઉપર મુલાયમતા કે ઉદારતા કે વિશાળતા કે ધીરજ, તથા સહન કરી લેવું, એમાં ક્યાં સુધી કેટલી મર્યાદા રાખવાની તે આપણે આંકવાની જરૂર રહે. ઉચ્ચ ભાવનાના ક્ષેત્રમાં, આધ્યાત્મિક ક્ષેત્રમાં જરૂર નહિ. વાંધો નહિ. પણ આ વ્યવહારના ક્ષેત્રમાં તો બહુ જરૂરનું. વિવેક આપણો પાકો હોવો જોઈએ. એ આપણો દુરુપયોગ ના કરી જાય, એ આપમેળે આપણને સમજણ પડી જાય. ના પડી જાય એવું નહિ. પણ

ખ્યાલ રાખવો જોઈએ. કે આ મારી પાસે ગુણ છે તે ઉત્તમ છે. દા.ત. મારી પાસે પાંચ કરોડ રૂપિયા છે. તેનો આપણને ખ્યાલ છે. તેનો ખ્યાલ રાખવા નથી જવું પડતું. આપમેળે આપણને ખ્યાલ રહે છે કે મારી પાસે આટલી મૂડી છે. તેવી રીતે આ એક ગુણ છે આપણામાં તે ગુણ ઉત્તમ છે. કેળવતાં બહુ પંચાત પડી હતી. તે વખતે કોઈ સંસ્કારને કારણે, ગમે તે કારણે આ ગુણ જાતે મળેલો છે. આ ઉદારતા છે. આ મુલાયમતા છે. વિવેક છે. આ પ્રકારનો ચેતન પરત્વેનો આપણો અભિગમ, અભિરુચિ, અને આ પ્રકારનું જે વલણ છે, તે ઘણું ઉત્તમ છે. આ બધું છે ખરું, પણ પ્રકૃતિના વ્યવહારના ક્ષેત્રમાં આપણને નુકશાન કરનારું તેવું ના હોવું જોઈએ. કેટલાક માણસો એવા ખંધા હોય છે કે, સાહેબ, આને બહુ સરળતાથી બનાવી શકાય છે. તો આપણે એવા હોવા ના જોઈએ. કારણકે મારી પોતાની એવી માન્યતા કે આધ્યાત્મિક માર્ગે જનાર માણસની બુદ્ધિ ખીલતી હોય છે. એની બુદ્ધિ જડ નથી હોતી. અને બુદ્ધિ ખીલે તો તેનો વિવેક પણ ખીલે. પણ તેનો સ્વભાવ એવો સરળ, મુલાયમ, પ્લાયેબલ કે બહુ આગ્રહપૂર્વક પકડી ના રાખે. પણ કેટલેક ઠેકાણે હું જોઉં છું કે જ્યાં કરવા જેવું હોય, જ્યાં આગ્રહ રાખવા જેવો હોય ત્યાં બહુ સારી રીતે રાખવો. પણ એમાં રેઝીસ્ટન્સ(=પ્રતિકાર) પેલાને લાગે નહિ પેલા સામા માણસને. આપણું રેઝીસ્ટન્સ એવું છે કે પેલાને લાગે નહિ. તે બહુ ઉત્તમ વસ્તુ છે. તમે આગ્રહ રાખી શકો છો, પણ કેટલીક વાર આ પણ જોઉં છું. આ મુલાયમતાનો કેટલીક વખત ગેરલાભ ઉઠાવી જાય છે. તે હું જોઉં છું. આ વાત નીકળી ત્યારે કહું છું.

ભગવાન તરફ જવાનો જેનો અભિગમ છે, તેના માટે તો આ બધા ગુણ બહુ ઉત્તમ છે. જો માણસ પ્લાયેબલ ના હોય તો

માણસ દૃઢ- પોતાના મંતવ્યમાં, પોતાની સમજણમાં , આ જ રીતે આમ થવું જોઈએ એવો આગ્રહી હોય છે. તેમજ ચોકસાઈમાં- વ્યવસ્થામાં એટલો બધો જડ થઈ જાય છે કે એમાં ને એમાં જ એ પોતાના મંતવ્યને, સમજણને વળગેલો રહે છે. પ્લાયેબલ જેની સ્થિતિ છે, જેનામાં મુલાયમતા છે તે માણસ વળગી નહિ રહે. ત્યારે ઘણી તપશ્ચર્યાથી, ઘણા સાધન કરવાથી જે આપણને ફળ મળે તે આ જન્મમાં આપણને મળેલું છે. ઉદારતા કરતાં કરતાં તો બહુ પંચાત પડી જાય. વસ્તુ ઉપરની પકડ જતી રહે એ બહુ અઘરી વાત છે. તે ઉદારતાને લીધે જ જતી રહે. એટલા ઉદાર થાવ ખરા. પણ કેલ્ક્યુલેટીવ માઈન્ડથી(=ગણતરીવાળી બુદ્ધિથી) સ્ટ્રગલ(=મથામણ) કરતાં જેટલા ગુણોનો પ્રાદુર્ભાવ થાય તે ઉત્તમ. એ આધ્યાત્મિક વિજ્ઞાનના માર્ગ ઉપર તો બરોબર છે. પણ પ્રકૃતિના માર્ગ ઉપર કે વ્યવહારના માર્ગ ઉપર આ જે ગુણો વિકસે છે, તે ગુણોથી સાવધ રહેવાની બહુ જરૂર છે. આ જે આધ્યાત્મિક ક્ષેત્રે જવાને માટે જેટલા જેટલા ગુણોની જરૂર છે એટલા જ પ્રમાણમાં ભાવની જરૂર. ભાવ આપણામાં છે તો ખરો. આવા જે ગુણો છે એમાં મુલાયમતા ખાસ જરૂરની છે. કારણ કે તેના વગર તમે નિરાગ્રહી નહિ થઈ શકો. મુલાયમ થયા વગર, તમે નિરાગ્રહ, નિષ્કામ, અનાસકત, નિર્મોહ કદી નહિ થઈ શકો. એના માટે જ મુલાયમ, સરળ આપણા સ્વભાવનું હોવું તે બહુ જરૂરનું છે. ત્યારે એ આપમેળે જ થશે. મેં લખેલું છે કે પ્રત્યેક શ્રેયાર્થીએ પોતાના સ્વભાવને બહુ સ્પષ્ટપણે આરપાર-દર્શક પૃથક્કરણ કરવું જોઈએ. આટલું આટલું મારામાં છે. અને જો સાધનાને પંથે જો મારે વિકાસ કરવો હોય તો તે નીકળવું જ જોઈએ. તો એ નીકળી શકે છે. કર્મ કરતાં કરતાં પણ નીકળી શકે છે. મન હોવું જોઈએ. હું તો ઘણી વાર અમુક પ્રકારની સમજણ તોડવાને માટે ઊંધી જ રીતે

વર્તું. પણ એ ખમીર જોઇએ. સંસાર વ્યવહારમાં એવી રીતે વર્તવું તે બહુ અઘરી બાબત છે.

મૂળ વાત બીજી હતી. અનુભવી નિમિત્તમાં તાદાત્મ્ય થઇ જાય છે. તાદાત્મ્ય એવો કે સંપૂર્ણતયા. જ્યારે કોઇ જીવદશાવાળો માણસ તાદાત્મ્ય થાય તો તેની સંપૂર્ણતા નહિ. પ્રકૃતિને લીધે તેની સંપૂર્ણતા નહિ. પ્રકૃતિને લીધે તેની મર્યાદા આવી જાય. અને પાછો પોતે પણ પ્રકૃતિમાં હોય. એટલે એ તેનામાં કેવી રીતે તાદાત્મ્ય થાય? એટલે પ્રકૃતિનાં મૂળિયાંને વધારે ચોંટી રહે છે. જ્યારે પેલો નથી ચોંટી રહેતો, કેમકે પ્રકૃતિમાં તેનાં મૂળિયાં નથી. પ્રકૃતિમાં તેનો રસ નથી. અનુભવીને રસ ચેતનનો જ છે. ચેતન સિવાય એકેય નથી. એટલે પેલા નિમિત્તની અંદર તાદાત્મ્ય થયું પણ કોઇક ને કોઇક થોડીઘણી પણ એને પેલામાં અસર ઉપજાવ્યા વગર નહિ રહે. જે પેલું તાદાત્મ્ય થયું એની પેલાને તાદાત્મ્ય થયાની કોઇપણ જાતની જાણ નથી. જો જાણ હોય તો ઘણો ફાયદો થાય. પણ જાણ નથી. તેથી કરીને કશું ન થાય એમ નથી. થોડીઘણી અસર પણ પેલામાં ઊપજે ખરી. એક સંસ્કાર પડી જાય. પણ અનુભવીનો તાદાત્મ્ય થવાનો સંસ્કાર ચિત્તમાં જાય છે ખરો અને ચિત્તમાં પડ્યો રહે છે. જ્યારે અનુભવીના કારણે પેલામાં તાદાત્મ્યપણું જે જાગ્યું અને જે સ્પર્શ જાગ્યો તે સ્પર્શ એક ઠેકાણે નથી રહેતો. બહુ નજીવો પણ એને જે અસર થાય છે તે એના હોલ બિઇંગમાં -આખા મનાદિકરણમાં એ અસર થાય છે. પણ તે વ્યક્ત નથી થઇ શકતી. તેનો ઉઠાવ નથી આવી શકતો. કારણ કે એ પ્રત્યેનો, એ જાતનો અભ્યાસ પેલા જીવને હોતો નથી. તો એ પળે એવો જીવ સતત મથનારો હોત તો પેલો એનો ઉઠાવ આપી દેત. એટલે કોન્શ્યસલી એફર્ટ કરનારો હોત તો તો

પેલો અજાણપણે થયેલો પેલો સ્પર્શ તેને ઘણો ઊંચે ઉડાડી દેત. એટલે આવો તફાવત બન્ને વચ્ચે છે.

તા. ૯-૪-૭૪

**સ્વજનઃ** મોટા, આ અસ્તિત્વ બધું, અમુક જાતના આપણામાં સંસ્કાર પડેલા, તેને લીધે છે?

**શ્રીમોટાઃ** જગતમાં તો પહેલાં વસતી નહોતી. ત્યારે સંસ્કાર ક્યાં હતા? એમ કોઈ દલીલ કરે. એનો જવાબ તો ના આપી શકીએ. પછી ધીરે ધીરે વસતી વધતી ગઈ. તો એ વસતી જ કેવી રીતે થઈ?- એમ કોઈ આપણને પૂછે. તો આપણે જવાબ આપી શકીએ કે આ પૃથ્વી ઉપર જેમ જેમ જે જે પ્રકારનાં માણસોને વસવાને લાયક સ્થિતિ થઈ ગઈ તેમ તેમ માણસો વધતા ગયા. આટલા બધા થતા ગયા? એમ સવાલ કોઈ પાછો પૂછે? જેમ વન જમીનમાં હોય છે એમાંથી વનસ્પતિ, ઝાડ વગેરે થયાં એ તો જાણે બુદ્ધિ કબૂલ કરે છે. પણ આટલું મોટું વિશ્વ અને આટલાં બધાં પ્રાણીઓ- એ બધું ક્યાંથી આવ્યું? કેવી રીતે થયું? એમ આપણને સવાલ થાય. ત્યારે જેમ જેમ જેવા જેવા પ્રાણીને માટે, વસવાટને માટે યોગ્ય ભૂમિકા થઈ તેમ તેમ તેવા તેવા પ્રાણીઓ થયાં. પણ શી રીતે થયાં? કેમ થયાં? એક ક્યાંથી આવ્યું? બીજું ક્યાંથી આવ્યું? એમ સવાલ આપણને થાય છે. એ થાય એ સ્વાભાવિક છે. એને કંઈ ઉડાડી દેવાય નહિ.

ત્યારે એનું એક્સપ્લેનેશન(=સમજૂતી) હોવું જોઈએ. આ

પૃથ્વી એકલી કંઇ જુદી નથી. આ પૃથ્વી કશાકની સાથે સંકળાયેલી છે. એ તો કોઇ ના પાડી શકે તેમ નથી. ત્યારે જ્યારે જ્યારે જેવા જેવા પ્રકારની આ પૃથ્વીની- ભૂમિની ભૂમિકા યોગ્ય થતી જાય છે- જેમ જેમ જે જે પ્રાણીઓને વસવાને માટે- તે તે પ્રાણી અવકાશમાંથી આવે છે. અવકાશમાંથી એટલે આ તદ્દન ખાલી છે એમાંથી નહિ. કોઇ ગ્રહમાંથી, કે એમાંથી આવે. આજે આપણને ખબર નથી, અને આપણે કોઇ સાબિત કરી શકતા નથી. પણ આજે બીજા ગ્રહોમાંથી માણસ સુદ્ધા આવે છે. પણ એ માણસને આપણે ઓળખી શકતા નથી. એ માણસ નોધારો એની મેળે રહેતો હોય છે. અને એ કોઇના ટચમાં (=સંપર્કમાં) બહુ ઓછામાં ઓછો આવે છે. જંગલોમાં ને એવામાં રહ્યા કરતો હોય છે. કોઇક વખત માણસોના સંબંધમાં આવે છે ખરો. હવે તે ભળે છે ખરો . વાતો કરતાં એને ઓછી આવડે છે કારણ કે એક તો ભાષા જાણે નહિ. એટલે વાતો બહુ કરી શકતો નથી. એ આપણી હિન્દી ભાષા કે એવી કોઇ ભાષા જાણતો હોતો નથી. બહુ વસવાટ થયા પછી થોડું થોડું જાણે છે. પછી એ વાતો કરે છે. પણ એ વાતો એવી જાતની કરે કે આપણને બધાંને કઢંગી લાગે. સમજાય નહિ તેવી વાતો કરે. જે કોઇ આનો- આવી જાતનો અભ્યાસી હોય તેને સમજણ પડે કે આ શું કહેવા માગે છે. તેવી રીતે જ્યારે જ્યારે જે જે પ્રકારની ભૂમિકા આ પૃથ્વી પર થઇ, ત્યારે ત્યારે તે પ્રકારના પ્રાણીઓ ગમે ત્યાંથી, ગમે તે ગ્રહની ભૂમિકામાંથી અહીયાં આવ્યા. અહી એક બે આવ્યા એટલે વસતી વધતી જાય, એમ આ પૃથ્વીની વસતી વધતી ગઇ. એમ ને એમ કંઇ બન્યું નથી.

બાઇબલમાં કહે છેઃ 'પહેલ-વહેલા આદમ અને ઇવ હતા'. એ

આકાશમાંથી અહીં નહિ આવેલા. આવી જ રીતે આ જીવો પૃથ્વી પર આવેલા, અને રહેલા સાથે, બાગમાં રહેલા, એ બધાની વાત કરી છે. બાઈબલમાં આવા યુગલની વાત છે. આપણે વાત કરતા હોઈએ ત્યારે કોઈ પુરુષ અવતરતો હોય. એટલું જ નહિ પણ જે ઊર્ધ્વવૃત્તિવાળા છે - આપણી પૃથ્વી પરથી પણ માણસો ઉપર જતા હોય છે - હવે એની સાબિતિ તો આપણાથી કંઈ આપી શકાતી નથી. એ સાબિતિ તો તમે એવા પ્રકારના થાવ,-એવી દૃષ્ટિવાળા - તો તમે જોઈ શકો ખરા. તમને સમજણેય પડી શકે કે, 'ના ભાઈ આ વાત સાચી છે.' પણ જ્યાં સુધી તમને દૃષ્ટિ થઈ નથી, ત્યાં સુધી તમને આ વાત સાચી નહિ લાગે. પણ ઘણી વાતો આપણને સાચી ના લાગતી હોય, તેમ છતાં સાચી હોય છે. એવું જીવનમાં ઘણીવાર આપણે જોઈએ છીએ. આપણે વિચાર કરીએ તો ઘણીય વાર કોઈ વાત સાચી હોતી નથી પણ છતાંય એ સાચી પડે છે. એમ કોઈક કોઈક ઠેકાણે અનુભવ થયેલા છે એ મને અત્યારે યાદ નથી આવતા. સાચા એવા પ્રસંગો બનેલા છે. પણ યાદ કરીશ. કોઈક વખત યાદ આવશે તો કહીશ. પણ એવા પ્રસંગો બનેલા છે. તમે માનો કે ન માનો પણ એવા પ્રસંગો બનેલા છે કે તમે એની પાછળનો અર્થ ના સમજી શકો. કોઈન્સીડન્સ (=એકબીજા સાથે સંકળાયેલા) તમે ન માની શકો. તમે તો કહો કે 'એ તો થવાનું હતું તે થયું એની મેળે બન્યું!' એમ પણ નહિ માની શકો. એવા બધા સજ્જડ રીતના ઈન્સીડન્ટ્સ બન્યા છે કે કોઈનો હીડન (=છૂપો) હાથ છે. ભગવાનને ન માનતો હોય તેને માનવું પડે. એમાં કોઈનો હીડન હાથ સંકળાયેલો છે, એમ માન્યા વિના છૂટકો ના થાય. એવું પણ છે.

આ તો બનેલી વાત છે. ગાંધીજીના મંત્રી મહાદેવ દેસાઈના

મોટાભાઈ હતા. બહુ પ્રખ્યાત માણસ હતા. તે રેલવેમાં નોકરી કરતા. આપણે અત્યારે જ્યાં ઊતરીએ છીએ ત્યાં એક સ્ટેશન છે. ગ્રાન્ટરોડ ઉપર પેલા ભાઈ હેડ તરીકે કામ કરે. તે વખતે વાઈસરોયની ટીમ જવાની. એમ ને માટે સ્ટીમર ઊભી રહેલી. આ પાટા એવા કે ઠેઠ સ્ટીમર સુધી જતા હતા. ત્યારે એના પર થઈને બીજી ટ્રેઈન પણ જતી હતી. 'લાઈન ક્લીયર રાખો - છેક સુધી જવાનનું છે.' એમ હુકમ હતો. તે વાઈસરોયને જવાબ આપે છે; 'દિલગીર છું. મારાથી નહિ રાખી શકાય. બીજી ટ્રેઈન આવી રહી છે. તેને મેં સીગ્નલ આપી દીધું છે. એટલે હવે મારાથી ક્લીયર નહિ કરી શકાય. જેને મેં પહેલું સીગ્નલ આપી દીધું તે ટ્રેઈનને મારે લેવી જ પડશે. તું એને ડોક્યાર્ડમાં બીજે ઠેકાણે મૂક, પછી એને ક્લીયર આપી દઉં છું' તે લોકોએ આને ઈન્સલ્ટ (=અપમાન) ગણ્યું. પછી પેલી ગાડી આવી. ડોક્યાર્ડમાં મૂકી અને પછી એને ક્લીયર લાઈન આપી. પણ થોડીક્વાર થોભવું પડ્યું. તે એ લોકોને માથાવાઢ લાગ્યું. પછી કેસ ચાલ્યા. એમણે તો જે સાચું હતું તે કહી દીધું કે. 'આ મારો કિસ્સો છે. તમારે જે કરવું હોય તે કરજો.' 'આવા મોટા વાઈસરોયની સ્પેશિયલ જતી હતી, તેને તમે અટકાવી રાખી, તે માટે તમને નોકરીમાંથી દૂર કેમ ન કરવા?' તેવા કાગળિયા આવ્યા. એની નીચે એમણે લખ્યું કે, 'મને એવી ખબર નહોતી કે વાઇસરાયની સ્પેશિયલ ટ્રેન આવે છે. પહેલેથી હું જાણતો હોત તો પેલી ટ્રેનને હું બીજા સ્ટેશન પર અટકાવી રાખત કહેત કે, 'ભાઈ, હમણાં તમે આવશો નહિ, આ સ્પેશિયલ ટ્રેન આવે છે, તેને હમણાં જવા દો પછી તમે આવો.' એની મને ખબર નહોતી. એટલે મારે કાંઇ જાણીજોઇને વોઇસરોયની ટ્રેનને રોકવી એવું કંઇ છે જ નહિ. તમારે જે કરવું હોય તે કરો.' એ લોકો મૂંઝવણમાં પડયા કે આવા માણસને કેવી

રીતે બરતરફ કરવો? એ વખતે ભૂલાભાઇ બેરિસ્ટર. મહાદેવભાઇને અને એમને બહુ સારો સંબંધ, તે ભૂલાભાઇએ આ જાણ્યું, એમણે કહ્યું, 'ગભરાઇશ નહિ. એમના બાપનીય તાકાત નથી કે તને નોકરીમાંથી કાઢે ! હું ઠેઠ સુધી લડીશ. એટલે પછી એને નોટિસ આપી કે, 'ભવિષ્યમાં તમારે આવી બાબતમાં કાળજી રાખવી. નોટિસ બતાવી. નોટિસનો તો કંઇ અર્થ નથી. આવી બાબતમાં કાળજી રાખવી, તે કાળજી રાખવાની છે તે રાખીશું ને આમાં આપણે નિષ્ઠા નથી રાખતા એવું કંઇ છે નહિ. એ છો લખ્યા કરે. આના પર આપણે બહુ ધ્યાન રાખવાની જરૂર નથી. મહાદેવભાઇના ભાઈ જીતેલા, અને એના પગારના ઇન્ક્રીમેન્ટ અટકાવેલા તે પણ પાછા મળેલા. એવા બહાદૂર માણસો પણ આપણા દેશમાં થઇ ગયા.

આપણા દેશમાં ઘણી વખત નાનામાં નાના માણસ પણ બહાદૂર થઇ ગયા. બહારવટિયો બાબર અહીયા કોઠીમાં પોલીસ ચોકીમાં પૂરાયેલો - તો એને એમ કે, 'સાલું મરવું તો બહાદૂરીથી મરવું. આ રીતે મરવું તે બરાબર નહિ.' પોલીસની બંદૂક આંચકી લીધી, અને એને જ ઠાર કર્યો. પોલીસ ચોકીમાં હતા તે બધા ખલાસ થઇ ગયા. પછી એ લોકો મંદિરની પાછળ સંતાયા. સંતાઇને જેવો પેલો દેખાય કે ગોળી મારે. પણ એ આઘોપાછો થઇ જાય. અને બાબર એવું નિશાન તાકીને મારે કે બધા મરી જ જાય. ત્યાં મંદિર પર પણ કેટલા માણસોને એણે મારી નાખ્યાં. પછી મીલીટરીના માણસો આવ્યા. પછી એનો કબજો લીધો. અને એ લોકોએ એને ગોળી મારીને મારી નાખ્યો. પણ કેટલા બધા માણસોને એણે મારી નાખ્યા ! બહાદૂર હતો. 'આવી રીતે નહિ મરું. મરીશ તો બહાદૂરીથી. કેટલાયને મારીને મરીશ.' એનું

નામ જાણીતું હતું - બાબર. વાણિયાએ લુચ્ચાઈથી પકડાવેલો. એ વાણિયાને પૈસા પચી જાય ને. પણ એક માણસ, કેટલા માણસોને મારી નાંખીને મર્યો. તેની પણ બહાદૂરી કેટલી !

એમ તો આપણે જાણતા નથી. પણ ઈતિહાસમાં એક ભીલ થઈ ગયેલો. એને બધા દેવ માને. આ ભીલ લોકોને-બધાને એકઠા કરેલા. આ અંગ્રેજ લોકો શું માને કે બધા ભીલે લોકોને આ ચઢાવે છે. પેલાને એવું નહોતું. પેલાને તો ભગવાનની ભક્તિ કરાવવાની વાત હતી. એમાં રાજકીય વાતાવરણ કંઈ જ નહોતું તોયે અંગ્રેજોએ એમને પકડેલા.

પેલા ઠક્કરબાપા ત્યાં કામ કરે. શરૂઆતમાં ઓગણીસ વીસની સાલમાં તે પછી સરવન્ટસ ઓફ ઈન્ડિયન સોસાયટી. પહેલાં તો ચળવળમાં ભળ્યા ન હોત તો એમને માનત. પણ સર્વન્ટસ ઓફ ઈન્ડિયા સોસાયટીનું વજન હતું. એટલે એના સભાસદનું માને. પણ આ તો આમાં ભળી ગયેલા છેવટ સુધી. સર્વન્ટસ ઓફ ઈન્ડિયા સોસાયટીના સભ્ય હતા. પણ આમાં ભળી ગયેલા એટલે એમનું કંઈ સાંભળ્યું નહિ. એમને (ભીલબાપાને) પોતાની અગેઈન્સ્ટ (=વિરોધમાં) રાખેલા. ઠક્કરબાપા બહુ સારી રીતે ટ્રીટમેન્ટ આપતા. એટલે ઠક્કરબાપા સારામાં સારા વકીલો રાખીને એમના માટે કેસ લડેલા. અને એને નિર્દોષ છોડાવેલો. એમાં એક શરત કરી કે જીવનમાં ફરીથી એણે પ્રચાર કરવો નહિ. 'પ્રચાર કરવો નહિ' એવું લખેલું એટલે ઠક્કરબાપા કહે, 'ભજન કરવું નહિ એમ ક્યાં લખેલું છે? એટલે આપણાથી ભજન થાય. તમે ભજન ગાઓ. બીજું કશું નહિ. એની પાછળ એક અક્ષરે બોલવો નહિ.' એટલે જેટલા ગવાય એટલા ભજન ગાતાં ગાતાં ફર્યા કરતા. અને

હજારો ભીલો એની પાછળ. એમના માટે એટલી બધી ભક્તિ હતી. એટલા બધા માણસો કે સરકાર ચમકી. આ તો પાછો ભીલોને ચઢાવે છે. ભજન જ ગાય છે, પ્રચાર કરતો નથી, એને પકડવો કઈ રીતે? કયા કાયદા પર? ઘણાં વર્ષો સુધી ભજનનું ચલાવ્યું. સરકાર પણ કંઈ ના કરી શકી. પકડી નહિ શકી એને. એ મરી જવાનો હતો ત્યારે એણે મોટો ઉત્સવ કર્યો. બહુ મોટો ઉત્સવ. ઓછામાં ઓછા લાખ-સવા લાખ ભીલો ભેગા થયા હશે. એમને જમવા- કરવાની સાધનસામગ્રી એને મળી ગયેલી. દરેક ભીલ ચોખા લાવે, દાળ લાવે, ઘઉં લાવે, કોઈ શાક લાવે, ડુંગળી લાવે, એમ કરીને બધું થઇ ગયેલું. પણ તે જ સાંજે પેલા બાવાને પકડીને સરકાર લઈ ગઈ. પાછા ઠક્કરબાપાએ પ્રયત્ન કર્યો. સરકારને રિપ્રેઝન્ટેશન (=રજુઆત) કર્યું. 'આ તો એની સામાન્ય સભા છે. ભજનની સભા છે. એનો જન્મદિવસ છે. હવે એ મરવાનો છે, તે એને ખબર છે. બહુ દૈવી પુરુષ છે, ને એને તમે પકડો છો. માત્ર અત્યાર સુધી એણે ભજનો કર્યા છે. એણે બીજું કંઈ કર્યું નથી. તમારા માન્યામાં ન આવે તો એને પૂછો કે એ વાત સાચી છે કે નહિ? ભજન કર્યા કરે છે. પણ લાખ માણસો ભેગા થાય છે. કંઈ તોફાન થાય એટલે અમે પકડી લાવ્યા છીએ! 'ભાઈ, કંઈ તોફાન નહિ થાય. તમે જવા દો આટલા બધા માણસો એકઠા થયા છે. તમે નહિ મોકલો તો ઊલટું તોફાન થશે, એટલે સરકાર એને પાછા મોકલે છે. એ બધાને સંબોધે છે કે, 'બધાએ સંપથી રહેવું, માંહેમાંહે લડવું નહિ. ભગવાનનું ભજન કરવું'. આવો બધો બોધ આપે છે. બધાને જમાડે છે અને બીજે દિવસે શરીર છોડી દે છે. ભીલ કોમમાં પણ આવા જબરદસ્ત માણસો પણ થઇ ગયેલા. ભગવાનમાં માનવાવાળા ભીલ કોમમાં પણ થઇ ગયા છે.

ભંગી ક્રોમમાં પણ થયેલા. દક્ષિણમાં તો ઘણા થઈ ગયેલા. ભેદભાવમાં માને નહિ. બધા એને પગે લાગે. એવા બધા લોકો થઈ ગયા છે. આ માણસે કોઈ વસ્તુનો ભેદ નહિ રાખેલો એનામાં શક્તિ એવી હોવી જોઈએ.

## ચેતનનાં - પ્રભુનાં દર્શન

**શ્રી મોટા :** હવે કંઈ સ્પીરિચ્યુઅલ (=આધ્યાત્મિક) વાતો કાઢો.

**સ્વજન :** મોટા, આ જળ અને પૃથ્વી તત્ત્વ છે, એમાં પણ ચેતન ઉપર આવવા પ્રયત્ન કરી રહ્યું છે?

**શ્રી મોટા :** ચેતન તો અંદર છે જ, પણ તે એવી રીતનું છે કે તે એક્ટીવ (=સક્રિય ) નથી, અને જળ અને પૃથ્વી તત્ત્વની રીતે જ એ ત્યાં પડી રહેલું છે. પણ એ એક્ટીવ નથી. એ જો એક્ટીવ થાય તો જળ અને પૃથ્વીના સ્વભાવમાં ફેરફાર થાય. અત્યારે આપણામાં મનુષ્યોમાં કેટલાક ભક્ત લોકોમાં તેજ, વા અને જળ-આ ત્રણેમાં પેનીટ્રેટ (=એકાગ્ર,ઊંડું) થયું છે. આ ત્રણમાં પેનીટ્રેટ થયું છે તો આ ત્રણમાં દેખાતું કેમ નથી? એવો સવાલ લોકો પૂછે. આ પૃથ્વી પર એને લીધે કેમ કંઈ આ ત્રણ તત્ત્વોમાં વિકાસ નથી થતો? એ તત્ત્વોમાં વિકાસ થતો કેમ નથી દેખાતો? કે ઈશ્વર જેવું કંઈ તત્ત્વ છે. તો આપણને લાગતું કેમ નથી? એ તેજ, વા અને આકાશ-એમાં આ તત્ત્વ જે છે તે મનુષ્યમાં છે તે અમે માનીએ છીએ, એ વાત ઘણા લોકો કહે છે. એ જે છે તે ઓલ પરવેડિંગ (=વ્યાપક,સર્વત્ર) છે. એ વિશ્વના વાતાવરણમાં વ્યક્ત કેમ થતું નથી? એમ ઘણા લોકો આપણને પૂછે, તો એનો જવાબ એવી

રીતે અપાય કે, 'ભાઈ' વ્યક્ત તો થઈ જ રહેલું છે. એ વ્યક્ત થઈ રહેલું ના હોય તો આ જે તેજ આકાશ અને વગેરેનું વાતાવરણ છે. એમાં સંમિલિત થઈને એ પ્રગટે છે, એને લીધે આ કાળમાં ઘણાં સંશોધનો થયાં છે. એવા માણસોમાં જે આત્મા- જે ભગવાન પ્રગટ થયો છે. તે ત્રણ તત્ત્વોમાં - આકાશ, તેજ અને વામાં પ્રગટ થયો છે. તેના રહસ્યરૂપે આ બધું ખીલેલું છે, 'પણ એ જવાબ મને કન્વીન્સીગ (=સમજમાં ઊતરે એવો) ન લાગ્યો. એ તો એની પાછળ માણસોએ કેટલી બધી જહેમત ઊઠાવી અને તેમણે ખોળ્યું. આ કંઈ માણસની અંદર આ ત્રણ તત્ત્વ એકઠાં થયાં, અને એ તત્ત્વો ભગવાનને લીધે પ્રત્યક્ષ - સાકાર થયાં એમ કંઈ માની શકાય એવું નથી'. એમ પેલા લોકો કહે છે.

મને પોતાને એમ લાગે છે કે આપણામાં આ તત્ત્વ જે છે તે તત્ત્વ સ્ટેટીક (=સ્થિર) નથી. જો એ સ્ટેટીક ના હોય તો એક જગ્યાએ સ્થિર થઈને છાનુમાનું બેસી રહેવાનું નથી. આ તત્ત્વો બધે ફરનારાં જ્યાં જ્યાં એમની એપ્ટીટયુડ (=રુચિ) હતી - લાયકાતવાળી જે જે વ્યક્તિઓ હતી, એમનામાં એ પ્રવેશે છે. આ ત્રણ તત્ત્વો એ માત્ર પહેલાં ત્રણ તત્ત્વોરૂપે આપણામાં હતા તે રૂપે નથી રહેતા. પછી જુદા પ્રકારના થઈ જાય છે. ત્યારે જે કોઈ તન્મય થયેલો માણસ હોય છે, એનામાં પેલું તત્ત્વ પ્રવેશે છે. પ્રવેશીને પેલાને જ્ઞાન આપે છે. એ જ્યાં જ્યાં હશે ત્યાં સ્પર્શ કરે છે. વા, તેજ પણ એવી રીતે સ્પર્શ કરે છે, અને આકાશ પણ સ્પર્શ કરે છે. આકાશ વધારે કરીને જ્ઞાન પ્રેરે છે, એ કંઈ નવી શોધખોળો કરતું નથી. પણ જ્ઞાન હોય, એટલે આપમેળે નવી શોધખોળ થાય. નવું નવું એ જાણે, શોધે, બનાવે, એ બધું કરે. કારણ કે જેને એ સ્પર્શે છે, તેને બેકગ્રાઉન્ડ (=ભૂમિકા) કંઈ જ્ઞાનવાળી કે ભગવાનને

મેળવવાવાળી એ હોતી નથી. એ તો માત્ર એકમાં ચિંતનાત્મક થઈ ગયો છે. એટલે એને સ્પર્શીને એના વિષયનો, જ્ઞાનનો સ્ફોટ કરે છે. આ જ્ઞાન, તેજ, વા તે સર્વદેશીય છે, એકદેશીય નથી, એટલે કોઈપણ  ક્ષેત્ર એના તત્ત્વમાંથી બહાર નથી જતું. એ બધું આ જ્ઞાન, તેજ અને વામાં છે. કારણ કે જ્ઞાનનો મોટો ભાગ તેજમાં આવેલો છે. જ્ઞાન આપવાની શક્તિ તેજમાં વિશેષ છે. આવી રીતે દુનિયામાં ભગવાનને માનતા હોય કે ના માનતા હોય, એ સવાલ મુદ્દલેય નથી. પણ આવી રીતે જે એકાગ્રપણે મનન અને ચિંતનમાં છે, અને જેની શોધ કરતા હોય છે, તેને તે સ્પર્શ કરે છે. જે સ્પર્શ કરે એને પોતાના જ્ઞાનનો સ્ફોટ થાય. જે વિષય પર પોતે શોધખોળ કરતો હોય તે શોધખોળ કરનારને પેલું તત્ત્વ જ્યાં સ્પર્શે, ત્યાં પેલા તત્ત્વના જ્ઞાનનો સ્ફોટ થાય. અને તે સમજી લે. એટલો બધો રાજી થાય કે કૂદે-નાચે. 'મને આ જડ્યું!' પણ તે એ ના સમજે કે કો'કે મને સ્પર્શ કરીને જ્ઞાન આપ્યું. કારણકે એવી રીતે સમજવાની એની શક્તિ નથી. કારણ કે એ તો એમ માને કે હું એકાગ્ર મને મનનચિંતન કરતો હતો એનું આ પરિણામ છે. એમ તે માને. કેમકે એને એવું જ્ઞાન નથી.

આ ભગવાન છે, અને એની માત્ર ભક્તિ કરે છે, માત્ર 'રામ રામ' કે 'ૐ નમઃ શિવાય' કરે કે એનું બીજું જે કોઈ નામ લેતું હોય તેને જ ભગવાન મદદ કરે છે, એ બરાબર નથી. જે કોઈ વિષયમાં, ભલેને પછી એ દુનિયાનો વિષય હોય, એને ખોળવામાં એકાગ્રપણે રહે તેને તે મદદ કરે. જે માત્ર ભક્તિ જ કરે છે, એને જ મદદ કરે છે, એવું એને નથી. કોઈપણ વિષયમાં, આટલી બધી શોધખોળ થઈ, જડી, પણ કોઈએ ઈશ્વર વિષે અત્યાર સુધી કહ્યું હોય એવું આપણા ખ્યાલમાં આવ્યું નથી. મારી સમજ પ્રમાણે છે

તો ઈશ્વર જ. ભગવાન અનેક પાંખોવાળો છે. જ્યાં જ્યાં જે જે વિષયમાં, જેનું મન તદ્દન એકાગ્ર રીતે કેન્દ્રિત થયેલું, અને જે વિષય પર જેનું મનનચિંત્વન થયેલું, તે વિષયનું હાર્દ ભગવાન તેને બતાવી આપે છે. એ વાત ચોક્કસ.

એટલે આ બધા સંશોધનો આજે જડ્યાં છે, એનું કારણ એ છે. માત્ર નામસ્મરણ કર્યા કરે છે તે જ માત્ર બરાબર નથી. એ જ ભગવાનની ભક્તિ છે, એવું નથી. ભગવાનની ભક્તિ, સંસારના પ્રત્યક્ષ થતાં રહેતાં કર્મની સાથે પણ સંકળાયેલ છે. કર્મ વગરની ભક્તિ નથી. કર્મની સાથે બધું સંકળાયેલું છે. માત્ર બેઠા બેઠા રામરામ કર્યા કરતો હોય, તો તે ભક્તિ નથી. તેને માટે કર્મ ઈસેન્શ્યલ(=જરૂરી) છે. તેની સાથે કર્મ ના હોય તો માણસ ચોવીસ ક્લાક ભગવાનનું નામ લે તે અશક્ય છે. તે પ્રમાદી થઈ જાય. જ્ઞાન હોય, ભક્તિ હોય કે યોગ હોય- આ ત્રણે માર્ગને માટે કર્મ ઈસેન્શ્યલ છે. કર્મ વિના ભાવના ઘડાય નહિ. ભાવના ઘૂંટાય નહિ, ભાવના વ્યક્ત પણ ના થાય. એટલે કર્મ આ ત્રણેને માટે ઈસેન્શ્યલ છે. કર્મ હોય તો ભક્તિ હોય, યોગ હોય, ગમે તે માર્ગ હોય એ બધામાં કર્મ ઈસેન્શ્યલ છે.

**સ્વજનઃ** મોટા, તમે કહ્યું કે બીજા ગ્રહોમાંથી આ આપણે ત્યાં આવે છે, અને આપણે ત્યાંથી બીજા ગ્રહોમાં જાય છે. તો બીજા ગ્રહોમાંથી આવે છે તે હેતુપૂર્વક આવે છે ને?

**શ્રીમોટાઃ** હેતુપૂર્વક આવેલા હોય. હેતુ વિના વાત નહિ. કોક એવા મોટા મહાત્માઓ હોય છે, તે જાણતા હોય. આપણા ગુજરાતમાં એક એવા મોટા સંત હતા. અમદાવાદમાં સર ચીનુભાઈને ત્યાં

ઊતરતા હતા. સત્સંગ કરતા. સુરતમાં આવતા જતા. તંત્ર જાણતા હતા, પણ કોઈને શીખવાડેલું નહિ. હું એમની પાસે જતો. બે ત્રણ વખત ગયેલો. એક વેળા પૂછેલું: 'આપની પાસે તંત્ર શીખવું છે. માટે આવ્યો છું. 'અભી હમકો વક્ત નહિ હૈ. ફિર આના.' થોડાક વખત ગયેલો. મને બેસાડ્યો. કહે, 'બેસો'. જમાડે ખરા હોં! જમાડે, બેસાડે, ચાના સમયે ચા આવે. એમના એક ભક્ત હતા. તે મારે ત્યાં મૌનમાં બેસી ગયેલા. હજી જીવે છે. એણે બધી વાત એમને કરી. એણે "મૌનમાં ઐસા હુઆ, ઐસા હુઆ.' પછી એમણે એને એમ કહ્યું કે, 'મારે પણ બેસવું જોઈએ.' એણે કહેલું, 'જાઓ બાપા, અહીં સુરતમાં છે.' એટલામાં તો એ ગુજરી ગયેલા.

એ વખતે હું ફરીથી ગયેલો. ત્યારે પૂછ્યું: 'ફિર ક્યોં આયે હો? ત્યારે મેં કહેલું,, 'પેલું શીખવા આવ્યો અને આપે મને સરખો જવાબ આપ્યો નહિ- એટલે મને થયું શી જરૂર છે? ભગવાનનું નામ મોટું છે. એમાં બધા તંત્ર આવી ગયા. એમાં તંત્ર માર્ગ પણ આવી ગયો. એમાં કોઈ વાંધો નથી. ભગવાન તેના ભક્તને જે વખતે જે જરૂર હોય, તે તેને સુઝાડી દે છે, એવો મારો અનુભવ છે. એટલે હું તમારી પાસે આવ્યો નહિ. આપે મને શીખવાડવાની તૈયારી ના બતાવી. હું લાયક છું કે નહિ તેની પરીક્ષા કરવી હતી. તેને માટે હું તૈયાર હતો. આજે પણ પરીક્ષા કરવી હોય તો કરો, પણ આજે મારી શીખવાની દાનત નથી. મારે ભગવાન બસ. એનું નામ બસ. તંત્ર માર્ગથી મને લેવો હશે તો એ તંત્રના માર્ગ મને આપશે. જે માર્ગથી જે કરવું હશે તે કરી આપશે. અને તે માટે હું મારા મનમાં નિશ્ચિંત છું.' એટલું બધું કહ્યું. મને પૂછ્યું, 'દસ લાખ રૂપિયાકી મૂડી કર સકતા હૈ? મેં ખડી કર સકતા હું' 'એટલા પૈસા મને આપી દો. મારે આ બધાં કામ કરવાનાં છે'. 'દેખતા

નહિ, મંદિર બંધાનેકા હૈ. કોઈ દેતા નહિ હૈ, ભગવાનસે લેના ઔર ભગવાનકા કામ કરના હૈ.' પાંચસાત હજાર રૂપિયાની નોટ એમની પાસે આવી. મેં મારી જાતે જોયું. નકારી કેવી રીતે શકું? પણ મેં કહ્યું, 'મારે આ વિદ્યા શીખવી નથી. હું મહેનત કર્યા કરીશ. અને મહેનત કરતાં કરતાં, ભગવાન જે આપશે તે ખરું. મને શ્રદ્ધા છે કે મને આપશે. મહેનત કર્યા કરીશ. જ્યાં જે બોલાવશે ત્યાં જઈશ. અને એમ કરતાં જે મળશે તે ખરું. સમાજને માટે હું કોઈ મંદિર- મંદિર બનાવીશ નહિ. મંદિર ઘણાં છે. આપણા દેશમાં મંદિરનો ઓરતો હવે રહ્યો નથી. માટે કોઈ મંદિર નહિ બંધાવું. કોઈ મકાન નહિ બંધાવું. સાધારણ રહેવા જેવું કંઈ બંધાવીશ, અને બધું સમાજનું કામ કરીશ.' એમણે કહ્યું. 'અચ્છા બેટા, કર કામ. હો જાયેગા.' 'આશીર્વાદ દો' 'તું તો ભક્ત હૈ. તેરા કામ ભગવાન નહિ કરેગા તો કિસકા કરેગા? તેરા કામ તો કરના હી પડેગા ઉસકો.' આવું સાંભળીને રાજી થઈને હું તો આવ્યો. ગુજરાતમાં એવાય તંત્ર જાણનારા હતા. સૂરતમાં અને નર્મદા કિનારે એમનો આશ્રમ છે. ઉટીમાં પણ છે. હું ઉટીમાં ગયેલો. પણ હોટલનું ભાડું તો કંઈ આપણાથી પોષાય નહિ. એટલે કંઈ એવું ખોળી કાઢો કે આપણને મફત મળે ને સગવડ મળે. એટલે યાદ આવ્યા. એમનો આશ્રમ ત્યાં છે. ઉટીથી બાર માઈલ દૂર. બહુ સુંદર, મોટો, નદીમાંથી ઘાટ કાઢીને બનાવ્યો છે. અમે ત્યાં રહેલા. ત્યાંથી બાર માઈલ માઈસોર થાય. બે વખત એમને ત્યાં જમતા, સૂતા. બહુ હોશિયાર માણસ. કેવી કેવી સુંદર જગાઓ પસંદ કરેલી. એમનું પોષણ થાય એટલી જગા રાખેલી. ત્યાં ગમે તે વાવે. એમનું ચાલે. અપટુડેટ કંડીશન(=વ્યવસ્થા) માં બનાવી દીધેલી. ઠંડુ પાણી મળી શકે એ માટેની સગવડ હતી. બાદશાહી ઠાઠથી રહે. એટલી સુંદર કારપેટો પાથરેલી હતી. હું તો આવો ખર્ચ ન કરું. હું તો વિચારું કે આ તો

પ્રજાનું છે, સમાજનું છે. સમાજનું આવી રીતે વાપરવાનો અધિકાર નથી. મારા વિચાર આવી જાતના. આજના સાધુઓ તો કહે, 'સમાજ ક્યા હૈ?' જે સંસ્કારથી થયા હોય એ પ્રમાણે એ કરે.

**સ્વજનઃ** મોટા, તમે કહેલું કે તમે હિમાલય ગયેલા, ત્યારે તમને ત્રણ મહાત્માઓનાં દર્શન થયેલા. એમાં એક તો અઘોરી બાબાની વાત કરી. બીજા હિન્દુ મહા વિદ્યાલયના સંદર્ભમાં માલવિયાજીને મળેલા એમની તમે વાત કરી. અને ત્રીજા કોણ હતા?

**શ્રીમોટાઃ** હિમાલયમાં જ રહેતા હતા. અને જ્યાં ગંગાજીનું મંદિર છે, એમાં જ રહેતા. છ મહિના ચાલે અને છ મહિના બંધ રહે. ગામડામાંથી પણ લોકો ત્યાં આવતા. કોક કોક રહે. અને છ મહિના નીચે ઊતરી જતા. હું એક બાજુ કોક ઠેકાણે રહેતો.

એક બાઈ એમની સેવામાં રહેતી. એણે એવી બધી વાત મને કરી. મહારાજની બધી નેગેટીવ વાતો હતી. અને સંસારમાં એને સ્વીકારવાવાળા બહુ થોડાક હોય. મને થયું કે, 'આવા મોટા મહાત્મા પુરુષ છે, અને આ બાઈને આટલો બધો મદ છે? એ ભગવાનની કૃપાથી જાય તો સારું. કારણકે આ બાઈ કેટલાયને કહેતી ફરશે. અને લોકો આ બાઈનું માનશે. અને પેલા મહાત્મા તો કંઈ સ્પષ્ટતા કરવા જવાના નથી. લોકો તો વાત ફેલાવ્યા કરે. એટલે મેં ભગવાનને પ્રાર્થના કરી કે, 'તું એને સદ્‌બુદ્ધિ આપ અને એનું ખરું સ્વરૂપ જુએ અને આવી બુદ્ધિ એની નીકળી જાય એવું તું કર. આ દૂર હટાવવા જેવી વાત મને લાગે છે. માટે કોઈપણ ઉપાયે આ તો થવું જ જોઈએ' એમ આખી રાત પ્રાર્થના કરવા માંડેલી. પછી સવારમાં ઊઠીને, દાતણપાણી કરીને નદીમાં

નાહીને, ધોયેલાં કપડાં પહેર્યાં. ગંગાસ્નાન કરતાંય પ્રાર્થના કરી. પછી એ બાઈ આવીને મને પગે પડી. ને કહે, 'મોટા, હવેથી હું આ કામ નહિ કરું. મે ભયંકર ભૂલ કરી નાખી. આવા મોટા મહાત્મા વિષે આવી વાત ફેલાવી! હવે એનું પ્રાયશ્ચિત મને બતાવો.' મેં કહ્યું, 'આનું પ્રાયશ્ચિત એ કે દ્રઢ વ્રત લે. ભૂલેચૂકે પણ આના વિરુદ્ધમાં કંઈ પણ તારે કહેવું નહિ. અને તને કંઈ પણ શંકા થાય તો એમને જઈને પૂછી આવજે.' તો એ કહે, 'મારી જોડે વાત કરશે?' મેં કહ્યું, 'હા, જા તારી જોડે વાત કરશે.' પછી એ બાઈને મહાત્મા પાસે લઈ ગયો. પગે લાગ્યો. પછી મે બધી વાત કરી. અને કહ્યું, 'આને કંઈ શંકા થાય, કંઈ વાત કરવાનું મન થાય, તો કૃપા કરીને ભગવાનની ખાતર એટલું કરજો. વચન આપો.' તો કહે, 'હા, જા વચન. એને જ્યારે આવવું હોય ત્યારે આવે. એની સાથે વાત કરીશ. એણે કેવી કેવી વાતો મારા વિષે ફેલાવી છે, તે હું જાણું છું. મારે તો કંઈ જાણવા-કરવાનું હોય નહિ. જેવી ભગવાનની મરજી. પણ એને આવીને જે કંઈ પૂછવું હોય તે પૂછે. વાતચીત કરવી હોય તો પણ કરે. અને એને મદદ જોઈતી હશે, તો પણ આપીશ.' મે એ બાઈને કહ્યું, 'જો, કેટલા ઉદાર છે! તે ખરાબ કર્યું, પણ તને મદદ આપવાને માટે તૈયાર થયા. તે તને એનું ઉદાર હૃદય સમજાય છે કે નથી સમજાતું?' તો કહે, 'સમજાય છે.' પછી અમે આવતા રહેલા. પણ આવા મહાત્માઓ હોય છે.

એક મકાન હતું એમાં રહેતા હતા. એક છોકરો રાખેલો. એક બાઈ રાખેલી. તે બધું કરે. અને બધો પૈસાનો હિસાબકિતાબ રાખવા એક મુનિમ રાખેલો. પૈસા કોણ મોકલાવે તેનો હિસાબ રાખતો. ત્રણ જણ રહેતા હતા. માણસો આવ-જા કર્યા કરતા. મરજી આવે તો સવાલનો જવાબ આપે. નહિતર ના આપે. મૂગામૂંગા

બેસી રહે. પૂછીએ એટલે જવાબ આપવો જ જોઈએ એવું નહિ. બે ચાર વાર પરસીસ્ટન્ટ(=પાછળ પડવું) થાવ, તો આપવો હોય તો આપે. આપણે પરસીટન્ટ થવું જોઇએ. આપણે એની પાછળ ફર્યા જ કરવું. પાંચ-છ દિવસ સુધી ગયો ત્યારે એમણે છઠ્ઠે દિવસે મારી સાથે એમણે વાત કરી. એટલી ધીરજ રહે નહિ, ને એ 'ના બોલ્યા' છો સૂઇ ગયા. આપણે તો હેંડો' એમ ક્હે તેને માટે નકામું.

આજે આ સંસારમાં, મારા વિષે ગમે તેટલું, ખરાબમાં ખરાબ બોલતા હોય, વિચારતા હોય, તોય તેને પણ હું ચાહું છું, એવું કબૂલ કરનારા પણ છે. હું ચાહ્યા વિના રહું નહિ. મારાથી રહેવાય નહિ, સાહેબ, કોણ જાણે કેમ, પણ મને સાચું લાગે છે કે ભગવાનનું એ જ લક્ષણ છે કે દરેકને ચાહે છે! એવું નહિ કે સાચાને જ ચાહે છે. ખોટાને પણ ચાહે છે. કોક દિવસ એમાંથી એનો ઉદ્ધાર થવાનો છે. સાચાને પણ ચાહે છે, અને જૂઠાને પણ ચાહે છે.

## સાકાર - નિરાકાર એક જ

શ્રીમોટાઃ ભગવાન પર્સનાલીટી(=વ્યક્તરૂપ) છે, એઝ વેલ એઝ(=સાથોસાથ) નોનપર્સનાલીટી(=અવ્યક્તરૂપ) પણ છે. એ બે આસ્પેક્ટ્સ(=પાસાં) માંથી નોનપર્સનાલીટીના આસ્પેક્ટસ જે છે તે વધારે છે. ગુણવાળો અને આપણને દેખાય નહિ- એના દર્શન આપણને દેખાય નહિ, એના દર્શન આપણને નહિ થાય. પણ એ સાકાર છે. સાકાર અને નિરાકારમાં કોઇ જાતનો ભેદ નથી. શક્તિમાં પણ ભેદ નથી. અને બોલાવે ત્યારે સાકાર સ્વરૂપમાં, એટલે સાકારનાં દર્શન તે નિરાકારનાં દર્શન બરાબર જ

છે. એમાં ક્યાંય ભેદ નથી. એટલે જેને એક દર્શન થઇ ગયા એને પછી જીવનમાં કોઇ જાતનું 'એ' નથી. નિશ્ચિંતતા - ગમે તે થાય. એની નિશ્ચિંતતા એટલી બધી સરળતાવાળી અને સહજ હોય છે. એ કાયમ એની સાથે જ હોય છે અને કંઇ કશામાં એ ચિંતાવાળો હોતો નથી. ભગવાનની કૃપાથી એ એનું કામ કરે છે. એક રસ્તે નહિ તો બીજે રસ્તે, નહિ તો ત્રીજે રસ્તે.

આ કાળાબજારિયા દાણચોરીવાળા પકડાયા. તે બધા ભેગા મળીને મને પચ્ચીસ હજાર રૂપિયા આપવાના છે. પેલા માણસને મે કહ્યું કે, 'મને જલ્દી આપજે. મારે કામ છે એનું. પછી પંચાત પડશે'. મે એમને ના કહ્યું કે, 'તમને પંચાત પડશે'. પણ 'પંચાત પડશે માટે જેમ બને તેમ જલદી પૈસા આપી દો, તો ખપમાં લાગે'. પચીસ હજાર રૂપિયા આપવાના હતા. પછી એકવીસ હજાર આપ્યા. ભલે ને એકવીસ હજાર. તો એકવીસ હજાર બાકીના હવે નહિ મળી શકે.

બધા દાણચોરો એકઠા થયેલા - સભામાં. સભા હતી. પોલીસોય હતી. પણ પોલીસો શું કરે? પોલીસો કોઇ દિવસ મારો જવાબ લેવા આવશે ખરી. મને પૂછશે કે, 'તમે આ .પૈસા કેમ લીધા?' મારે એક વખત કિસ્સો બનેલો ખરો. હું સૂરતની હોસ્પિટલમાં હતો. મને કશુંક થયેલું. ડૉ. આર. કે. દેસાઇ કહેઃ 'તમે ત્યાં જ ચાલો.' એટલે હું ત્યાં ગયેલો. ત્યાં એક પુષ્પાબહેન કરીને મારી સાથે હતાં. અનિલભાઇ હતા. ત્યાં ચા પીતો હતો. એવામાં એક માણસ આવ્યો. અમે એને ચા આપી. ચા પીતી વખતે બીજું કોઇ આવે તો ચા આપવી, એવો અમારો નિયમ. ગમે તેમ આડીઅવળી વાત કરી. મને થયું. માણસ આવી વાત શું કરવા

કરે? મારા મનમાં સ્ફુરેલું. મેં કહ્યું, 'ભઈ, તારું કામ નહિ સરે. તું જે કામ માટે અહીંયાં આવેલો છે, એ બને એવું છે નહિ અને તમે અહીંથી ચાલ્યા જાવ. અને તમારે આવવું હોય તો સરકારી વોરન્ટ લઈને આવજો'. વળી મે કહ્યું. 'પેસવા નહિ દઉં તમને. તમારે જવું હોય તો જાવ. તમારાથી આ કામ સરશે નહિ'. પછી ગયો તે ગયો. પછી કોઈ વોરન્ટ લઈને આવ્યું નહિ. પણ મે જ સભામાં કહેલું કે, 'ભઈ, તમે આ જે પૈસા લાવો છો તે ઠીક નથી. યોગ્ય રસ્તો નથી. હવે તમને એમાં બોધ આપવાનો નથી. પણ તમે મને જે પૈસા આપો છો એ પૈસા કોઈ દહાડો અભડાતા નથી. લક્ષ્મી પાવન છે. લક્ષ્મી કોઈ દિવસ અભડાતી નથી. અમે તો એ લક્ષ્મીનો સદુપયોગ જ કરીએ છીએ. અમારા આશ્રમમાં અમારા માટે વાપરતા નથી. એટલે અમારે લક્ષ્મી પાવન છે. જે કોઈ આવે, ને ગમે તેની લક્ષ્મી હોય તો લક્ષ્મી અમે લઈએ છીએ. તો લક્ષ્મી માતા પાવન છે. કોના માટે પાવન નથી? જે મેળવે છે, એના મનાદિકરણમાં જે ભાવ થાય છે, તે ખરાબ છે. બાકી લક્ષ્મી પોતે ખરાબ નથી.' એટલે બધા રાજી થયા.

તે વખતે સુરતમાં મારો ઉત્સવ ઉજવાયેલો. ત્યારે તેમાં દાણચોરોએ રૂપિયા આપેલા. અમે તો નામ સાથે લખીએ. અનામી કંઈ લખીએ નહિ. ત્રણ-ચાર જણાનાં નામ હતા. હું દવાખાનામાં હતો. એક ભાઈએ આવીને મને રિપોર્ટ બતાવ્યો. અને પૂછ્યું 'આ ચાર માણસોના પૈસા તમે કેમ લીધા છે?' તો મેં કહ્યું, 'શું વાંધો છે, ભાઈ? તમારી દૃષ્ટિએ ચાર માણસો સ્મગલર છે. આ તો કોમન બુદ્ધિથી કહું છું. તમારા મનથી આ સ્મગલર છે. એટલે સ્મગલરના પૈસા કેમ લીધા? તમને એમ લાગતું હોય કે આ દોષિત છે. તો મારા પર કેસ ચલાવો - જાવ. હું કોર્ટમાં જવાબ

આપીશ. અમે તો જાહેર અપીલ કરી છે. આવાં કામ કરવાના છે. એને માટે પૈસા જોઈએ. પૈસા તો ગમે તે આપી શકે. મહાત્મા ગાંધીએ વેશ્યાના પૈસા લીધેલા છે. એ ઈતિહાસની વાત છે. શું આ દાણચોરી કરે છે, એટલે ભારત દેશના માણસ મટી જાય છે? અને દેશને માટે કર્તવ્ય કરવું તે દરેકનું કામ છે. પછી ભલે, ગમે તે લોકો હોય. આ તો તમારું પણ કામ છે. તમે મને પાંચ-દસ રૂપિયા આપતા જાવ, પછી બધા હસી પડયા. પછી તેમણે મારા ઉપર કેસ કર્યો નહિ. ગયા તે ગયા.

## તાદાત્મ્ય ચિંતન

**સ્વજન:** મોટા, આ લો ઓફ આઈડેન્ટીટી- તાદાત્મ્ય થવાનું- આપણા જીવનમાં- એ જેમ જેમ આપણે ચેતનની જોડે આપણે ભેગા થઈએ- તેમ તેમ એ આપણામાં પ્રવેશે?

**શ્રી મોટા:** ના, તાદાત્મ્ય છે તે, ચેતનની છેક નજીક જઈએ, તેમ તે ગુણ આપણામાં ખીલે છે. જેમ સૂર્ય ઊગવાનો હોય, ને પ્હો ફાટે, પ્હો ફાટે એટલે આપણે જાણીએ કે સૂર્ય ઊગશે. તેમ તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટયો કે આત્માનો પ્રકાશ નિશ્ચિત. હવે તેને વાર નથી. હવે એક બે દિવસની વાર છે. તાદાત્મ્યનો ગુણધર્મ એ પ્રત્યક્ષ આત્માનું દર્શન આપણને થયેલું છે, એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. પ્રમાણ વગર જગતમાં કોઈ માને નહિ. પ્રમાણ પહેલું જોઈએ. આ અનુભવ થયેલો છે એનું પ્રત્યક્ષ પ્રમાણ આ તાદાત્મ્ય છે. કારણકે એનો ગુણધર્મ-આત્માનો-તે તાદાત્મ્ય. જો તાદાત્મ્ય ના થયો હોય તો આ સ્થિતિ શી રીતે થઇ હશે? ઝાડમાં ઝાડ જેવો, નદીમાં નદી જેવો, પર્વતમાં પર્વત જેવો, તણખલામાં તણખલા

જેવો, દેડકામાં દેડકા જેવો, સાપમાં સાપ જેવો- દરેકની સાથે તાદાત્મ્ય. તેનું પેલાનાં જેવું જ હોય અને તેમ છતાં પોતે નોખો, પેલાના જેવો જ થઇ જાય, બિલકુલ. જરા કે ફરક નહિ. પેલાના ગુણધર્મમાં અને આના ગુણધર્મમાં જરાકે ફરક નહિ. એવો પેલાની સાથે હળી, મળી,ભળી અને ગળી જાય- ચેતન. દરેકની સાથે. એક જણની સાથે નહિ. દરેકની સાથે હળી જાય. પણ મુશ્કેલી શી થાય?

જો આપણે પણ કોન્શ્યસ (=સચેત) થઇએ, આપણે વેપાર કરવા ધન લાવીએ. જરા પણ કોન્શ્યસ હોઇએ તો, આપણને ધ્યાન રહે કે આપણે પાછું આપી દેવાનું છે. આપણે ધન સાચવવાની કાળજી રાખીએ. આપણે પેલાને આપી દેવાનું છે. એમાં આપણે ભૂલચૂક કરતા નથી. તેવી રીતે આપણામાં જે તે કંઇ બધું મળેલું છે, મન, બુદ્ધિ...જે કંઇ આ પાંચ તત્ત્વ ઉપર જે કંઇ બીજું મળેલું છે, તે બધું ભગવાનનું જ મળેલું છે. ભગવાનનું જ છે. બીજા કોઇનું નથી. બધા કહેશે કે, 'આ તો અમારું છે. અમારામાં તો છે જ. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ અમારામાં છે, એનાથી અમે આ કામ કરીએ છીએ. એમાં ભગવાનને શું લેવા દેવા છે?, એવું મને મોઢે કહેનારા મળ્યા છે. મેં કહ્યું, 'તારી બુદ્ધિ તારી હોત, તું તારી બુદ્ધિના કહ્યા પ્રમાણે કરતો હોત, તો તું ધાર્યું કેમ નથી કરી શકતો, ભાઇ? તું તારું ધાર્યું કર ને! ધાર્યું પૂરેપૂરું થતું નથી. તો હું જાણું કે તારી બુદ્ધિ એ બરોબર'. પણ જો ધાર્યું ના થાય તો? એમાં ભગવાનને કોઇ સંબંધ નથી. ભલે ભાઇ ના હોય, તું માનવાને તૈયાર જ નથી, માનવું જ ના હોય, સમજવું જ ના હોય, તારે સ્વીકારવું જ નથી. પછી તારી સાથે દલીલ કરવી નકામી છે. પછી મેં મૂકી દીધું. આવું માનનારા લોકો પણ

જગતમાં છે.

એટલે ભગવાન તાદાત્મ્ય થાય છે ખરો. બધામાં થાય છે, પણ પછી દરેક જણા એ તાદાત્મ્ય ન જાણીને, પોતપોતાના સ્વભાવ પ્રમાણે વાપરે છે. એ તાદાત્મ્યને ભગવાન પ્રમાણે વાપરવાની કળા કોક જ જાણે છે. બીજા જાણતા નથી. બીજા તો પોતાના સ્વભાવ પ્રમાણે વાપરે છે. એથી કંઇ એમનું કલ્યાણ ના થાય. કલ્યાણની વાત એમના મનમાં નથી. એમના ચિત્તમાં નથી. ને લક્ષમાં પણ નથી. એટલે પછી ભગવાનનું આ બધું દિવ્ય કામ છે એ એના મનમાં શી રીતે ઊતરે? કોકને ઊતરે છે. નથી ઊતરતું એમ નથી. એના દાખલા આજે પણ કેટલાય મળી શકે એમ છે. બધાને કેમ નથી ઊતરતું? એકને જ કેમ ઊતર્યું? એનું કારણ શું? કેટલાકની શક્તિ કે બુદ્ધિ એને રીસીવ (=સ્વીકાર) કરે એમ હોય છે. એના કારણો ગમે તે હોય. સંસારમાં ભલે ઠોઠ જેવો દેખાતો હોય - પણ એને આ તત્વને રીસીવ (=સ્વીકાર) કરવાની એની તૈયારી હોય છે. એની લાયકાત હોય છે. એના કાયદા ઘડનારો જાણે છે, કે આ લાયક છે. પેલો એપ્ટીટયુડ (=રુચિ) વાળો હોય છે. બીજા એપ્ટીટયુડવાળા બિલકુલ હોતા નથી. ભણેલા ગણેલા વિદ્વાનમાં એ તત્વ કોઇ દિવસ નહિ આવે. પોતાના વિષયનું અભિમાન હશે. એવા વિદ્વાનોમાં, ભગવાન અવતરવાનો નહિ. આ ધર્માચાર્યો વગેરેમાં કોઇ દિવસ ભગવાન અવતરવાનો નહિ, એટલે ભગવાનની કળા કોઇ દિવસ એમનામાં નહિ ઊતરે - એ વાત ચોક્કસ. કારણકે એ લોકોને અભિમાન હોય - ત્યાં સુધી ભગવાન- નહિ આવે. અભિમાન ન હોય- એ તો મહાન કળા છે. 'અભિમાન જાય તો કામ કેવી રીતે થાય? મોટા, તમે તો ઊંધી વાત કરો છો', એમ કેટલાક લોકો કહે છે. મેં કહ્યું 'તમે કરી જુઓ-

અભિમાન નીકળતાં નીકળતાં કામ થાય છે કે નહિ? મે કામ કરેલું છે. અભિમાન નહોતું. કેટલી બધી નમ્રતા. નમ્રતાની હદ સુધી ગયેલ. કોઈ ગણકારે નહિ. મારી પોઝીશન (=હોદ્દો) એટલી બધી ઊંચી હતી કે આખા ગુજરાતના હરિજન સેવક સંઘનો હું સેક્રેટરી (=મંત્રી) હતો. પણ મને કોઈ ગણે નહિ. નીચામાં નીચા કામ કર્યા કરતો. કચરો વાળું, પાણી ભરીને તૈયાર રાખું, એવું બધું કરતો. અને બધાની સાથે સહકાર. કોઈની સાથે મે લડાઈ કરી નથી. ત્યારે બધાની સાથે મારો મેળ. એથી આજે બધા મને સારી રીતે યાદ કરે છે. એટલે આપણે આ માર્ગે જવું હશે તો અહંકારને તો કાઢવો જ પડશે. ગમે તે રીતે અપમાન થાય, આ થાય, તે થાય, ઘણું નુકસાન થાય, અહંકાર કાઢતાં- એ બધું યજ્ઞ છે. યજ્ઞમાં તો બધું બળે જ છે ને? બધું જ હોમી દેવું પડે છે. એવો યજ્ઞ છે. આ સંસારમાં રહીને જેમને ભગવાન મેળવવો છે, એમાં 'જૈસે થે'- જેવા છીએ તેવા ને તેવા રહીને આ કામ કરી શકીએ, એ કદી કાળ શક્ય નથી. કોઈ જો ભૂલેચૂકે માનતો હોય તો એ આકાશકુસુમવત્ છે. એટલે આકાશમાં જેમ ફૂલ ઊગે છે એમ કહીએ તો એ શક્ય નથી. આપણે માનીએ નહિ. એવી રીતે આ સંસારમાં રહીને, અને સંસારના- જેવા જ રહીને, સંસારની જેવી રીતે વર્તીને અને સંસારની પ્રમાણે જ તેવાં બધાં આચરણ કરીને પછી જો ભગવાનને મેળવવાની વાત કરો તો મિથ્યા છે. એનો કોઈ પેલા સાથે મેળ નહિ ખાય. ભગવાન એવું નથી કહેતો કે આ બધું છોડી દો. ભગવાન કહે છે કે આ બધું કર - પણ અભિમાનરહિત, અભિમાન સિવાય. અને બીજું શું? અનાગ્રહ, નિરાગ્રહ, કોઈ જાતનો આગ્રહ નહિ. આ બધાં કામ કરો - પણ પ્રભુપ્રીત્યર્થે - નિરાગ્રહ રીતે. પછી ચાર પાંચ એની શરતો છે એ પ્રમાણે તમે કર્મ કરો અને સંસારમાં રહો તો પ્રભુ જરૂર મળવાનો.

સાથે ભક્તિ કર્યા કરો.

તા. ૨૩-૯-૭૪

## સંત પરિચય

**શ્રીમોટા:** આ સાધુમહાત્માઓની સાથે ફરતો ત્યારે તેમની સાથે વ્યસન અંગે ચર્ચા કરતો. કોઇ સત્સંગી હોય તો કહું કે, 'ભાઈ, તમે આ બધું કરો તો તેની સામે મારો વિરોધ નથી. પણ એમાંથી આપણે સમાજને એવો સજ્જડ રેશનલી દાખલો આપી શકીએ તો એ લોકો પણ સમજે, કે આમાં પણ કશું તથ્ય હોવું જોઈએ.' દા.ત. આપણે જોઈએ એકાગ્રત્તા. એકાગ્રતા કરતાં વધારે ધૂની કે ક્રોધી થયા છે. એકાગ્રતા તો ભગવાનના સતત સ્મરણમાં કે એના ભાવમાં ટકાવી રાખે. પણ તમે તો રહેતા નથી. તમે એ એકાગ્રતાનો સદુપયોગ કરતા નથી. એ એકાગ્રતાની તમને દારૂ જેવી ટેવ જ પડેલી છે. માટે ખરાબ ગણાય છે. તમે કરો છો એ ઉત્તમ છે, એવું કંઇ છે નહિ.' એથી મારા પર બહુ ચીઢાયા. એક દિવસ એમણે મને ચીપિયો ઠોકી દીધેલો. પછી હું તો જતો રહ્યો.

પહેલાં આ સાધુઓમાં બહુ ફરતો હતો. એમાંથી મને કંઇ જ્ઞાન મળે એવી કલ્પના હતી. પણ બધું હમ્બગ(=તરકટ) હતું. કંઇ કશું નથી. બધું નકામું છે. એથી મેં બંધ કરી દીધેલું. પછી હું ચેતી ગયેલો. હિમાલય સુધી ગયેલો. ત્યાં ત્રણ એવા મળેલા ખરા. એ ત્રણેય બહુ અદ્‌ભુત માણસો હતા. વળી અનુભવવાળા હતા.

ઇતિહાસમાં કોઇએ વાંચ્યું હોય તો પંડિત માલવિયાજીએ હિન્દુ

યુનિવર્સિટીમાં કાશીવિશ્વનાથ જેવું મંદિર બનાવેલું. શહેરના કાશીવિશ્વનાથ મંદિરની નકલ કરાવી એમણે ત્યાં પણ ગંગાની નહેર બનાવેલી. બધે પાણી જેવું બનાવેલું. બધું તૈયાર થયેલું. પણ એની પ્રાણપ્રતિષ્ઠા કોણ કરે? પ્રાણપ્રતિષ્ઠા વિના પૂજાય નહિ.

**સ્વજનઃ** ક્યાં બનાવેલું, મોટા?

**શ્રીમોટાઃ** ત્યાં હિન્દુ યુનિ.ની અંદર બનાવેલું. પછી એની પ્રાણપ્રતિષ્ઠા કરવી પડે ને? તો પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે કોઈ લાયક માણસ પણ જોઈએ ને? એ લાયક માણસને શોધતા હતા. માલવિયાજીને સાધુસંતો સાથે સહવાસ પણ વધારે. એ માટે માલવિયાજી ફર્યા. તે ફરતાં ફરતાં જડ્યું કે આ હિમાલયમાં ગંગાજીનું મંદિર છે, તેની પેલી બાજુ એક નાગા સાધુ છે. તે આવા જ્ઞાની પરમપુરુષ છે એવી એમને ખબર પડી. એટલે એ પોતે જાતે ત્યાં ગયા. એમ ને એમ તો એ માને એવા હતા નહિ. આપણે દર્શન તો કરીએ. ત્યાં ગયા, બેઠા. બે ત્રણ દિવસ થયા. ત્યાં આગળ બહુ પહેલાંની હિન્દુઓની એક સંસ્થા છે. કાલીકામળીવાળા બાબાની સંસ્થાઓ ઠેકાણે ઠેકાણે છે. માણસો રહી શકે એવી બધી સગવડો રાખે. કાળીકામળીવાળા બાવાએ કરેલી. માલવિયાજી મહારાજ પાસે બે દિવસ એમ ને એમ બેસી રહ્યા, એમ ને એમ બેસે, બધું જુએ, તપાસે. માલવિયાજી સંસ્કૃતના બહુ જાણકાર ને જ્ઞાની હતા. પછી કંઈ વાત ઊપાડી. પેલા બરાબર જવાબ આપતા. એવા જવાબ આપતા કે માલવિયાજી ખુશ થઈ ગયા. પછી ઈશ્વર વિષે બીજા બધા પ્રશ્નો પૂછતા. એના પણ બધા સાચા જવાબ આપ્યા. એટલે આ પણ અનુભવ સાચો. આમ માલવિયાજીને ખાત્રી થઈ. 'બીજું કંઈ કારણ

નથી. જેમ કાશીમાં કાશીવિશ્વનાથ છે, એવું એક મંદિર અમે બનાવ્યું છે. યુનિ. માં હજારો વિદ્યાર્થીઓ ત્યાં ભણે છે. અને ત્યાં ગંગાજીની નહેર કાઢી છે. એ પણ આગળ- પાછળ ફરે છે. બરોબર પ્રોટોટાઈપ કાશીવિશ્વનાથ મંદિર જેવું કર્યુ છે. એની પ્રાણપ્રતિષ્ઠા કરવી છે. ઘણા વખતથી હું ખોળતો હતો કે કોઈ એવો અનુભવી પુરુષ મળે કે જેના હાથે પ્રાણપ્રતિષ્ઠા થાય. પછી હું તમને આ જ સ્થિતિમાં મૂકી જઈશ.' 'બહુ કપડાં લત્તાં પહેરીશ નહિ. તારે મને લઈ જવો હોય તો લઈ જા. કપડાં બપડાં નહિ પહેરું.' તમારા માટે ફર્સ્ટ ક્લાસનો સ્પેશિયલ ડબો રાખીશ, અને ફૂલનો પહેરવેશ આપીશ.' 'મને ફૂલનો વાંધો નથી. ગમે તેવા ફૂલ નહિ ચાલે. સુગંધીવાળા ફૂલ જોઈએ.' 'તૈયાર રાખીશ'. અને મહારાજ હિમાલયની તળેટી સુધી તો નાગા રહેલા. પછી સ્ટેશન પર આવ્યા, ત્યાર પછી ફૂલના શણગાર કરેલા. માથે મુગટ, ગળામાં માળા. આ બધું ફૂલનું તૈયાર કરેલું તે મહારાજને પહેરાવી દીધું. પછી ત્યાં બેસાડ્યા. એ તો કશું બોલે-કરે નહિ. આ બધું વર્ણન મેં 'હિન્દુ'માં વાંચેલું. એટલે મને થયું કે 'આ મહારાજના દર્શન કરીએ તો બહુ સારું. કંઈ કૃપા થવાની હોય તો થાય. એટલે આ મહારાજના દર્શન કરવાને માટે ઓગણીસસો ચોત્રીસની સાલમાં ગુફામાં ગયેલો. ત્યાં જઈને બેઠો. માલવિયાજીએ મહારાજ માટે ઘણી સારી સગવડ કરી આવેલી. પહેલાં અહીં ઓરડી મળે નહિ. શિયાળામાં, ઉનાળામાં તે એક જ સ્થિતિમાં ત્યાં જ પડ્યા રહે. પછી માલવિયાજીએ એમને માટે ઘર કરાવ્યું. કંઈ કશી એમની માટે જોઈતી વસ્તુઓ મળે એવી વ્યવસ્થા ત્યાં આગળ કરાવી. અમુક વખતે બંધ થઈ જાય, ને છ મહિના ચાલે, છ મહિના પછી બરફ પડવા માંડે, એટલે બંધ થઈ જાય. એટલે છ મહિના પછી પણ વસ્તુઓ રહે એવી સગવડ કરી આપી. એમની

સેવામાં પોતે ઓળખતા હતા એવી એક બાઇ રાખી હતી. બે માણસો રાખ્યા. માલવિયાજીએ બધી વ્યવસ્થા પાકી કરી અને નીચે ઊતરી આવ્યા. એવું બધું મેં વાંચેલું છે.

હું ત્યાં ગયેલો. કેટલાય માણસો એ મહાત્માનું ભૂંડું બોલે. મહાત્માનું ખરાબ બોલે. એટલું બધું ખરાબ બોલે.

**સ્વજનઃ** મોટા, તમે કહેલું કે તમે મહાત્માને મળ્યા, તમે એમને પ્રશ્ન પૂછ્યો, કે ચેતનામાં જાય એનું અસ્તિત્ત્વ રહે કે નહિ? એની પર્સનાલીટીનું શું? તે લય થઇ જાય.......

**શ્રીમોટાઃ** પછી એને પર્સનાલીટી જેવું કંઇ કશું રહે નહિ. એ ગોડ્હીમસેલ્ફ (=પોતે જ પ્રભુ) જેવી સ્થિતિ થઇ જાય. આ પૃથ્વી પર કેટલા બધા જીવો મુખ્ય હોય તે માણસો સાથે સંબંધ હોય છે. દોસ્તી થઇ હોય, મૈત્રી થઇ હોય. જીવને ખરી ભક્તિ જાગી હોય. એવા લોકો એને યાદ કરે છે. અને બહુ ભક્તિ કરે. એને પોકાર પાડે. આ બધાને લીધે જુદુ અસ્તિત્ત્વ છે, તેમ લાગે છે. પણ ઇન ફેક્ટ (=ખરેખર) નથી. જ્યારે એ તત્ત્વ સાથે જે એનો અહોભાવ છે, એકત્વભાવ છે, જેની સાથે ભાવાત્મક એ બધા જે ભાવ છે, તેની સાથે કામ કરતું હોય, અને કામ કરતું હોય, અને કામ કરતું હોય છે એટલું જ નહિ, કેટલાક પ્રત્યક્ષ આકાર રૂપે પણ દેખાય. અત્યારે આકાર દેખાય છે. જેવી જરૂરિયાત હોય ત્યાં દેખાય. આવા લોકોના કિસ્સામાં આ બધું બુદ્ધિથી કે દલીલથી કશાથી આપણે યથાયોગ્ય ઠેરવી શકીએ એવી સ્થિતિમાં નથી. આ છે જ, અને આવી રીતે છે, એમ કહી શકીએ નહિ. બધા વિદ્વાનોએ પ્રયત્ન કર્યો છે કે બુદ્ધિથી આ યોગ્ય છે એમ ઠેરવી શકાય છે.

પણ મારા ગળે એમની વાત ઊતરતી નથી. તમારે ક્હેવું હોય તો ક્હો કે આમ ફેક્ટ(=ખરેખર) છે. પણ માનવું - ના માનવું દરેકની મુનસફીની વાત છે. પણ એ ખરેખર ફેક્ટ છે જ એવી દલીલો કરે છે, અને એ લોકોએ બુદ્ધિથી દલીલો શોધી છે. મારે ગળે એ ઊતરી નથી. તેથી મે એના વિષે વિચાર કર્યો નથી.

પણ એનું જુદું અસ્તિત્ત્વ હોતું નથી. આપણી જાત જુદી છે એમ આપણને લાગે છે. એવી રીતે પેલા મહાત્માઓ, મહાન તત્ત્વોમાં લય થઇ ગયા છે ત્યારે એને અસ્તિત્ત્વ નથી. તેમ છતાં એમનું અસ્તિત્ત્વ આપણને લાગે છે, એ આપણી પોતાની ભાવનાને લીધે લાગે છે. બાકી નથી- એવું મને લાગેલ છે.

મારા ગુરુમહારાજ મને ઘણીવાર ક્હેતા, 'જો મૈ હૂં સો મૈ હૂં. પીછે મેરા સ્વરૂપ અલગ હો જાયેગા! પીછે મુઝે કોઇ નહિ બુલાયેગા, કોઇ પુકાર નહિ પાડેગા, કોઇ જગા પર નહિ રહનેવાલા હૈ. તું પોકાર પાડીશ ત્યારે હાજર થઇશ. તો મૈ ક્હાં જાયેગા? મૈ યહી રહનેવાલા હૂં. યહી જગા પર.' એમ એમણે મને ક્હેલું. મારે જ્યારે જરૂર પડે ત્યારે હું પોકાર પાડું. એક-બે સંકટની વેળાએ મારે એવી જરૂર પડેલી. ગરીબનું સંકટ પૈસાનું હોય. એવું સંકટ પડેલું. તેરસો રૂપિયાની જરૂર પડેલી. એટલા બધા રૂપિયા તો મારે મન તો અધધધ રૂપિયા ક્હેવાય. તે રૂપિયા મને ધીરે પણ કોણ? તો મે ગુરુમહારાજને પ્રાર્થના કરેલી કે, 'પ્રભુ, આ અવસર આબરૂ જાય એવો છે. ક્યાંથી લાવું હવે? કોઇ છે પણ નહિ. ને એટલા બધા પૈસા લાવવા ક્યાંથી? બધા પ્રયત્નો કર્યા. પછી તમને પ્રાર્થના કરું છું. તમે તો હયાત નથી. પણ મને ખબર છે કે તમને હું હયાત કરીશ. મને વિશ્વાસ છે કે તમે પ્રગટ થશો જ'. બહુ બહુ રડતાં

રડતાં પ્રાર્થના કરેલી. પછી આવેલા. મને ક્હે 'દીકરા, તું શું કરવા રડે છે? તારે માથે સમર્થ ધણી છે. તેની ખબર પણ નથી? સમર્થ ધણી હોય તેને ક્હી દેવાનું કે આ કામ તારે કરવાનું છે' 'હુકમ મારાથી ના થાય' 'તો વિનંતિ કરવી, પ્રાર્થના કરવી. એ તો થાય કે ના થાય? પહેલાં પ્રાર્થના કરવી- વારંવાર પોકાર પાડવો. પણ રડવું બડવું નહિ. એ બરાબર નહિ' એમ મને ક્હે. પછી ક્હે: 'મને ક્હે, શું કામ છે તારે? કેટલા પૈસા જોઇએ છે?' મેં કહ્યું: તેરસો જોઇએ છે'. તેમણે મને તેરસો રૂપિયા કાઢીને આપ્યા. જરૂર પડ્યે તો સો વધારે આપું. એમ ક્હીને ચૌદસો રૂપિયા હાથમાં આપીને ગયા. હું તો ભગવાનનું નામ લેતો રૂપિયા લઇને ઘેર ગયો. મારી માને કહ્યું: 'મા, રૂપિયા લાવ્યો.' મારી બા ક્હે, 'રડ્યા, આટલા બધા રૂપિયા અત્યારે રાતે ક્યાંથી લાવ્યો? કોઇના ચોરીને લાવ્યો?' મેં કહ્યું, 'મા, ચોરી તો નથી લાવ્યો. મારા ગુરુમહારાજે આપ્યા.' 'હો વે. તારા ગુરુમહારાજ આટલા રૂપિયા આપતા હશે!' 'મા, તારે રૂપિયા સાથે કામ છે? તું તારે કામ કર. લે આ.' એમ ક્હીને આપ્યા ને કામ પત્યું.

એની પાછળ ક્હેવાનો મતલબ એ કે આવા જે લય થઇ જાય છે, તો પણ એના જે ભક્ત છે, જે એના રીલેટીવ્સ(=સંબંધમાં) છે, જેની સાથે એમને દિલ છે, તેવા લોકો પોકાર પાડે, અને ખરેખરો પોકાર હોય છે, ત્યારે કાં તો એ પ્રત્યક્ષ હાજર થાય છે, કાં તો સૂક્ષ્મ હાજરીથી એનું કામ પતાવે છે. બેઉ રીતે. એક પ્રસંગ તો તમોને મેં ક્હેલો કે વીસાપુર જેલમાં બીજા બધાને મારતા હતા, અને મને જોતાં જ મારતા બંધ થઇ ગયા.

એક વખત જેલમાં મને ઝાડા થઇ ગયેલા- ડાયેરીયા થઇ

ગયેલ. વારંવાર જવું પડે. અને અમારા લોકોએ- (જેલવાસીઓએ) ઘણા આવા વેષ કાઢેલા! એટલે એ લોકો સાચું માને જ નહિ. કારણકે અમારા લોકોએ આવી બનાવટો કરેલી. તે અમારી ઈમ્પ્રેશન(=છાપ) આવી થઈ ગયેલી. મને દાખલ કર્યો. બધા કહેઃ 'એ હંબગ છે'. મેં કહ્યું કે, 'અપવાસ પર જઈશ. કશું ખઈશ નહિ. મારી વાત સાચી છે કે મને ડાયરિયાનો રોગ છે. બીજા દિવસે ખાધું. કેદી જ્યારે ખાય ત્યારે નિયમ પ્રમાણે એનો રિપોર્ટ કરવો પડે. પછી સુપરિન્ટેન્ડેન્ટ આવ્યા. મેં નમસ્કાર કર્યા. મેં અંગ્રેજીમાં સારી રીતે વાત કરી કે, 'સાહેબ, આ સ્થિતિમાં કેદી શું કરી શકે? એ તો ગુલામ છે. એને સ્વતંત્રતા આપો. નહિતર હું પૂનામાં જઉ- તો હું ખાતરી કરાવી આપું કે મને આ રોગ છે. ન ખાવું એ જ હથિયાર- કારણકે ખરી વસ્તુને પણ જ્યારે તમે માનો નહિ.' મને કહે કે, 'તમારી વાત બહુ સાચી છે. પણ બધાએ આવું ખોટું ચલાવ્યું છે માટે અમને થાય.' 'તમારી વાત સાચી. પણ મારી વાતમાં કોઈ ઢોંગ નથી. મારી વાત સાચી છે.' એમ મેં કહ્યું- પરીક્ષા તો થઈ ગયેલી. ડોકટરે તપાસી લીધેલો. અને રિપોર્ટ મોકલી આપ્યો હતો. પછી મને પૂના મોકલી આપ્યો. ત્યાં પણ એવું થયું, તો મારા ગુરુમહારાજે મારી પ્રાર્થના સાંભળેલી. એટલો બધો હેરાન કર્યો. એ જડ જેવા લોકો તો માનશે નહિ. આ જેલર લોકો આ માનશે નહિ. એટલે આનો ઉપાય શો? ભગવાન છે. એ આપણને છૂટો કરી આપે તો થાય. બાકી તો થાય એવું નથી. મેં પ્રાર્થના કર્યા કરી. પછી મને લઈ ગયા. ત્યાં ડોકટરોએ કહ્યું કે 'દરદીને આટલું બધું થયું તોય તમે એને લાવ્યા નહિ? તમે કેવા માણસો છો?, મારું શરીર તો લાશ જેવું થઈ ગયેલું. પછીથી બધું ગયું. મારા ગુરુમહારાજને પ્રાર્થના કરેલી કે, 'હે પ્રભુ, મને વચન આપો, મારે તો હજુ કેટલાય કામ કરવાનાં છે, કરોડો રૂપિયાનો

હુકમ આપ્યો. હજી તો કંઈય થયું નથી- હજુ તો હુકમ આવ્યો કે તું જા. આ લડતમાં જા. દેશની ભક્તિને લીધે નહિ, પણ તારી સાધના કેટલી પ્રબળ છે તેની તને ખબર પડશે. પોલીસોના દંડાના માર ખા. ત્યાંથી ખસવાનું નહિ. ત્યાં ને ત્યાં ઊભા રહીને ભગવાનનું નામ લેતાં લેતાં તું માર ખા. એટલે અભય કેટલો કેળવાયો છે- તને તે વખતે ડર લાગે ને તો માનવું કે આપણે ખોટા છીએ. પણ જો ડર ના લાગે તો, ભગવાનનું નામ લેતાં લેતાં માર ખાઈશ તો હું રાજી થઈશ, કે તારો અભય બરોબર કેળવાયો છે! તારી તાકાત જણાશે. સાત - આઠ વાર આવા માર ખાવાના પ્રયોગો થયેલા છે. એક બે વખત તો ઉપરીઓએ આવીને મને માર ખવડાવેલો.

બૂચ કરીને એક નાગર સદ્‌ગૃહસ્થ હતા. હમણાં ત્રણ વર્ષ પર ગુજરી ગયા. મને યાદ કરતા હતા. કાઠિયાવાડમાં એક નાના ઠાકોર હતા. ઠાકોરે એમને મારવા માટે યુક્તિ કરીને જમાડવાનું ગોઠવેલું. 'તમે તો ખરા બ્રાહ્મણ છો, તમને તો દેશને માટે બહુ લાગણી. તો તમારા જેવા બીજા બ્રાહ્મણ મને ક્યાંથી મળે?' મેં તો ના કહી કે, : 'આમાં જશો નહિ, આ ઠાકોરને આજે ક્યાંથી ભાવ જાગ્યો?' એમ મેં કલ્પના કરી. આજે પેલા લોકોના ભાવ જાગ્યો. હંમેશાં વિરોધમાં જ રહે છે. પોલીસ બધા એમને ત્યાં જ રહેતા હતા અને ખાતા પીતા. એ ઠાકોર તો વિરોધમાં જ હતો. 'આજે ક્યાંથી પુણ્યભાવ જાગ્યો? એક બે વાર વિચાર કરો. પછી નક્કી કરો. ગરીબનું કહ્યું માનો'. લાડવા ખાવાનું મન થયેલું. એટલે કહેઃ 'શું કરશે આપણને? બહુ તો આપણને મારશે. માર ખાવા તો આપણે આવ્યા છીએ.' 'સારું ત્યારે ચાલો. અમે ગયા. બધાને જમાડ્યા કર્યા. આરામ કરાવ્યો. સાંજે છ પછી મિટિંગ રાખીશું. એમ નક્કી

કર્યું. પોલીસ બધા ખરા. પણ બધા આઘે રાખેલા. એક આસી. ડી. એસ. પી. હતો. એ જાણે કે આ કારસ્તાન છે. ઠાકોર એકલાએ નહિ કરેલું. કલેક્ટરે અને બીજાએ ભેગા થઇને આ કારસ્તાન કરેલું. એવું નક્કી કરેલું કે મરણ ન થાય તે જોવું- પણ મારવા ખૂબ. બધું શણગારેલું 'વન્દે માતરમ્' એ ગીત ગવાયું. બધા બોલવા ઊભા થયા. મારો વારો પણ આવ્યો. મારું ભાષણ પૂરું નહિ થયેલું, ત્યાં જ બધાંને ઝૂડંઝૂડા- લાકડીઓથી છોકરાઓને મારવા લાગ્યા. ચારે બાજુ પોલીસો ઊભેલા ને જે જાય તેને સારી પેઠે મારે. કેટલાક નાસી ગયા. કેટલાક મારી બાજુએ ઊભેલા- એ માર ખાતા હતા- એ પણ કોઇને કોઈ કારણથી છટકી ગયેલા. મને સખત મારવા લાગ્યા. એ વખતે ડી. એસ. પી. બચુભાઇ નાગર હતા. એ એકદમ આવ્યા. કહ્યું, 'આને શું કામ આટલો બધો મારો છો?' મારે ભગવાનનું નામ ચાલતું હતું. 'એનામાં શક્તિ નથી.' મને ઊંચકીને ધર્મશાળામાં લઇ ગયા. પછી એ મને કહે, 'હું સૂતો હતો ત્યાં મને લાઈટ દેખાયું. મને કહે કે, 'ઊભો થા અને પેલા છોકરાને બચાવ. મરી જશે બિચારો!' મેં કહ્યું, 'તમે ગુરુમહારાજનું કહ્યું માનીને આવ્યા. નહિતર આ કાળમાં કોણ માને?'

ઘણી વાતો એવી હોય છે કે આપણી બુદ્ધિમાં બેસે નહિ. તેમ છતાં બનતી હોય છે. ભગવાનની બાબત છોડી દો. આ સંસાર-વ્યવહારની બાબતમાં પણ આવું ક્યારેક બને છે- બુદ્ધિમાં ઊતરી ન શકે.

એવો દાખલો મને બરાબર યાદ છે. હું નોકરી કરતો હતો. એક પૈસાવાળાને એકદમ સડસઠ હજારની જરૂર પડી. એ રૂપિયા ન લાવે તો દેવાળું નીકળે. ઘરેણાં હતાં. બધાં વેચે તો દેવું ચૂકવી

શકાય- છેક નાદારી ન નીકળે. પણ એમને એમ થયું કે બીજે ક્યાંકથી ઊછીના મળતા હોય તો ઘરેણાં કાઢવાં ન પડે. પછીથી દસ-બાર માણસો હશે એવા, એમની પાસે પૈસા માગવા ગયા. આમ તો પૈસાદાર માણસ હતો. બધા જાણે કે આની પાસે પૈસા તો છે. પણ બહુ ભારે દેવું થયું છે. એટલે પૈસા માગવા આવ્યા છે. એટલે લોકોએ પૈસા આપ્યા. બધાંને પૈસા આપી શકાયા અને દેવું ચુક્તે થઇ ગયું. એટલે આવા બનાવો પણ બને છે.

મારા મનથી એને ભગવાનની બહુ મદદ હતી. પણ એ માને નહિ. પણ ભલે ઇશ્વરને ન માનતો હોય, પણ જગતમાં આવા બનાવો કેટલેક ઠેકાણે બનતા હોય છે.

એક સ્ટેશન માસ્તર હતો. પંચમહાલનાં જંગલમાં ફરતો હતો ત્યારે ખબર પડેલી. જંગલમાં બિચારો સ્ટેશન માસ્તર અટૂલો હોય. પૈસાથી ભરેલી ચામડાની થેલી તૈયાર કરી એને સીલ મારી ગાડીમાં આપવા જતો હતો. ત્યાં ઝૂંટ મારીને કોક એ થેલી લઇ ગયો. એણે પોલીસમાં ફરિયાદ કરી કે 'મારી આવી સ્થિતિ છે અને ચોરી થઇ ત્યારે આટલા માણસો હાજર હતા.' પોલીસે તપાસ કરી કે વાત સાચી છે કે ખોટી? સરનામા- બરનામા લખી લીધા. પછી ત્યાં જઇ તપાસ કરી આવ્યા કે વાત સાચી છે. અમારા દેખતાં જ ચામડાની એ થેલી કોઇ ઉપાડી ગયું. બીજું એ કંઇ જાણતા નથી એ માણસ કોણ હતો? કેવો હતો? કંઇ જ જાણતા નથી. એ લઇ ગયો હતો. સ્ટેશન માસ્તર તો રડ રડ કરે. પણ એની બૈરી એને વારંવાર કહે- પંચમહાલમાં ભીલોમાં હું કામ કરતો એટલે હું ત્યાં જ હતો- બૈરી કહે; 'રડ, રડ શું કરો છો? રડવાથી શું વળવાનું છે? આપણે કંઇ ચોરી કરી નથી. તમે ભગવાનને પ્રાર્થના કરો. આપણે

ભગવાનને પ્રાર્થના તો કરીએ. એ મળવાનું હશે તો મળશે. નહિ મળવાનું હોય તો નહિ મળે. પણ પ્રાર્થના તો કરીએ. ભગવાનની આગળ પ્રાર્થના કરીએ. આપણે ભગવાનને ના માનતા હોઈએ, પણ આપણે નથી માનતા એવું કંઇ હોતું નથી. આપણે ના માનીએ એ જુદી વાત છે. પણ એ આપણને નથી માનતો એવું નથી. માટે આપણે પ્રાર્થના કરો.' પેલો કહે; 'તું તારે કર. મારા મોંમાંથી તો પ્રાર્થનાના શબ્દો ન નીકળે.' એ બૈરીએ પ્રાર્થના કરી- બરાબર રડતાં રડતાં પ્રાર્થના કરી- એવા શબ્દોથી ભગવાનને પ્રાર્થના કરી કે જે માણસ પેલી થેલી લઇ ગયો હોય એ થેલી પાછી આપવા રાત્રે આવ્યો. એને પછી બહુ પસ્તાવો થયો. કહે; 'મારી બૈરી મને બહુ લઢી. અને કહ્યુંઃ 'જંગલમાં બિચારા સ્ટેશન માસ્તર એકલા રહે છે. એની પાસે પૈસો નહિ. અને તેં આ કર્યું? તો એની શી વલે થશે? સરકારમાંથી એની નોકરી જશે- બીજે કંઇ ચોરી કરજે પણ આ ના કરીશ.' પેલી બાઇ પ્રાર્થના કર્યા કરતી હતી, એના લીધે હોય કે ગમે તેમ હોય, પણ થેલી પાછી આવી. એ જોઈને એ બહુ રાજી થયો. એ તો થેલી જોઇને નાચવા લાગ્યો. થેલી લઇને આવનારને બાથમાં લઇને બેસાડ્યા. એની પત્નીએ ચા-પાણી કરાવ્યા, નાસ્તો કરાવ્યો, જમાડ્યા બરાબર. અને ભગવાનને પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ, આવા સંકટમાં તમે જે મદદ કરી- કૃપા કરી- ઉગાર્યા'- બૈરી તો બરોબર માની ગયેલી- હું એ વખતે હાજર હતો. ધણી માનતો નહોતો. એ તો કહે, 'આ તો ઓટોમેટીક(=આપોઆપ) બન્યું.' પત્ની કહે, 'નહિતર આ તો બને નહિ ને બન્યું.' ભગવાનને ના માનતા હો તો ના માનો. ગમે તેમ મળી ખરી. જઇને પછી સ્ટેશન માસ્તરે વાત કરી કે 'જે લઇ ગયો હતો, તે પાછી આપી ગયો' પણ એ સ્ટેશન માસ્તરના નામ પર ચડ્યું તે ચડ્યું. એ છૂટ્યો ત્યાં સુધી નીકળ્યું નહિ, કે એણે જ આ

ગોલમાલ કરેલી- પેલા માણસને તૈયાર કરીને ચોરી કરાવેલી છે.

આવા કિસ્સાઓ ભગવાનને ન માનનારના જીવનમાં પણ બને. એના હૃદયનો આર્તપોકાર નીકળે. હૃદયનો ભાવ નીકળે. એ ભાવમાં એ સમાયેલો છે. એ ભાવમાં એ છે જ. કોઈ માને કે ના માને, એની સાથે બિલકુલ સંબંધ છે જ નહિ; -પણ કોઈ જે ભાવ થી બોલે- એ જે ભાવ છે- એ ભાવમાં એ પોતે છે જ. એમાં કોઈ માને કે ન માને એનો કોઈ સવાલ જ નથી. પણ એ છે. પેલો ભગવાન એટલો બધો ઉદાર છે કે આ તો મને નથી માનતો એટલે એને ક્યાં મદદ કરું? એવું નથી. ભગવાન પાપીઓને પણ નથી જોતો, એ ગણતો પણ નથી. પાપ જો ગણે તો જગતમાં કેટલાય ભક્તો થઈ ગયા, જેમણે પાછલા જીવનમાં કુકર્મો કેટલા કર્યા છે, તે વિચારે તો તેને જીવવાનો વારો જ ના આવે! એનાથી જીવી જ ના શકાય. આપણે જ વિચારીએ, આપણા જીવનમાં આપણે કેટલાંય કુકર્મો કર્યા હશે! એ બધાનો ભગવાન ખ્યાલ રાખે તો આપણે કોઈ કાળે જીવી શકીએ નહિ. ને ભગવાન તો, આપણા પાપકર્મને વિચારતો જ નથી. ભગવાન જોતો જ નથી. એ તો આપણે એના પર કેટલો પ્રેમ કરીએ છીએ એ જુએ છે! -ભયંકરમાં ભયંકર લૂંટારાઓ હોઈએ, ભયંકર દોષો કર્યા હોય, તેમ છતાં આપણે ભગવાનને વિચારીએ, ભગવાનને પોકારીએ, ભગવાનની ભક્તિ કરીએ, તો ખડા પગે એ આપણને જોઈએ એ કામમાં આપણને મદદ કરતો હોય છે. આના વિષે જોઈએ તેટલા દાખલા છે. મારા વિષે કહું તો નહિ લાગે. પણ એવા અનેક દાખલા બનેલા છે. તમે માનો કે ના માનો- ઈશ્વરને- એની સાથે સંબંધ નથી. ઈશ્વર કંઈ એનો પોતાનો જ મટી જતો નથી. ન માને તો ભલે! ઈશ્વર એવું કંઈ કરતો નથી, કે આ મારો બેટો મને

માનતો નથી મારો એના પર ચોકડો!

ભગવાન સમતાવાળો, સમદૃષ્ટિવાળો, કરુણાળુ અને પ્રેમ રાખનાર, એવો ભગવાન, એને આપણે ભગવાન ના કહીએ તો પણ ચાલે. એને ભગવાન કહેવાની શી જરૂર? પણ એ આઇડેન્ડીટી (=સંજ્ઞા) છે. એવી આ જગતને ચલાવનારી છે. એને આપણે ભગવાનનું નામ દીધું - કૃષ્ણનું, રામનું ભગવાનનાં અનેક એવા નામ લીધાં. જેને જે ઠીક લાગે તે નામ લીધું. કદી કોઇ ના માનતું હોય, નામ ના લેતું હોય, એ પણ કાળ આવ્યે નામ દીધા વગર નથી રહેતો!

તા. ૨૨-૯-૭૪

## પરિણામની આશા

**સ્વજનઃ** પરિણામની આશા રાખ્યા વગર આપણે કામ કરવું જોઇએ એટલે એક જાતનું ડીટેચમેન્ટ (=અનશક્તિ) બીલ્ડઅપ (=બંધાય) થાય એટલા માટે ને?

**શ્રીમોટાઃ** એટલા જ માટે.

**સ્વજનઃ** હેતુ તો એ જ ને?

**શ્રીમોટાઃ** હેતુ તો એ જ. પણ શરૂઆતમાં કોઇ માણસને પરિણામનો વિચાર કર્યા વિના કામ કરવું એ શક્ય જ નથી. ત્યારે આપણા લોકોએ વિચાર્યું કે સાલું, આ શક્ય તો છે જ નહિ, તો

શક્ય થાય તેવો કોઇ ઉપાય તો આપણે કંઇ ખોળી કાઢવો જોઇએ ને? આપણા એવા વિચારો હતા. એ જાતના સંકલ્પ હતા. માટે બધાએ વિચાર્યું કે આ વાત તો સાચી, કે ભઇ પરિણામનો વિચાર છોડીને આ કામ કરો. પણ કોઇપણ માણસથી આ એકદમ પરિણામ છોડી શકાય એવી સ્થિતિ જ નથી. અશક્ય જ છે. ત્યારે ત્યાં ને ત્યાં બેસી રહેવું? કંઇક ઉપાય તો આપણે ખોળવો. ત્યારે એનો ઉપાય ખોળીને એમણે કહ્યું કે, 'ભઇ, તમે આ જે પરિણામ છે - એ પરિણામથી જે ઊંધું છે - એનાથી બીજું તત્ત્વ ઉપરનું જે તત્ત્વ છે, એ તત્ત્વનો આશ્રય લો. તો જે થવાનું છે, તે ભલે થશે. તે કંઇ તમારા હાથની વાત નથી. જે થવાનું હશે તે થશે. પણ તમે આ ભગવાનનું સ્મરણ કરો.' બીજા લોકોએ બીજા બધા બતાવ્યા. કોઇકે 'યોગ' બતાવ્યો. કોઇકે કહ્યું, 'આ કરો, તે કરો.' પણ સામાન્ય માણસને માટે ભગવાનનું સ્મરણ બતાવ્યું. આ સ્મરણ કરો. અને સ્મરણ કરતાં કરતાં, સ્મરણની સાથે ભક્તિ ચાલુ. તમે પરિણામનો વિચાર ના કરો.

શરૂઆતના વખતમાં એ મનુષ્યથી કદીયે શક્ય નથી કે તમે પરિણામનો વિચાર ના કરો. ત્યારે ડાહ્યા માણસોએ કહ્યું કે, 'મૂઆ સાલું પરિણામ - વિચાર આવે તો એને મહત્ત્વ આપે નહિ. મારે તો સ્મરણ જ કરવું છે'. એય શરૂઆતમાં તો વધારે થઇ શકતું નથી. પણ ધીરે ધીરે ધીરે બે કલાક, ત્રણ કલાક, ચાર કલાક, પાંચ કલાક, છ કલાક એમ વધતો વધતો માણસ જાય છે. આગળ જાય. પણ એય આગળ જતાં જતાં પણ આ જ ગાળામાં એને ઘણી મુશ્કેલીઓ આવે છે. આ શરૂઆતના આઠ-દસ કલાકના ગાળામાં એને ઘણી મુશ્કેલીઓ આવે છે. પણ એનો ખરો એક્સ્પીરીઅન્સ (=અનુભવ) હોય તો તે બધાને વટાવી જાય છે. અને આગળ

જાય છે. એ આગળ જાય ત્યારે દસ, અગિયાર, બાર કલાક જાય છે ત્યારે કોઈ સૂક્ષ્મ બળ આવે છે. ત્યારે એનામાં આંતરિક બળ પ્રગટી ગયેલું હોય છે. અગિયાર - બાર કલાક સુધી ભગવાનનું સ્મરણ કરતો હોય છે. ત્યારે એનામાં આંતરિક બળ પ્રગટી ગયેલું હોય છે. આપણું શરીર ત્રણ પ્રકારનું છે. એક સ્થૂળ, બીજું સૂક્ષ્મ અને ત્રીજું કારણ. એવી રીતે આપણામાં સ્થૂળ બળ, સૂક્ષ્મ બળ અને આંતરિક બળ - ત્રણ પ્રકારનાં બળ છે. ત્યારે તેર-ચૌદ કલાક પછી સૂક્ષ્મ શરીર આવે છે. ત્યારે આ જે સૂક્ષ્મ પ્રકારનું બળ છે, તે એનો સામનો કરે છે. આપણા આખા સાધનાના માર્ગમાં આ સ્ટ્રગલ (=મંથન) અને સામનો ઈસેન્શ્યલ (=અનિવાર્ય). સ્ટ્રગલ કોન્સ્યસ (=મંથન પ્રત્યેસભાન) તમે ના રહ્યા, તો આગળ સાધના નહિ કરી શકો. સ્ટ્રગલનો સામનો મર્દાનગીથી કરીએ તો તેમાંથી આપણું બળ વિશેષ ને વિશેષ વધે છે. દુનિયાદારીમાં પણ એમ જ. સંસારમાં પણ એમ જ. જે મુશ્કેલી આવી તે મુશ્કેલીથી જો દબાઈ ગયા તો તમારું બળ ઘટશે. અને બરાબર હિંમતથી, બુદ્ધિથી, બીજા કૌશલ્યથી ખરી રીતે બરાબર મુશ્કેલીનો સામનો કર્યો તો તમારું બળ વધ્યું. બળ વધ્યું એટલું જ નહિ, પણ તમારી બુદ્ધિનું કૌશલ વધ્યું. આ પણ હકીકતની વાત છે. ત્યારે એ રીતે આધ્યાત્મિક બાબતમાં પણ. આધ્યાત્મિક બાબતમાં અગિયાર-બાર કલાક સુધી ગયા પછી આવા બધા સંગ્રામો આવે છે. એ સંગ્રામોનો એને સામનો કરવાનો રહે છે. કોક વખત એ હારી જાય. પણ ફરીથી પાછો બેઠો થઈ જાય છે. બેઠો થઈ જાય પછી મજબૂત બને છે. ને ફરી પાછો સંગ્રામ ખેલે છે. આમ આગળ આવવામાં કેટલીય વાર હાર-જીત બને છે. એ માણસ વધારે ને વધારે મહત્ત્વ આપતો જાય છે. કોક એવા હોય કે જે પડી જાય, અને પડ્યો જ રહે, તો એને પાછા કેટલાય જન્મ વીતાવવા

પડે છે. એ જન્મમાં ફરીથી પાછા આવે છે. આવી રીતે એને લગભગ સોળ, સત્તર, અઢાર કલાક સુધી આવા સંગ્રામોમાં અટવાવું પડે છે. 'અટવાવું પડે છે' એ શબ્દ ખોટો છે, સાહેબ. પણ એ એના સંગ્રામો ચાલુ રહ્યા કરે છે. અને એ સંગ્રામોમાં વધારે ને વધારે તેજસ્વી થતો જાય છે. અને એ સંગ્રામોનું કારણ પણ એ જ છે કે આ બધા તત્ત્વો ઉપર પોતે વિજય મેળવવાનો અને સ્વામીત્વનો એને જે અનુભવ થાય, અને સ્વામીત્વનું એને જ્યારે ભાન જાગે ત્યારે બરાબર કાબૂ આવ્યો છે એની સભાનતા પ્રગટે. એ માટે આ બધી જે સ્ટ્રગલ છે. એનો હેતુ તો આ જ. સ્ટ્રગલ થયા વગર એની શક્તિ વધે નહિ. પ્રત્યેક સ્ટ્રગલ એની શક્તિ વધારે છે. એટલે શક્તિ તો છે જ, પણ એની સભાનતા એને આવે છે. શક્તિ તો છે જ. શક્તિ એનામાં નથી એમ નથી. પણ આનાથી એને શક્તિની સભાનતા પ્રગટે છે. અને એ સભાનતા પ્રગટવાથી તો એને થાય છે કે 'ઓ.....હો, આટલું બધું છે મારામાં !' અને એમ કરતાં કરતાં અનેક સૂક્ષ્મ આવી સ્ટ્રગલો એ સર કરતો જાય છે. કેટલાકમાં ફાવે છે. પણ એ પાછો ત્યાં પડ્યો રહે છે, માત્ર સૂમસામ થઈને નહિ. આપણે હારેલા માણસો હોઈએ તો સૂમસામ થઈ જઈએ છીએ. વાગેલું હોય તો બૂમ પાડીએ કે, 'ઓ બાપ રે....... ઓ બાપ રે........ મારી કેડ ભાંગી ગઈ.' પણ એ એવું નથી કરતો. તો એ વખતે એ વિચારે છે. એનો જે પ્રોસેસ (=પ્રક્રિયા), પ્રોસેસ ઓફ થીકીંગ (=વિચારવાની પ્રક્રિયા) છે એ આપણા પાંચ તત્ત્વમાં આપણો પ્રોસેસ ઓફ થીકીંગ જેવો નથી હોતો. સૂક્ષ્મનો પ્રોસેસ ઓફ થીકીંગ તદ્દન જુદી જાતનો હોય છે. જુદી જાતનો એટલે કેવો ? અત્યારે બુદ્ધિથી સમજી શકાય એવો છે. એટલે એનું બધું થીકીંગ છે. એનું મૂળ શું? મૂળ શોધે. આત્મા એ જ મૂળ એનું. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ

તો કારણ છે. તે વખતે આવું એને સ્પોન્ટેનિયસ (=એકાએક) થાય છે. ત્યારે આ આગળ ચાલતાં, આવા વચ્ચે સંગ્રામો તે લડતો લડતો મજબૂત બનતો જાય છે. હોય છે તો મજબૂત પણ એને અનુભવવું પડે ને ત્યારે એને ખ્યાલ આવે કે આ બધું છે મારામાં. તે એ એમ લડતો લડતો, પોતાના બળની સભાનતાવાળો થાય છે. અને એની સાથે આત્માની સભાનતાવાળો થાય છે અને આત્માની સભાનતાવાળો જેમ જેમ થાય, તેમ તેમ પોતાનું શરીરનું બળ અને બ્રહ્માંડની રચનાનું બળ સમજે છે. અને પોતાના જીવનમાં જે બનાવો બને, એનું રહસ્ય પણ એ સમજે છે, કે શાથી આ થયું ? એમ એ વિચાર ના કરે - આપમેળે સિનેમામાં જે દૃશ્ય આવે છે એ કંઇ આપણે વિચાર્યું હોતું નથી. એ એની મેળે જ, પેલી એની રચના પ્રમાણે આવીને ઊભું રહે છે. એ આપણે જેમ જોયું તેવી રીતે પેલાને પણ આપમેળે કંઇ બની શક્યું, તો એનું સમાધાન એની સામે આવી જાય છે. એ એને સમજે છે. એને સમાધાન થાય છે. એને કંઇ કશું વિચારવાનું કંઇ કશું રહેતું નથી. પછી આ બધું આંતરિક રીતે બને છે.

સાધનામાં સંગ્રામ ઈસેન્શ્યલ છે - આ આધ્યાત્મિક માર્ગે જતાં. આ એ બધાં જે સંગ્રામો સરળ છે. પણ જેને 'વોલ્કેનિક એસ્પીરિશન' (=જ્વાળામુખી જેવી જિજ્ઞાસા) છે, એને સરળ છે. એને પણ આવા સંગ્રામો તો આવે જ છે. આવા સંગ્રામ વિના એક ડગલું પણ આગળ નથી. પ્રત્યેક ડગલે સંગ્રામ છે, અને એ સંગ્રામ એક એક કરતાં ભારે છે. એ ઘણા લોકો જાણે છે. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે. મેં કંઇ શાસ્ત્રો વાંચ્યા નથી, અને કોઇને પૂછ્યું પણ નથી. પણ પ્રત્યેક સંગ્રામ આપણું બળ વધારે છે, તેજ વધારે છે, શક્તિ વધારે છે, અને આનંદ વધારે છે. આ પ્રફુલ્લિતતા,

તાજગી, આ બધું આનાથી આવે છે, વધે છે. અને પ્રત્યેક સંગ્રામથી આપણામાં આપણી પોતાની સત્યની સભાનતા વધતી જાય છે. ગમે તે સામે આવે, તેને તે હઠાવી દે છે. એ બહુ મોટામાં મોટી વાત છે. કેમ કે એ પહેલાં ભગવાનનો કહો કે કુદરતનો કે એને એવી રીતે બધું મૂક્યું છે કે શરૂઆતમાં આ જે સંગ્રામો આવે તે સંગ્રામો સહેલાઈથી જીતી શકે અને એને સારું લાગે. એને સારું લાગે છે. એની શ્રદ્ધા વધે. આ બધાને હરાવી શકે. અને ધીમે ધીમે ધીમે જેમ આગળ જાય તેમ વધારે સ્ફુર્તિ આવે.

આ સુર - અસુરોની લડાઈ આમાં આવે છે. આ સોળ પગલાં કહ્યાં - આ સાધનમાં આવે છે. આવી જાતની જે લડાઈ આવે છે, અને જે જીતવી જ પડે છે. તે આપણે કશું કરતા જ નથી. એ એની શક્તિ છે. સૂક્ષ્મમાં એવી શક્તિ જબરદસ્ત છે. એ ધીરે ધીરે ધીરે આપણે શક્તિથી કોન્સ્યસ (=સભાન) થઈએ છીએ. એટલું જ હોય. એ કોન્સ્યસ (=સભાન) આપણે થયા પછી, એનો ઉપયોગ આપણે કરીએ છીએ. જેમ આપણી પાસે બે લાખ થયા, ચાર લાખ થયા, તો એનો ઉપયોગ આપણે કોઈ ધંધામાં, કોઈ બીજી રીતે કરતા જઈએ, અને ન કરીએ તો એમ ને એમ પડયા રહીએ તો ખલાસ. એમાં ને એમાં પડયો તો ખલાસ થઈ જાય. એ સ્થિતિ છે જ એવી.

## નામસ્મરણ

**સ્વજન :** મોટા, તમે જે કહ્યું કે જ્યારે આપણે નામસ્મરણ કરીએ ત્યારે ભગવાન પરત્વેની વ્હાલપનો ને એક જાતનો ઉમળકો, લાગણી આપણામાં રહેવી જોઈએ. એ લાગણી એની મેળે જ રહે?

**શ્રી મોટાઃ** આપણને રહે નહિ. આપણને રહે નહિ તો જ એ ખરો. 'ખરો' એટલા માટે કહું છું કે એના પોતાનામાં શક્તિ રહેલી છે. સ્મરણમાં સાચી શક્તિ રહેલી છે. સ્મરણ 'શબ્દ' માં જ શબ્દના મોજાં છે. મોજાંનો આપણા મગજમાં અમુક સ્થળે સ્પર્શ થાય છે. એ સ્પર્શ થાય છે એ એનો અનુભવ છે. એ જેમ જેમ વધારે ને વધારે સ્પર્શ થાય છે, વધારે ને વધારે તેમ તેમ આપણા મગજમાં જે જુદા જુદા કેન્દ્રો છે, એ કેન્દ્રોને સ્પર્શ્યા કરે છે. એ કેન્દ્રોને જેમ જેમ સ્પર્શે છે તેમ તેમ તેને કૃપાનો અનુભવ થાય છે. વધારે વાર સ્પર્શે તો - એ જાણે કે અનુભવની વાત છે.!

એ ઉપરથી મેં એક થિયરી ખોળી કાઢેલી. આ જે પાંચ તત્ત્વો છે - આકાશ, તેજ, વા, જળ અને પૃથ્વી. આ પાંચ તત્ત્વોનું આપણું શરીર બનેલું છે. આ પાંચ તત્ત્વો જે શરીર બનાવે છે એમાંથી બધું થાય છે. આકાશમાંથી શબ્દ થાય છે. તેજમાંથી રૂપ. રૂપનું જે દર્શન થાય છે, તે તેજમાંથી થાય છે. વામાંથી સ્પર્શ - આ ખરબચડું છે, આ સુંવાળું છે - એ બધું ભાન આપણને વાને લીધે થાય છે. જળમાંથી રસ. રસ કેવો લાગે છે આપણને! એ જળને લીધે. આ ખાઈએ - પીએ છીએ. ખાતી વખતે રસ લાગે છે તે જળનો. આ પાંચ તત્ત્વોની પાંચ તન્માત્રા. આકાશનો શબ્દ, તેજનું રૂપ, વાનો સ્પર્શ, જળનો રસ, પૃથ્વીની સુવાસ.

હવે આકાશ અને શબ્દ એ બંને ઓતપ્રોત છે. કહેવાય જુદા. આકાશ અને શબ્દ બોલાય જુદા. પણ બંને એક. એકમેકથી જુદા નથી. બંને ઓતપ્રોત છે. હવે આ પાંચ તત્ત્વો થયા. એના ત્રણ ગુણ - સત્ત્વ, રજસ અને તમસ. આકાશને સત્ત્વની સાથે સંબંધ. આકાશ દેખાય નહિ ,તેવી રીતે સત્ત્વ પણ નહિ દેખાય, અને

સત્ત્વમાં નિર્મળતા હોય - આકાશના જેવી. તેજ અને વામાં અત્યંત મોમેન્ટમ (=વેગ). સુમાર વગરનું મોમેન્ટમ. જેની ધારણા ન થઈ શકે તેવું મોમેન્ટમ છે. તેજનું પણ તેવું. વા અને તેજની સાથે રજસનો સંબંધ. જળ અને પૃથ્વીમાં અત્યંત ઈનર્સીઆ (=જડતા). જળ અને પૃથ્વી તત્ત્વ તમસની સાથે જાય. આમ પૃથ્વી અને જળનો તમસની સાથે, તેજ અને વાનો સંબંધ રજસની સાથે અને આકાશનો સંબંધ સત્ત્વની સાથે. હવે આકાશ અને શબ્દ બંને એક છે. ઓતપ્રોત છે. એ શબ્દ જ્યારે આપણને એકાકાર થાય, આપણામાં સમગ્રપણે થાય. તો આપણે આકાશમાં ફર્યા એ તો સમજાય તેવી વાત છે. આકાશ મોખરે આવે એટલે સત્ત્વ મોખરે આવે. જો સત્ત્વ મોખરે આવે ત્યારે રજસ અને તમસ ગૌણ બની જાય. રજસ અને તમસ ગૌણ બને એટલે - કામક્રોધાદિ વિષયો છે - રજસ અને તમસ કામક્રોધાદિના વિષયો છે - જ્યારે સત્ત્વ મોખરે આવે ત્યારે રજસ અને તમસ ગૌણ બની જાય. રજસ અને તમસ ગૌણ બને એટલે- કામક્રોધાદિ વિષયો છે- રજસ અને તમસ કામક્રોધાદિના વિષયો છે- જ્યારે સત્ત્વ મોખરે આવે ત્યારે રજસ અને તમસ ગૌણ બની જાય. એ ગૌણ બની જાય એટલે આ પણ બધા ગૌણ બની જાય. એટલે શબ્દનો કેટલો મોટો ચમત્કાર- રેશનલી(=વ્યવહારુ રીતે) સમજાવી શકાય! આની પાછળ મેં બહુ મથામણ કરેલી. કોઈ ઠેકાણે તમને આવું નહિ મળે. 'ભાઈ આ ભગવાનનું નામ લેવાથી આ કામક્રોધાદિ કેમ ઘટે છે?' મેં ઘણાને પૂછેલું. તો કહે, 'એ તો શ્રદ્ધાનો વિષય છે.' ગંગેશ્વરાનંદજી, વિદ્યાનંદજી, ગોદડિયા મહારાજ, જાનકીદાસ મહારાજ એવા બધા તે કાળના પુરુષોને મેં પૂછેલું. તો કહે, 'આ વેદાંતકી બાત હૈ, સાલા બેવકૂફ હૈ, યે તો શ્રદ્ધાકી બાત હૈ.' પણ એનાથી મને સંતોષ નહિ થયેલ સાહેબ. એ જે કરીએ

છીએ તે કન્વીન્સ(=સમજાવું) થવું જોઇએ. જે કંઇ કરીએ તે રેશનલ થવું જોઇએ. હું નદી કિનારે જ્યારે ધ્યાનમાં બેઠેલો ત્યારે મને આ જ્ઞાન થયેલું. મેં મહાત્મા ગાંધીજીને વાત કરી. બહુ ખુશ થયેલા. મને લખ્યું, 'છોકરા, તું આધ્યાત્મિક વિજ્ઞાનનો સાયન્ટીસ થજે. આ દુનિયામાં સાયન્ટીસ ઘણા બધા થયા છે. પણ આ આધ્યાત્મિક વિજ્ઞાનનો તું સાયન્ટીસ થઇશ. આ તેં બહુ સુંદર ખોળ્યું. તદ્દન સાચી વાત છે. નામસ્મરણ ઉપર કોઇ જગ્યાએ- કોઇ શાસ્ત્રમાં પણ હશે કે કેમ તે મને શંકા છે. આ તેં બહુ સુંદર ખોળ્યું. આ તો બહુ રેશનલ છે. સ્મરણ ઉપરના આ વિવરણથી સ્મરણને યજ્ઞ કહ્યો છે તે હવે મને યોગ્ય રીતે સમજાય છે.

આપ પધારો છો તો મને આનંદ થાય છે. અને એક બે પ્રશ્નો લઇને જ આવવું. એટલે આપણાથી એના પર બોલવું હોય તો બોલાય અને તમારું આ જે ટેપરેકોર્ડર હોય તે લેતા આવવું. આ તો બધાને ખપમાં આવે એટલે ઉતારી લેવાનું.

આપણે જો આકાશ હોઇએ તો આપણે સર્વત્ર હોઇએ કે ના હોઇએ? પણ આપણે છીએ કે કેમ તેની ખાત્રી શી રીતે થાય? હું જરા બુદ્ધિવાદી ખરો. ગુરુમહારાજને આવું પૂછતો. અત્યારે હોય તો પૂછું નહિ. ક્યારેક આવું પૂછતો. અત્યારે તો જવાબ મળી જાય છે. પણ આકાશ અને પૃથ્વી તો સર્વત્ર છે. આપણું શરીર જો આકાશ થઇ જાય- આકાશતત્ત્વવાળું થઇ જાય, ત્યારે સર્વત્ર થઇ જાય કે... ના થઇ જાય? તો થાય. કારણકે પ્રશ્ન એવી રીતે મૂકીએ એટલે જવાબ આવે, આકાશ જેમ સર્વત્ર છે એમ જો શરીર આ આકાશ થઇ જાય. તો આકાશતત્ત્વવાળું શરીર થઇ જાય તો તે વિસ્તારવાળું થઇ જાય. તે વાત સાચી. આ શરીર છે આકાશતત્ત્વવાળું થઇ જતું

હોવાથી તે અનેક જગાએ પ્રત્યક્ષ થઇ શકે છે. ત્યારે મને એ વાત યાદ આવી કે ખરી વાત છે. ગુરુમહારાજ અહી હતા તે અનેક ઠેકાણે રહી શકતા. પણ આવો અનુભવી પુરુષ આકાશતત્ત્વમાં હોવાથી, આકાશતત્ત્વ એનામાં જ્યારે ત્યારે પ્રીડોમીડન્ટ(=મોખરે) બની શકે છે. ત્યારે એ પ્રશ્ન થાય છે કે હું બધાનો સ્વામી છું બધાનું સ્વામીત્વ ધરાવે છે. એટલે પાંચ તત્ત્વોનો પણ એ સ્વામી છે. એટલે ધારે ત્યારે જળરૂપ થઇ જાય. ધારે ત્યારે તેજ રૂપ થઇ જાય. વા રૂપ-આકાશરૂપ એ થઇ જાય. અને એના ઉપરથી જ આપણા શાસ્ત્રકારોએ એની ચાર કેટેગરીઝ (=કક્ષાઓ) પાડી. હંસવત્, બાલવત્, જડવત્ અને પિશાચવત્. પિશાચના જેવું વર્તન કરે- તો પિશાચવત્- જડની જેમ પડ્યો રહે- તો જડવત્, બાળક જેવું વર્તન કરે તો બાળવત્. આ તત્ત્વ જ્યારે વિકસે છે અને આત્મસ્વરૂપમાં આ શરીર જ્યારે જાય છે, ત્યારે આકાશતત્ત્વ એનામાં પ્રીડોમીડન્ટ હોય, અથવા તો જ્યારે કંઇ કરવાની એવી અભીપ્સા હોય, ત્યારે આકાશતત્ત્વ એનામાં મોખરે હોય, ત્યારે એ ગમે ત્યાં પ્રત્યક્ષ થઇ શકે છે. ગમે ત્યારે થઇ શકે છે. ગમે તે જાણવું હોય તે જાણી શકે છે. જ્યારે આકાશતત્ત્વ પ્રીડોમીડન્ટ હોય ત્યારે જ. હર વખતે નથી હોતું. અને ક્યારે હોય અને ક્યારે નથી હોતું. એના કાયદા એની પાસે. આપણે નક્કી નહી કરી શકીએ. એ જાતે નક્કી કરે.

એક વખતે મને સંભળાયું- જબલપુર પાસે ધુંવાધારની ડાબી બાજુએ ગુફા, ત્યાં હું બેઠો હતો. ત્યારે ગુરુમહારાજ પધાર્યા. મેં કહ્યું, 'તમે તેજ સ્વરૂપ છો, તો તેજ સ્વરૂપ જેવા લાગતા નથી. મને તેજ સ્વરૂપનાં દર્શન આપો'. આખું તેજમય શરીર થઇ ગયું. તેજ સિવાય કંઇ નહિ. ટ્રાન્સ્પરન્ટ(=પારદર્શક) શરીર. વાળ પણ

ટ્રાન્સ્પરન્ટ. પછી પગે લાગ્યો- 'આપે તેજ સ્વરૂપનાં દર્શન આપ્યાં'. પછી કહે, 'કાલે તારી કસોટીનો કાળ છે. ગંભીર રહેજે.' બીજે દિવસે એટલું બધું પાણી એ ગુફામાં અંદર આવ્યું, કે પછી મને કાલે કરેલ એ વાત સાચી લાગી. હું તો ગુરુમહારાજની પ્રાર્થના કરીને, એનો આકાર હતો તેને મારી સામે ને સામે જ રાખું. પાણી દસ મિનિટ રહ્યું, અને પાછું જતું રહ્યું.

**સ્વજનઃ** મોટા, આવી રીતે દસ મિનિટ શ્વાસોશ્વાસ વિના રહેવું પડે તે ભાવને લીધે થાય ને?

**શ્રીમોટાઃ** હા. ભાવને લીધે જ. બાકી શક્ય નથી. આ બધું દુઃખ ને વેદના સહન થાય છે તે ભાવને લીધે. અને વેદના એટલી બધી સખત થાય છે અને કોઈક વખત તો શૂટિંગ પેઈન(=શૂળ જેવી) થાય છે. તે તો જાણે હમણાં પ્રાણ નીકળી જશે. તે વખતે વધારે પ્રાર્થના કરું છું. કેમ કે આપણને ખબર નહિ કે ક્યારે પ્રાણ નીકળી જાય! પણ ભગવાન તો સાથે હોવો જોઈએ ને! આમ તો કોન્શ્યસનેસમાં છે જ. પણ વ્યક્ત રીતેય ભગવાન હોવો જોઈએ. એટલે હું પ્રાર્થના કરું છું. બહુ પ્રાર્થના કરું છું. પણ આ ભાવને લીધે જ સહન થાય છે.

## નિમિત્ત છતાં -- જ્ઞાની બંધનરહિત

**શ્રીમોટાઃ** આ પૃથ્વી પર બધે ઠેકાણે સૂર્યના કિરણો છે. એટલે કે સૂર્યનાં અનંત કિરણો છે. એ એક નથી. એ જ રીતે વેદમાં જ જ્ઞાન સમાયેલું છે, એમ કહેવાથી તો જ્ઞાનની મર્યાદા બાંધેલી છે. જ્ઞાન તો અનંતાનંત છે. એને આપણાથી ટૂંકાવી કેમ દેવાય?

આપણાથી કેમ મનાય કે આટલું જ- આ જ સાચું! જ્ઞાન તો અનંત છે. પણ વિદ્વાનોને કે બીજા લોકોને ગળે નહિ ઊતરેલું. કબૂલ કરે ખરા કે જ્ઞાન અનંતાનંત છે. પણ જ્યાં વેદની બહારની વાત કરો તો પંચાત પાડે. જ્ઞાન સાથે માણસ સંકુચિત રહી શકતો નથી. એને સમાજ કેવી રીતે સ્વીકારે? ન સ્વીકારે.

**સ્વજનઃ** સમાજ, એટલે એક જાતનું બંધિયારપણું થઇ ગયું ને? અને બંધારણ ઉપર સમાજ ચાલે છે ને?

**શ્રીમોટાઃ** હા. એ જ. આ રીતે આ ખ્યાલ આપણામાં પણ આવી જાય. અત્યારે એ આપણામાં પ્રકૃતિ રૂપે છે. એ અનંતરૂપ છે- એ ભગવાન અનંતરૂપ છે. અનંતરૂપ છે એવાનું એક રૂપ- પ્રકૃતિ- એ પ્રકૃતિ મનુષ્યના જીવનમાં આવેલી છે. બીજા જીવનમાં પણ પ્રકૃતિ છે. એ જળમાં છે અને ઝાડમાં પણ પ્રકૃતિ છે. તે પ્રકૃતિ ઝાડની રીતે. ને આપણામાં પ્રકૃતિ છે, તે મનુષ્યની રીતે વધારે ઇન્વોલ્વ(=તદ્રૂપ) થયેલી પ્રકૃતિ છે. અને ઝાડની અંદર જે પ્રકૃતિ છે તે એટલી બધી ઇન્વોલ્વ થયેલી નથી. આપણામાં જે પ્રકૃતિ રૂપે એ બેઠેલો છે, તેથી આપણને વધારે વિચાર કરવાની શક્યતા જાગે છે. આપણામાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્, એમાં બુદ્ધિ અને પ્રાણ એ બે તો વિકાસ થવા માટેના લાયક તત્ત્વો છે. પ્રાણ એટલે આશા, ઇચ્છા, કામના, લોલુપતા, તૃષ્ણા, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ આ બધું પ્રાણના ફંક્શનમાં(=કાર્યક્ષેત્રમાં) આવી જાય. અને બુદ્ધિ જે છે તે શંકા-કુશંકા, સંકલ્પ-વિકલ્પ, કરે છે. આ બે કરણો આપણા શરીરમાં એવાં છે કે પ્રકૃતિની અંદર ને બહાર વિકાસને પાત્ર છે. એ વિકાસનો અંત નથી. આ જે જ્ઞાન થાય તેને કોઇ અંત નથી.

તેવી રીતે એ જો સ્વીકારાય કે જ્ઞાનનો કોઈ અંત નથી, તો અજ્ઞાનનો પણ કોઈ અંત નથી. કેમકે એ બંને સામસામાં પાસાં છે. એમ ને એમ પણ જીવને લીધે જીવને ઈન્ડીવીજ્યુઅલ (=વ્યક્તિરૂપે) લઈએ તો એની પ્રકૃતિ અને પ્રાણ થોડા થોડા નહિવત્ જેવા દરેક જન્મે વિકાસ થયા જ કરતા હોય છે. ત્યારે જો આ ભગવાનની શક્તિનું અવતરણ થાય તો એની બુદ્ધિ અને પ્રાણ ઘણા વિકસે છે. અને સમગ્રતા તો - જેમ ભગવાન સમગ્રતામાં પ્રવેશી શકે છે અને સમગ્રતામાં બધે વિસ્તરેલો છે, તેવી રીતે આ અનુભવી જીવ એ સમષ્ટિમાં- 'સમષ્ટિ' એ શબ્દ જુદો છે અને 'સમગ્રતા' એ શબ્દ પણ જુદો છે. સમષ્ટિમાં એ સ્થળે જઈ શકે, પ્રવેશી શકે અને સમગ્રતામાં પણ પ્રવેશી શકે. જેમ ભગવાન સમષ્ટિમાં પણ છે અને સમગ્રતામાં પણ છે. એ રીતે આ અનુભવી - જીવ છે. પણ એને માત્ર નિમિત્તની મર્યાદા છે. એ નિમિત્ત હોય ત્યારે એ કરી શકે છે. આ અત્યારના બધા અથવા તો ચાલ્યું આવેલું જે જ્ઞાન છે, એમાં આ વસ્તુ છે.

મે પોતે એવું વિચાર્યુ છે કે, સાલું જ્ઞાન થાય, અનુભવ થાય તો એને લિમિટેશન (=મર્યાદા) કેવું? એક પણ લિમિટેશન એને હોવું ન જોઈએ. અને જો હોય તો જ્ઞાન નહિ.! આ તો મારી બુદ્ધિથી વિચાર્યુ સાહેબ, હોં. મેં કંઈ કોઈ વિદ્વાન સાથે ચર્ચા કરી નથી,અને જ્ઞાન વિષે ચર્ચા કરવી ગમે પણ નહિ. પણ મે વિચાર્યુ કે જ્ઞાન એટલે અનલિમિટેડ (=અમર્યાદ). એને કોઈ બંધન નહિ. નિમિત્તનું પણ એને બંધન કેમ હોય? હોવું ના જોઈએ - વિજ્ઞાનની રીતે - સાયન્સની રીતે સ્વીકારીએ તો. જો બંધન, તો એને જ્ઞાન નહિ. જ્ઞાનને કોઈ બંધન નહિ એમ આપણે સ્વીકાર્યુ. તો પછી નિમિત્તનું બંધન મૂકીએ એ કેમ ચાલે? હા, નિમિત્ત હોય

ખરું. એ બરોબર; પણ બંધનરૂપે નહિ. હવે ત્યારે જો એ બંધનરૂપે ન હોય, અને નિમિત્ત હોય તો નિમિત્ત- ઠેકાણે ગમે ત્યાં જઇ શકે છે. નિમિત્તના કારણે ત્યાં વ્યવહાર કરી શકે છે એ બધું તો જાણે સ્વીકારાય તેવું છે. પણ એ એને બંધનરૂપ નથી. મેં મારા કોઇ કશા પુસ્તકમાં - 'સદ્‌ગુરુ'માં કે 'નિમિત્ત'માં લખ્યું છે. બહુ ચોકખું લખ્યું છે. નિમિત્તનું એને કોઇ બંધન નથી. જ્ઞાનીને નિમિત્તનું કોઇ બંધન નથી.

વાત તો મૂળ એમ કરતો હતો કે જ્ઞાન જેમ અનંત છે, અનંતાનંત છે. સ્પેસમાં (=સ્થળમાં) છે. સ્પેઇસલેસ (=સ્થળ વિહિન) માં પણ છે. પણ આ બધું આપણે બોલીએ ખરા, પણ એવું પ્રત્યક્ષ અનુભવી શકીએ છીએ કે કેમ? કોઇ પણ જીવ - એક્સ, વાય, ઝેડ - અત્યારે છે- એ કોઇએ અનુભવ્યું છે કે કેમ એનો આપણી પાસે પુરાવો કંઇ છે નહિ? કોક કહે છે કે એ મંગળમાં ગયો કે ફલાણા ગ્રહમાં ગયો. લોકોને એમ કહેતા સાંભળ્યા છે. હું મારા ગુરુમહારાજ પાસે ગયો હતો. ત્યારે એવું કહેતા કે 'હું ગયો હતો મંગળમાં' પહેલાં, સાહેબ, હું બોલું ખરો. પછી તો બોલતો નહિ, છાનોમાનો બેસી રહું! એટલે મેં કહ્યું, 'બાપજી, મંગળ તો પાર વગરનો દૂર. બે પગવાળા માનવીથી તો જવાયજ નહિ. અશક્ય વાત છે. આ સાયન્ટીસ્ટો પ્રયત્ન કરી રહ્યા છે. આ બલૂન છે, આ વિમાન છે, એ દ્વારા પણ માણસ ગયો હોત; પણ એમ બન્યું નથી'. મને બે ચાર ગાળ દીધી. કહ્યું: 'સાલા અહીથી માણસો ત્યાં જાય છે, ત્યાંથી માણસો અહી આવે છે. મંગળ છે. બીજે બધે ઠેકાણે આપણા જેવી પૃથ્વીઓ છે - ત્યાં આપણા જેવા મનુષ્યો છે. એ મનુષ્યો અહી આવે છે. પૃથ્વી ઉપર ઊતરે છે. કોઇ જાણતું નથી. ક્યાંક ઊતરે છે અને આપણી પૃથ્વી

પરથી બીજી પૃથ્વી ઉપર રહે છે. 'ઊર્ધ્વ ગચ્છન્તિ' એમ કરીને કંઈક શ્લોક બોલ્યા, એ ગીતામાં છે ખરું કે એ જે ઊર્ધ્વ પ્રકૃતિવાળા હોય તે ઊર્ધ્વમાં જાય છે અને નિમ્નપ્રકૃતિવાળા નિમ્નપ્રદેશમાં જાય છે. એવું છે ખરું - લખેલું છે. એવો કોઈ દેશ કે ગ્રહ હશે કે આવા જ લોકો વસતા હશે. એટલે ત્યાં જાય. આપણા દેશમાં નિમ્ન થયેલા હોય એ જીવ નિમ્ન એવા લોકમાં જાય અને ઊર્ધ્વપ્રકૃતિનો હોય એ ઊર્ધ્વપ્રકારના લોકમાં જાય. એમ જ મને તો બંધબેસતું લાગ્યું.

પણ આ તો કોક કોક એવા લોકો ખરેખર મનુષ્યના સ્વરૂપમાં જીવતાજાગતા પૃથ્વી પર આવે છે અને ઊચ્ચપ્રકારના લોક પણ અહીં આવે છે. હજુ સુધી કોઈએ ઊતરેલા પ્રત્યક્ષ જોયેલા હોય એવું મારી છોંતેર વર્ષની ઉંમર સુધી ક્યાંય પણ છાપામાં વાંચ્યું નથી. કોક વાર એવું વાંચેલું - બાકી બીજું વાંચ્યું નથી. પણ મારા ગુરુમહારાજ એમ કહેતા ખરા. એ વખતે મારી બુદ્ધિની શક્તિ કેટલી? મારી બુદ્ધિ જ જીવદશાની છે. અને આ જીવદશાની બુદ્ધિ ટૂંકી છે. એ જે છે એ દ્વંદ્વવાળી છે અને દ્વંદ્વાતીત થયેલી નથી. અથવા તો જ્ઞાનની દશામાં પણ પ્રગટી નથી. એવી બુદ્ધિશક્તિ જ્ઞાનની દશામાં કેવી રીતે પહોંચી શકે? માટે એમ વિચાર્યું કે, 'આ સ્થિતિમાં તારે એમ માનવું કે કદાચ એ સાચું પણ હોય અને કદાચ ના પણ હોય. પણ આમ નથી જ અને એ ખોટું જ છે, એમ માનવાને તારી બુદ્ધિ લાયકાતવાળી નથી. તું એમ કહી શકે છે કે ભાઈ, પોસીબલ (=શક્ય) છે કે ઈમ્પોસીબલ (=અશક્ય) છે. આ બેમાંથી એક હોઈ શકે. એમ બહુ બહુ તો તું કહી શકે. પણ આ ખોટું જ એમ તું કહે એમ કહેવાની તારી બુદ્ધિની શક્તિ નથી, કારણકે તારી બુદ્ધિ જ્ઞાનમાં પ્રગટ થયેલી નથી.

અજ્ઞાનવાળી તારી બુદ્ધિ છે અથવા તો પ્રકૃતિયુક્ત તારી બુદ્ધિ છે. એ તારી પ્રકૃતિવાળી બુદ્ધિ! પ્રકૃતિનું જે કંઇ હોય તે વિષે તું અભિપ્રાય આપી શકે. જે જ્ઞાનનો વિષય છે - જ્યાં સુધી તું પ્રકૃતિમાં છે ત્યાં સુધી - એ જ્ઞાનના વિષે અભિપ્રાય આપવાને તારી બુદ્ધિ લાયકાતવાળી નથી'. આમ મનને સૂઝયું. આ સાલું, આ વિષે અભિપ્રાય આપવો તે ખોટો છે. આપણે શાંત રહેવું અથવા તો આપવો હોય તો 'મે બી પોસીબલ - મે નોટ બી પોસીબલ - હોય ખરું ને ના પણ હોય'. એમ માનવું.

એ કહેતા ખરા કે 'આમ હું જતો હતો. આમ ફલાણો ગયો હતો. આમ મને આવું થયું, ફલાણું થયું!' એવું બધું બોલતા. ત્યારે મને એમ લાગેલું. આજે એમ લાગે છે કે આવા જ્ઞાનવાળા લોકો નિમિત્ત સંબંધ જ્યાં હશે ત્યાં જઇ શકતા હશે. જતા હશે. એમ આજે મને સાચું લાગે છે. ત્યારે સાચું નહોતું લાગતું.

બીજું, મે જે કહ્યું કે જેમ જ્ઞાન અનંતાનંત છે તેમ અજ્ઞાન પણ અનંત છે. અજ્ઞાન પ્રકૃતિની અંદર આવે છે. નિમિત્ત કંઇ જ્ઞાનવાળું જ હોય એમ કંઇ નહિ કહી શકાય. નિમિત્ત પ્રકૃતિમાં છે. નિમિત્તનો પ્રદેશ પ્રકૃતિમાં આવી શકે. નિમિત્ત જ્ઞાનવાળું પણ હોય અને નિમિત્ત અજ્ઞાનવાળું એટલે કે પ્રકૃતિવાળું હોય. ઘણાં ખરાં નિમિત્ત પ્રકૃતિ પ્રદેશના હોય છે. એટલે એ જ્ઞાનીપુરુષ નિમિત્તમાં જાય-નિમિત્ત ગમે તેમાં હોય. પૃથ્વીમાં જ હોય તેમ નહિ. જ્ઞાન અનંતાનંત કહ્યું એમ અજ્ઞાન પણ અનંતાનંત હોય છે. એનો પણ છેડો નથી. એવી રીતે આવા જે જ્ઞાનીપુરુષ છે, એ શરીર હોવા છતાં, આકાશતત્ત્વને લીધે ગમે ત્યાં જઇ શકે છે. એમ આજે પણ મને મારા મનથી સાચું લાગે છે. ગમે ત્યાં જઇ શકે છે. તો કહે,

'તમે જઇને કોઇ સાબિતી લઇ આવો'- તો હું ના કરી શકું. કારણ, પ્રયોગાત્મક કોઇ નિમિત્ત થાય તો કરી આવે જઇને, પણ એ કહે નહિ. કોઇને પણ કહી શકે નહિ. એટલે પોતાના મનમાં એ વાત રાખે. એક્સ, વાય, ઝેડ- કોઇને પણ ગમે તે નજીકનો નજીક હોય તેને પણ કહે નહિ. આ વાત કહેવા જેવી હોતી નથી. કેટલીય વાતો, જ્ઞાનની વાતો એ અંદર જ રહે છે. જેમ ભગવાન પોતે સ્વયં પ્રત્યક્ષ જીવતોજાગતો ચેતનાત્મક હોવા છતાં, આપણામાં રહેલો હોવા છતાં, એ દેખાતો નથી. એના વડે બોલીએ છીએ, એના વડે જોઇએ છીએ, એના વડે સાંભળીએ છીએ, એના વડે બધી પ્રક્રિયાઓ કરીએ છીએ. એ બધું હોવા છતાં, એ આપણામાં પ્રત્યક્ષ થઇ શકતો નથી. એવી રીતે જ્ઞાની માણસ- ગૂઢ રીતે આપણી સાથે વર્તે છે. જેમ આપણામાં ચેતનાત્મક ભગવાન પોતે બિરાજેલો છે, પણ તેની ચેતના આપણી દૃષ્ટિએ ગૂઢ છે- એવી રીતે અનુભવી પુરુષ પણ આપણી સાથે એવી જ ગૂઢ રીતે વર્તતો હોય છે. એટલે ગમે તેટલા તેની પાસે રહો ને, અને ગમે તેટલા વર્ષો રહો, એને તમે નહિ આળખી શકો- ઇમ્પોસીબલ(=અશક્ય). જો એના ખરેખરા ભક્ત થાવ તો ઓળખી શકો. બાકી નહિ ઓળખી શકાય. હું તો વાત કરતો હતો કે, - ગુરુમહારાજ આમ કહેતા હતા.

આપણા બધામાં માન્યતા છે કે જ્ઞાનીને નિમિત્ત છે. ને નિમિત્તનું બંધન છે. તો જ્ઞાનીને કોઇ પણ પ્રકારનું બંધન હોતું નથી. નિમિત્ત એને હોય. પણ એને બંધન નથી. નિમિત્ત હોવા છતાં, નિમિત્તનું એને બંધન નથી. એ વાત ચોક્કસ. અને બંધન હોય તો જ્ઞાની નહિ.

કોઈ પણ જાતનું -શરીરનું પણ એને બંધન નથી. સત્ અસત્ એ પ્રકૃતિના પ્રદેશમાં આવી જાય છે. જ્ઞાનમાં સત્-અસત્ આવતા નથી. નીતિ-અનીતિ એ બધા પ્રકૃતિના પ્રદેશો છે. જ્ઞાનના પ્રદેશમાં કંઈ કશું હોતું નથી. એટલે એને કોઈપણ બંધન નથી. એને નિમિત્ત હોય ખરું, પણ બંધન નહિ. એ હું કહેતો હતો. પણ કોઈ સ્વીકારે નહિ. કોઈપણ વિદ્વાન આને સ્વીકારે નહિ. પણ હું કહું છું કે નિમિત્ત છે, પણ એનું બંધન નથી. 'સદ્ગુરુ'માં લખ્યું છે કે શરીર હોવા છતાં એ અશરીરરૂપ છે. કોઈની કલ્પનામાં ના આવે. શરીર હોવા છતાં અશરીર છે, એ લોકો કેવી રીતે માને?

**સ્વજનઃ** એટલે 'એટ એ ટાઇમ'-(=એક જ સમયે) બન્ને વસ્તુ હોઈ શકે?

**શ્રીમોટાઃ** હોઈ શકે. આપણે તો 'હોઈ શકે' એમ કહીએ છીએ. પણ 'છે જ'. શરીર એ તો શરીરનો ગુણધર્મ ભજવ્યા કરે છે. અને આ 'અશરીરી' જે આપણે કહીએ છીએ તે સાલું, આ તો બુદ્ધિમાં બેસતું નથી. પણ બુદ્ધિમાં બેસાડીએ તો બેસે કે શરીર છે તે દેખાય છે. પણ અશરીરી તત્ત્વ માંહે રહેલું જ છે. એ અશરીરી તત્ત્વ માંહે રહેલું ના હોય તો બોલાય નહિ, ચલાય નહિ, સંભળાય નહિ. શરીરનું કોઈપણ કર્મ, શરીરનો કોઈપણ ભાગ એનું કર્મ કરી જ ના શકે. શરીરની અંદર અશરીર તત્ત્વ રહેલું જ છે. એ તત્ત્વને લીધે આ બધું ચાલ્યા કરે છે. એ જો બુદ્ધિથી વિચારીએ તો એ સમજાય એવું છે. એ અશરીરીતત્ત્વ આપણા અંગેઅંગમાં- અણુએ અણુમાં એકરસ છે. પણ એને આ શરીરનું બધું- રોગો કે આ બધું- ખાવાનું પીવાનું કે ભોગવવાનું- વિલાસનું- જે કંઈ થયા કરે તેની અસર અંદરના અશરીરતત્ત્વને ના થાય. જે એ અશરીર

તત્ત્વ છે, આપણા અંદર એને આપણા શરીરનું બંધન નથી. એ જો આપણા ખ્યાલમાં- બુદ્ધિમાં આવી શકે- મારી બુદ્ધિમાં તો મને આવે છે. પણ એ જો આવે તો, સાલા, જ્ઞાનીને નિમિત્તનું બંધન ક્યાંથી હોય? એને બંધન હોય તો જ્ઞાન નહિ.

**સ્વજનઃ** મોટા, બંધન નહિ- તો સહજ રીતે તે કોસ્મીક હાર્મનીમાં(=સંવાદિતામાં) જ રહ્યા કરે ને?

**શ્રીમોટાઃ** હાર્મનીમાં રહ્યા કરે. બરોબર. જેમ હવા બધે જ પ્રસરેલી છે. કોઈ ઠેકાણે બાકી નથી. ગુફાઓની અંદર પણ રહેલી છે. ખીણમાં પણ રહેલી છે. પર્વતનો કેટલો કઠણ ભાગ છે, પણ તેના અણુએ અણુમાં હવા રહેલી છે. એવી રીતે આ જે આત્મતત્ત્વ છે, એ બધે જ છે. બધામાં જ છે. અને એનામાં બધું છે. એની અંદર બધું જ છે. એ બધું જે એનામાં છે. એ બધું જેમ છે એમ નિમિત્ત પણ એનામાં છે. નિમિત્ત એનામાં છે. છતાં પણ આ બધું જ છે ખરું, પણ એ એનાથી જેમ એ બંધાયેલો નથી, અથવા એનાથી અસ્પૃષ્ટ- એ નોખો છે. નોખો હોવા છતાં એની સાથે છે. પણ બંધાયેલો નથી- એની સાથે. એના બેનો સંબંધ એ રીતે છે. ત્યારે આકાશતત્ત્વની અંદર પેસાય એવું, એક તત્ત્વ રહેલું છે. ઈશ્વરીતત્ત્વ છે. એને માટે રહેવાય એવું, બેસાય એવું, ફરાય એવું આપણા શરીરમાં આકાશતત્ત્વ છે.

એ માંહ્યલો એ આકાશતત્ત્વમાં રહેલો છે. એ આકાશતત્ત્વમાં આ ચેતનતત્ત્વ રહેલું છે. અને આકાશતત્ત્વ એ આપણા શરીરના રોમેરોમમાં આકાશ છે. આપણા શરીરનો કોઈ ભાગ એવો નથી, જેમાં આકાશતત્ત્વ ના હોય. એ આકાશ એ બ્રહ્મ. પછી માણસ

તપ કરે પછી તેજ શુદ્ધ થાય. પછી તેજમાં પ્રવેશે. આકાશ અને તેજ બે થઈને બ્રહ્મ થાય. કોઈ કોઈ તપશ્ચર્યા કરતાં કરતાં વા શુદ્ધ થાય. કોઈ કહે કે વા શુદ્ધ છે. પણ આ ઓરડાનો વા ને બહાર નીકળો ત્યાં વા છે. તપાસ કરો. એ બેના ભેદ પાડી શકાય છે. એવો જે વા આપણામાં છે અને બહાર છે, ને બ્રહ્માંડમાં છે ને વા એક તત્ત્વરૂપી છે, એ બધું જુદું જુદું છે. એ વા છૂટો થાય છે એટલે આકાશ, તેજ, વા- એ ત્રણનો ભગવાન થાય છે.

જળ અને પૃથ્વીને ભગવાન થતાં વાર લાગે છે. પણ આ ત્રણ થયો એટલે શરીરનો ઘણો મોટો ભાગ શુદ્ધ થઈ જાય છે. એટલે એમાં ભગવાન પ્રવેશે છે. બાકી ખરી રીતે તો આપણામાં ભગવાન રહેલો છે- એકલા આકાશતત્ત્વમાં જ. અને આકાશતત્ત્વમાં શરીરના રોમેરોમમાં અણુયે અણુમાં એ છે. એટલે એ બધામાં છે. બાકી બીજા કોઈ તત્ત્વમાં ભગવાન નથી.

એ અનુભવી અહિંસામાં તો હોય જ. છતાં પણ જડ ઉપર તો ભયંકર હિંસા કરે છે. અત્યાર સુધીમાં કોઈએ ના કરી હોય એવી ભયંકર હિંસા એ કરે છે. પણ એમ તો કોઈ માની જ ના શકે કે જગતની દષ્ટિએ જે જે સારું કહીએ કે ખોટું કહીએ, પણ એ બધું પ્રકૃતિની દૃષ્ટિએ છે. એને તો પ્રકૃતિ છે જ નહિ. આપણે બધાં માત્ર માનીએ છીએ. એટલે એ તો જે કરવું ઘટે તે કરે. આ કુંભાર છે, તે ઘડવાને માટે કેટલા બધાં ટપલાં મારે છે, તેવી રીતે એ પણ અમુક શેઈપ(=આકાર) આપવાનો હોય અથવા તો અમુક કારણ એનું પોતાનું હોય, આપણે તે સમજતા નથી. એ કારણને માટે પણ કરે! હવે આ બીજાં બધાંની શી વાત કરું? પણ મહાત્મા ગાંધી જેવા પણ સ્વીકારી શકતા નહોતા કે અનુભવી પુરુષ હિંસા કરે!

એમણે લખ્યું છે કે નહિ તેની મને ખબર નથી.

## વાતાવરણ-વિજ્ઞાન

**શ્રીમોટા:** આપણા મગજ ઉપર આગળ પાછળના માણસોના વ્યવહારની પ્રકૃતિની કેટલી બધી અસર રહે છે. એની અસરથી વેગળા રહેવાય અને આપણે આપણા કામમાં મસ્ત રહીએ તો સારું. એ મને ચોક્કસ લાગેલું. એ ઉપરથી મેં આ મૌનરૂમ કરેલા. એ પણ ગામમાં જ.

આપણી પ્રવૃત્તિનું વાતાવરણ એ અમુક વખત સુધી રહે છે. વાતાવરણમાં પણ એકબીજાંનાં વિચારનાં મોજાંઓ છે. એટલે એ વિચારને ગ્રહણ કરી લે છે, એમ તે એને થાય છે. એ વિચારો એનામાંથી પસાર થાય છે. એટલે જ્યાં આવા ઊંચા વિચારનાં મોજાં હોય ત્યાં, ઓછામાં ઓછી અસરવાળા હોય તો બધે પ્રસરે ખરા. બહુ લાંબે સુધી ના જાય. વિચારની પાછી જબરદસ્ત શક્તિ ફેંકાયેલી હોય તો જુદી વાત. જેમ આ રેડિયો છે, એ અવાજનાં મોજાં બનાવે છે, અને એ મોજાંની પાછળ શક્તિ છે. એને લીધે મોજાં આગળ જાય છે. ઘણાં દૂરના દૂર પૃથ્વીમાં ફેલાય છે. એવું કંઈ હોય તો જુદી વાત છે. પણ એવું તો આપણા સંસારમાં કોઈ હોય નહિ- પણ એવાં મોજાંઓથી દૂર જગામાં આપણે સાધના કરવા બેઠા હોઈએ તો આપણી પ્રગતિ થાય. પણ એટલે બધે દૂર તો કોઈ આવે નહિ. આ સંસારી માણસ તો કોઈ આવે નહિ. એટલે અમે આવા ઠેકાણે ઓરડાઓ રાખ્યા. એને લીધે આ બધા મોજાંઓ ત્યાં ઓછાં જાય. એ ભીંતોને વીંધીને વિચારો જાય. એ વિચારો કેવા અડચણરૂપે છે કે આજે કોઈ એ માને નહિ. પણ કોઈ

દિવસ સિદ્ધ થશે ત્યારે માનશે. મતલબ કે બીજા વિરોધી વિચારનું બળ ઓછું હોય. જેટલું બહાર હોય, અને એને જે સ્પર્શે તેના કરતાં ઓછું સ્પર્શે. બારીઓ હું તો બંધ જ રખાવતો. પણ બધા બહુ વિરોધ કરતા. એટલે એક ઉપરની આવી જાળી ખુલ્લી રાખી. પણ એમના લાભમાં નથી. માત્ર આટલા કારણને લીધે કોઇ ના બેસે, એટલે આટલી છૂટ રાખી.

**સ્વજનઃ** મોટા, પાણી એ બહારના આંદોલનોને અટકાવી શકે? ધારો કે તળાવની વચ્ચે બેસીએ તો ફેર પડે?

**શ્રીમોટાઃ** પાણી ના અટકાવી શકે. તણાઇ જાય. જમીનની અંદર, પાણી અંદર ખૂબ ઊંડુ હોય તો ત્યાં આંદોલનો ઓછાં જાય. બાઇબલમાં કહ્યું છે કે 'ધેર વૉઝ નથીંગ'. પણ 'કંઇક હોય એ અર્થમાં લઇ શકાય. જો તેવું નથી તો કંઇક કશું હતું નહિ છતાં પણ હતું એ શું હતું? કે', આ 'ઓલ પરવેડીગ એટમોસફીયરમાં (=સર્વવ્યાપક વાતાવરણમાં) કંઇ કંઇ કશું બીજું નહોતું - એટમોસફીયર હતું. એ એટમોસફીયર ભરેલું ભરપૂર ચેતન હતું. અત્યારે જેમ એ ભરપૂર છે. આપણને દેખાતું નથી. પણ છે ખરું. કારણ કે આમાંથી એક લઇએ - એ કણની અંદર કેટલું બધું ચેતન ભરપૂર છે એ સાયન્સે પુરવાર કર્યું. હવે જે એટમોસફીયર હતું. તો આ બધું બ્રહ્માંડ શી રીતે સમાયું? એમ આપણને પ્રશ્ન થાય. તો આ એટમોસફીયર જે હતું, તે એટમોસફીયર એક સરખું-એક જાતનું જાડુંપાતળું એવું જુદે જુદે ઠેકાણે હતું નહિ. કોઇ જગાએ જાડું હતું, કોઇ જગ્યાએ પાતળું હતું. આદિની વાત છે સાહેબ, એટમોસ્ફીયર માત્ર હતું. એ એટમોસ્ફીયરમાં આવું હતું. ત્યારે જ્યાં આગળ જાડા જેવું હતું. તે વિશેષ ઘન થતું ગયું, એની

મેળે, હાં, કોઈએ કરેલું નહિ. એ પ્રોસેસ (=પ્રક્રિયા) એની મેળે. એ જે જાડું થયું તેને આપણાથી કંઈ નામ તો આપી શકાય નહિ. એ થયું કે ભાગવતમાં કે શાસ્ત્રોમાં એમ લખે છે કે એકઃ અહમ્ બહુસ્યામ્= હું એક હતો, તે બહુ થયો. ભગવાનની વાત છોડી દઈએ. એને બીજા અર્થમાં ઘટાવી શકાય. પણ આવું એટમોસ્ફીયરમાં જે થયું જે ઠેકાણે એ ઘન હતું તે વિશેષ ઘન થયું. ત્યાં આગળ સાકારરૂપ છે. એટમોસ્ફીયર પાછું એકદમ આવું શાંત-સ્થિર નહોતું. એટમોસ્ફીયરમાં પણ ઘણાં સ્વરૂપો હતાં. એટલે એ એટમોસ્ફીયરમાં કંઈ જાતની હીલચાલોને લીધે એ ઉગ્ર સ્વરૂપ પ્રગટે. ભયંકર ઉગ્ર સ્વરૂપ - જેમ દરિયામાં ભયંકર મોજાઓ ઊછળે છે. એટલા બધા ભયંકર મોજાં કે પચાસ-સાઠ ફૂટ ઊંચાઈવાળા હોય. એનાથી વધારે ઊંચાઈવાળા હોય. એવા ભયંકર મોજાં છે. ત્યારે એવા તોફાનો આ એટમોસ્ફીયરમાં પણ થવાં લાગ્યાં. એ ઘનસ્વરૂપ થયેલું તેને પણ સ્પર્શવા લાગ્યા. અને ઘનસ્વરૂપ થયું હતું ખરું પણ એટલું બધું ઘન થયું ન હતું. એટલે એના ઘણા ટુકડા પડયા. પણ એ ટુકડા કેવા પોચા હતા. હાલ જે ગચ્ચા આપણી પૃથ્વી પર દેખાય છે એવા નહિ. આ તો આદિ કાળની વાત છે. એમ એટમોસ્ફીયરનો દેહ બનેલો. એમ કરતાં કરતાં ધીરે ધીરે કરીને પેલા ટુકડા ઘનસ્વરૂપ થતા ગયા. એ ઘનસ્વરૂપ થતાં ગયાં તે ગતિમાન છે. ગતિ વગરનું કશું છે નહિ. આખા વિશ્વમાં-બ્રહ્માંડમાં - જે તે ગતિ વગરનું છે નહિ. તે ગતિમાં આવતાં આવતાં એકબીજા સાથે અથડાયા. અથડાયા એટલે એમાંથી ભાગલા થયા. એમ થતાં થતાં, આખું બ્રહ્માંડ થયું.

હવે અત્યારે પણ એ જ પ્રક્રિયા ચાલ્યાં કરે છે. કેટલાય અથડાયાં કરે છે. કેટલાય અથડાયાં કરે છે. આ બધું થયા જ કરે

છે. આ કાળમાં જ - અત્યારે પણ - હું બોલી રહ્યો છું ત્યારે પણ તે પ્રક્રિયા બ્રહ્માંડમાં ચાલી રહી છે. આવી રીતે ઈશ્વર થયા. આપણે થયા, પૃથ્વી થઈ. પણ જે બાઈબલમાં એમ કહેવાયું કે 'ધેર વૉઝ નથીંગ' (=ત્યાં કશું જ નથી.) એ ક્યા સંદર્ભમાં હશે તે હજુ સમજણ પડી નથી. મને કોઈ - વિષયના - એવા જાણકાર - આ ફાધર વાલેસ કહે ત્યારે સમજાય. પણ મારે એમનો એવો પરિચય નથી-નહિ તો હું તો એમને મળું. પૂછું કે બાઈબલમાં કહ્યું છે એનો શો અર્થ છે? મૂળ શો અર્થ કહેવાય? એ ભગવાનનું અસ્તિત્વ હતું ને એ અસ્તિત્વ કોઈના અનુભવમાં કે જાણમાં નહિ આવેલું, કોઈ જાણતું નહોતું, એને તમે કહો છો કે 'ધેર વૉઝ નથીંગ'? તો બાઈબલનો બરોબર અર્થ બેસે. પણ 'મટીરીયલ વર્લ્ડ' (=ભૌતિક જગત) ત્યારે નહોતુ એમ તમે કહો તો માની શકાય, કે 'ધેર વૉઝ નથીંગ'. એટમોસ્ફીયર માત્ર હતું શરૂઆતમાં - આદિમાં. પણ મને પોતાને સાધના કરતાં કરતાં વિચાર આવેલો. હું ભયંકર જંગલોમાં એકાન્ત સ્થળે ચાલ્યો જાઉં. સાથે કોઈ સાધન ન રાખું. એ વખતે તો સાધનબાધન કંઈ નહિ. ખાવા-પીવાનું સાધન ન રાખું. પાણીનો પ્યાલો પણ ન રાખું. પૈસા થોડાઘણા રાખું. કોઈને આપવા જોઈએ. પાણીનો પ્રવાહ હોય ત્યાં બેસું-હોં-માત્ર, ભગવાનનું નામ દઉં, સ્મરણ કરું, પ્રાર્થના કરું, વારાફરતી વારાફરતી સાધન કર્યા કરું - પાંચ-છ દિવસના કડાકા થઈ જાય. ભૂખ લાગે ત્યારે જરી જરી પાણી પીઉં. પાંચ-છ દિવસ થઈ જાય. પછી કોઈ માણસ ખાવાનું લઈને આવે. હું કહું, 'શું કામે આવ્યો? તને કોણે મોકલ્યો'? ત્યારે કહે, 'મને એમ થયું આ કોઈ માણસ આ નદી કિનારે બેસી રહેલો છે. એ ભૂખ્યો છે. એટલે હું તો લઈને આવ્યો'. પછી એ તો જાય. તો હું કહું, 'ભાઈ હવે સાંજે ના લાવીશ. સવારે એક જ વખત લાવવું. અને રોટલો ને શાક. બીજું કંઈ લાવવું

નહિ'. એણે કહ્યું કે, 'આમાં તમારો હુકમ નહિ ચાલે, હું લાવું તે તમારે ખાવું પડશે'. 'તો જેવી તારી મરજી. ભાઈ, મિષ્ટાન્ન ન લાવે તો સારું - કારણકે હું બેઠો છું, મને કોઈ મિષ્ટાન્ન નહિ ફાવે'. ત્યાં આગળ મને સૂઝેલું. સાહેબ, બહુ મોટી મહેરબાની કે મને કોઈ વિચાર નહિ આવતો. ત્યારે મને આ સૂઝેલું કે આ બ્રહ્માંડ શી રીતે થયું? આપણામાં કહે છે કે 'ધેર ઈઝ નો બીગીનીંગ - નો એન્ડ' (= આરંભ નહિ, અંત નહિ.) પણ મારા મનમાં તો સમાધાન હતું કે એને આદિ પણ નથી. અને એનો અંત પણ નથી. એવું આ છે. તો પણ સાલું થયું કે આદિ નથી. ભલે, પણ એ આદિ પહેલાંય - એ દેખાય છે એ કઈ રીતે થયું હોય? એમ મને પ્રશ્ન થયો. - એ વિચારતાં વિચારતાં મને એમ થયું કે ભાઈ, આ એક જાતનું એટમોસફીયર છે. આ જે હું બાલ્યો એ પ્રમાણે મારા મનથી સમાધાન કર્યું.

કોઈ પ્રશ્ન ઊઠે અને એનું સમાધાન આપણે ન કરીએ, તો એ પ્રશ્ન ફરી ચાલુ ને ચાલુ જ રહે છે. અને પછી અનેક ફણગા ફૂટે છે - અને મનને તંગ કરી નાંખે છે. એટલે જીવનમાં કોઈપણ પ્રશ્ન ફરીથી ન ઊગે તે માટે તેનું સમાધાન આપણે કરી લેવું. એટલે મન શાંત જ રહે. ઘણાં તો પ્રશ્નો વિચારતા જ નથી. પણ આપણે આવી સમાધાન કરવાની - ટેવ પાડી દઈએ, તો મન હંમેશાં ઘણું શાંત રહે છે.

**સ્વજન:** મોટા, પરદેશમાં એક અનુભવી પુરુષ થઈ ગયો. એણે પણ આવું કંઈક લખ્યું છે.

**શ્રી મોટા:** એમ?

**સ્વજનઃ** અનુભવ એટલે નથીંગનેસ (=ન હોવાપણું) નો અનુભવ થવો જોઈએ. પ્રોઝીટીવ નથીંગનેસ (=વિધેયાત્મક ન -હોવાપણું) બિલકુલ બ્લેન્ક (=શૂન્ય). કશું જ નહિ.

**શ્રી મોટાઃ** અનુભવ વિષે આ વાત બિલકુલ સાચી. બધું જ હોવા છતાં કંઈ જ નથી એવો એને અનુભવ થવો જાઈએ. 'એ થવો જોઈએ' એટલું જ નહિ, 'હી ઈઝ લીવીંગ ઈન ધેટ વેરી સ્ટેટ' (=એ એજં અનુભવમાં જીવતો હોવો જોઈએ). એ એમાં જીવે છે, બધું જુએ છે, કરે છે, અનુભવે છે, વ્યક્તિઓની સાથે બોલે છે, વર્તે છે. છતાં પણ કંઈ કશાની સાથે વર્તતો નથી. એ એની સ્થિતિ સર્જે છે.

**સ્વજનઃ** મોટા, તમે જે આ કહ્યું કે જેમ જેમ આપણે આ સાધનામાં આગળ જતાં જઈએ, તેમ તેમ આપણામાં પ્રસન્નતા, આનંદ એ વધ્યાં કરે. હવે આમ નોર્મલી (=સાધારણ રીતે) આપણે બધા પ્રયત્નો કર્યા કરીએ છીએ, કે જે આપણને ગમે અથવા જેમાં આપણને હેપીનેસ (=સુખ) મળે, એ તરફ આપણે પ્રયત્ન કરીને જઈએ છીએ. હવે એ હેપીનેસ મેળવવા જતાં આપણને અનેક જાતના દુઃખો આવી પડે છે. કારણ કે આપણે કંઈક કરવા જઈએ, એમાં બીજાને કંઈક આડખીલીરૂપ થતા હોઈશું કે બીજાની પાસેથી કંઈક છીનવી લેતા હોઈશું - માટે આમ થતું હશે? એટલે આ જે ખરો આનંદ છે, ખરું સુખ છે, તે આપણી જાતને ઝીરો (=શૂન્ય) કરતા જઈએ, અને એમ કરતાં કરતાં જ અનુભવાય એ જ ને?

**શ્રી મોટાઃ** આખી સૃષ્ટિ પ્રકૃતિની બનેલી છે. એ પ્રકૃતિ એ દ્વંદ્વ

અને ગુણની બનેલી હોવાથી એ પ્રકૃતિથી - ...દ્વંદ્વ અને ગુણથી - પર જઈએ ત્યારે જે આનંદ હોય એ આનંદનો પ્રકાર જુદો હોય છે. એ આનંદ કંઈ શરીર પરથી અનુભવાય નહિ. અને ગમે તેટલી મુશ્કેલીઓ આવે તે કામમાં - આપણે જીવતા હોઈએ - ત્યારે જીવીએ છીએ તો પૃથ્વી ઉપર - અને બધા માણસોની સાથે, છતાં જે આનંદ થાય એ પરમ આનંદ.

તા. ૧૭-૦૯-૭૪

# કર્મ

**સ્વજનઃ** કર્મ વિષે કંઈ કહો.

**શ્રી મોટાઃ** આપણા આ પંડિતો, વિદ્વાનો, બધા સાધુમહાત્માઓ મારી સમજણ પ્રમાણે કર્મને ખોટી રીતે સમજ્યા છે - કર્મથી પાપ અને પુણ્ય છે તે પણ મને સાચું નથી લાગતું. મારે દુઃખ ભોગવવું ના પડે માટે કહું છું એમ નહિ. સીનસીયરલી (=નિષ્ઠાપૂર્વક) કહું છું, કારણકે આપણે કોઈ કર્મ કરીએ છીએ, એટલે કે જ્યારે કર્મ થઈ રહ્યું હોય છે, બરોબર તે જ પળે - ત્યારે તો એ કર્મ આપણા કંઈ હાથપગ, શરીરથી થાય છે. પણ એને અંદરથી દોરનારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ - મનાદિકરણ છે. એ તો ચોક્કસ. આપણાથી મનાય તેવું છે. ગપ્પાં નથી. સાચી વાત છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌થી થાય છે. ત્યારે કર્મ કરતી વખતે એ કેવાં પ્રકારનાં રહે છે, તેના ઉપર કર્મનો આધાર છે. ધારો કે તમે ખરાબમાં ખરાબ કર્મ કરતા હો, અને તમને સારામાં સારા વિચાર આવતા હોય. કર્મ તેનાથી ઊલટું હોય તો તે તેનું પરિણામ નહિ

હોય. કર્મનું કલેવર જે બહાર લોકોને દેખાય છે તે ઊંધું દેખાય - ખોટું દેખાતું હોય ને આપણે પણ જાણીએ કે ખોટું છે - તો પણ જો તે વખતે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ તે રીતે વર્ક (=કામ) ના કરતાં હોય અને બીજી રીતે વિચારતાં હોય - તો કર્મનું પરિણામ એ રીતે આવે. કોઇ દલીલ કરે કે, 'ભલા આદમી, તમે દીધે રાખો છો. પણ આપણે જે રીતે કર્મ કરતા હોઇએ તે રીતના જ વિચારો આવે ને?' પણ એ રીતે નથી હોતું. તમે તમારા માનસમાં - બુદ્ધિમાં બરાબર તપાસો કે કેટલી વાર આપણે કર્મ કરતા હોઇએ ત્યારે કંઇના કંઇ વિચારો કરતા હોઇએ છીએ, કે જે તે કર્મ અંગેના હોતા નથી. એ તમારા અનુભવમાં તપાસો તો ખબર પડે. જો કમ્પ્લીટ એનાલીસીસ ઓફ અવર માઇન્ડ એન્ડ, ઇન્ટલેક્ટ (=મન અને બુદ્ધિનું સંપૂર્ણ પૃથક્કરણ) એ બધું જો આપણે કરતા રહીએ તો સમજણ પડે કે આપણે આ જાતનું કામ કરીએ છીએ ને વિચાર બીજી જાતના થાય છે. કર્મ અને આપણા વિચારોને બુદ્ધિથી આપણે વિખૂટા પાડીએ - વિચારી શકીએ. અત્યારે પણ આપણે કરી શકીએ, ના કરી શકીએ એમ નહિ. અત્યારે ભલે આપણે એટલા ઊંચાં ના ગયા હોઇએ. આમાં ઊંચાં જવાની જરૂર નથી. તમે કર્મ કરતા હો અને જે જાતનું કર્મ હોય, તે કર્મ કરતી વખતે, એ કર્મમાં જ પરોવાયેલા હોય તેવું હોતું નથી. કોઇનું હોતું નથી.

એક જણે મને કહ્યું, 'મોટા, તમારી વાત ખોટી છે.' 'કબૂલ. ભાઇ, ખોટી હોય તો.' 'જ્યારે કોઇ એક્શન(=કાર્ય) એવી જાતનું હોય અને આપણું કમ્પ્લીટ એટેન્શન(=સંપૂર્ણ ધ્યાન) માંગી લે ત્યારે.. દા.ત. કંઇ ઘડવાનું કામ હોય, મશીનનું કંઇ કામ હોય, એવું એટેન્શન માગી લે એવું હોય તો મનાદિકરણ એમાં જ રહે છે.' મેં

કહ્યું, 'ભાઈ, તારી એ વાત હું કબૂલ કરું છું. મને અનુભવ નથી. પણ એ સમજાય છે ખરું કે એમાં રહે ખરું, કારણકે આ પ્રકારના કામમાં એટેન્શન એમાં ને એમાં જ રાખવું પડે. જો જરાક બગડ્યું તો બધું બગડે. એટલે એટેન્શન એમાં ને એમાં રહે. તો એ વાત ચોક્કસ.' કર્મ કરતાં જડ વસ્તુની સાથે આપણું મનાદિકરણ લાગેલું છે. એમાં પાપ-પુણ્ય, શુભ-અશુભ કંઈ કશું નથી. એટલે નિર્દોષ છે. એટલે એમાં કંઈ કશું લાગવાપણું છે નહિ. આવા કામમાં પણ બીજું કશું કામ કરતાં હોઈએ ત્યારે તમારું મન, બુદ્ધિ, તમારા ક્યાંય ને ક્યાંય હોય. જ્યારે ક્યાંનુ ક્યાં વિચારતા હોય ત્યારે તે વખતે જે વિચારીએ, જેવા પ્રકારનું વિચારીએ, તેવું પરિણામ નીપજે છે. દેખીતું કર્મ જે કરીએ તે દોષ દે છે તેમ નથી. પણ જે કર્મ કરતાં- ભલે ખરાબમાં ખરાબ કામ કરતાં હોઈએ, છતાં તમે સારામાં સારા વિચાર કરતા હો તો કર્મનું પરિણામ જુદું આવે.

'દેખીતી રીતે ખરાબ કર્મ કરતાં હો અને સારા વિચાર કરતા હો તે તમે કેવી રીતે કહો છો? કેવી રીતે બને?'

તો એવું છે કે કો'ક વાર આપણે કર્મ ગમે તેવું- ખરાબમાં ખરાબ- આવ્યું. તે કોઈ દિવસ એકદમ પૂરું થતાં વાર લાગે છે. ત્યારે આપણું માનસ છે તે ભાગ્યે જ પાંચ- છ ક્ષણ એકની એક જાતનું રહેતું હોય. એ બદલાતું જ રહે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ બદલાતાં હોય છે. એક જ જાતનાં રહેતાં હોતાં નથી. ત્યારે આપણે જે ખરાબમાં ખરાબ કર્મ કરીએ છીએ તે કર્મ દેખીતી રીતે ખરાબમાં ખરાબ જાતનું હોવા છતાં - તેના પર પરિણામનો આધાર નથી. પણ તે વખતે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ કેવા વિચારો કરતા હોય છે, તેના પર

પરિણામનો આધાર છે. જો ખરાબમાં ખરાબ કર્મ કરતા હોઈએ, ને સારામાં સારા વિચારોમાં મુગ્ધ હોઈએ, તો પરિણામ ઉત્તમ છે.

'આ વાત બરાબર નથી'.

'હું શાસ્ત્ર ભણ્યો નથી ભાઈ. મને તો મારી બુદ્ધિને યોગ્ય લાગે ને મારી બુદ્ધિ સ્વીકારે એ રીતેથી વાત કરું છું'. પછી એ સામાવાળો એમ દલીલ કરે -, 'ભઈ તમે કહો છો, કે દેખીતી રીતે જે કર્મ ખરાબ કે ખોટું છે, જે દેખાય છે ને આપણી બુદ્ધિ કબૂલ કરે કે આ સાલું ખોટું છે, અને આ સારું છે - કર્મ- એવા કર્મ આપણે કરતા હોઈએ, ત્યારે બુદ્ધિમાં એક વિવેકશક્તિ આવેલી છે - બુદ્ધિનો એક ભાગ છે - જે આ બધું નક્કી કરે છે. પણ એ નક્કી કરે તેથી કરીને કંઈ આપણે જે કર્મ કરતાં હોઈએ તેનો આકાર કાંઈ બદલાઈ ના જાય. એ આકાર અથવા તો એ કર્મ કંઈ છૂટી ના જાય. એ તો જેમ થતું હોય તેમજ થાય. એ તો આપણે જે કર્મ કરવાનું આવ્યું, એટલે એ તો બહારથી એવું જ રહે. તે વખતે એ કર્મ આવ્યું એટલે કર્મના વિચારો તો આવવા લાગે. વિચાર ન આવે એવું બને નહિ. નહિતર તો કર્મ બને જ નહિ. પણ કન્ટીન્યુઅસ (=સતત) એ કર્મના વિચારો માણસને નથી રહેતા. મહીં ભંગ પડે છે. તો તે વખતે જેવા વિચારો તેને આવે સારા કે ખોટા - તે વિચારો કર્મના પરિણામમાં ફળે. પણ કોઈ સારામાં સારો માણસ છે. માનસિક રીતે ઉત્તમ કેળવાયેલો, જેના મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ઉત્તમમાં ઉત્તમ રીતે કેળવાયેલાં છે, તેને કર્મ-સંજોગે કોઈ ખરાબ કર્મ કરવાનું આવી ચડયું, તો એ શું કરે છે? તો એ વખતે પોતાના મન, ચિત્ત, પ્રાણ કબજે હોવાથી તે એકદમ ભાવમાં, હરિચિંતવનમાં મનનચિંત્વનમાં બધો વખત ગાળે

એટલે કર્મ આવ્યું હોય તે એમ ને એમ પસાર થઈ જાય. એટલે એનામાં કોઈ ભાગ ના ભજવે. એટલે કર્મનું એને બંધન નથી. આવા પુરુષને કર્મનું બંધન નથી. એટલે પેલું પસાર થઈ જાય. એટલે હરિ હરિ.

પેલું જે કર્મ છે તે કર્મનું મૂળ શું? કર્મ આવા જુદા જુદા કેમ આવે છે? જુદી જુદી રીતના- સારા ને ખોટા. આપણને ન ગમે તેવા કર્મ પણ કેમ કરવા પડે છે? આપણને આવા સવાલ થાય.

કર્મનું મૂળ આપણું ચિત્ત છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્- એ પાંચ આપણા શરીરમાંનાં કરણો છે. જે કંઈ વિચાર આવ્યો - માનસિક - જે મોઢાથી વ્યક્ત ના કર્યો હોય - તેમ છતાં તે તમારા ચિત્તમાં સંગ્રહાઈ ગયો. જે કંઈ તમે બોલ્યા, ચાલ્યા, વર્ત્યા, વાતચીત થઈ, કર્મ કર્યું, કોઈની સાથે સંબંધ થયો, લઢવાડ થઈ, કોઈ સારું બોલ્યા, ખોટું બોલ્યા, ગમે તે થયું કોઈ પણ જાતનું - કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ - એ ત્રણે જાતનું તમારું બોલવાનું થયું, અથવા કર્મ કરવાનું થયું તે બધું જ ચિત્તમાં જાય. ચિત્ત ઓપન (=ખુલ્લો) કેમેરા છે. એમાં બધું સંગ્રહાઈ જાય. એને કહે છે 'આપણા સંસ્કાર'. એ સંસ્કાર ચિત્તમાં પડયા એ કાળે કરીને ઉદયવર્તમાન થાય. ઉદયવર્તમાન એટલે કે 'સ્પ્રીંગ્સ આઉટ' (=અંદરથી બહાર ઉછળી આવે) બહાર આવે એટલે એને વૃત્તિ કહે. એ વૃત્તિ બહાર આવી એટલે એક્શનમાં મૂકાય. એ કર્મનું મૂળ. કર્મનું મૂળ આ.

હવે એ બહાર આવ્યું એટલે જે પ્રમાણે વૃત્તિનું કે વિચારનું કે ભાવનાનું કર્મ હોય તે-તે જ ચેનલમાં તે કર્મ કરતું થાય. બીજી રીતે

એ કર્મ વર્તી જ ન શકે. અહીંથી અમદાવાદ જવાનું મને મન થયું અને ગાડીમાં બેઠો - પછી થાય કે, 'લાવ, હવે મુંબઇ જઉં' - તેવું નહિ થાય. હું અમદાવાદ જ જઇશ. તેવી રીતે ચિત્તમાંથી ઊઠેલા સંસ્કારો એ વૃત્તિ રૂપે બહાર સ્ફૂર્યા અને કર્મનું સ્વરૂપ લીધું. એ કર્મ - વૃત્તિ કે પેલા સંસ્કારને આધારે જ કામ કરવાનું. કર્મ ઈન્ડીપેન્ડન્ટ (=સ્વતંત્ર) નથી. વૃત્તિ અને સંસ્કાર ઉપર ડીપેન્ડન્ટ (=આધારિત) છે. તમે ગમે તે કર્મ કરો, પણ તે વખતે તમારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ તે તદ્દન શુદ્ધ હોય તો બિલકુલ તમને પાપ કે કશું જ લાગતું નથી. પણ એવું હોવું જોઇએ.

આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ ને આપણે કર્મ કરતી વખતે - ઉત્તમમાં ઉત્તમ પ્રકારની ભાવનાનાં પ્રવાહમાં વહેવડાવીએ તો કર્મ ગમે તે પ્રકારનું હોય તો પણ તે કર્મ આપણને દોષકર્તા નથી. દુષ્ટમાં દુષ્ટ કર્મ કરતા હોઇએ, પ્રપંચી કામ કરતા હોઇએ, એલફેલ ગમે તેમ કરતાં હોઇએ તો પણ આપણને પાપ નથી. આપણા મનદિકરણથી બીજા જ ભાવમાં ચાલ્યા કરીએ છીએ - એમ માનીને કોઇ પણ ઊંધી રીતે વર્તતું હોય તો તેને કર્મ ભોગવવાના નહિ આવે તેમ નહિ. તેને કર્મ ભોગવવાના તો આવશે જ ને પેલાને પણ આવશે. પેલાને આવશે તે જુદી રીતનાં અને આને આવશે તે જુદી રીતના. આ તો લુચ્ચાઇ જ કરે છે. દંભ કરે છે. આ તો સારા દેખાવાનો પ્રયત્ન કરે છે. એ એનો પ્રયત્ન બધો ડિસેપ્શન (=છેતરપીંડી) નો છે. દંભનો છે. જ્યારે પેલો માણસ સીન્સીયર (=સંન્નિષ્ઠ) છે. એક માણસ સીન્સીયર છે. એક માણસ દંભી છે. એટલે એને દંભનું પરિણામ ભોગવવું પડે છે. આમ ખરી રીતે કર્મનું પરિણામ કર્મના સ્થૂળ સ્વરૂપ ઉપર નથી. ધારો કે હું ચોરી કરું છું - તો ચોરી કરતી વખતે હું બ્રહ્મ -

ભગવાનના સ્મરણમાં રોકાયેલો હોઉ, તો હું ચોરી કરતો હોવા છતાં ચોરીનું પાપ મારા ઉપર નથી.

એક દાખલો હું તમને પ્રત્યક્ષ આપું. કે કબીર સાહેબ હતા. તે ઐતિહાસિક વ્યક્તિ છે. કાલ્પનિક નથી. આપણા દેશમાં થઇ ગયેલા છે. એમના ઘેર મહેમાન આવ્યા. તે ગરીબ માણસ હતા. આમેય બહુ મોટા માણસ હતા. - સંસ્કૃતિની દૃષ્ટિએ વિચારીએ તો હાલના પોલીટીકલ (=રાજકીય) માણસો કરતાં તો ક્યાંય ચઢી જાય. એટલા બધા ગ્રેટ (=મહાન) હતા. એમને ઘેર મહેમાનો આવ્યા. ઘરમાં લાકડાં પણ ન મળે. કબીર સાહેબે એમના છોકરાને ક્હ્યું, 'જા લાકડાં લઇ આવ'. તે લાકડાં લેવા કંઇ જંગલમાં જાય? પાસે જ કોઇનું ઘર થતું હતું. ત્યાંથી જ લાકડાં ઉઠાવ્યા. એને પૂછ્યુંઃ 'અલ્યા, કેમ લઇ જાય છે તું'? તો ક્હે, 'ભાઇ સાહેબ, હું ચોરી નથી કરતો. મારે ત્યાં મહેમાન આવ્યા છે. મારે ત્યાં લાકડાં નથી. મારે ત્યાં લાકડાં આવશે એટલે તમારે ત્યાં મૂકી જઇશ'. પેલા માણસે છોકરા ઉપર ફરિયાદ કરી. તો છોકરાએ તો ક્હ્યું, 'સાહેબ, આવી રીત હતી. મારે ત્યાં મહેમાન આવેલા હતા અને લાકડાં નહિ. તો ખવડાવવું શી રીતે? એટલે પાછળ લાકડાં પડેલાં હતાં, તો લઇ ગયો. અને મને પૂછ્યું તો મેં ક્હ્યું, 'મારે ત્યાં આવશે એટલે હું તમારા લાકડાં ભારોભાર પાછા આપી જઇશ. મેં એમને વાત કરી. મેં ચોરી નથી કરી. ક્હીને આમ કર્યું છે. હવે તમારે આ બાબતની જે કંઇ શિક્ષા કરવી હોય તે શિક્ષા કરો'. તે કાળના મેજિસ્ટ્રેટે વિચારીને ક્હ્યું - મેજેસ્ટ્રેટને 'કાજી' ક્હેતા કે શું ક્હેતા હશે રામ જાણે! તેમણે વિચાર્યું કે આ છોકરાએ લુચ્ચાઇ નથી કરી. એણે ચોરી નથી કરી લાગતી. એનો હેતુ ચોરી કરવાનો નથી. એટલે એને છોડી મૂક્યો. એટલે મારું ક્હેવાનું એમ છે કે ચોરી

જેવું કામ પણ જો તમે સારા હેતુને માટે જ કર્યું હોય - તેના વગર બીજો છૂટકો જ ના હોય, તો તેની સજા નથી. તે કર્મથી કોઈ નુકસાન નથી. એવી રીતે જો કર્મ કરતા - એને તો માત્ર પેલાને જમાડવાનો જ હેતુ હતો. તેને માત્ર ચોરીનો વિચાર જ નહોતો. હું ચોરી કરું છું એવો એના મનમાં બિલકુલ વિચાર જ નહોતો. એટલે એનું કોઈ પાપ એને પણ નહોતું અને પુણ્ય પણ નહોતું. ધર્મ હતો, ઘેર આવેલા માણસોને જમાડવા એ આપણો ધર્મ છે, એ ધર્મ આપણે અદા કરવો અને એને માટે એ કામ કર્યું.

હું સાદો દાખલો કહું. હું કરાંચીમાં હતો. સિંધિયા સ્ટીમ નેવીગેશનના મેનેજર મારા વડીલ. માંદોસાજો હોઉં ત્યારે એમની પાસે જઉં. મારી પાસે પૈસા તો હોય નહિ. એટલે રિવાજ જ કરેલો. એને તાર કરું કે, 'માંદો છું ને તમારી પાસે આવું છું. પૈસા નથી તો મોકલો, ને પછી હું જઉં. તે ત્યાં હું ચાર-પાંચ-છ મહિના રહેલો. પછી એમની સાથે બધે ફરું. મને કહે, 'જા ચુનિયા, તારે ફરવું હોય ત્યાં ફર. શહેરમાં જરા ફર. મોટરમાં ઘૂમી આવ. ફરી આવ તો ખરો'. એટલે હું ફરવા જઉં - અનેક ઠેકાણે ઊભો રહું. એક ઓલિયો કહે, 'ઈધર આ લડકા - ઈધર આ'. મારો ડ્રાયવર ભીમજી મને કહે, 'જશો નહિ, મોટા - આ તો બધા લૂંટી લે તેવા હોય છે'. મેં કહ્યું કે, 'પૈસા જ કયાં છે? મને શું લૂટી લેવાનો છે? પછી હું એની પાસે ગયો. તો કહે , 'લડકા, તું અચ્છો હૈ, હમકુ ખુદાકી દયા હૈ'?' - 'અચ્છા' તો 'અચ્છા તો કામ ક્યા હૈ?' તું અચ્છા લડકા હૈ, ઈસલીયે બાત કરતા હૂં' મેં કીધું,'અચ્છા બૂરા એ તો ભગવાન જાને, ભાઈ, જૈસા હું વૈસા હૂં . બાત કહેવી હોય તો કહો.' પછી મને કહે 'મને બે અઢી મહિનાથી બહું ગંદો વિચાર આવે છે. સામે એક વેશ્યા રહે છે. તે વેશ્યા બહુ સુંદર છે. મને ત્યાં રોજ જવાનું

મન થાય છે. હું સાધુ ફકીર માણસ. એ વેશ્યાના ઘરે શી રીતે જઉ? મારાથી જવાય કેવી રીતે? મારી આબરૂ શી?' મે કહ્યું, 'એમાં ગભરાય છે શું? તારે વેશ્યાને ઘેર જઈને તારે 'બોડીલી એક્શન(=શારીરિક કર્મ) કરવાનું નથી. તો કહે, 'મારે તો જઈને માત્ર પાછા આવવું છે.' મે કહ્યું, 'આ ટ્રેડીશનથી(=રૂઢિ) ગભરાય છે શું? જવું હોય તો જવું. ગીત સાંભળવાનું હોય તો સાંભળીએ- ઘરમાં કોઈ ઊભા ના રાખે તો પાછા આવતા રહેવું. એમાં ગભરાવાનું શું છે? જવું તે જવું. આપણે શી પરવા છે?' પછી કહે, 'તું અહીં બેસ. મને હિંમત આપ.' 'શું બાબાજી તમે વાત કરો છો? હિંમતની વાત- એમાં શી મોટી વાત છે? હું તમારી સાથે આવું.' પછી એ તો ઉપર ગયો. બેઠો. પછી એ તો કંઈ બોલ્યો કર્યો નહિ. એનાં માણસે બે ચાર ધબ્બા માર્યા. તોય એ તો કંઈ બોલ્યો નહિ. પેલી બેને ગાયન શરૂ કર્યું. રોજ માણસો આવે ને તેમને પ્રસન્ન કરવા ગીત ગાય. તે ગીત ગાયું. આણે સાંભળ્યું- પછી ઊઠીને આવતો રહ્યો- પછી આવીને મને વાત કરી- કે, 'ધબ્બા પડ્યા, પણ ગીત સાંભળ્યું.' અલ્લાહનું જે ગીત તેણે ગાયું. મને મનથી થયું કે આ બાઈ અલ્લાહનું ગીત ગાય ગાય છે અને શારીરિક કામ આવાં કરે છે! માનસિક આવાં ગીત ગાય છે અને શારીરિક આવાં કામ કરે છે.! બન્ને કોન્ટ્રાડિક્શન(=વિરોધી) થયા. ત્યારે તેને કર્મનું ફળ શું? અલ્લાહનાં ગીત ગાતી હતી ત્યારે તેમાં અલ્લાહની ભક્તિનો ભાવ નહોતો. તે અલ્લાહનાં ગીત ગાતી હતી તે ગાવા ખાતર ગાતી હતી. એક ટોન આવી ગયો. ગાવાની ઢબ આવી ગઈ, તે રીતે માત્ર તે ગાતી હતી. તેમાં નરસિંહ મહેતા, કે મીરાંબાઈ, તુકારામ એવા કોઈ ભક્ત ગાતા હોય ને તેમાં જેવો ભાવ હોય, એ ભાવ એ બાઈનામાં હતો નહિ. તે તો માત્ર પેલા પ્રેક્ષકો આવેલા, તેમને રીઝવવા ખાતર જ ગાતી હતી. એને- પેલા લોકો બધા

આવેલા હોય, તેને રીઝવવાનો જ માત્ર હેતુ હતો. તેથી તેને શારીરિક કર્મનું ફળ ચોક્કસ ભોગવવાનું. એ વાત ચોકક્સ. એ ભગવાનના ભજન ભલે ગાતી હોય, પણ એ ગાતી વખતે. એ શરીરથી વિખૂટી નથી. શરીરની સાથે મન, બુદ્ધિ, પ્રાણ બધાં વળગેલાં હતાં. પછી તો એ સાધુ દસ-પંદર વાર ત્યાં ગયા હતા. આખરે એ બાઈ ભજનિક થઈ ગઈ. તે બાઈએ મહિના- દોઢ મહિનામાં ધંધો- બંધો છોડી દીધો. ખાવું પીવું શું? બાવો કહે, 'હું તારું પુરું કરીશ. જે જોઈએ તે તારે ચિઠ્ઠીમાં લખી મોકલવું. હું અહી બેઠો છું.' પેલો ફૂટપાથ ઉપર બેસી રહે. શિયાળામાં, ઉનાળામાં, ચોમાસામાં- ત્યાં જ એનો અડ્ડો. રોજ પેલીની ચિઠ્ઠી આવે. જે કોઈ આવતા જતા હોય- ઘણા વરસથી બેઠેલો- એટલે ઘણા માણસો ફકીરના દર્શન કરવા આવે. એ લોકો દર્શનને બીજું નામ આપે છે. આપણી ભાષામાં દર્શન કહીએ. જે આવે તેને ચિઠ્ઠિ બતાવી દે. આ ચિઠ્ઠિ છે, તેમાં જે માલ લખ્યો છે તે ઉપર મોકલાવી આપે. પણ કેટલાક સારા માણસ હોય તે મોકલાવી દે છે. કેટલાક સારા માણસ હોય તે મોકલાવી આપે. પણ કેટલાક મારા જેવા હોય તો કે' કે, 'આ ફકીર સાવ લુચ્ચો લાગે છે. આ વેશ્યાને આ બધું શું કામ મોકલાવે છે? જરૂર બેની વચ્ચે કંઈ કનેક્શન (=જોડાણ) છે. મન તો વિચાર કરે ને, સાહેબ? મન કંઈ વિચાર કર્યા વિના થોડું રહે? આ સાધુ અહીં વરસોથી પડયો રહ્યો છે. અમે જોઈએ છીએ એને બીજી કંઈ લપ્પન-છપ્પન નથી. અને આ વેશ્યાને ત્યાં કેમ મોકલે છે? જરૂર કંઈ અંગત સગપણ હશે ખરું. એવા બે ચાર - પાંચ માણસોને મનમાં સંદેહ થયા હશે. તે તપાસ રાખતા જ રહ્યા. આને તો કંઈ લાજ-શરમ હતી જ નહિ. તે તો પેલી બાઈને ત્યાં મોકલતો જ રહ્યો. ત્યાં સુધીમાં તે બાઈને ત્યાં મોકલતો જ રહ્યો. -જ્યાં સુધીમાં તે બાઈ ચરખો શીખી ગઈ. એમાંથી તાર કાઢીને

એ તારમાંથી વણવાનું પણ શીખી લીધું. અને પછી થોડા વખતમાં તે 'સેલ્ફ સપોર્ટિંગ' (=સ્વાવલંબી) થઇ ગઇ. દસ - બાર મહિના લાગ્યા ત્યાં સુધી બાબાએ તેને સપોર્ટ (=ટેકો) કર્યો. પછી એ બાઇ કહે, 'હું તમારું નહિ ખાઉં. મારો આ ધંધો છે, તેના પર હું રહીશ'. બાબા કહે, 'બેટા, આ જ સાચું છે. એ જ ખરું છે. બાકી આ બધું ખરાબ. હવે હું તને નહિ મોકલું - તારો વિચાર બહુ સારો છે'. પછી પેલા ચાર - પાંચ માણસો તપાસ કર્યા કરતા હતા, તે માણસોને કહે, 'હવે તો આ બાઇને ત્યાં કશું મોકલતો પણ નથી'. પછી પેલી બાઇને ત્યાં જાણવા ગયા. બાઇ કહે કે, 'હું હવે ધંધો કરતી નથી. મારા કામમાં હું ખોટી થાઉં છું'. તો કહે, 'અમે રહસ્ય જાણવા આવ્યા છીએ'. 'તે કશું રહસ્ય નથી. કામ કરો ને ખાવ ને અલ્લાહનું નામ લો - એ રહસ્ય છે. બીજું કંઇ રહસ્ય નથી'. પેલા બહુ મથ્યા. પણ બાઇએ કોઇ વાતની મચક ના આપી. એટલે પછી પેલા ઓલિયાને પૂછવાનું કર્યું. એને જ પૂછવા દો ને. એ કંઇ આપણા પર ખોટું લગાડશે તો ભલે- આપણું શું બગાડી શકવાનો છે. આ બાવો એ કંઇ આપણું નુકશાન કરી શકે તેમ નથી. એને જ પૂછવા દો ને! માથાકૂટ મૂકી દો. એમ વિચારીને કહે, 'મહારાજ, અમને એક શંકા થઇ છે, તે વાત પૂછીએ તમને?' 'પૂછોને જે પૂછવું હોય તે પૂછો.' 'તમે દસ-બાર મહિના સુધી પેલી વેશ્યા છે, તેનું ખાવાનું તમે પૂરું કર્યું તેનું શું કારણ?' તો કહે, 'તેનું કારણ એમ હતું- મારા મનમાં બહુ વિચાર થતો હતો કે આ બાઇને ત્યાં જઉં. પણ મારું મન મને ના પાડે કે સાલું વેશ્યાને ત્યાં જવાતું હશે! -એટલી મડાગાંઠ તૂટેલી નહિ. બહુ ઊંચા પ્રકારની એટલી મડાગાંઠ તૂટેલી નહિ. મારા જેવાથી આવું કામ થાય? એટલી મડાગાંઠ નહિ તૂટેલી- એટલે મડાગાંઠ તોડવા માટે આ પ્રસંગ જીવનમાં ઊભો થયેલો. આ પેલીને પણ સારા રસ્તે ચડાવી'.

દેખીતી રીતે કર્મ તદ્દન ખરાબ, પણ તેનું તે કર્મ કરતી વખતે માનસિક વલણ કેવા પ્રકારનું? -તેના ઉપર કર્મના પરિણામનો આધાર છે.

બીજો એક દાખલો આપું. મેટ્રિકમાં હું ભણતો હતો. પરીક્ષાને હજુ વાર. ત્યારે અમારા વખતમાં ગોળીબાર થયેલા, તોફાન બહુ થયેલા. એક પરીક્ષા ભૂમિતિની બાકી રહેલી. તે આપવા અહીં વડોદરામાં આવેલા. ત્યારે મારી જોડે એક છોકરો બેઠેલો. તે પોક મૂકીને રડે બિચારો. મે કહ્યું, 'રડે છે શું કરવા?' તો કહે, 'આમાં હું નાપાસ થઈ જઈશ. ગરીબ મા-બાપ છે મારા. મારા ઉપર આધાર છે. મેટ્રિક પાસ થાઉં, તો કંઈ નોકરી કરું ને મા-બાપ ખાય પીએ અને એટલું હું કમાઈ શકું- પચીસ-ત્રીસ રૂપિયા મળી રહે એટલે મારે પૂરતા છે. ઘણી મુશ્કેલી છે.' 'તારે શી મુશ્કેલી છે તે મને કહે.' તો કહે, 'આ એકે દાખલામાં મને સમજણ પડતી નથી.' તો મે કહ્યું, 'જો ચિંતા ના કર. હું તારી પાસે બેઠો છું તે જો. હું બહુ મોટા અક્ષરે લખીશ. તું જોજે ને લખજે.' મેં મોટા અક્ષર લખ્યા. એણે જોયું ને લખ્યું. પછી તે છોકરો પાસ થયો. હું તો પાસ હતો જ. એકેએક વિષયમાં મારા ફર્સ્ટ ક્લાસ માર્ક્સ હતા. પણ મારા મનમાં હું આને ચોરી કરાવું છું પાપ કરાવું છું, એવું મે માનેલું નહિ. ઊલટું એમ માનેલું કે આ બિચારો નપાસ થશે તો ઘેર એની શી વલે થશે? પાસ થશે તો પાંચ-પચીસની નોકરી મળશે, તો એના કુટુમ્બનું પોષણ થશે. કેટલીક વાર ખરાબમાં ખરાબ કર્મ હોય છે. એમાં કેટલીક વાર ઈન્ટેશન(=આશય) ખરાબમાં ખરાબ નથી હોતું. તેથી આવું કરવું જોઈએ એમ મારે કહેવું નથી. કર્મની ફિલોસોફી(=તત્ત્વજ્ઞાન) સમજી લેવી અને ખરાબમાં ખરાબ કર્મ

કરતો હોય તે પરથી કોઈનું પણ જજમેન્ટ(=અભિપ્રાય) ન બાંધવું. કારણ કે તેના માનસમાં તે વખતે શું પ્રગટ હશે તે આપણે જાણતા નથી. સામાન્ય રીતે તે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ તે વખતે કેવી રીતે વર્તે છે, તેના પર આધાર છે.

સામાન્ય માણસને તે જાણવું બહુ અઘરું છે. પણ આપણે આપણા પોતાના વિષે ખ્યાલ રાખીએ કે આ કર્મ આવ્યું છે, તે કર્મ આપણે પૂરું કરવાનું છે. કર્મ કર્યા વિના છૂટકો નથી. આ કર્મને સારામાં સારી રીતે પૂરું કરો, અને એ કર્મ કરતી વખતે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ ને એમાં જ પરોવી રાખો. એમ હું ઈચ્છુ છું. ભલે તમે ભગવાનનું નામ ન લેતા. પણ તમે એ કર્મમાં જ તમે પરોવાઈ રહેતા હો તો તે કર્મયોગ છે.

**સ્વજન:** કર્મમાં જ એટલે કર્મના હેતુ પાછળ જ ને?

**શ્રીમોટા:** હાસ્તો. કર્મ કરવાનું હોય તો કર્મ કરતી વખતે, આમ થશે- આમ કરવું જોઈએ- એને ઉત્તમમાં ઉત્તમ કેવી રીતે થાય તેની રીત- મેથડ- પહેલાં વિચારી લેવી જોઈએ- કર્મ કરતાં પહેલાં- આખો નકશો ડ્રો(=તૈયાર) કરી લેવો જોઈએ. મારે આવી આવી રીતે એક પછી એક સ્ટેપ લેવાના છે. અથવા તો આવડતની રીત હોય- પૂરેપૂરી આવડી ગઈ હોય તેને આવું બધું વિચારવાનું રહેતું નથી. કહેવાનો મતલબ એ છે કે કર્મ કરતા હોઈએ ત્યારે કર્મની અંદર જ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ સંપૂર્ણપણે પરોવાયેલ જો હોય તો એ પણ કર્મયોગ છે. ભગવાનનો ભાવ અંદર ન હોય તો પણ કર્મયોગ છે. ભલે એ ભગવાનમાં જોડાયેલ ના હોય, પણ આપણાં મનાદિકરણ સંપૂર્ણતઃ એમાં જ પરોવાયેલાં છે. એના

કર્મમાં જ કર્મયોગ છે. કર્મયોગ એટલે કર્મની સાથે તાદાત્મ્ય થઇ જાય છે. કર્મની સાથે તાદાત્મ્ય થઇ જાય છે. કર્મની સાથે તદ્રૂપ એના મનાદિકરણ થઇ જાય છે. એટલે કર્મ એનું એ વખતે મુખ્ય કેન્દ્ર છે. કર્મ કેન્દ્ર હોવાથી તે કર્મયોગ થઇ જાય છે. યોગ એટલે ભગવાનને સાથે- કર્મની સાથે જોડાઇ જાય છે, યોગ એટલે જોઈન્ટ થવું. એકબીજાની સાથે જોઈન્ટ થવું તે યોગ છે.

**સ્વજનઃ** મોટા, એ કર્મયોગ તો ખરો પણ એનાથી સંસ્કાર તો પાછા પડ્યા કરે ને! એનાથી ઊર્ધ્વ તો ના જવાય ને?

**શ્રીમોટાઃ** ભગવાનમાં ચિત્ત રાખીને- ભગવાનમાં ભાવ રાખીને કર્મ કરે તો કર્મના ઓછા સંસ્કાર પડે. એમ કરતાં કરતાં બિલકુલ નીકળી જાય. કર્મ કરતાં રહેતાં હોવા છતાં, ભગવાનના ભાવથી કર્મના કોઈ સંસ્કાર પડે નહિ. કારણકે તમારા મનાદિકરણમાં ભગવાન જ પ્રીડોમીનન્ટ છે. પણ જે ભગવાનને માનતો જ ન હોય, તેને માટે આ યોગ છે. પણ એમ કરતાં કરતાં આ રીતે વર્તે તો તેનામાં ભાવ આવ્યા વગર રહે જ નહિ. પાંચ-દસ-પંદર વાર આ રીતે કર્મ આચરતો થાય. એનાં મનાદિકરણ કર્મના વિચારમાં રહે. અને કર્મની જોડે જોડે પ્રવર્ત્યા કરે. અને કર્મમાં જ તાદાત્મ્ય રહે. તો મુખ્ય વાત 'વનનેસ'(=એકરૂપતા) આવી જાય. 'વનનેસ' આવી ગઇ, તે પછી એને 'ટર્ન'(=વળાંક) થતાં વાર ના લાગે. પછી એમાં વળી જાય. પછી એ સામાન્ય માણસ મથતો હોય તેનાં કરતાં, એકાગ્રતાને લીધે બહુ આગળ વધી જાય. કર્મની સાથે જ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણને જોડેલાં રાખી શકે, એવી શક્તિ એનામાં આવી ગયેલી છે તે કરી શકશે. બાકીના ન કરી શકે. આ તો એક રસ્તો બતાવ્યો. ભગવાનને ના માનતા હોય તો પણ આ

રીતે આગળ જતાં જતાં એનામાં ભાવના જાગ્યા સિવાય રહે નહિ.

એક એવો સંવાદ પણ છે. -કદાચ બનેલી હકીકત પણ હોય- મારા ગુરુમહારાજ કોકને વાત કરતા હતા. કોક વેપારી હતો. કોક સાધુ હતો- એ કહે કે 'બનિયા, પૈસાકી ક્યા બાત કરતે હો. વૈસા તો હમારે ભગવાનકે પાસ દો લાખ, તીન લાખ માંગકે લેતે હૈ, તુમ ક્યા કરેગા- તુમ્હારી જિંદગીમેં ભી નહિ કર સકતે હો.' એમ પેલા બે જણ બોલ્યા કરે. એમ મારા ગુરુમહારાજે સાંભળ્યું એટલે વચ્ચે પડ્યા- 'મૂર્ખા છો બંન્ને- બિના સાધન કિયા- સાધન કર્યા સિવાય પેલો વાણિયો પણ નહિ કમાય અને સાધન કર્યા સિવાય પેલો ભગવાનની પાસે આવી શકવાની પેલામાં શક્તિ નહિ ગણાય. ખોટા ગપ્પાં ઠોકો છો. એનો કોઇ અર્થ નથી. એનાં કરતાં કંઇ કામ કરો. અને કામ ન કરવું હોય તો આ મેદાન સાફ કરો. ચોખ્ખું કરો. ચાલો, વાળવું હોય તો વાળો.' એટલે આવા પણ હોય- એટલે આવી રીતે પણ ખાલી વાતો કરનારા પણ માણસો દુનિયામાં હોય. આપણે ત્યાં કામ બરાબર નથી થતા, એનું કારણ કે કર્મની અંદર સીનસીયારીટી(=નિષ્ઠા), ઓનેસ્ટી(=પ્રામાણિકતા), ડિવોશન(=વફાદારી) સાથે હોતાં નથી. દા.ત. જયપ્રકાશ નારાયણ જે કામ કરે છે, એની સાથે એ જ ભાવથી કેટલા બધા કામ કરતા હોય તો કામ વહેલું ફળે. પણ બીજા કેટલાય લુચ્ચા અંદર પેસી જાય. એટલે પછી પેલાનું કામ સારું ના થાય. જેમ મહાત્મા ગાંધી હતા. એમનું તો બહુ જ ઉત્તમમાં ઉત્તમ ઇન્ટેન્શન(=આશય) સ્વરાજ મેળવવાનું હતું, આ લોકોની જેવી ભૂમિકા હતી, તેવું સ્વરાજ મળ્યું. એમાં ગાંધીજીનો કોઇ દોષ નથી. સ્વરાજની લડત ચાલતી'તી. એની આખી 'પ્રોસેસ'(=પ્રક્રિયા) માં પણ આ લોકોની ગડમથલ આવી જ જાત.

કારણકે તે બધું આપણા લાઈફ ટાઈમમાં થયું છે ને- એટલે કર્મના પરિણામની ઉપર આપણે ભગવાનને દોષ દઈએ - કરીએ એ ખોટી વાત છે. તેમાં ભગવાનને કંઈ લેવા-દેવા નથી. કર્મના પરિણામને માટે જો કોઈ દોષ હોય તો આપણા મનાદિકરણનો છે. ભગવાનનો કોઈ દોષ નથી. એને ભગવાનની સાથે કોઈ લેવા દેવા નથી.

ભગવાનને પ્રાર્થના કરો તો પણ ભગવાન કંઈ સુધારી ના દે. કર્મ તમારે ભોગવવાનું છે, તે ભોગવવું જ પડે. માત્ર પ્રાર્થના કરવાથી તો જે ભોગવવું પડે તેમાં હળવાશ આવી જાય, અને 'શૂળીનો ઘા સોયથી ટળે' - એ કહેવત છે - એવી રીતે થોડાકમાં જ પતી જાય. સહન કરવાનું છે, તે સહન તો કરવું જ પડે. પણ થોડાકમાં જ પતી જાય. પણ સમાજમાં શાસ્ત્રકારોએ, બ્રાહ્મણોએ, વિદ્વાનોએ, કથાકારોએ જે ડર પેસાડી દીધો છે, એ ડર ખરાબ વસ્તુ છે. ડર ના હોવો જોઈએ. ડરથી હંમેશા પીછેહઠ થાય છે. તો માણસને દુનિયાની રીતથી સારું ને નરસું - જેવું કરવું હોય - તમારા અધિકારની વાત છે. બેઉ કરે જ છે. એ એની શરીરની રચનામાં છે. તમારા કહેવાથી, સાંભળવાથી એ સારો - ખોટો થાય છે તેવું નથી. એની ભૂમિકામાં જે સારાપણું હોય છે. તે સારાપણું તમારો વિચાર ગ્રહી લે છે, એ વાત સાચી. એમાંનો કોક સારો વિચાર ગ્રહી લે છે. એ વાત સાચી. પણ આવી વાત તો એની ભૂમિકા પ્રમાણે થશે. એટલે પેલાને લીધે સુધર્યા કે બગડયા છો એવું કંઈ નથી. એટલે એવા લોકોને પણ ન્યાય છે.

કર્મ એક છે. એ કર્મ કરતી વખતે કોઈ ઉત્તમ વિચારથી કરતો હોય, બીજો માણસ એ જ કર્મ કરતો હોય, પણ બીજા જુદા

વિચારથી- તે પેલા તદ્દન ઊંધા પ્રકારના વિચારથી કર્મ કરતો હોય. કર્મ એક જ છે. દેખાવમાં એક જ છે. બાહ્ય પરિણામમાં કદાચ એક આવે છે, કદાચ ડિગ્રીનો તફાવત પડે. પણ પરિણામ અત્યંત જુદું આવશે.

**સ્વજનઃ** મોટા, તમે કહ્યું ને કે પરિણામ એક આવે.

**શ્રીમોટાઃ** પરિણામ તો ભયંકર જુદું - પરિણામ તો તમારા મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ તે વખતે શું વિચારતાં હોય તેના ઉપર આધાર રાખે છે. પણ આ તો હું કહું છું કે કોઇ બે માણસો છે. એક જ જાતનું કર્મ કરે. કર્મ કરતી વખતે બંનેની વિચારસરણી જુદી જુદી હોય. એક ઉત્તમ પ્રકારનું વિચારે કરે છે. એક ઉત્તમ પ્રકારની વિચારસરણી રાખતો નથી. અને કર્મને ગમે તે રીતે પાર પાડીને સારામાં સારી રીતે તેનો લાભ લેવો એવી વૃત્તિના છે. ને બીજાને બહુ શુદ્ધ વિચાર છે. બીજો કંઇ આડું તેડું વિચાર આવ્યા સિવાય, બહુ સારામાં સારી રીતે પેલા કર્મને આટોપવાને માટે કર્મ કરતો હોય છે. હવે બંનેનું પરિણામ આખરે ભોગવવાને માટેનું જુદું જુદું આવવાનું. કર્મ એક જ છે. પણ પરિણામ ભોગવવાનું જુદું જુદું આવવાનું. જગતમાં એ કર્મના પરિણામે કોક એમાંથી દસ હજાર કમાય, એ કર્મમાંથી કોક પાંચ હજાર કમાય છે, અને કોક બે હજાર કમાય , એ રીતેનો તફાવત પડે.

**સ્વજનઃ** કર્મ કરતાં કરતાં નીરવતામાં જવું હોય તો..........

**શ્રીમોટાઃ** કર્મ કરતાં કરતાં નીરવતામાં જવું હોય તો કર્મ કરતી વખતે સતત તમને ભગવાનનું સ્મરણ, ભગવાનની યાદ -

આવવી જોઈએ. પછી નીરવતામાં જાવ એટલે ભગવાનેય નહિ રહે ને સ્મરણેય નહિ રહે. નીરવતા એટલે શૂન્યતા. તે વખતે તમે કર્મ કરો કે ન કરો. તે વખતે કોઈ વાંધો નહિ. કર્મ ન કરો. ખાલી બેસી રહો. કેટલાક એવા હોય છે. કંઈ નહિ - સડક ઉપર બેસી રહ્યા હોય. બહુ મોટા હોય. એક દાખલો મેં તમને કહ્યો હશે!

## દેશનો સ્થિતિવિચાર

**સ્વજન:** મોટા, આપણે કર્મનો વિચાર કરીએ, તો અત્યારે દેશમાં જે બની રહ્યું છે, તેમાંથી ઊગરવા માટે આપણે જાતે મથવું પડશે ને?

**શ્રીમોટા:** જાતે જ મથવું પડશે. સમાજને કોઈ ઉશ્કેરીને એક જાતનો મોટો પ્રવાહ ઊભો કરે તો જુદી વાત છે. બાકી આખો સમાજ એવી રીતે વર્તે તેવું તો કદાપિ નહિ બને. અને હાલના કાળમાં જે કર્મ છે તે અને ગાંધીજી જીવતા હતા ત્યારે જે કર્મ- એ બે કર્મમાં આસમાન જમીનનો તફાવત છે. અત્યારે કોઈ પાપ-પુણ્ય, અહિંસા-હિંસાનો ઝાઝો વિચાર કરતું નથી. અને પરિણામ પણ એવું જ આવવાનું છે, નહિ આવવાનું એમ નહિ. અને ઉથલપાથલ થવાની પણ જરૂર છે. એ વિના કશું પણ બનવાનું નથી. જો ઉથલપાથલ ના બની તો આપણા દેશમાં કોમ્યુનીઝમ આવ્યું જ સમજો - નિશ્ચિતપણે. અને અત્યારે લક્ષણો તો દેખાય છે. જરા પણ છાપાં વાંચનારો કોઈ માણસ હોય તો તેને દેખાશે કે સમાજનું આખું વહેણ કોમ્યુનીઝમ તરફ છે. એટલે આપણા દેશમાં આ રાજ્યની સામે ઉથલપાથલ થવી જ જોઈશે - તો આઝાદી ટકશે. એટલે મારી હંમેશાં પ્રાર્થના રહે છે કે જેમ બને તેમ જલદી, વધારેમાં વધારે ઉથલપાથલ થાય. કારણકે હું તો

હુંમેશાં - છેક ઓગણીસસો એકાવનની સાલથી કહેનારો માણસ છું. આપણા દેશમાં સુધારો નથી આવવાનો. કેઓસ આવવાનો છે. તમારી પાસે મિલ્કત હોય, ચીજવસ્તુ હોય તો રાખજો -ચીજવસ્તુને સંઘરજો. તો એ 'એપ્રીસીયેટ' (=મૂલ્યવૃદ્ધિ) થશે. રૂપિયો 'ડેપ્રીસીએટ' (=મૂલ્યક્ષય) થશે. કારણકે પૈસાથી માલ સંઘરે અને માલ એપ્રીસીએટ થાય.

## પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ

**સ્વજનઃ** મોટા, આ પ્રાણ અને અહમ્ એને કોઈ શુદ્ધિ જેવું રહે જ નહિ ને? એ તો એની મેળે કામ એનું કર્યા કરે ને?

**શ્રીમોટાઃ** અહમ્‌ને તો પાટા પર રેલ જાય એવું છે. એ લઈ જનાર ચેનલ છે. તમે જે દિશામાં જવાનું નક્કી કર્યું, તે દિશામાં લઈ જનાર અહમ્ છે. હવે એમાં ખરો દોષ કોને લાગે છે? પ્રાણ અને બુદ્ધિને. આપણામાં જુઓ. આ પાંચ તત્ત્વો છે ખરાં - મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત અને અહમ્. પણ કામ કરતાં બે જ છે. બુદ્ધિ અને પ્રાણ. અને તેમાં વિશેષ પ્રાણ. આપણા શરીરમાં પ્રાણ જ પ્રાણવાન છે. કારણકે એને આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા, રાગદ્વેષ પછી ખાવું, પીવું, લેટ્રીન - આ બધાં કામો પ્રાણનાં છે. આની લાંબી યાદી થઈ શકે છે. અને એ બધું પ્રાણ કરે છે. આપણા જીવનમાં પ્રાણ 'પ્રીડોમીડન્ટ' (=મુખ્ય જાગ્રત) છે. અને બુદ્ધિ પછી એને વિચાર્યા કરે છે. એને ચાલવાના રસ્તા બતાવે છે. કોઈ વખત એ તુલના કરે છે. 'આ આમ થશે. બગડશે' - એમ બુદ્ધિ કહે છે ખરી, પણ સામાન્ય રીતે બુદ્ધિ પ્રાણ સાથે ભળી ગયેલી હોય છે. એટલે આપણા શરીરમાં બે તત્ત્વો મુખ્ય કામ કરે છે - પ્રાણ અને

બુદ્ધિ. ચિત્ત તો સંસ્કારો ગ્રહ્યાં કરે- મન એની મેળે સંકલ્પ-વિકલ્પ કર્યા કરે. અહમ્ બિચારું કશું નથી કરતું. અહમ્ તો તમે જે ગતિ કરી આપો , તમારી જે વૃત્તિ થઇ તેના ઉપર તમને લઇ જશે. એ સારું છે કે ખોટું એ કઇ કશું અહમ્ વિચારતું નથી. અહમ્‌ને એવું કઇ કશું નથી. માત્ર તેને પ્રેરી જવાનું છે. તમારી જે 'લાઇન ઓફ એક્શન' (=કામની દિશા) છે, તમે નક્કી કરો ત્યાં તમને તે લઇ જાય. અહમ્ કર્તા મોટું છે. એના વિના લઇ કોણ જાય? એ રીતે મોટું છે. પણ એને માથે કોઇ દોષ નહિ. તમે જેમ વિચારો અને તમે જે લાઇન નક્કી કરો ત્યાં તમને તે લઇ જાય. બસ. બાકી રામ તારી માયા. તમે જેમ કહ્યું તેમ મેં કર્યું. એને સારાખોટા સાથે કોઇ જાતની નિસ્બત નથી.

**સ્વજન:** એટલે પ્રાણ ને બુદ્ધિ બેને શુદ્ધ કરવાના?

**શ્રીમોટા:** બસ, બે જાતના મુખ્ય તત્ત્વ અત્યારે કામ કરી રહ્યા છે. બાકી બધાં ડોર્મન્ટ (=સુપ્ત) છે.

**સ્વજન:** પ્રાણ એટલે......?

**શ્રીમોટા:** પ્રાણ એટલે આશા, ઇચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ એ બધું પ્રાણનું ફંક્શન (=કાર્ય) છે.

**સ્વજન:** મોટા, આપણે આ અભિમાન કહીએ છીએ, આ માણસો અહંકારી છે, અભિમાની છે - કહીએ એટલે એમાં પ્રાણને લીધે અહંકાર આવે ને? અહમ્ તો ખરું ને?

**શ્રીમોટાઃ** અહમ્ તો જુદું. અહમ્‌ને કેટલીક વાર વેગ મળે - કેટલીક વાર સ્લો (=ધીમું) હોય. કેટલીક વાર પડી રહેલું લાગે - અને ત્યારે વેગ તેને કેવી રીતે મળે? કર્મ કોઇ ભારે ઉપાડયું હોય - ત્યારે પેલાનો વેગ વધ્યા વિના રહે જ નહિ. જેવા પ્રકારનું કર્મ - તેવા પ્રકારનો પેલાનો વેગ ને એની સાથે એને સંબંધ છે. કર્મના પ્રકારની સાથે સંબંધ છે. જ્યારે તમારે જોરદાર - મજબૂતાઈથી, હિંમતથી કામ કરવાનું હોય છે, તે કાળે પણ તમને એવું થાય છે, એવું રહે છે. ને કર્મના જુસ્સા ઉપર, તેના પ્રકાર ઉપર, તેની કર્મની ઝડપ છે. તેનો વેગ છે. તેની જે જાતની વૃત્તિનો પ્રકાર છે - એ બધા ઉપર અહમ્‌નો આધાર છે. અહમ્ જે છે તે તદ્દન માત્ર 'ઓન લુકર' (=ઉપલક જોનાર) છે. એ તમને 'પૂશ ઓન' (=આગળ ધક્કેલે) કરે. જ્યાં તમારે જવું હોય, તે દિશામાં તમને 'પૂશ ઓન' કરે. એટલું જ અહમ્‌નું કર્મ. અહમ્‌ને પાપેય નથી અને પુણ્યય નથી.

**સ્વજનઃ** મોટા, તમે એક જગ્યાએ લખેલું છે કે અહમ્ ઓછું કરવા માટે બધાને પૂછી પૂછીને કરતો - આ કરું - આ કરું - એટલે મારું અહમ્ ઓછું થાય. તો તે પ્રાણના ઉપર કાબૂ લેવા માટે?

**શ્રીમોટાઃ** પ્રાણ ઉપર પણ કાબૂ આવે ને. આપણું અહમ્ કહેતું હોય ને કે આમ કરો - આમ કરો. આપણા મનમાં નક્કી હોય જ. ત્યારે એ ધોરણને - આપણા અહમ્‌ને તોડવા માટે બધાંને પૂછું કે આમ કરું તો કેમ? ફલાણું શું? ને એ બધાને પૂછી પૂછીને કરું. સાવ ભોટ હોઉં - બુદ્ધિ જ ના હોય તેવો બધાને લાગું. કારણકે હું મારી બુદ્ધિનું કોઇ દિવસ પ્રકાશન થવા જ ના દઉં. કોઈ કાળે નહિ. આમ બધું બધાંને પૂછી પૂછીને જ કરું. આશ્રમમાં મારા વિષેનો

બધાંનો અભિપ્રાય જ. એવી રીતે જ ચાલુ હું. અને પછી મને મારી મેળે જ રસ્તો સૂઝે ખરો. એમ ને એમ પૂછું. પાંચ - છ જણ એવાં નક્કી કરેલાં. એમને બધાને પૂછું. નરહરિભાઈ હતા. બહુ સજ્જન માણસ - એના જેવા બહુ ઓછા માણસ હોય છે. પોતાની માલમિલકત આપી દીધી. એમના છોકરાને કહીને આવેલ. જેનું કોઈ નથી તેનો ભગવાન છે એમ કહે છે ને. તો એનો એક દિકરો અત્યારે કાગળની મિલ ચલાવે છે. દેશી કાગળની - ઘણી સારી ચાલે છે.

**સ્વજન:** પછી મોટા, આ જાતનું વર્તન કરો, તેમાં પ્રાણની શુદ્ધિ થાય?

**શ્રીમોટા:** હા, એમાં પ્રાણની શુદ્ધિ થાય. જરૂર શુદ્ધિ થાય.

તા. ૧-૧૦-૭૪

## તાદાત્મ્ય

**શ્રીમોટા:** એ બધું જ્યારે જાય. આમ તો ભગવાનની ભક્તિનો જ ભાવ રહે છે. તે જ કામ કરે. ભગવાન જેની તેની સાથે તાદાત્મ્ય થઈ જાય છે. લાકડામાં લાકડા જેવો, માણસમાં માણસ જેવો, સ્ત્રીમાં સ્ત્રી જેવો, ઝાડમાં ઝાડ જેવો, જળમાં જળ જેવો થઈ જાય છે. એ તાદાત્મ્યનો ગુણ આપણામાં આવવો જોઈએ. પહેલવહેલા એ તાદાત્મ્યનો ગુણ આપણામાં આવે છે, ત્યારે આપણને એ નહિ સમજાય. આપણને જરા ગરબડ જેવું લાગે. આપણે બગડેલા છીએ. કંઈ સારું નથી. આવું આ બધું શું? તાદાત્મ્યની અંદર જે

પરિસ્થિતિ આપણને આવે, ત્યારે શરૂઆતમાં આપણને પંચાત થાય છે. તે વખતે ભગવાન આપણને સંભાળી લે છે ખરો. જરૂર સંભાળી લે છે. આ એટલી બધી ખાત્રીપૂર્વક કહું છું, કે જેમ હું છું, તેટલી ખાત્રીપૂર્વક કહું છું કે ભગવાન આપણને જરૂર સંભાળી લે છે. પછી આપણને ધીરેધીરે ખબર પડે છે. તાદાત્મ્યના અનેક તબક્કામાંથી પસાર થઈએ છીએ. કેટકેટલાની સાથે તાદાત્મ્ય થઈએ છીએ. આપણને કારણ લાગે નહિ. આપણને કારણ સમજાય નહિ. હું હોઉં અને કોઈની સાથે તાદાત્મ્ય થઈ જઉં. પણ કારણ તો સમજાય નહિ. બીજાની સાથે તાદાત્મ્ય થઈ ગયો અને ભાન ન રહ્યું - એમ હું કહું ખરો. અને પરિસ્થિતિ આવે ત્યારે- તાદાત્મ્ય ગુણમાં ત્યારે- જાતિનું ભાન નથી રહેતું. જાતિનું ભાન જતું જ રહે છે. અસ્તિત્વ જ નથી. કોઈ સ્થિતિમાં એનું અસ્તિત્વ જ નથી. સામાન્ય લોકો તો એ જ જુએ. તાદાત્મ્યભાવ થાય ત્યારે બધામાં એકરસ જેવો. આ સ્ત્રી છે કે આ પુરુષ છે એવું કંઈ નહિ. બધું જ એકસરખું. બધું જ સમરસ જેવું. એટલે જાહેરમાં જો કોઈ તાદાત્મ્ય થઈ જાય તો સંતપુરુષોને તાદાત્મ્ય થઈ જાય એમાં નવાઈ શી? એમા કંઈ નવાઈ નથી. ગમે તેની સાથે એ તાદાત્મ્ય થઈ જાય.

ગમે તેની સાથે કેમ તાદાત્મ્ય થાય છે? તો આખી દુનિયાની સાથે કેમ તાદાત્મ્ય થતો નથી? અને ગમે તે અમુક વ્યક્તિઓ સાથે જ કેમ તાદાત્મ્ય થાય છે? એવા પ્રશ્નોમાં ઉતરીએ ત્યારે એમ થાય કે એ વ્યક્તિ સાથે આપણો કોઈ ઇનર (=આંતરિક) સંબંધ હશે. અનેક જન્મોનો સંબંધ હશે. કર્મને લીધે, એની સાથે એવો સંબંધ છે, કે એની સાથે તાદાત્મ્ય થઈએ. તાદાત્મ્ય થઈને આપણે કંઈ ભોગવવાનું નથી. પણ એ જીવને આ વહેણમાં

લાવવાનો છે. ભગવાનના વહેણમાં લાવવાનો છે. એ સિવાય થાય નહિ. તાદાત્મ્ય થયા એટલે એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ પણ બદલાય. અને બદલાય છે, એટલે આ વહેણમાં ચાલવા માંડે.

આ માર્ગમાં તાદાત્મ્ય જ એક સરળમાં સરળ રસ્તો છે. એવા કોઈ સંતપુરુષના અનુભવમાં આવ્યા, અને જો એ આપણી સાથે તાદાત્મ્ય થયો તો આપણું કામ જલ્દી પાક્યું. પણ એ ક્યારે તાદાત્મ્ય થાય અને ક્યારે તાદાત્મ્ય ના થાય એ કહેવાય નહિ. એ કાયદો એની પાસે છે. બીજાની પાસે નથી. એટલે એ ક્યારે થાય કે ના થાય, એ આપણે નક્કી ના કરી શકીએ. તેમ છતાં એની સાથેનો સમાગમ આપણા કલ્યાણ માટેનો છે, એ નિર્વિવાદ હકીક્ત છે. કોઈ રીતે એના વિશે શંકા ઉઠાવી શકાય એવી વાત નથી. એની સાથે સત્સંગ કરવાથી, હળવાથી, મળવાથી, ભળવાથી, એની સેવા કરવાથી, એણે બતાવેલું કોઈ કામ કરવાથી પણ આપણું કલ્યાણ થાય છે, તે વાત સાચી છે.

પેટલાદમાં રમણભાઈ શેઠના ભાઈ નારાયણભાઈ શેઠ હતા. જાનકીદાસ મહારાજ તેમના ગુરુ હતા. સંતરામના મંદિરમાં જમણા હાથે એમની સમાધિ છે. સંતરામની વિશિષ્ટતા એ છે. બીજા કોઈ સંપ્રદાયના,- પોતાના સંપ્રદાય સિવાયના બીજા સંપ્રદાયના- સાધુની સમાધિને મંદિરમાં ના રાખે. પણ સંતરામની એ વિશિષ્ટતા છે. જાનકીદાસ મહારાજ, ગોદડીયા મહારાજ પણ સમકાલીન, અને મળતા ખરા. જાનકીદાસ મહારાજ બિલકુલ ગામડિયા જેવા હતા. ટ્રેઈનમાં નહિ બેસતા. કેમકે હજારો માણસો ટ્રેઈનમાં બેસવાનું ભાગ્ય ભોગવી શક્તા નથી. એમનામાં પણ

મારો ભગવાન રહેલો છે. એ ભગવાન ભોગવી શકતો નથી, તો હું શા માટે ભોગવું? શી રીતે ભોગવું? એવી એમની દલીલ હતી. સિદ્ધાંતની રીતે નિરાગ્રહી હતા. કોઈ બેળે બેળે પકડીને લઈ જાય. તો પાછા જાય ખરા. પણ એમની મૂળ વાત આ. નિરાગ્રહી પાકા. પણ નિરાગ્રહ પથ્થર જેવો નહિ. એમના જે ગુણ છે તે પ્લાયેબલ (=સ્થિતિસ્થાપક) છે. જેમ વાળવો હોય તેમ વાળી શકાય તેવો ગુણ હતો.

ત્યારે મૂળ વાત તાદાત્મ્યની કરતા હતા. તાદાત્મ્ય જ્યારે પ્રગટે, એટલે એને હરિ પ્રત્યક્ષ થયો છે એમ ગણાય. એટલે હરિનું જ લક્ષણ એનામાં છે, એમ ગણાય. એવા પુરુષો જૂજ હોય. જ્યાં ને ત્યાં હોતા નથી. કારણ તાદાત્મ્યભાવ એ એનો સમજી ના શકાય એવી જાતનો છે. એ હકીકત સ્વીકારવાની આપણી તૈયારી નથી. બીજી બધી તૈયારી છે. માણસ સાથે તાદાત્મ્ય થાય. ઊંટની સાથે થાય, ગાયની સાથે થાય, ઘોડાની સાથે થાય, ભેંસની સાથે થાય, વાઘની સાથે થાય, વરુની સાથે, ડુક્કરની સાથે, માણસની સાથે થાય. એ બધાંની તૈયારી છે. પણ બૈરાંની સાથે તાદાત્મ્ય થાય એ સ્વીકારવાની તૈયારી આપણા સમાજની નથી. છતાં એ કંઈ સમાજની તમા કરતો નથી. એ કંઈ સમાજને માટે જીવતો નથી. એ તો જીવે છે ભગવાનને માટે. તો એવો સમાગમ થાય. એવું નિમિત્ત આવે ત્યારે તે સ્ત્રીઓ સાથે સંપૂર્ણપણે તાદાત્મ્ય થઈ જાય છે. ત્યારે એ સ્થિતિ સ્વીકારવાની તૈયારી આપણી, સમાજની હોતી નથી. ત્યારે એ સમાજની દરકાર કરવાવાળો હોતો નથી. એટલે એ વખતે એવા માણસોને આપણે પિછાનવા, કદર કરવી એ આપણા માટે શક્ય નથી હોતું. અશક્ય હોય છે. આપણે કદી પણ એને સ્વીકારી નહિ શકીએ. એવા ઘણા કિસ્સા મેં જોયા છે. તાદાત્મ્યની

એક પરીક્ષા. એ તાદાત્મ્ય કોઈનામાં થયો ને આપણને દર્શન થઈ જાય. એ કરાવે નહિ. તમે કહો કે આ કરી બતાવો, તો એ નહિ થાય. એક નિમિત્ત એને મળ્યું તો જ એ કરે. અને તે વખતે જો આપણે કોન્શ્યસ (=સજાગ) હોઈએ, તો જોઈ શકીએ કે આ થયું. આ માણસ આવું ના કરી શકે તે તાદાત્મ્યને લીધે આવું કરી શક્યો. આ માણસને માટે આ અશક્ય. તે આ કરી શક્યો. એની ચોપડી પણ મેં લખી છે. 'હરિજન સંતો' માં એક વાત આવે છે. એ વાત પણ સાચી છે કે તાદાત્મ્ય જ્યારે આવે છે, અને ભગવાનનો ગુણ આપણામાં પ્રવેશે છે, ત્યારે આપણે નથી હોતાં. ત્યારે આપણા રૂપરંગ - એવાને એવા જ-કે આ જ ચુનીલાલ ભગત છે. બીજા જુએ તો પણ એમ જ કહે. પણ જ્યારે એનામાં તાદાત્મ્યનો ગુણ પ્રગટયો હોય ત્યારે એ બધી સીમા વટાવી જાય છે. એવો ગુણ તેનામાં આવે છે.

ગુણાતીત જેને કહીએ, તે શી રીતે? અનુભવ આવ્યા સિવાય ભાવાતીત કે ગુણાતીતની તમને શી રીતે ખબર પડે? તાદાત્મ્યના ગુણધર્મ તે ગુણાતીતના ગુણધર્મ છે. ગુણાતીત તમે થયા હોવ તો જ તમને તાદાત્મ્ય આવી શકે. એ એનું સાયન્સ છે. એ એવા કર્મ કરે જે સામાન્ય માણસની શક્તિ બહારનાં હોય, એટલે પેલો તો અંદર જે આવો તાદાત્મ્યવાળો થયો છે, તેનામાં બુદ્ધાપણું નથી. તેની બુદ્ધિ કંઈ વાણિયાના ઘેર વેચાતી નથી મૂકી આવ્યો હોતો. એટલે એની બુદ્ધિ ઊંચી જાતની હોય છે. એટલે એ સાક્ષી છે. એની સ્થિતિમાં સાક્ષિત્વનો ગુણ છે. સાક્ષિત્વના ગુણને લીધે એ જાણે કે આમ કે આમ, કે આવું કે આવું છે. અને પોતાની સ્થિતિ પણ સમજે છે. પોતે શું કરે છે, તે પણ સમજે છે. ક્યા ગુણધર્મથી, ક્યા હેતુથી પોતે કરે છે. તે પણ સમજે છે. એ પાછું પોતાને કશું

લાગતું- વળગતું નથી. એ પણ સમજે છે, અને પોતાને જુવે છે ખરો, પણ આ લાગતું-વળગતું કશું નથી.

જ્યારે તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટે છે, ત્યારે બધા જ ઇશ્વરી ગુણો એનામાં આવે છે. પછી જ અનુભવ. બીજો કોઇ અનુભવ નહિ. એ જ અનુભવ . એટલે પછી સાક્ષાત્ પોતે ઇશ્વર જ - બીજું કોઇ નહિ - ભલે ને શરીરધારી હોય! જેનામાં ઇશ્વરના જેવા બધા ગુણો છે, એવો શરીરધારી બધું જાણી શકે છે. કારણ કે એનામાં આત્માના ગુણ પ્રકાશેલા છે. એટલે આત્મા હંમેશા આકાશમાં હોય. આકાશ એનામાં પ્રીડોમીડન્ટ (=મોખરે) હોય છે. એટલે આકાશ ગમે ત્યાં જઇ શકે છે. ગમે ત્યાં હાજર થઇ શકે છે. એવા દાખલાઓ છે. લોકો એને ગપ્પાં માને. સાચી હકીકત જાણે નહિ. મે પ્રત્યક્ષ જોયેલું છે. અનુભવેલું છે. આવું લોકો માને ખરા, પણ એવા તો ગણ્યાગાઠયાં લોકો હોય. એમના અભિપ્રાયને કોણ ટેકો આપે? આવી બાબતમાં કોઇ ટેકો ના આપે. પણ હોય છે ખરા. આવા ગુણાતીત થયેલા, શરીર ના હોવા છતાં પાસે આવે. આ સિવાય આવી દશા ના આવે. તાદાત્મ્ય - ભાવની સ્થિતિ, ગુણાતીત થયા સિવાય કદી આવે જ નહિ. અશક્ય વાત.

ગુણાતીત થાય, ત્યાર પછી જ એ સ્થિતિ આવે. એમ ને એમ ના આવે. જ્યારે એવી દશા થાય, ત્યારે એ ગમે ત્યાં જઇ શકે. એટલે નિમિત્ત હોય ત્યાં જઇ શકે. હું અહીં બેઠો હોઉં, ને નંદુભાઇ પાસે મારું નિમિત્ત હોય તો હું નંદુભાઇ પાસે જઇ શકું. પણ પેલો કાચો પોચો હોય તો એને સ્વીકારશે નહિ. એ એને સમજે નહિ. સમજે નહિ એટલે કાચો પડી જાય. ભગવાન કામ કરવા આવે છે. પણ પેલો તૈયાર નથી, ત્યારે ભગવાન શું કરે? કામ ના થાય.

એટલે ભગવાનનો સ્વીકાર કરવા માટે આપણો આધાર તૈયાર જોઈએ! આપણો આધાર તૈયાર ના હોય તો ભગવાન હોય તો પણ આપણું કશું દળદર ફીટે નહિ, એ વાત ચોક્કસ.

તાદાત્મ્ય ગુણધર્મ સ્વયં પ્રગટે છે. આપણે સાધના કરતાં કરતાં, એક સ્થિતિમાંથી, બીજી સ્થિતિમાં; બીજીમાંથી ત્રીજી સ્થિતિમાં; ત્રીજી સ્થિતિમાંથી ચોથી સ્થિતિમાં, એમ કરતાં કરતાં તાદાત્મ્યના ગુણધર્મમાં આવીએ છીએ. અને તાદાત્મ્યના ગુણધર્મમાં આવીએ ત્યારે એકદમ ખીલેલો એ નથી હોતો. પણ ધીરે ધીરે થાય છે. જેમ આપણે પાઠ ભણવા હોય તો પહેલા એકડિયામાં, પછી પહેલું ધોરણ, બીજું ધોરણ, ત્રીજું ધોરણ........ સાતમું એમ હોય છે. એમ આ તાદાત્મ્યમાં પહેલાં એકદમ ખુલ્લાપણું હોતું નથી. એવું એકદમ થતું નથી. માણસ એ તત્ત્વને ઝીલી ના શકે. એ એટલું બધું જબ્બર તત્ત્વ છે. જેમ પહેલું ધોરણ ભણતો હોય એને સાતમા ધોરણનું કંઈ ના આવડે. એવી રીતે તાદાત્મ્ય - ધર્મમાં એ જ્યારે પ્રવેશે ત્યારે એને બધું જ્ઞાન ખુલ્લું થઈ જતું નથી. ધીરે ધીરે એ થાય છે. એનો આખો ક્રમ હું જાણતો નથી.

હું તો મારા અનુભવની વાત કહું છું. પહેલાં નાના નાના અળસિયાં હોય, દેડકાં હોય, તેની સાથે એ તાદાત્મ્ય થાય છે. એમ કરતાં કરતાં, ધીરે ધીરે આગળ જવાય. આમાં આપણી માનસિક તૈયારી બહુ જ જબરદસ્ત હોય તો આપણે છ-આઠ મહિનામાં તૈયાર થઈએ. પછી માણસની સાથે તાદાત્મ્ય થતા થઈએ. એ સ્થિતિ ઊંચી ગણાય. એના કરતાં પણ બીજી સ્થિતિ ઊંચી છે જે દેખાતી નથી. જેને દેવ ગણીએ, રાક્ષસો ગણીએ અથવા તો અસુરો ગણીએ, એવી વ્યક્તિઓ સાથે તાદાત્મ્ય

થઈએ. આપણી દુનિયાના વાતાવરણમાં દેવ અને અસુર બંને તત્ત્વો છે. જ્યારે તાદાત્મ્ય કેળવાય છે, ત્યાં એમના સંપર્કમાં પણ એ લોકો કામ કરતા હોય છે. અને અસુરો સાથે એને બહુ સાવચેતીથી કામ કરવું પડે છે. અસુરોની અને એની આખી પ્રકૃતિ જુદી. એ આખી પ્રકૃતિ ફેરવીને તેને ભગવાનની પ્રકૃતિમાં લાવવું, તે બહુ અઘરામાં અઘરું કામ છે. જે સદ્ભાવી જીવ છે. તે જ કરી શકશે. મહાપાપીમાં મહાપાપી, દુષ્ટમાં દુષ્ટ જે જીવ હશે તેને પલટાવવો, એ તેને માટે અઘરામાં અઘરું કામ છે. આકાશમાં પણ આવા જે જીવો છે - દેવ અને અસુરો - તે પણ તેના સંપર્કમાં આવે છે. અને એકી સાથે અનેક ઠેકાણે કામ કરતો હોય છે. એ આપણા મગજમાં ના બેસે. પણ આકાશતત્ત્વ છે. એ આકાશ-વ્યાપી તત્ત્વ 'એવરીવ્હેર પરવેડિંગ' (=સર્વત્ર) છે અને આ જે તાદાત્મ્ય ગુણધર્મવાળો જે જીવ છે - ગુણાતીત છે - અને ગુણાતીત છે એને જ આ ગુણ છે. એ ગુણોના તાબામાં નથી. એવી સ્થિતિ જે થઈ ગઈ હોય છે. જ્યાં સુધી એ ગુણમાં છે, ત્યાં સુધી એ આ પૃથ્વીના વાતાવરણને વગળી રહેવાનો. એનાથી બહાર એ જઈ શકશે નહિ. એને માટે ઈમ્પોસીબલ (=અશક્ય). પણ જ્યારે એ ગુણાતીત થાય છે, ત્યાર પછી જ એનામાં આ તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટે છે. અને એ ખીલ્યા પછી જ, દુનિયાના 'એટમોસ્ફીયર' (=વાતાવરણ) ની બહાર જવું પડે છે. ત્યારે એ તાદાત્મ્ય ગુણ એકલો નથી જઈ શકતો. કારણ કે, તાદાત્મ્ય જાય તો પેલો એક થઈ જાય. એક થઈ જાય છે, પણ એના ગુણધર્મને જાણવાને માટે બુદ્ધિ જોઈએ છે. માટે એની જોડે બુદ્ધિ હોય છે, કારણ કે સાક્ષીભાવની સાથે બુદ્ધિ સંકળાયેલી છે. બુદ્ધિ ત્યાં જાય, એટલે બુદ્ધિને લીધે બધું જાણે છે. તાદાત્મ્ય સાથે એક થઈ જાય. એક થઈ જાય એટલે જે જાણવાનું છે, તે બુદ્ધિ

જાણે છે. એ કામ એવું કે બહાર નીકળે એટલે એના બધા ગુણધર્મો બુદ્ધિ વર્ણવે છે.

આપણા અસલના ઋષિમુનિઓને જ્યારે લાગ્યું કે આ સાલું આ શરીર પીડાય છે, ત્યારે એવું આપણે કંઇ ખોળી કાઢો કે જેથી આપણને શરીર હેરાન ન કરે, અને આપણે સાધના બરાબર કરી શકીએ. ત્યારે આયુર્વેદ ખોળ્યો. મૂળ તો ઋષિ હતા. અને ઝાડની સાથે તાદાત્મ્ય થયા. અને ઝાડની સાથે તાદાત્મ્ય થઇને, તેના ગુણધર્મો જાણ્યા. આજે એક ઝાડના તત્ત્વને ખોળવું હોય તો કેટલાંય વર્ષો નીકળી જાય છે. અનેકની સાથે તાદાત્મ્ય. અને થોડા વર્ષોમાં એ માણસે કેટલું બધું ખોળ્યું છે. આયુર્વેદ પણ આ માટે જ થયો. શરીરની હેરાનગતિ મટાડે. મટાડી પણ ખરી. અને એમણે કર્યું પણ ખરું. અને આયુર્વેદ ટક્યો. -જ્યોતિષ પણ પેદા થયું. શરીર એ પણ કાયમ રહે. ટાઈમ આપણને નડતરરૂપ લાગે છે. પણ તે ક્યાંય નડતરરૂપ ના થાય એટલે જ્યોતિષવિદ્યા નીકળી. આ વિદ્યા કંઇ ગમે તેણે ખોળી નથી. એ ઋષિમુનિઓએ જ ખોળ્યું છે. અંદરના ગુણધર્મો જાણવા હોય તો એમાં પેસી જવું પડે. એનામય થઇએ તો જ એના ગુણધર્મો જાણીએ. અત્યારે વસ્તુ લાવીને એને છેદ પાડીને એના ગુણધર્મો જાણીએ. એની જાણવાની સરળતા વધારે છે. વળી આવી ગુણાતીત સ્થિતિ થાય ત્યારે સ્વાર્થ ના રહેલો હોય. જગતને તો સ્વાર્થ લાગે. કારણકે જગતની દૃષ્ટિ એવી છે. એ કંઇ ગુણાતીતને સ્વાર્થ વિનાના ધારે જ નહિ. સ્વાર્થ જ છે એમ એ સમજે. પણ એને કોઇ સ્વાર્થ નથી. એટલે એ કંઇ કશામાં જાય કે ભળે તો પેલાના કલ્યાણને માટે જ છે. એ સિવાય બીજો એનો કોઇ હેતુ નથી.

આ તાદાત્મ્ય - ધર્મના આજે નહિ પણ ભવિષ્યમાં આપણને એવા દાખલા જોવા મળશે. કારણકે આવા લોકોને કંઇ એવી ગરજ નથી હોતી, કે મારે આ સાબિત કરી જ બતાવવું છે! આજના કાળમાં એવું હોય છે. પણ આ લોકોને એમ નહિ હોય કે આ સાબિત કરી બતાવું. કોઇ નિમિત્ત આવે ને કરે અથવા એનાથી થઇ જાય તે વાદ જુદી. પણ જાતે કોઇ કરશે નહિ. કોઇ દિવસ આવું કર્મ એને મળે -કોઇના કહ્યે નહિ કરી શકે. એટલે આ વિદ્યા છે ખરી, પણ જણાતી નથી. કોઇ દિવસ જણાતી નથી. એને જાણવાની કોને પરવા? એને સમજવાની કોને પરવા? ધારો કે આપણને એવો કોઇ મળ્યો, તો એને એ દૃષ્ટિએ સમજવાની, અનુભવવાની કોને ગરજ હોય છે? એવી ઝંઝટમાં પડવાની શી જરૂર? આપણે આપણો ધંધો જ કરોને! આમાં આની સાથે, આ બાવાની સાથે રખડવા કરવાથી શો લાભ? એમ જ આ સમાજ તો કહે છે. અને આજે એને સમજવા માટે કોઇની તૈયારી નથી. જો એને સમજણપૂર્વક વળગી રહે, તો સમજાય એવા પ્રસંગોના દાખલા એને મળ્યા વગર રહે નહિ. એટલા માટે શ્રીકૃષ્ણને કોઇ નહિ સમજી શકે! વિદૂરને મોકલેલો. એ ભગવાનનો ભક્ત હતો. એ જાણતો હતો. તેથી જ મોકલ્યો. પણ એની ભક્તિ પણ ત્યાં ટૂંકી પડે. ભગવાને કહ્યું કે ભક્તિ ભક્તિ બસ કર્યા કરે છે. પણ તારી ભક્તિ ટચૂકડી છે. ત્યાં જઇને જો, ત્યારે તને ખબર પડે!

મતલબ કે આ કાળમાં પણ એવા માણસો છે. નથી એમ નથી. પણ એ બહાર આવતા નથી. અને સમાજ એને પરખી શકતો નથી. અનુભવી શકતો નથી. જાણી શકતો નથી. તો પછી લાભ તો લઇ જ શી રીતે શકે? સંસારના ગુણધર્મની રીતે, આ જે લક્ષ્મી છે, એ લક્ષ્મીનો લાભ કોઇ લઇ શકે એમ નથી. લક્ષ્મીનો

લાભ પણ લઈ શકાય એમ છે. અમુક સંજોગોમાં કોઈ કાળે મસ્ત હોય તો એ કહી દે ખરો કે આટલું કરો. પણ તે જો શ્રદ્ધાપૂર્વક આપણે ના કરીએ, ને વગર વિચાર્યું કર્યું તો આડું તેડું થઈ જાય, અને એની શ્રદ્ધા તૂટી જાય. એને થાય કે આનું કહ્યું માન્યું એટલે આવું થયું. મેં એવા દાખલા જોયા છે. એક વાત બે માણસને કહેલી. એ પહેલાએ સાંભળેલી. અને બીજાએ પણ એ વાત સાંભળેલી પહેલાએ તાત્કાલીક કર્યું. અને બીજાએ સાત આઠ દિવસ પછી કર્યું. બંનેને ફરક પડેલો. પેલાને ઘણી ખોટ ગઈ. બિચારો રડતો રડતો આવ્યો. શું કરીએ આપણે?

જેનામાં તાદાત્મ્ય ગુણધર્મ પ્રગટ્યો તે સ્ત્રી થઈ જાય - નિમિત્તકાળ પ્રગટ્યો હોય તો. માણસ કેવી રીતે સમજે? માણસની સમજણની બહારની વાત છે. પણ વાત સાચી છે.

**સ્વજનઃ** આ તાદાત્મ્યનો ગુણ ધીમે ધીમે, જેમ જેમ આપણે સાધના... કરતા જઈએ તેમ આપણામાં ખુલ્લો થતો જાય?

**શ્રીમોટાઃ** ખીલતો જાય. ધીરે ધીરે. એમાં આપણે પોતે કશું કરવાનું હોતું નથી - કંઈ પણ. એને આપમેળે વાત કરે. જેમ આપણામાં તાદાત્મ્ય ગુણની શરૂઆત થઈ, તે આપણામાંનાં સૌથી નાનામાં પ્રવેશે, ધીરે ધીરે મોટામાં જાય, એનાથી મોટામાં, એનાથી મોટામાં... એમ બધે ફરી વળે. અને પછી તેને જ્ઞાનના સંબંધો, જ્ઞાનના નિમિત્તો હોય. બધે ઠેકાણે એ જાય છે અને અનુભવે છે. તાદાત્મ્ય થાય એટલે જ્ઞાન પ્રગટે છે.

તા. ૨૫-૯-૭૪

**સ્વજનઃ** એ તત્ત્વ આકાશતત્ત્વની અંદર છે, અથવા તો તેની જોડે પણ તાદાત્મ્ય થવાય ત્યારે એ જે આઇડેન્ટીટી હોય છે, એ પણ અમુક વખતે ત્યાં ને ત્યાં રહે?

**શ્રીમોટાઃ** જેમ સુર અને અસુર બે જાતિ છે, એમ આપણામાં- આપણા પોતાનામાં સત અને અસત્ છે. આપણે તેનાથી પર થઈએ, ત્યારે આપણને જ્ઞાન મળે. તેવી રીતે પેલામાં પણ અસુરને અને સુરને બન્નેને જીતવા પડે. બન્નેને જીતીએ ત્યારે ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થાય. તાદાત્મ્ય સ્થિતિ પણ ત્યારે જ પ્રાપ્ત થાય. અસુરોને જીતવા પડે. પણ અસુરોની લડત બહુ ભારે છે. એટલી બધી ભારે છે કે તે વખતે આપણે અનેક વાર હારી જઈએ છીએ. અને હારીને આપણે ભગવાન પાસે જઈને પ્રાર્થના કરીએ છીએ. અને ભગવાન આપણી મદદે આવે છે. અને ત્યાર પછી એની સાથે લડીએ છીએ અને પાછા જીતીએ. કોક વાર હારીએ છીએ, ત્યારે તે વખતે આપણી પાસે ભગવાન સિવાય બીજું કોઈ હોતું નથી. એટલે ભગવાન પાસે જઈને આપણે પ્રાર્થના કરીએ છીએ. ત્યારે ભગવાન આપણી વહારે ધાય છે. અને ત્યારે જ ભગવાનની પ્રત્યક્ષ હાજરીની- એના ગુણની સ્થિતિ સમજાય છે. આ બધું, તાદાત્મ્ય ગુણ કેળવાતાં કેળવાતાં થાય છે. તાદાત્મ્ય ગુણ કેળવવાની સ્થિતિમાં જ સુર અસુરની લડાઈ આવે છે. અત્યારે હોય છે- નથી હોતી એમ નહિ- પણ અત્યારે જુદા પ્રકારની હોય છે. દેવ-અસુર દરેક ભૂમિકામાં રહેલાં છે. પણ અત્યારની ભૂમિકામાં દેવ-અસુર જુદા છે. ત્યારે આપણે ઘણી વાર અસુરોથી હારી જઈએ છીએ. હારી જઈએ છીએ ત્યારે આપણે નમાલા નથી થઈ જતા. આપણાં ખુમારી કે ખમીર તૂટી નથી જતાં. આપણું માથું કપાઈ નથી જતું. ત્યારે માથું અણનમ રહે છે. અને

ભગવાનનું અખંડ સ્મરણ આપણામાં રહે છે અને ભગવાન પાસે આપણે જઈએ છીએ. ભગવાનને પ્રાર્થના કરીએ છીએ, કે, 'પ્રભુ, હવે તો આવું થયું. અમે સ્મરણ ચૂક્યા નથી. તો હવે અમારે શું કરવું?' ભગવાન કહે છે કે, 'જાઓ, હું તમને નવી શક્તિ આપું છું. તમે જીતશો'. પાછા નવી શક્તિ લઈને જાય છે, ને અસુરોની સામે લડીને જીતે. અસુરોને થાય છે કે 'મારા બેટા, આ પાછા આવ્યા! આ બધા આપણને હરાવે, એટલે એમનામાં કોઈ શક્તિ છે. તેમનામાં બહુ શક્તિ છે'. તેમને પણ જ્ઞાન થાય. પણ એ ભગવાનને સ્વીકારતા નથી.

અસુરો બહુ બળવાળા હોય. બળવાળા હોય એટલું જ નહિ, પણ પરકાયા પ્રવેશ કરી જાણનારા હોય છે. દા.ત. હું અસુર છું , તે રમણભાઈ થઈ જાઉં. ધીરજબહેન કે જ્યોતિબહેન પણ ઓળખે નહિ. એવું તાદાત્મ્ય ગુણ સાથે એક થઈ જાય. અસુરોનો એટલો બધો ગુણ છે. એ અસુરોને જીતવા બહુ કપરા છે. એનું વર્ણન કોક ઠેકાણે આવે છે ખરું, પણ મને યાદ નથી. પણ એ તાદાત્મ્યગુણ થતાં પહેલાં, આ લડત આવે છે. આખરે પેલો ભગવાનનો ભક્ત જીતે છે. તો પણ એ અસુરો પ્રત્યે, અણગમો દાખવતો નથી. સદ્ભાવ જ દાખવે છે અને એ એમનું કામ હોય અને આવી પડે છે તો તેનું કામ પ્રેમથી કરી દે છે. 'કંઈ નહિ કરું' એવું ખરો ભક્ત નહિ કહે. બહુ ઊંચી સ્થિતિ છે. જેવા પ્રકારનું નિમિત્ત થાય, એવું શરીર પણ ધારણ કરી શકે. માણસ હોવા છતાં એ પક્ષી થઈ શકે. ગમે તે થઈ શકે. એવો ગુણધર્મ હોય છે. એક ઠેકાણેથી બીજે ઠેકાણે પણ જઈ શકે છે. કોકને અંચબો લાગે. આ સંસારમાં દાખલા બનેલા છે. પણ કોઈ નોંધાયેલા નથી.

વડોદરા રાજ્યમાં નોંધાયો છે. અહીં વડોદરામાં મોટો યજ્ઞ થયેલો. મહારાજ સાહેબ પધારેલા. એક નિશાળના માસ્તર હતા. ભક્ત હતા. પૂનમે ડાકોર જવાનું વ્રત હતું. પૂનમ આવી એટલે નિશાળ છોડીને ગયા. પણ તે જ વખતે નિશાળમાં ઇન્સ્પેક્ટર આવ્યા. માસ્તરનું બીજું સ્વરૂપ ખુરશીમાં બેઠેલુ. ઇન્સ્પેક્ટરે બધું પૂછ્યું. ઇન્સ્પેક્ટરે વિઝિટબુકમાં લખ્યું. એ પછી એ ચાલ્યા ગયા. ઇન્સ્પેક્ટર ગાડીમાં બેસવા ગયા. જે ગાડીમાં પેલા ચડવા જાય છે, તે જ ડબ્બામાંથી માસ્તર ઊતરતા હતા. માસ્તરે ઇન્સ્પેક્ટરને કહ્યું, 'સાહેબ હું તો રજાનું કાર્ડ મૂકીને ડાકોર ગયો હતો'. ઇન્સ્પેક્ટરે કહ્યું, 'તમે તો નિશાળમાં હતા. તમે મને મૂકવા આવ્યા - છેક સ્ટેશન સુધી. ને તમે આવી વાત કરો છો, તે કેમ મનાય'? 'ના, સાચી વાત છે. હું તો ડાકોર ગયેલો. મારું રજાનું કાર્ડ મૂકેલું હતું ને? મારી સાચી વાત છે'. 'હોય નહિ. ગપ્પું છે'. પછી તો આ વાત ઘણે ઠેકાણે ફેલાઇ. એથી એમની નામના થઇ. ઘણા લોકો એમની પાસે આવતા થયા. એમણે પછી નિશાળ છોડી દીધી. 'ભગવાનની ઇચ્છા મુજબ થવાનું હોય તે થાય', એમ કરીને નોકરી છોડી દીધેલી. પછી વિચાર થાય છે કે 'આવો માટો યજ્ઞ કરીએ'. અને યજ્ઞ કરેલો. તે વખતે મહારાજ સાહેબ પધારેલા. હું પણ મારી મા સાથે ગયેલો. મારી ઘણી નાની ઉંમર હતી. એમનું નામ મનસુખરામ માસ્તર હતું. લોકો જાણતા ન હોય તો આ વાતને લોકો બનાવટી જ કહે. લોકો પાસે બરોબર માહિતી હોય નહિ, એટલે માને નહિ.

# ગુણાતીત માટેની પ્રક્રિયા

ગુણાતીત થવું હોય આપણે, તો એકદમ થવાતું નથી. પહેલાં તો ગુણને કેળવવા પડે. આપણે બધાય સર્વશ્રેષ્ઠ ગુણો કેળવવા પડે. જીવનના જે સર્વશ્રેષ્ઠ ગુણો છે, તે આપણે બધાએ જીવનમાં કેળવીને કામ કરતા રહેવું. એ જીવનમાં કામ કરતાં કરતાં કરી શકીએ છીએ, કે આ ગુણ છે. એ આપણે પારખી શકીએ. અને એમ કરતાં કરતાં એ ગુણો ક્યારે વધે છે? ભાવ વધે ત્યારે ગુણો વધે છે. ભાવ બેકગ્રાઉન્ડ છે. ભાવને લીધે ગુણોની ચડતી છે. જો ભાવ જ ના હોય, તો ગમે તેટલા ગુણ હોય, પણ તે ગુણ શ્રેષ્ઠ કામ નહિ આપી શકે. ભાવને લીધે જ ગુણ શ્રેષ્ઠતા આપે છે. મને કોઈ એમ સવાલ પૂછે કે આ બધા ગુણો કેમ વધે અને આપણા જીવનમાં કેવી રીતે પ્રગટી શકે, તો તેનો જવાબ સરળ છે. એક ગુણ જે છે, તેમાંથી બીજો ગુણ ફૂટે, ત્રીજો ફૂટે, એમ ફૂટયા જ કરે છે. ગુણ પણ એક આવ્યો, બીજો આવ્યો, ત્રીજો આવ્યો, તેમ ગુણ પણ વધતા જાય છે. તેમ આપણા કામ વખતે ગુણ પ્રગટે છે. કામને લીધે ગુણ છે. ગુણને લીધે કામ નથી. કોઈ કર્મ આવ્યું, તો કેવા પ્રકારના ગુણનો વપરાશ જોઈશે, તે આપણી બુદ્ધિ જાણે છે. કર્મ અને ગુણ બંને એ જાણે. એટલો એ નિર્જીવ નથી. ઘણા લોકો - વિદ્વાનો પણ -એને નિર્જીવ કહે છે. પણ જ્યાં સુધી આપણામાં જીવ છે ત્યાં સુધી કર્મ અને ગુણ અથવા એનું ક્ષેત્ર - એ કોઈ પણ નિર્જીવ નથી. બધા સજીવ છે. આપણી બુદ્ધિ પણ સજીવ છે. શરીરમાંથી ચાલ્યા ગયા પછી, કોઈ સજીવ નથી. એટલે ત્યાં સુધી સજીવ છે. વળી એ બધું ભાવને લીધે છે. આમાં ભાવ ઈસેન્શીયલ(=જરૂરી) અને કામ કરવાને માટે જે શક્તિ જોઈએ, તે શક્તિ કર્મમાંથી મળે છે. એ કર્મને લીધે ગુણનું એક્ઝીસ્ટન્સ

(=અસ્તિત્વ). કર્મ જ ન હોય તો ગુણનો કશો અર્થ નથી. કર્મ હોય તો કર્મમાં ગુણ વપરાય છે. અને તેવી રીતે કામ આવે છે, અને જે જે બધી હૈયાઉકલત આવે છે, તે અને જે જે ગૂંચો આવે છે, તે પણ એ ઉકેલે છે. એવું બધું કામ જે આપે છે તે ગુણ. તે ગુણની પરીક્ષા ત્યારે આપણને થાય.

આપણે માનીએ છીએ, કે આપણે અનુભવી થઇએ, ત્યારે જ સાક્ષીભાવ આવે છે એવું નથી. સાક્ષીભાવ તો અત્યારે પણ આપણામાં છે. કારણકે આત્માના જે મૂળ ગુણો છે તે બધા ગુણો આપણામાં કામ કરતા હોય છે. એ ગુણોને જો આપણે ઊંચે ઊંચે શ્રેષ્ઠ સુધી લઇ જઇએ, એની જોડે ભાવ કાયમ રહ્યા કરે તો એ જ્ઞાનસ્વરૂપ - આત્માસ્વરૂપ જ છે. પણ મનુષ્યને તેમ થતું નથી. એટલે આ તાદાત્મ્ય છે તે ભાવને લીધે વિકાસ પામે છે. અને નાના નાના કામમાંથી વિકસે છે. જો કામ જ ના હોય તો એ વિકસે નહિ. અને કામ કરતી પળે એ બહાદુરીના ગુણ કામ કરે. કોઇ ધીરજના ગુણ હોય, કોઇ હૈયાઉકલતના હોય. કોઇ કામ એવું હોય કે બહુ લાંબા કાળ સુધી ચાલે તેમ હોય તો તે આપણને તેમાં ટકાવી રાખે. તેમાં ઉતાવળ ના કરવા દે. ઝટ આપણે કરી નાખીએ, તેમ નહિ કરવા દે. આમ ગુણ તો નિર્જીવ લાગે, પણ ત્યારે ગુણ સજીવ છે. અને કર્મ યથાયોગ્યપણે સારામાં સારું કેવી રીતે થાય, તેવી રીતે કર્મમાં આપણને દોરવે છે. કર્મ અને ગુણ બંને સજીવ છે. આપણે ના કહીએ, તો પણ બુદ્ધિને તે માનવી જ પડશે. બુદ્ધિ સજીવ છે. આપણને અનેક ઉત્તરો આપે છે. આપણે જાણીએ છીએ કે અનેક તુક્કા સૂઝે છે - એના ઉકેલ આપે છે. બુદ્ધિ પ્રેરણા આપે છે. એ બધું કામ બુદ્ધિનું છે. બુદ્ધિ આપણા ક્ષેત્રમાં વિકાસ કરાવે છે. સમજણ આપે છે. કામનો ઉકેલ કરાવી

આપે છે. એ વળી જુદો સવાલ છે. અહીં એનું અનુસંધાન નથી. પણ પેલો સવાલ જે થયો, તાદાત્મ્ય, ભાવ અને ગુણની વાત રહી ગઈ. એ આપણામાં પ્રગટે ક્યારે? એ મૂળ સવાલ. આવો સવાલ પૂછવામાં આવેલો નહિ, એટલે મેં કંઈ એનો જવાબ આપેલો નહિ. પણ આજે મને યાદ આવે છે કે મૂળ મુદ્દો આ છે. તાદાત્મ્ય મનુષ્યમાં ક્યારે પ્રગટે એ પ્રશ્ન આપણે બધાએ ચર્ચ્યો. તે પછીનો સવાલ કે એ ક્યારે આવે? ક્યારે પ્રગટે? તાદાત્મ્ય - ભાવ પ્રગટે એ માટેનું ધ્યેય આપણા જીવનમાં વણાઈ જવું જોઈએ. એ ધ્યેય જેવું તેવું નહિ ચાલે. અને એ ધ્યેય આપણને હંમેશાં ગોડિંગ (=ગતિ તરફ પ્રેરતું) કરતું રહે. ગતિ કરાવતું રહે. બેસાડી ના રાખે. ડુબાડી ના રાખે.

તમે તમારા કર્મમાં પરોવાયેલાં રહો અને તમે નજર સમક્ષ એક ગોલ (=લક્ષ્ય) રાખો. એ ધ્યેય માટે તમારા મનાદિકરણ વપરાતા હોય એવાં બધાં કામ કરતાં હોય તે એમ ને એમ થયા કરે. એની મેળે જ. કોઈ કહે, 'મોટા, તમે આ તો નકામી વાતો કરો છો. બને જ નહિ!' પણ હમણાં જ મુંબઈમાં મેં દાખલો આપેલો, કે એક શેઠના હાથમાં પાંચ છ હજારની નોટો ગણીને રાખી એટલામાં બીજો માણસ આવ્યો. આ શેઠનો ધંધો ધીરધાર કરવાનો હતો. એટલે માણસો તો આવે જ ને? ત્યારે પેલા પાંચ હજાર રૂપિયા એણે આડાઅવળા ક્યાંક મૂકી દીધેલા. ક્યાં મૂક્યા એનો ખ્યાલ રહ્યો નહિ. ને તે પેલા માણસ સાથે વાતોમાં ને વાતોમાં પરોવાયેલો રહ્યો. તે કહે, 'મને આજે ને આજે પચ્ચીસ હજાર રૂપિયા જોઈએ. હું તમને ચાર દિવસમાં પાછા આપી દઈશ'. તેના વ્યાજના માટે બે વચ્ચે ટસાટસી થયેલી. એટલામાં શેઠને પેલા રૂપિયા યાદ આવ્યા. ઊઠયા. ગભરાયા. આમ તેમ જોયું. ખબર ન

પડી. એણે રૂપિયા તિજોરીમાં મૂકેલા ખરા, પણ તિજોરીમાં મૂકી દીધા છે એ ખ્યાલ ભૂલી ગયો.

હું પણ આજે સવારે ભૂલી ગયો હતો. ગાંડપણ આવી ગયેલું! 'મને બીજે ક્યાં લઇ જાઓ છો - મારે આ દવાખાનામાંજ રહેવાનું છે'. ભાઈ ક્હે કે, 'આપણે ભાઈલાલભાઈના દવાખાનામાં જ છીએ'. મે કહ્યું, 'મારે તો રમણભાઈના દવાખાનામાં જવાનું છે!' સવારમાં પેલી ગોળીને લીધે આવું રહે છે. આમ પેલા શેઠિયાને થયું કે 'પાંચ હજાર મારા હાથમાં હતા ને ક્યાં મૂક્યા?' પણ એને તિજોરી યાદ ન આવી. એમ કરતાં કરતાં પેલા વેપારીની સાથે મુદ્દો પૂરો કરી, વ્યાજની વાત પૂરી કરી, ચાર દિવસમાં પાછા આપવા એવું લખાણ કર્યું, અને પછી પેલા આપવાના રૂપિયા કાઢ્યા. રૂપિયા પેલી તિજોરીમાંથી જ કાઢ્યા, તોય એને ખ્યાલ ના રહ્યો કે પેલા રૂપિયા પડ્યા છે. આ મૂક્યા છે પેલાને ખ્યાલ ના આવ્યો. એણે તો તિજોરી વાસી દીધી. ચાવી ઓટીએ ખોસી દીધી. ઘેર જઈને પણ, 'રૂપિયા ક્યાં ગયા? રૂપિયા ક્યાં ગયા?' એ જ ચિંતન. તે એમની બૈરી હશે હોશિયાર. એ ક્હે, 'તમે ઠંડા પડો. ચા પીઓ.' બેસાડ્યા, ને પછી કહ્યું 'જરા ઊંઘી જાઓ. ઊંઘી જશો પછી તમને જ્ઞાન પ્રાપ્ત થશે.' પેલો ક્હે, 'તું શું ક્હે છે?' 'હું ખરું કહું છું'. ઊંઘમાં એને એકદમ ખ્યાલ આવ્યો કે 'રૂપિયા તિજોરીમાં મૂક્યા છે!' પૈસા નીકળ્યા. બૈરીને ક્હે, 'તેં સાચું કહ્યું. મને પૈસા મળ્યા.'

હવે આપણે તટસ્થતા વિષે વાત કરીએ. તટસ્થતા માટે જાણે કે નિશ્ચયાત્મક ધ્યેય હોવું જોઈએ. જો ધ્યેય નક્કી હોય તો જ બીજા બધા ગુણો આપણામાં તે પરત્વેના વિકસ્યા કરે. સાથે ભાવ પણ જાગે. એટલે આપણે મથામણ કરીને જે દિશામાં જવું છે -

આપણે જવું હોય તો - એ ત્યાં જવા માટે આપણે શું શું જોઈએ? એ નક્કી કરવું જોઈએ. પહેલાં જ્યારે ચાલીને પરગામ જવાનું હતું, ત્યારે ઢેબરાં તે બધું બાંધી લેતા. મારે ગામ જવાનું હોય, ત્યારે મારી બા મને ઢેબરાં-કોરું શાક-બાંધી આપતી. અમે વૈષ્ણવ ખરા, એટલે ઢેબરાં પાણીનાં નહિ પણ દૂધના બનાવે, કેમકે અજીઠાં ન થાય. આપણને ખાવાની મઝા પડે. એક વખત કોઈક કામે હું પરગામ જતો હતો. તે રસ્તામાં એક વેંકળો આવ્યો. વેંકળો એટલે નાની નદી. રાજીરાજી થઈ ગયો. મને થયું, અહીં નાહી લઉં અને બેસું. ત્યાં ન્હાયો-કર્યો, બેઠો ને પેલી પોટલી છોડી. ત્યાં તો ચાર માણસો આવ્યા. મને કહે, 'મને બધું આપી દે.' મેં કહ્યું, 'લઈ લે, મને કશો વાંધો નથી. પણ મારા જેટલું થોડુંક રાખ. ભૂખ્યો છું. મારે આગળ જવાનું છે. તો ભૂખ્યા પેટે મારાથી શી રીતે જવાશે? તમારે જે જોઈએ તે મારી પાસેથી લઈ લો. આના સિવાય મારી પાસે કંઈ છે નહિ. પૈસા છે નહિ. આ લૂગડાં છે. તે જોઈએ તો ઉતારી આપું એટલે એ લોકોને વિશ્વાસ બેઠો. એ પણ બેઠા. આમાંથી આપણા ભાગ પાડ. આપણે ચાર છીએ, તો ચાર સરખા ભાગ પાડ. મેં સરખા ચાર ભાગ પાડયા. 'તમારે જે લેવા હોય તે લો. આ ચાર ભાગ પાડયા છે. ચારેય સરખા જ છે, જે જોઈએ તે લઈ લો'. મેં મારો ભાગ લઈ લીધો. અને હું જરા ધીરે ધીરે ખાઉં. પેલા જલદી ઝાપટી ગયા. મારે અર્ધા ઉપર ભાગ વધ્યો હતો. પેલા લોકો કહે, 'છોકરા વાહ! તેં તારો ભાગ વધારે લીધો છે. અમે બધા ખાઈ રહ્યા ને તું કેમ ખાઈ રહ્યો નથી? તેં તારો ભાગ વધારે લીધેલો છે. તે વાત ચોક્કસ. માટે એ બાકીનો ભાગ અમને આપી દે !' તો ત્યાં તો આપણું જોર ચાલે નહિ. 'લો ભઈ, તમે લઈ લો. તમે રાજી થાવ'. 'તો ક્યાં જાવ છો ?' 'મલાવ જાઉં છું. મારા બાપા રહે છે. તે રંગાટીનું કામકાજ કરે છે. ત્યાં જાઉં છું'. તો કહે,

'અમે તેમને ઓળખીએ છીએ. ભગત માણસ છે. તને અમે ક્યાં લૂંટયો? એ તો બહુ ભગત માણસ છે. અમે તેના ભજનો સાંભળવા જઈએ છીએ. તે અમને સારું લાગે છે. અમને પહેલેથી ખબર હોત એમ તને હેરાન ના કરત. હશે - હવે - જે થયું તે ખરું. બાપાની આગળ અમે માફી માગી લઈશું'. હું તો પછી ગયો. મેં બાપાને બધી વાત કરી. મારા બાપાએ કહ્યું, 'ભગવાન એમને માફ કરે - આપણે એટલું ઓછું ખાધું - આપણે એક દિવસ ભૂખ્યા રહીએ તોય શું?'

મને મારા બાપા બહુ વહાલા. મારી બા ને બાપુજીને બને નહિ. હું તો મારા બાપાનું ઉપરાણું લઉં. મારી બાને મારા વિના ચાલે નહિ. ઘરમાં કામ કરવાવાળો છોકરો જ હું. મોટાભાઈ ભાષણો કરવા ફરતા ફરે. આર્યસમાજી થયેલા. તે ભાષણો કરે. બીજા ભાઈઓ મૂળજીભાઈ - સોમાભાઈ મારાથી નાના. એટલે એમને થોડું ભણાવવામાં મારું લક્ષ બહુ અને બીજું મારી બાને મદદ કરવા લાગું. ઘણીવાર તો દળાવાય લાગું ને બીજું જે કહે તે મદદ કરું. પાણી ભરવાનું કહે તો પાણી ભરી લાવું. એટલે મારી બાને હું બહુ વહાલો. મારી બાને કહું પણ ખરો કે, 'બા, આ તું બરોબર નથી કરતી. મારા બાપાને ગાળો દે છે, એ તારો ધર્મ નહિ. તું એની પત્ની ગણાય. બૈરું ખરું - પણ કજોડું થોડું છે? માટે આપણો ધર્મ ક્યો? - એ સમજવું જોઈએ. તું જે કરે છે, તે કંઈ અમારા ઉપર ઉપકાર કરે છે? અમે મોટા થઈશું એટલે તને ભરપૂર બદલો વાળી દઈશું. પણ તારી આ રીત બરોબર નથી, પણ એ સુધરે નહિ. મારા બાપાને સખત રીતે ટ્રીટ કરેલા. હજીય મને એ સાલે છે. ત્યારે તો હું મારી બાને વાળું ખરો. પણ વધારે કહી શક્તો નહોતો. બીજું ગરીબીનું જીવન - સાલું બહુ સારું નહિ. 'ભૂલે ચૂકે, ભગવાન,

કોઈને ગરીબી ના આપતો'. બહુ પંચાત છે. બહુ હેરાન થવાય છે. અને ત્રાસ ભારે છે. અન્યાય તો ઠેકાણે ઠેકાણે છે. આપણે એ જીવન જીવ્યા નથી એટલે ખ્યાલ નથી. પણ એમાં બહુ અન્યાય છે. આઠ દિવસ હું કામ કરું. અને એંશી પૈસામાંથી દસ પૈસા કાપી લે. હું તો કહું પણ ખરો કે, 'અમારા પૈસા શાને કાપે છે? અમે તો આઠ દિવસ તારું પૂરેપૂરું કામ કરીએ છીએ. કંઈ ઓછું કામ નથી કરતાં તો અમને પૂરેપૂરા પૈસા મળવા જોઈએ. આ તો અન્યાય છે'. ત્યારે એ કહે, 'તારે કામે નહિ આવવાનું'. આવી રીતે ચાલે ! અત્યારે તો પ્રમાણમાં અન્યાય ઘણા ઓછા થઈ ગયા છે. પણ ત્યારે તો આવા ઘણા અન્યાય થતા. આ તો આડફંટે ચઢી જવાયું.

ધ્યેયની જ લગની જ્યાં સુધી આપણને લાગી નથી, ત્યાં સુધી આ ઊર્ધ્વ પ્રકારના કોઈ પણ ગુણો આપણામાં પ્રગટતા નથી, કે ખીલતા નથી. ધ્યેય એટલે આદર્શ, શેનો આદર્શ? ભગવાન માટેનો આદર્શ. ભગવાન જ્યાં સુધી આપણામાં પૂરેપૂરો જીવતો ખીલ્યો નથી, ત્યાં સુધી પેલા ગુણો છે ખરા, પણ તે બધા ડોરમન્ટ (=સુપ્ત) પડયા રહે છે. પણ જ્યાં પેલો ધ્યેય ખીલે ત્યાં પેલા ચપોચપ, ચપોચપ બધા ગુણો ઉપર આવી જાય છે. અને આપણને ખીલેલા લાગે છે. અને કામ કરવા પણ મંડે છે. આ તટસ્થતાનો જે ગુણ છે તે આ જગતમાં કોઈ કશું નથી, તેવું નથી. આપણે કુટુંબમાં જોઈએ તો, કેટલા બધા જુદા જુદા માણસો છીએ, આપણા કુટુંબને જોઈએ તો, આઠ માણસો છે કે દસ માણસો છે. એ એક જ ફેમીલી ગણાય. પણ દરેકનો સ્વભાવ જુદો જુદો. તે જેમ આપણને વાત સાચી લાગે, તેમ તાટસ્થ્ય ગુણધર્મમાં તે ગુણો સાથે સાથે આવે છે. તે ગુણો એ જુદા જુદા હોય છે. જુદા જુદા એટલે પ્રકારમાં જુદા જુદા.

તાટસ્થ્યમાં તટસ્થ રહેવું, એટલે ડખલ નહિ કરવી. મદદ પણ નહિ કરવાની. તટસ્થતાનો ગુણધર્મ આપણને બુદ્ધિથી સમજાવે કે, ' આમાં ભેળવાઇ ગયા. આ બરાબર ના કર્યું. આ ખોટું કર્યું. આ અજુગતું કર્યું. આ વધારે પડતું થઇ ગયું એવું બધું સમજાવે ખરું'. તાટસ્થ્યનો ગુણધર્મ એ બધું બરોબર સમજાવે. આપણી બુદ્ધિ સ્વીકારે. અને તે પ્રમાણેના આપણે કર્મ કરીને યથાયોગ્ય તેને બનાવી પણ શકાય. આ તાટસ્થ્ય ગુણધર્મથી પણ આવું થાય છે. જીવનમાં રેગ્યુલર (=નિયમિત) આવું બને છે. ભલે એ કશામાં ભાગ ના લે. તાટસ્થ્ય રહે. પણ એ તટસ્થ ગુણને લીધે આવું બધું આપણને સૂઝે. અને તેને બીજા ગુણો તાત્કાલિક પકડી લે. અને પકડીને બેસી ના રહે. એ પ્રમાણે કામ કરવા મંડી જાય. વીજળી છે. અહીંથી વીજળીનું કનેક્શન ઘણે દૂર હોય, અને ત્યાંથી વાયર લાવે, ને અહીં અજવાળું આપે. પણ જો ત્યાં અંધારું થઇ જાય તો અહીં અજવાળું રહે નહિ. એવી રીતે તાટસ્થ્ય ગુણધર્મ એ કોઇ દિવસ અંધારામાં ફરી શકે જ નહિ. અજવાળું કરનારો ગુણ છે. એ અજવાળું જ આપ્યા કરે. એ આપણને સમજણ આપ્યા કરે, ડહાપણ આપ્યા કરે, ગુણ આપ્યા કરે. પણ આડકતરી રીતે પોતે તો તટસ્થ રહેવાનો. પણ એ તટસ્થ રહેવાથી, બીજું ઘણું સૂઝી આવે છે. માત્ર તટસ્થ રહેવાથી એ કર્મ પરત્વેનું બીજું ઘણું આપણને સૂઝી આવે છે. એટલે તે વખતે બુદ્ધિ, મન, ચિત્ત, પ્રાણ, અહમ્ બધાંય ખપમાં લાગે છે. અને એ ખપ કેવી રીતે લાગે? કે આપણે આડે ચીલે જઇએ છીએ કે સીધે ચીલે છીએ? ત્યાં એ કંઇ ના કરી શકે. આડે ચીલે જવું હોય તો જાવ. તટસ્થતામાં તેને ભાન ખરું કે આડે ચીલે છે. પણ જો આડે ચીલે ચડયા, તો તેને પાછા વાળવા એ તાટસ્થ્ય ગુણધર્મ કામ કરતો નથી. નહિતર એ તટસ્થ ગુણધર્મ ના કહેવાય. એટલે એ શું કરે છે? કે એની સાથે વળગેલા

ગુણધર્મો છે, એ ગુણધર્મોમાં પ્રવેશે છે. પેલી વૃત્તિ - બુદ્ધિમાં, વિવેકમાં - બધામાં - પ્રસરે છે. અને કહે છે કે, આ તો આપણે આડા ચાલ્યા!' આને આડા કેમ જવા દેવાય? એટલે બદ્ધિ, વિવેક, પ્રાણ, ચિત્ત, અહમ્ એ બધા દરેક એકસામટા તેના ઉપર તૂટી પડે છે. અને ખરાબ રસ્તે, ઊંધે રસ્તે જતાં તેને અટકાવે છે.

તા. ૨૫-૯-૭૪.

## ચેતનશક્તિનું યુદ્ધ

**સ્વજન:** મોટા, તમે પેલું કહેતા હતા - ચેતનશક્તિનું - આકાશ, તેજ અને વા. તો તેમાં એ ચેતનશક્તિ ઊતરી જાય. પછી જળ અને પૃથ્વીમાં ઊતરતાં તેને વાર લાગે. અને બીજું, આપણાં જે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ બધાં જે સંસ્કાર હોય છે તે ચિત્તમાં પડી જાય. એ બધા ઊકલી જાય, અને આપણે જે કર્મ કરતાં હોઈએ તે કર્મ કરતાં વિચારો જે જાતના થાય તે તરફ આપણી ગતિ થાય. હવે આમાં આપણા ધ્યેય તરીકે શૂન્યતા હોય - તો પછી એ જે જળ અને પૃથ્વી તત્ત્વ છે. તેમાં ચેતનને ઊતરવા એ જળ અને પૃથ્વીના સંસ્કાર બધા ડિઝોલ્વ (=ઓગળી જવું) થઈ જવા જોઈએ - એ બધું કેવી રીતે બને?

**શ્રીમોટા:** વ્યક્તિની આપણે વાત કરીએ કે જેનું ધ્યેય મોક્ષ હોય અને તેની સ્થિતિ કેવી થાય ત્યારે તેને મોક્ષ થાય? જળ અને પૃથ્વી એ બે તત્ત્વોની અંદર એનર્જી ઓફ ડીવીનીટી (=દિવ્ય શક્તિ) કેવી રીતે ત્યાં ઊતરીને એક થાય? જ્યારે માણસ રીયાલીઝેશન (=સાક્ષાત્કાર) કરે ત્યારે આ પ્રશ્નનો સબસ્ટન્સ

(=સાર) આ જ છે. ત્યારે જળ અને પૃથ્વી તત્ત્વની સ્થિતિમાં હજી સુધી રીયાલાઝેશન ઊતર્યું નથી. તો પછી જ્યારે કોઇ અનુભવી થાય ત્યારે જળ અને પૃથ્વીની કેવી સ્થિતિ હોય? રીયલાઇઝેશન થાય ત્યારે ઇમ્પોસીબલનું (=અશક્ય) પોસિબલ (=શક્ય) થાય. જેમ આપણે ઇઝરાયેલમાં જોઇએ છીએ કે રણમાં તેણે ખેતી કરી. આપણા માન્યામાં ના આવે. ત્યારે કેટલાંક કામો એવાં થાય છે કે હાલની આપણી બુદ્ધિ સમજી શક્તી નથી. હકીકત બનેલી હોવા છતાં આપણી બુદ્ધિ ગ્રાસ્પ(=ગ્રહણ) કરી શકતી નથી. તમારી ને મારી બુદ્ધિ ગ્રહી શકે. આપણે છાપાં વાંચ્યા હોય એટલે. આપણે સ્વીકારી લઇએ કે આ દુનિયામાં પણ કેટલીક વખતે, કોક કોક પ્રસંગે, કોક કાળે, અશક્યનું શક્ય બને છે અને ખરેખર તે પ્રમાણે ચાલતું હોય છે, બનતું હોય છે. અને બધાંને અજાયબીભર્યું લાગતું હોય છે- પણ થતું હોય છે ખરું. એવી રીતે આપણા પેલા શરીરમાં - વ્યક્તિગત દાખલો લઉં છું. સમૂહગત નહિ. ટોટાલીટીમાં નહિ - ત્યારે આકાશ, તેજ અને વામાં તો સરળતા છે. ત્યાં સુધી તેને વાંધો નથી. પણ જળ અને પૃથ્વીમાં ઇનર્સીયા(=જડતા) પુષ્કળ છે. એ તો આપણી બુદ્ધિમાં માન્યામાં ના આવે. વિજ્ઞાનમાં લોકોએ સાબિત કરીને કહ્યું છે એમ ને એમ નહિ. એ જડતાને ભેદવી એ મોટામાં મોટું- હિમાલય કરતાં પણ મોટામાં મોટું- કર્તવ્ય. હિમાલયને કાપવો એ જાણે અશક્ય લાગે. એના જેવું જ એ કર્તવ્ય છે. ઇનર્સીયાના પડને ભેદવું એ તો જાણે કે પ્રકૃતિનું કર્મ જ નથી. પ્રકૃતિથી તો થાય જ નહિ. કોઇ અનુભવીમાં આકાશ, વા ને તેજમાં એ ઊંચું એટલે શરીરના અમુક ભાગની જે ડેવલપમેન્ટ(=વિકાસ) થઇ તેની પણ એક જાતની અસર રહે છે. ભલે ને જડમાં જડ હોય, તો પણ તેની અસર થાય. તેના દાખલા સંસારમાં આપણને જાણવા મળશે.

જડમાં જડ દેખાતા માનવીને પણ. આગળ પાછળની જે સમૃદ્ધિ ને પ્રવૃત્તિ થતી હોય છે- ઉદ્યોગની કે, આ કે તે, કોઈ પ્રવૃત્તિ થતી હોય તો તેની અસર પેલા લોકોને થાય છે.

ભીલ લોકોમાં હું ઓગણીસસો એકવીસની સાલમાં કામ કરતો હતો. તો પણ તેમને - ઉદ્યોગની - આ શહેરમાં જે કંઈ પ્રવૃત્તિની અસર થતી હતી. મને કહે કે, 'ચૂનીભાઈ, તમે અમને એવી પ્રવૃત્તિ બતાવો કે અમે થોડી કિંમતે આ બધું કરી શકીએ. અને પૈસા કમાઈએ. પછી મેં કંઈ બીજું વિચારેલું. મારી ઉંમર નાની અને બહુ અંદર ઊંડા ઊતરવાની શકિત પણ ઓછી. તો પણ મેં કહ્યું કે, 'ભાઈ, જો તમે શહેરમાં દોરા મળે છે- તેમાંથી તમે ફીરકી બનાવી અને વાળીને એના ગોટા કરી, તેના દોરડાં બનાવો. મિલમાં કાચું સૂતર મળે છે. બહુ બગડેલું હોય છે- તે તમે લાવીને દોરડાં બનાવો. તો થોડાક ખર્ચે થાય. તમારે તેમાં મહેનત કરવાની. ને સખત દોરડું બનાવો. તો પછી તે ખપ્યાં જ કરે. એ જાતનું કરો.' મેં તો મને સૂઝ્યો તે એક જ જાતનો ઉપાય બતાવ્યો. મેં કહ્યું, 'આવું કોઈ પણ કામ કરતા તમે થાવ. તમે ચાર મહિના ખેતી કરો. પછી કંઈ કામ નહિ. એટલે ઝગડા થાય. ને તોફાન થાય ને જિંદગી વેડફાઈ જાય. એના કરતાં દરેક જણ કામમાં પરોવાઈ રહેતો હોય તો આવક વધે ને તમને સારું લાગે. એવું કંઈ કરો તો સારું.' લોકોને ગળે વાત તો ઊતરી ગઈ. ત્યાં એ જાતનો બધો સામાન આણી આપનાર, વેચનાર અને એ બધી વ્યવસ્થા કરનાર કોણ? એટલે એ બિચારા કરી શક્યા નહિ. ને અમે લોક કંઈ ન કરી શક્યા.

જ્યારે ઓગણીસસો એકવીસમાં પહેલવહેલો ગયો ત્યારે અમારી પાસે પૈસા-બૈસા કંઈ મળે નહિ ને કૉંગ્રેસ પાસે પણ કંઈ

મળે નહિ. એટલે આ લોકોને કહ્યું, કે અહીં વાંસ તો ઊગે છે, તો વાંસ કાપી લાવો. વાંસની સુંદર ગૂંથણીવાળી ટોપલીઓ રંગરોગાન કરીને વેચો. સરસ દેખાય તેવી બનાવો. આવું બધું બતાવતા. પણ કંઇ થઇ શકેલું નહિ.

આનું ઉદાહરણ એટલા માટે આપ્યું કે ઉદ્યોગની અસર કંઇ ન થઇ શકે એવા પ્રદેશમાં પણ પડે ખરી. એનો પ્રવેશ થાય છે ખરો. એવી રીતે આપણા શરીરમાં આકાશ, વા અને તેજમાં આ ચેતનનો પ્રવેશ થાય છે ત્યારે એ પ્રવેશ માત્ર સ્ટેટીક(=સ્થિર) નથી હોતો. ડાયનેમીક(=પરિમાણવાળો) હોય છે. અને વિસ્તાર પામતો જાય તેમ તેમ પેલા જળ અને પૃથ્વી તત્ત્વો એક જ ક્ષણે આપણા શરીરમાં છે તેવું થોડું છે ? એ તો બધે જ છે. કણેકણમાં પ્રસરેલા છે. એટલે પછી ત્યાં આગળ ફુલ સ્ટ્રગલ(=સંપૂર્ણ સંગ્રામ) થાય છે. જળ અને પૃથ્વી તત્ત્વનો ઝગડો થાય છે તે આપણે જાણીએ છીએ. એ વખતે આપણામાં પૂરેપૂરી વિટનેસ(=સાક્ષીપણું)ની સ્થિતિ આવી ગઇ હોય છે. અને ટટાર ઊભો રહીને જબ્બર સામનો કરી શકે. સંજય જેમ ધૃતરાષ્ટ્રને માત્ર સમાચાર જ આપ્યા કરતો હતો, તેવો એ તટસ્થ નથી. તટસ્થતા એક મોટામાં મોટું બળ છે. એ માત્ર જોયા જ કરે એવું નથી હોતું. એ તટસ્થતા જ્યારે કંઇક કશું આત્માના વિરુદ્ધનું કે કશાનું ગમે તે કશું થતું હોય, ત્યારે એ માત્ર જોયા કરે છે એવું નથી હોતું. આપણે તટસ્થતાને એવી સમજ્યા છીએ કે એણે તો કશું કરવાનું નહિ. એણે તો માત્ર જોયા જ કરવાનું. એને બીજી કશી લેવાદેવા નહિ. પણ એમ નથી હોતું.- તટસ્થતા જુએ અને હોય તેનો ક્યાસ પણ કાઢે. વસ્તુસ્થિતિનો ક્યાસ પણ કાઢે. તટસ્થતા એકલીઅટુલી નથી. બીજાની સાથે સંબંધવાળી છે. બીજા આપણા જે તત્ત્વો છે, તેની સાથે

સંકળાયેલી છે. એટલે બુદ્ધિને, વિવેકશક્તિને પછી પ્રાણને, આપણા અહમ્‌ને બધાં તત્ત્વોને કહે કે તમે અહીં હુમલો કરો. જબરદસ્ત છે. નહિતર પંચાત પાડશે. નહિ તો તમને પાડી નાખશે. હવે તે વખતના આપણામાંનાં મન, બુદ્ધિ, ચિત્ત પ્રાણ ને અહમ્‌માં ચેતન તો ઊતર્યું છે ને જ્યારે તે આકાશ, તેજ ને વામાં છે જ. ત્યાં સુધી આવ્યું જ છે ત્યારે તેની શક્તિ- હાલ ના જણાય, પણ ઘણી બળવાન છે- માત્ર સંકલ્પથી જ કામ કરી શકે તેવી એની શક્તિ હોય છે. ત્યારે તે વખતે પેલા જળ અને પૃથ્વી તત્ત્વમાં, આળસ, -પ્રમાદ એટલો બધો હોય છે કે પ્રમાદને તોડવો અને પ્રમાદની આગળ જવું તે મુશ્કેલ કામ હોય છે. ઈશ્વરી તત્ત્વોને માટે પણ મુશ્કેલ કામ છે. એણે જ ઉપજાવેલું, એણે જ ઘડેલું એને જ પીડે. આપણા ઘરનાં કેટલાંય છોકરાં એવાં નથી હોતાં કે પોતાને જ હેરાન કરે? મેં તો એવું ઘણે ઠેકાણે જોયું છે. તો એવી રીતે જળ અને પૃથ્વી તત્ત્વ જબરદસ્ત સામનો કરવાવાળા છે. કારણકે ચેતનના કરતાં તદ્દન ઊંધી જાતનો ગુણધર્મ છે. આમાં પૃથ્વીનો તદ્દન ઊંધી જાતનો ગુણધર્મ છે.

સરળ હોત તો વાંધો ના આવત- પણ તદ્દન ઊંધી જાતનું. આ જળ અને પૃથ્વી તત્ત્વનું વર્તન ચેતનની સાથે બિલકુલ મળતું નથી. અને પૃથ્વી તત્ત્વની સમગ્રતા લઈને એ જડતાનો વિચાર કરીએ તો પણ આનો આપણને પૂરેપૂરો ખ્યાલ ના આવે. આપણામાં જળ અને પૃથ્વી તત્ત્વ રહેલાં છે. તેને લીધે આ પ્રમાદ ને બીજું બધું છે. તેનો પણ પૂરેપૂરો ટોટાલીટીથી(=સમગ્રતાથી) ખ્યાલ આવી શકે એમ નથી. એની સરખામણીમાં માનવજાતની સમગ્રતા સાથે આપણે કેવી રીતે આવી શકીએ અથવા સમજવામાં કેટલા બધા ઓછા પડીએ. તેમ છતાં જ્યારે આકાશ,

વા, તેજમાં તે આવે ત્યારે તે ત્યાં સ્ટેટિક(=સ્થિર) રહેતા નથી. એ જે પ્રોગ્રેસ આવ્યો તે માત્ર સ્ટેટિક રહેતો નથી. તે આગળ ને આગળ જવા મથ્યા કરે છે. એટલે ત્યાં યુદ્ધ શરૂ થાય છે. દેવ-દાનવનું યુદ્ધ જે કહ્યું છે તે દેવ-દાનવનું યુદ્ધ ત્યાં શરૂ થાય છે. તે જળ અને પૃથ્વી તત્ત્વો તામસવાળા અને બીજી બાજુ શુદ્ધ ચેતન. આપણામાં ચેતન પ્રવેશ્યું એટલે એ એક ઠેકાણે રહેતું નથી. તે પ્રસરવા માંડે છે. તેનો સ્વભાવ જ પ્રસરવાનો છે. એટલે જ્યાં જ્યાં પ્રસરે છે ત્યાં ત્યાં એ જળ અને પૃથ્વી તત્ત્વ તો હોય જ. આખા શરીરમાં તેમજ કણેકણમાં બધે જ છે. ત્યારે ત્યાં ક્ષણે ક્ષણે -કણે કણે- ઠેકાણે ઠેકાણે યુદ્ધ ચાલ્યા કરે. આ રાક્ષસોનું અને રામનું જેમ યુદ્ધ ચાલે તેમ ચાલ્યા કરે. આ યુદ્ધમાં ઇશ્વરીતત્ત્વ જ્યારે લડાઇમાં ઊતરે છે, ત્યારે એનું બળ બહુ ભારે છે છતાં એને (ઇશ્વરીતત્ત્વને) હરાવી શકે છે ને બધું કરી શકે છે. અને કેટલીક વખત આપણે લોકો આ લોકોની સાયકોલોજીને સમજી શકતા નથી અને એવી બધી ખોટી કલ્પનાઓ હોય છે કે ભગવાન તો હારે જ નહિ. અરે, મારા કૃષ્ણ ભગવાન કેટલીય વખત હારીને નાઠા છે. ઇતિહાસ કહે છે. એવા કેટલાય અવતારી માણસો પાછા પડે છે. સામે થયા હોય તો તે પાછા પડે છે. ત્યારે એ આપણે સમજતા નથી. એને પાછા પડવું પડે ને હારવું પણ પડે. જો કે તેની પાછળ હેતુ તો હોય છે. એ હેતુ એકલો એ જ જાણતો હોય છે. બીજા કોઇને ખ્યાલ ના આવે કે ભાઇ, આટલો મોટો માણસ હારે નહિ ને હાર્યો કેમ? તે સકારણ હારે છે. હારતો હોય તો પૃથ્વીનો જળપ્રલય થઇ જાય. 'ભગવાન જ્યારે નાઠા ત્યારે છેક ગુફામાં ભરાઇ ગયા હતા. પણ ભગવાન કૃષ્ણ રાક્ષસને સંહારવા ગુફામાં પેઠા હતા. તે ઇન્સીડન્ટ(=પ્રસંગ) કોઇ પહેલો ના મૂકે. પણ મારા મનથી તો ભગવાન હાર્યા તે ઇન્ટેન્શન- ત્યાં જવા માટેનું-

પાછા ફરવામાં કોઈ એવો ઈન્ટેન્શન હતો, જે આપણે પારખી શક્યા નહિ. ગુફામાં રાક્ષસ રહેલા છે. તેને સંહારવા માટે ગયેલા અને બીજું એણે જોયું કે આ દેશમાં બહુ યુદ્ધ થાય છે. ને કંઈ પ્રગતિ થતી નથી. એટલે આપણે બીજો દેશ ખોળો એટલે ફરીને દ્વારકા તરફ આવેલા. અને મથુરા બાજુથી આવીને ત્યાં રાજધાની ફેરવેલી. જુદા વિષય ઉપર ઊતર્યો. મૂળવાત કહેવી'તી -જ્યારે એ કણેકણ યુદ્ધ ચાલે છે- આપણે તો માનીએ કે ભગવાનના બળ આગળ આ જળ અને પૃથ્વીનું શું જોર? તે ક્યા વિસાતના સાલા! એમ આપણી બુદ્ધિથી લાગે. પણ સમગ્રતઃ જળ અને પૃથ્વી તત્ત્વ ટોટાલીટીમાં -સમગ્રતઃ આસુરીબળ રહેલું છે એ ટોટાલીટી જળ અને પૃથ્વી તત્ત્વમાં છે.

સમગ્રતામાં આ જે એન્ટી ગોડ, ભગવાનની વિરુદ્ધની જે જડતા છે- આખરે તો એકનું એક જ છે. હાલમાં તો આપણે એના એક વિરોધી તત્ત્વ તરીકે વિચારીએ છીએ. એટલે જળ અને પૃથ્વી તત્ત્વ શરીરની અંદર કણેકણમાં બધે છે. એ વખતે આ જે અંદર પ્રવેશેલું- ભગવાનનું તત્ત્વ એ પણ કણેકણમાં પ્રસરે છે. એ પણ સ્ટેટીક(=એક ઠેકાણે) -હૃદયમાં કે કોઈ ઠેકાણે જ રહેલું નથી. શરીરના આટલા બધા અગણિત કણ છે. ત્યાં આ યુદ્ધ ચાલે છે. આ યુદ્ધ આપણને દેખાતું નથી. પેલા અનુભવીને, તટસ્થ હોવાથી, સાક્ષી હોવાથી જણાય છે કે, 'આ છે.' હવે જે છે તે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ તે ઈવોલ્વ્ડ(=ઉત્ક્રાન્ત) થયેલાં છે. એ વખતે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણનું જેટલું બળ છે, એની જેટલી શક્તિ છે અને એનું જેટલું તેજ છે એના જેવું અત્યારે હાલ જેવાં આપણાં મન, બુદ્ધિ ચિત્ત, પ્રાણ ને અહમ્ છે, એવા પ્રકારની હોતી નથી. એ જુદા પ્રકારની હોય છે. એટલે કોઈ મહાભારત કામ કરી

શકે એવી જાતની પેલી શક્તિ પેલાના ડેવલપ તત્ત્વોમાં થયેલી છે. અને એક બાજુ આ લડાઇ ચાલે છે - ડીવાઇન એન્ડ અનડીવાઇન(=दिव्य અને આસુરી). એમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ પણ એની સાથે જ એને મદદ કરે છે. અને આ અનડીવાઇન તત્ત્વોમાં એવું બળ રહેલું છે કે અનડીવાઇન, ડીવાઇનનું સ્વરૂપ ધારણ કરી શકે છે. ડીવાઇન અનડીવાઇન થઇ શકતું નથી. એટલે ઘણીવાર પેલો સાધક આગળ જતાં પછડાય છે. આગળ જતાં એને સમજાય છે કે આ તો અનડીવાઇન જ છે. આ તો ખોટું જ છે. તે ત્યાં એ પછડાટ ખાય છે. એ ચેતે છે. તેને ઉપર આવી જતાં વાર લાગતી નથી. એટલે ઘણીવાર અંદર સ્ટ્રગલ(=સંગ્રામ), ચાલે છે. તે ચાલતાં ચાલતાં આખરે જળ અને પૃથ્વી તત્ત્વને હાર કબૂલ કરવી પડે છે. હારે છે. ત્યારે ત્યાં તે પ્રવેશ પામે છે. પણ અત્યાર સુધી આખી દુનિયામાં જળ અને પૃથ્વી તત્ત્વની અંદર સંપૂર્ણપણે ભગવાન અવતર્યો છે, તેવું બહુ બન્યું નથી. કોક દાખલો બન્યો હશે. આપણાથી બહુ નક્કી કહેવાય નહિ. નહિ બન્યો હોય એમ નહિ. વિશ્વામિત્ર જેવા ઋષિમુનિઓ થઇ ગયા. ત્યારે એવું થાય છે મનુષ્યની આવરદા વધી જાય છે. જળ અને પૃથ્વી તત્ત્વમાં ચેતન અવતરે ત્યારે આવરદા વધી જાય છે. આપણું મરણ વહેલું થાય છે તે પણ જળ અને પૃથ્વી તત્ત્વને લીધે જ. આ બધું ખરાબ કે શરીરને નુકશાન કરે એવું છે અને સારું કરે એવાં આકાશતત્ત્વો પણ છે. આપણા શરીરમાં આ જળ અને પૃથ્વી જ છે. શરીરને પણ સુગંધી હોય તો એ સુંઘી લે. નાક તત્ત્વ દ્વારા એ એનો લાભ લઇ લે. દુર્ગંધ હોય તો પણ લેવી જ પડે. એને છૂટકો જ નહિ. આ જળ અને પૃથ્વી બે તત્ત્વો એવા છે કે આખી દુનિયા કે બ્રહ્માંડ કહો કે જે પૃથ્વીપણું છે તે સારું નરસું જેવું હોય તે બીજું કેટલું બધું આવી જાય તે જળ અને પૃથ્વીમાં

જ રહેલું છે. આકાશ, તેજ અને વામાં નથી એ તો જુદાં રૂપનાં છે.

આકાશમાં જડત્વ નથી અને પ્રમાદેય નથી. તેજ અને વામાં ખરાં. પણ એનું રૂપ જુદું છે. એનું કામ જુદું છે. પણ જળ અને પૃથ્વીમાં ભગવાનનો પ્રવેશ જ્યારે થાય છે અને એ પ્રસરવા માંડે એટલે ડગલે ડગલે યુદ્ધ. બહાર કંઈ એને દેખાય નહિ. એને બધું જીતવું પડે. એક ડગલું પણ જીત્યા વિના આગળ નહિ જવાય. એક એક ડગલું એને જીતવું પડે. ત્યારે એ દશામાં કેટલીક વાર ચેતન તે મૂકી દે છે- હારીને નહિ. અહીં થાય એવું નથી. લાયક નથી. આ શરીર લાયક નથી. આ શરીર સ્વીકારવાને માટે તૈયાર નથી. જળ અને પૃથ્વી તત્ત્વને ચેતનને આવકારવાની ઇચ્છા જાગવી જોઇએ. ઇચ્છા જાગી ન હોય તો પ્રવેશી પણ ના શકે. ત્યારે ઇચ્છા એને જગાડવાનું કામ આપણું છે. આપણે જળ અને પૃથ્વી તત્ત્વની -ભગવાન આપણામાં પ્રવેશે એવી જાતની સ્થિતિ આપણે કેવી રીતે કરી શકીએ? એની બધી પ્રાર્થનાઓ પણ આવે છે. આપણા લોકોએ એવી પ્રાર્થનાઓ પણ કરી છે. હું જાણતો નથી. મે વાંચી પણ નથી. પણ મે કરેલી છે ખરી. આ જાતની પ્રાર્થનાઓ- તે દશામાં હોઇએ ત્યારે- હાલ બોલીએ તો એ કામયાબી ના નીવડે. એટલે કે ઉપયોગી ના નીવડે. અમુક સ્થિતિ થાય ત્યારે જ ઉપયોગી નીવડે. તંત્રમાં એવા ઉપયોગો છે કે જેનો ખ્યાલ પણ ના આવે. દા.ત. શરીરથી મારા જેવો હેરાન થતો હોય તો શરીરની હેરાનગતિ ઓછી કરવા માટે ઓપોઝીટ(=વિરુદ્ધનો) જીવ હોય તેનો લાભ એ લઇ શકે છે. ઇન્દ્રિય ભોગ વિના . તેમ છતાં સામાના જીવની જે એનર્જી(=શક્તિ) છે તે ખોવાયા સિવાય, ઓછી થયા સિવાય, એ એનર્જી પોતાનામાં એ લઇ શકે છે, અને કામ કરી શકે છે. શરીરને સુધારી શકે છે. એવા કેટલાય પ્રયોગો

છે. આપણા લોકોએ આ બધું અનુભવ્યું છે કે જ્યારે ભગવાન પોતે આકાશ, તેજ અને વામાં એ ત્રણેયમાં પ્રવેશે છે. પછી સ્ટેટીક રહેતો નથી. એ આપણે કબૂલીએ છીએ. એ પ્રસરવા માંડે છે. એ પ્રસરવા માંડે ત્યારે જળ અને પૃથ્વી તત્ત્વના જે અણુઓ છે કે જેની અંદર આખી સમગ્રતા આ પ્રમાદની અથવા તો આ રાક્ષસો અથવા 'ઇવીલ' તત્ત્વોની ટોટાલીટી બધી સામે ત્યાં આવે છે. આપણને લાગે એક અણુના ભાગમાં છે. પણ એ અણુના ભાગમાં તે વખતે પેલી ટોટાલીટી પેલા ડીવાઇન તત્ત્વોની સામે થવા આવે છે. ત્યાં આગળ લડાઇ જામે છે. તે ભયંકરમાં ભયંકર લડાઇ છે. આ તો બોલવામાં છે. તે લડાઇ એવી જાતની હોય છે કે એનું સંપૂર્ણપણે વર્ણન કરવું તે લગભગ શક્ય એવું કામ નથી. તો પણ શ્રીઅરવિંદે વર્ણન કર્યું છે. 'સાવિત્રી' માં એમણે લખ્યું છે ખરું. બહુ સ્પષ્ટ લખ્યું છે.

સ્વજનઃ મોટા, આ તમે જે કહ્યું કે ટોટાલીટીમાં ઇવીલ તત્ત્વો છે. એટલે આમાં જે વધારે ડીફીકલ્ટ (=મુશ્કેલ) છે, તાદાત્મ્યનો ગુણ થાય છે. તેને લીધે થતું હશે આ?

શ્રીમોટાઃ એને લીધે ડીફીકલ્ટ નથી થતું. ચેતનનો તાદાત્મ્યનો ગુણ છે ખરો. ચેતન જે આ ત્રણ વસ્તુ છે- આકાશ, તેજ અને વા - એ ત્રણમાં દાખલ થયું, ત્યાં આ તાદાત્મ્યનો ગુણ પ્રગટતો નથી. પૂરેપૂરો પ્રગટતો હોત તો એકરૂપ થઇ જાત. અને એ પોતે જ એનો સામનો કરત. બહુ સુંદર રીતે એ સામનો કરત. પણ એ સંપૂર્ણપણે ત્યાં એકરૂપ નથી થઇ શકતું. એને વાર છે. ત્યારે આપણામાં થાય છે શું? આપણી વાત કરું- એ ચેતન આપણામાં પ્રગટ્યું. આકાશ, વા અને તેજમાં પ્રગટ્યું. પછી એને ઊતરવું છે

જળ અને પૃથ્વીમાં. ઊતરતાં ઊતરતાં અનેક જગ્યાએ સંગ્રામો થાય છે એને. ક્યાંક એ જીતે છે, ક્યાંક એ હારે છે. હારવાનું કારણ એને એટલું જ- હારવાનું કોઈ કારણ નથી- પણ એ હારે છે કેમ? એમ આપણને સવાલ થાય. તો એનું મૂળ કારણ એ છે કે એ ડિવાઈન તત્ત્વ હારીને પાછું, પોતાનું સમગ્ર બળ એકઠું કરે છે, અને કયે ઠેકાણે કઈ ભૂલ છે, ક્યાં આગળ એની 'વીકનેસ'(=નિર્બળતા) છે, ક્યાં આગળ અવલોકનથી એ પછાડી શકે એમ છે. એ બધું જાણી લે છે. આ તો બધું બોલવાની ભાષામાં છે, એને કંઈ વાર લાગતી નથી. આ તો મનમાં બધું ક્ષણવારમાં થઈ જાય. આ તો સમજવાની ખાતર બોલવાનું (મોટાને દમની સખત ઉધરસ થાય છે.) ભગવાને કાળીનાગને નાથ્યો. તો એ સીમ્બોલીક(=રૂપકાત્મક) તત્ત્વ. પણ એના જેવું આ સીમ્બોલીક નથી. પણ આ ખરેખર રીયાલીટી(=વાસ્તવિક) છે, કે આવા યુદ્ધો અંદર થાય છે. પણ આપણને ખબર પડતી નથી, અને સામાન્ય લોકને તો બિલકુલ નહિ. કારણકે એ લોકોની દિશા જ નથી. એ દિશા તરફ એ લોકોને જવાનું મન જ થયું જ નથી. (ચાલુ ખાંસી) એ પણ આપણે બુદ્ધિથી કબૂલ કરવું પડે. ના કરીએ તો ના ચાલે. એ કબૂલ કરવું જ પડે એવી હકીકત છે કે જળ અને પૃથ્વી તત્ત્વનો આધાર આકાશ, વા અને તેજ ઉપર છે. આકાશ, તેજ અને વા ઉપર કમ્પ્લીટ કન્ટ્રોલ(=સંપૂર્ણ કાબૂ) ચેતનનો છે. અને જળ અને પૃથ્વી તત્ત્વનો આધાર આ ત્રણ આકાશ, તેજ અને વા ઉપર છે. એને લીધે જ એનું અસ્તિત્ત્વ છે. જળ અને પૃથ્વી ઉપર આકાશ, તેજ અને વા નું પ્રભુત્ત્વ છે. હવે એ પ્રભુત્ત્વ કંઈ નાસી જતું નથી. અજ્ઞાનની સ્થિતિમાં પણ તેમનું પ્રભુત્ત્વ હતું. તો જ્ઞાનની સ્થિતિમાં તો તે વધુ તેજદાર થાય. એટલે પેલી જે લડાઈ ચાલે છે, ત્યારે આ સાથે ને સાથે જ છે. એટલે કહે

કે, 'અલ્યા ભાઈ, ક્યાં તું સામું થાય છે? આપણે તો જોડે જોડે જ છીએ- કેટલાય કાળથી- એટલું સમજતું નથી અને આમ સામે શું થાય છે? આપણે તો સાથે છીએ. અને એ જે તત્ત્વ છે તે અમારામાં આવી ગયું છે. અને તારામાં આવ્યું નથી. એટલે તું અજ્ઞાનનું અજ્ઞાન રહ્યું છે. અમારી પાસે પૈસા આવ્યા અને તારી પાસે પૈસા નથી આવ્યા. એટલે તું ગરીબ થઈ નકામા ફાંફા માર્યા કરે છે. માટે એ નહિ ચાલે. બરાબર સમજ.' એટલે જે આકાશ, તેજ અને વાનું જે તત્ત્વ છે, જે ભગવાનવાળું છે. પણ આપણે જ્યારે ભગવાનને ઓળખતા નહોતા, જાણતા નહોતા, ત્યારે પણ એ તત્ત્વ તો હતું જ. તો એ ત્રણે તત્ત્વોનું જે બળ તે બળ પેલા જળ અને પૃથ્વીનું બળ, એ બે બળને સમજાવટ થાય છે. થોડો 'ક્લેશ'(=સંઘર્ષ) પણ થાય છે, એ સાથે ને સાથે જ રહ્યા છે. (=ચાલુ ખાંસી) એટલે આ જે ત્રણ તત્ત્વોમાં ભગવાન ઊતર્યો છે, એ ત્રણ તત્ત્વોની એનર્જી પાછી ઑલ પરવેડિંગ,(=સર્વવ્યાપક) છે. કોઈ એક ઠેકાણે આપણામાં હોવા છતાં, બધે જ છે. બધે જ પ્રસરેલી છે એ ત્રણ. જે એનર્જી આપણામાં પ્રગટી, એ પહેલાંના સ્વરૂપની, જે આકાશ, તેજ અને વાની જે સ્થૂળ એનર્જી હતી- અનુભવ પહેલાંની- એ પેલાં તત્ત્વોને સમજાવે છે, કે, 'ભાઈ આ તમારે કરવા જેવું નથી. આ તો જુદી વાત છે. આ રમત જુદી છે. આમાં તમે હારી જશો! મરી જશો, માટે સમજાવટ કરી લો અને સમજી જાવ તો સારું' આવી પણ જોડે જોડે સમજાવટ ચાલતી હોય છે. આખરે એ સમજાવવાનું મૂકી દે છે. પણ ભગવાન એવો છે કે પકડે તેને છોડે નહિ. કોક વાર પકડીને છૂટો મૂકી દે- તો પેલાને ઠીક થવા દેવાને માટે. રખડી રખડીને ઠીક થાય. સમજણમાં આવે. પછી પાછો પકડી લે છે. કોઈ દિવસ એને છોડી દેતો નથી. એણે જેને પકડ્યો તેને છોડી દેતો નથી. કોક વાર લાગે

ખરું કે છોડી દીધો, પણ એને ઠીક થવા દેવા માટે.

એટલે એવી રીતે આ જ્યારે આકાશ, તેજ અને વામાં ચૈતન્યનો અવતાર થયો, તો એ પ્રસરવા માંડે છે. જ્યાં જ્યાં, જ્યાં જ્યાં, આપણા શરીરમાં બધે ઠેકાણે પ્રસરવા માંડ્યો ત્યાં આ જળ અને પૃથ્વી તત્ત્વોના કણોએ એનો સામનો કરવા માંડ્યો. એનો સામનો હજી થાક્યો નથી. જળતત્ત્વમાં પેઠા પછી પૃથ્વી તત્ત્વમાં આવે. પૃથ્વી તત્ત્વમાં તો ઓર ઘોર તામસ છે. જળ તત્ત્વમાં તો હતું. જળ તત્ત્વનું જે તામસ છે, તેના કરતાં પૃથ્વી તત્ત્વનું તામસ ઓર ઘોર છે. ચેતનથી એમાં તો પ્રવેશાવું મુશ્કેલ છે. એટલે ત્યાં પણ લડત ઊભી છે. એમ લડત લડતો લડતો આત્મા, અથવા તો ભગવાન એને પણ હરાવે છે. અને આખરે પાંચે પાંચ આપણા આખા બ્રહ્માંડના તત્ત્વો-(ચાલુ ખાંસી)- આકાશ, તેજ વા, જળ અને પૃથ્વી- એ પાંચેમાં પ્રવેશીને પોતે આખરે જીત મેળવે છે. પણ એ પ્રયોગ હજી સુધી સિદ્ધ થયેલો નથી. એ વાત ચોક્કસ છે. હજુ લડત ચાલ્યા કરે છે. આ ચેતન- આકાશ, વા અને તેજ એમાં પ્રવેશેલો આત્મા- એ જળ અને પૃથ્વીમાં સંપૂર્ણ પ્રવેશીને પોતાના કબજામાં લઈ લીધેલા નથી. (ખાંસી ચાલુ) ત્યારે એમ થાય કે, આપણો આ ભગવાન આટલો બળવાન નથી? કે આટલા આ તત્ત્વોને એની સાથે નથી કરી શકતો? આ ભગવાન કેવો? એવો પ્રશ્ન આપણને થાય.(સતત ખાંસી)

કંઈ કશાનો વિકાસ સ્ટ્રગલ વિના નથી. જો તમારા જીવનમાં સ્ટેબીલીટી- સલામતી આવી ગઈ તો જીવનવિકાસ નથી. એ વિકાસને મારી નાંખશે. જો સલામતી આવી તો એ વિકાસ થવા જ નહિ દે. આ એક એસ્ટાબ્લીસ્ડ ફેક્ટ(=સિદ્ધ હકીકત) છે. એ

બુદ્ધિથી માનવું જ પડે. જેને ના માનવું હોય તો જુદી વાત છે. $H_2O$ જેવી વાત છે. સ્ટ્રગલ ચાલુ જ રહેવી જોઇએ. સ્ટ્રગલ ચાલુ ના રહે તો 'સ્ટેટસ કો'(=જ્યાં છો ત્યાં) તમે રહેવાના. અને 'સ્ટેટસ કો' તો જીવનનું મૃત્યુ છે. એટલે આખું બ્રહ્માંડ આ પ્રકારનું એક યુદ્ધ છે. એક વિકાસ માટેનું જ યુદ્ધ છે.

આપણા દેશમાં પણ તોફાનો, લૂંટ ચાલી રહેલાં છે, તે વિકાસને માટે જ છે. વિકાસને માટે બહુ જરૂરી છે. આળસુ અને નબળી પ્રજા વિકાસ વિના સબળ નહિ થઇ શકે. સબળ થવા માટે સંગ્રામ જરૂરી છે.

આપણને લાગે છે પણ આખું જગત છે- કેટલું મોટું છે. પણ ભગવાનની શક્તિ ગમે તે ઠેકાણે એકાગ્ર થઇ શકે છે. જેમ આ વીજળીની શક્તિ છે, એ શકિત આઠ તત્ત્વોમાં એક થઇને અનેક ગણી આપણે કરી શકીએ. એ જેમ આપણાથી મનાય તેવી વાત છે, એવી રીતે આ શક્તિ છે, તે જરૂર પડે ત્યાં પોતે એકાગ્ર અને કેન્દ્રિત થઇ શકે છે. અને અનેક ગણી મોટી થઇ શકે છે. એવી રીતે આ ડીવાઇન તત્ત્વ છે, એ પોતાની સમગ્ર શક્તિ ત્યાં લાવીને ગોઠવી દે છે. પેલા અનડીવાઇન અને ડીવાઇનની સાથે જે લડાઇ છે ત્યાં લાવીને મૂકી દે છે. ડીવાઇનને તો કોઇ શંકા નથી. તેને તો એમ જ છે કે મારી જીત જ છે. એનો એમ જ નિશ્ચય છે. અને ખરેખરું એમ જ છે. તે એક બે જણને લડાઇ થઇ, ભયંકર લડાઇ થઇ. હવે લડાઇ તો જાણે સારી, પણ આખરે થયું શું? જળ અને પૃથ્વી તત્ત્વનું શું થયું? તો એ જળ અને પૃથ્વી તત્ત્વ, પેલા તમસ્ તત્ત્વને લીધે જ સંપૂર્ણપણે હારી શકે એવાં નથી. કારણકે લોઢાની અભેદ્ય દીવાલ હોય તેમાં પ્રવેશવું અઘરું ગણાય. પણ માણસો

બુદ્ધિથી વિચારે. અઘરું તો નથી. ભાઇ- ઈલેકટ્રીસિટી મૂકીએ તો ઝપાટાબંધ પસાર થવાય. એમાં જરાપણ અઘરું નથી. ઈલેક્ટ્રીસિટી લોઢામાંથી પસાર થઇ શકે ને? ત્યારે તેવી રીતે ભગવાનને જ્યારે એમ લાગશે ત્યારે એક ક્ષણવારની અંદર બધાને હરાવી દેશે. એવો ટાઈમ આવે, સાનુકૂળ ટાઈમ આવે એટલે 'એને ખલાસ કરું, હરાવી દઉં.' પણ આપણને ખબર નથી કે ક્યારે સાનુકૂળ ટાઈમ આવે! આપણે માટે તે વખતે- મનુષ્યને માટે- પ્રાર્થના ને ભક્તિ બે જ રહે છે. એ વખતે એવી સ્થિતિ થતી હોય છે, ત્યારે આ વસ્તુ બનતી હોય છે.

આપણા આખાય આધ્યાત્મિક ઈતિહાસમાં આ 'સ્ટ્રગલ(=સંગ્રામ) વિષે કોઇ ઠેકાણે લખાયું છે ખરું. મને ખબર નથી. પણ આ બહુ મોટી હકીકત છે. એટલે કોઈક ઠેકાણે જરૂર લખાયું હશે. શ્રીઅરવિંદે તો લખ્યું છે. મેં વાંચ્યું નથી. આ તત્ત્વ એવું મોટું છે કે એ લખાયા વિના રહેજ નહિ. અને અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈપણ મનુષ્ય આ પાંચેય તત્ત્વની અંદર પ્રવેશીને સંપૂર્ણ થયો હોય એવો દાખલો હજુ આપણને મળ્યો નથી.

આ ત્રણ તત્ત્વ જીત્યા તો ભગવાનના એ સ્વરૂપને સંપૂર્ણપણે આપણે પામ્યા- એવું નહિ ગણાય. જો કે એની પછી જીવદશા નથી રહેતી. એ ત્રણ તત્ત્વોમાં ભળેલો છે. આકાશ, તેજ અને વામાં ભળેલો છે. પણ પછી જીવદશાવાળો નથી રહેતો. એ પણ એટલું જ ચોખ્ખું. એ જીવદશાવાળો નહિ પણ કોઈક ઊર્ધ્વ-જીવ અને માનવની ઉપરની કક્ષાવાળો માણસ- પણ જીવદશાવાળો તો બિલકુલ નહિ. પછી એ ત્રણ તત્ત્વ હોવા છતાં એ પાપ-પુણ્યથી પર થઇ જાય. તેનું મહત્ત્વ ઘણું છે. એની લડત ચાલુ છે. લડત

કદી અટકતી નથી. લડત હંમેશાં ચાલુ છે. આટલી મને સમજણ છે. એનાથી વધારે સમજણ મને નથી.

**સ્વજનઃ** આથી વિશેષ સમજવા અમારી યોગ્યતા પણ નહિને?

**શ્રીમોટાઃ** આખરે તો જાણે જીતશે પેલું તત્ત્વ. પણ ક્યારે જીતશે એ આપણાથી કંઈ નક્કી કહી ના શકાય. પણ અત્યારે તો આ સંગ્રામ ચાલી રહ્યો છે. કેમકે આખરે તો આપણે પેલા ડીવાઇન તત્ત્વને મેળવવું છે- અનુભવવું છે. તો તેના વિરોધમાં જઈશું તો કેમ પત્તો ખાય? તે નહિ ચાલે. તેમાં સંગ્રામ અનિવાર્ય છે. સંગ્રામ તમને ડીવાઇન પાર્ટમાં હો કે અનડીવાઇન પાર્ટમાં હો, તો તમારે લડવું તો પડશે. પણ જો તમારે ડીવાઇન પાર્ટમાં જવું જ હોય અને એ તરફ જવાનો તમારો નિશ્ચય હોય તો તમે સામાવાળા પ્રત્યે સદ્ભાવ રાખીને લડો- ના લડો એમ નહિ, બાયલા ના થઈ જાવ. લડો. જ્યાં સુધી જવાય તેવું હોય ત્યાં સુધી જાવ. નમતા નહિ એની સામે. ભગવાન કૃષ્ણ સમાધાન કરવા ગયા. તો માંગતા માંગતા પાંચ ગામ માગ્યા. એટલું મોટું સામ્રાજ્ય, એ આપણા જેવાને માટે દ્રષ્ટાંત છે. કે આપણો સામાવાળો હોય, એ આપણી સાથે લડતો હોય, તો એની સાથે સમાધાન કરવાને માટે તમારાથી પ્રેમથી જેટલું નમાય એટલું નમો. કોઈ કહેશે, 'આ તો મૂર્ખાઈ છે. પેલો તો તમારી મૂર્ખાઈનો લાભ લઈ જશે.' જગતવ્યવહારવાળા બધા જ લોક આમ કહેવાના કારણકે તેને પેલા ડીવીનીશનો ખ્યાલ નથી. આપણે જવું છે પેલા ડીવીનીઝેશનમાં, તો સંસાર-વ્યવહારમાં પણ એને લાયક આપણું વર્તન સમજી વિચારીને હોવું જોઈએ. પણ એવું બહુ ઓછા કરે છે. મે સમાજમાં જોયું છે. મારી આજે છોંતેર વર્ષની ઉંમર થઈ, પણ મે એવું જોયું છે. ઘણા ઓછા

લોકો કરે છે. સદ્ભાવ કાયમ રહેવો જોઈએ. ગમે તેટલી દુશ્મનાવટ હોય, પણ સદ્ભાવથી તમે ગમે તેટલું કરવું હોય તેટલું કરો. તો આજ કે કાલ તે તમારી સાથે મિત્રતા બાંધવા આવશે એ વાત નક્કી.

તા. ૧-૧૦-૭૪

## સમૃદ્ધિ વિષે
### (પૂજ્ય શ્રીમોટાનું ઉદ્બોધન)

સમષ્ટિની સમૃદ્ધિ વિષે આપણે વિચાર કરતા થઈ જવું જોઈએ. વ્યક્તિના સ્વાર્થની વાત મૂકી દેવી પડશે. કાળ એવો આવે છે, કે પહેલું સમગ્રતાનું લક્ષ રાખવું પડશે. આ સમૃદ્ધિ વિષેનો વિચાર છે એનો આજે દુનિયામાં પવન ફૂંકાવા લાગ્યો છે. એની પાછળ આપણી સમૃદ્ધિ પણ છે આજે આપણા દેશમાં પણ એ જાતના પગલાં લેવાઈ રહ્યાં છે. પણ જે રીતે પગલાં લેવાવાં જોઈએ કે જેથી દેશની સમૃદ્ધિ વધે, દેશનો વિકાસ થાય તે રીતે પગલાં નથી લેવાતાં. જે કોઈ આજે અર્થશાસ્ત્ર ભણેલા હોય- તેમાં નિપૂણતા મેળવી છે એને બરાબર ખબર છે કે રાજતંત્રની નીતિ બહુ ગેરવાજબી છે. સમાજનું કેટલું બધું નુકશાન થઈ ગયું છે. આપણે બધા બહુ પાછળ છીએ. આપણા દેશના અર્થતંત્ર વિષે, અર્થશાસ્ત્ર જાણનારા માણસોએ આપણી સરકારને કાગળો લખેલા છે- મેમોરેન્ડમ પણ આપેલા છે. એ લોકોએ આપણી સરકાર પર કાગળો લખેલા હોય કે ગમે તે હોય, પણ તમે બધા ભણેલા ગણેલા છો. પણ કેટલા આમાંથી સમજતા હશે તે ભગવાન જાણે! આજે આપણા દેશનું અર્થશાસ્ત્ર, અર્થનીતિ

ક્રાઇસીસ(=કટોકટી)માં છે. એની ભાગ્યે જ આપણને ખબર પડે.

ઉદ્યોગ વિના તો ચાલવાનું નથી. ઉદ્યોગ વિના તો દેશ આગળ આવવાનો નથી. પણ મારો ક્હેવાનો અર્થ એ કે હવે આપણે વ્યક્તિની વાત, વ્યક્તિના સ્વાર્થની વાત છોડી દેવી પડશે. એ બધું અત્યાર સુધી ચાલ્યા કર્યું. પણ હવે નહિ ચાલે. જે ચાલતું હતું તે ચાલ્યું, હવે કોઇ ચલવશે તો ખત્તાં ખાશે. આ આપણે નહિ સમજીએ તો સમાજ આપણને ઉખેડીને ફેંકી દેશે. અંગત સ્વાર્થની વાત મૂકી દઇએ, સમાજના સ્વાર્થની વાત- સમષ્ટિના સ્વાર્થની વાત આપણે એ રીતે મનમાં રાખીએ અને એ તરફ સમાજનો વિકાસ થાય એ રીતે આપણે વિચારતા થઇએ. માત્ર બૌદ્ધિક રીતે-વિચારવાનું નહિ, પણ કર્તવ્યની રીતે. તમે શું કરો છો? તમે બોલનારા, ભાષણ કરનારા કંઇ ક્હેવાની જરૂર નથી. આ તો બધાંનો દેખાવ છે- મનથી- બુદ્ધિથી દેખાય એવી રીતે ક્હું છું. એમ ને એમ ખાલી ક્હેતો નથી. મારા ગુરુમહારાજ મને લાત મારે. આજે પણ જો ખાલી ખાલી બોલું તો મને છોડે નહિ. હું આચરીને સાચું ક્હું છું. સમાજનું હિત-કલ્યાણ આ રીતે વિચારીશું નહિ, કાળના પ્રવાહની સાથે આપણે નહિ રહીએ તો આપણે ફેંકાઇ જઇશું.

## ખાતમુહૂર્ત વિધિનો મર્મ

ખાતમુહૂર્તવિધિ એક એવું કામ છે કે તેની ઉપરથી આપણી સંસ્કૃતિ કેટલી ઊંચી છે, આપણા સંસ્કારો કેટલા ઊંચા છે એનું ભાન થાય છે. આપણે ભૂલેચૂકે કોઇને અથડાઇ જઇએ છીએ તો 'સોરી' ક્હીએ છીએ. એ તો ચીલાચાલુ રિવાજ છે. ખરેખર તો એ

બોલતી વખતે આપણા મનમાં એ પ્રકારની લાગણી થવી જોઇએ. મતલબ કે આપણે કંઇપણ કશામાં પણ અડચણકર્તા થઇ પડીએ ત્યારે એવી લાગણી થાય છે એમ આપણા સંસ્કૃતિકારો સમજેલા. અને આ પૃથ્વીને, 'પાદસ્પર્શં ક્ષમસ્વ મે'- હે ધરતી માતા! અમે તને પગ અડાડીએ છીએ તોય તું અમને નડતી નથી. એવી હે મા! તને તળે ઉપર કરીએ છીએ.'

ખાતમુહૂર્તની આ વિધિ એ ધરતીમાતાને કરેલી એક જાતની પ્રાર્થના છે. આજના કાળમાં એનું મહત્ત્વ બરાબર નહિ સમજાય. કેમકે આજકાલ આપણા સમાજમાંથી સંસ્કૃતિ સંસ્કારશીલતા ઘટતી જાય છે. સંસ્કૃતિનું નામ- નિશાન જતું હોય એવો કાળ આવે છે. એવું પણ ખરું કે જર્જરિત જબરદસ્ત મકાન તોડી જ નાખવું પડે. તેને તોડી પાડીને મકાન નવું બનાવવું પડે છે. એવી તો આપણા હાલના સમાજની સંસ્કૃતિ જર્જરિત થયેલી છે. તે તૂટી ફૂટીને સર્વ પ્રકારે નાશ થશે. તેમાંથી પાછી નવી સંસ્કૃતિ જન્મશે. આપણી સંસ્કૃતિના કેવા ઉત્તમ પ્રકારના સંસ્કાર હતા- સંસ્કારશીલતા હતી તેનો કંઇ ખ્યાલ આવે માટે વિધિ કરી છે.

એ વિધિ જો ના હોત તો કદાચ આપણી સંસ્કૃતિનું નામનિશાન ભૂંસાઇ ગયું હોત. આવી વિધિ આપણી સંસ્કૃતિનું દિગ્દર્શન કરાવે છે. ત્યારે મારે તમને બધાને તસ્દી આપવી પડે છે.

આ સાત ધાન છે. તે દરેક જણે લઇ આમાં નાંખવાનાં. અને પછી ધાતુઓ છે તે પણ ધાન છે. પાંચરત્ન પણ ધાન છે. આ બધું અગડમ્- બગડમ્- છે એમ આ ભણેલાગણેલા લોકોને થાય. પણ બધું હેતુપૂર્વકનું છે. આ બધું કરીને તમારે મેળવવાનું છે. આ

અમસ્તુ નથી. પણ કોઈ રહસ્ય સમજતા નથી. એટલે મગજમાં એમને કંઈ ઊતરે નહિ! આ ખાતમુહૂર્ત વિધિમાં આ બધું ધાન ભૂમિમાં મૂકે છો. સાત ધાતુઓ, પૈસો પણ અંદર મૂકવાનો હોય છે. અને પાંચ ધાતુઓ, પાંચ રત્નો એ બધું- આ બધું તમારે કમાવાનું- તેનું જ્ઞાન પ્રગટે, હેતુ સમજાય, તે વિધિ પાછળનો હેતુ છે. એટલે તમે બધા ભાઈઓ એક પછી એક આવીને તમારાથી તે વખતે પ્રાર્થના થાય તો કરજો કે ભગવાનની કૃપાથી ઉદ્યોગ ફૂલજોફાલજો. આમાં કોઈ વ્યક્તિના સ્વાર્થની વાત નથી, સમાજના સ્વાર્થની વાત છે એમ પ્રાર્થના થાય તો કરજો, ના થાય તો એમ ને એમ મૂકી દેજો. પણ દરેક જણ આ સાત ધાન લઈ આવી આમાં મૂકી દેજો. એટલી તમને બધાંને મારી વિનંતી અને પ્રાર્થના છે.

હવે આ બધું કરતાં પહેલાં આપણે આ પ્રાર્થના બોલી જઈએ. ખાતમુહૂર્તની પ્રાર્થના છે.

## ખાતમુહૂર્ત : મંગળ પ્રાર્થના

મંગળ સર્વ કાર્યોમાં, રિદ્ધિ-સિદ્ધિ ગણેશને,
પ્રાર્થના કરી ભૂમિમાં, પ્રતિષ્ઠિત થવા પદે. ૧

વરાહ કૂર્મ દેવોની, સાથે સાથે સ્તવી હદે,
પ્રતિષ્ઠિાઓ જગા વિષે, થજો સૌ દેવની ખરે. ૨

લીધેલાં કર્મમાં કો વિઘ્ન, મુશ્કેલી ગૂંચ જે,
નિમિત્તે સાંપડે તેથી, મળજો મુક્તિ કર્મપે. ૩

સર્વ સરળતા પાકી, આ કર્મમાં મળ્યાં કરી,
ભાવના શુદ્ધ સંપૂર્ણ, રખાવજો અમારી શી! ૪

આ કર્મ જે અમારાથી, ઉત્તમોત્તમ રીતથી,
પરિપૂર્ણ બધી રીતે, પાર ઉતારજો વળી. ૫

મહત્તા કર્મને પૂરું યોગ્યતા એની સૌ થવા,
ત્યાં અપાજો અમારાથી, પ્રાર્થના એવી પાદમાં. ૬

અમારી બુદ્ધિમાં સ્વાર્થ, ચઢી ના બેસજો નર્યો,
યોગ્ય થવા બધાનું યે, સદ્દબુદ્ધિ દિલ પ્રેરજો. ૭

કર્મની યોગ્યતા રીતે, સધાજો કર્મ તે બધું,
દેવાદિ શક્તિની સ્હાય, કૃપાથી મળજો સ્તવું. ૮

આપણી વિધિઓમાં મોટામાં મોટું લક્ષણ ભાગ્યે કોઈને ખ્યાલમાં હશે. દરેક વિધિમાં સૌ પહેલાં ગણપતિની સ્થાપના કરાય છે. આમાં પણ ગણપતિ. ગણપતિની સ્થાપના સૌ પહેલી. તે વિના ચાલે જ નહિ, પણ તેનું રહસ્ય બ્રાહ્મણો કેટલા સમજતા હશે ને આપણે બધાં કેટલું સમજતા હોઈશું તે રામ જાણે! પણ મને સમજણ છે. અને તે હેતુથી હું આ વિધિ કરું છું તે તમને સમજાવું ખરો. તમને તે 'રેશનલ' અને બુદ્ધિથી સ્વીકારવા જેવું લાગે તો સ્વીકારજો. નહિતર હરિ હરિ. 'ગણ'ના ઘણા અર્થ થાય છે. 'ગણ'નો એક અર્થ ઈન્દ્રિયો થાય છે. જ્યારે કોઈ એક કર્મ લઈને આપણે બેસીયે તે ઈન્દ્રિયો સાબૂત નહિ હોય, મજબૂત નહિ હોય, નિશ્ચળ નહિ હોય તો આપણે કોઈ કર્મ યથાયોગ્યપણે નહિ કરી શકીએ. માટે તેનું ભાન પ્રેરવા માટે કે, 'તારે આ કર્મ કરવું છે તો ઈન્દ્રિયોના સ્વામી થઈ જવું પડશે!' ગણપતિ તમારે થવું પડશે. તમારા ક્હેવાથી ઈન્દ્રિયો તમારા તાબામાં કંઈ રહેવાની નથી. એ તો સ્વચ્છંદપણે- એની મરજીમાં આવે તેમ વર્તવાની. એનો આકાર કોઈ એક પ્રકારનો નથી. આપણી ઈન્દ્રિયોને ગમે તે પ્રકારનો આકાર છે. ગણપતિનો આકાર એવી જાતનો છે. એટલે દરેક વિધિમાં ગણપતિની સ્થાપના પહેલી, કે તમારે તમારી ઈન્દ્રિયોને મજબૂત રાખવી પડશે. લગ્ન વખતે પણ ગણપતિની વિધિ પહેલાં, કેમકે લગ્નમાં અનેક પ્રકારના લોકો ભેગા થવાના. તમારા સ્વભાવને તમે સાચવજો. તમારી ઈન્દ્રિયોને તમે વશમાં રાખજો. તમે તતડી ઊઠશો કે ગુસ્સે થઈ જશો તો નહિ ચાલે. જ્યારે મોટા કામ લઈને બેસો છો ત્યારે ઈન્દ્રિયો વડે કામ લઈ શકાય. મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્ તો ખરા. પણ તે વખતે ઈન્દ્રિયો પણ સાથે જ હોય છે. ત્યારે એ બધાનાં આપણે સ્વામી થવું પડશે. એટલા

માટે આ ગણપતિની વિધિ છે.

આ ભૂમિમાતા -આ ભૂમિને આપણે લોકોએ મા ગણી છે. આપણે ભૂમિમાતાને સ્વર્ગથી પણ વધારે ગણી છે. પણ હું તો જે માએ આપણને જન્મ આપ્યો તેના કરતાં પણ આ ભૂમિમાતાને વધારે ગણું છું, કેમ કે મા તો બે - ત્રણ વર્ષ ધવડાવ્યા પછી ખલાસ. પણ આ મા હંમેશ માટે. તમારા જીવનની પ્રત્યેક જરૂરિયાત, એકએક જરૂરિયાત પૂરી પાડે છે. તમે વિચારી જુઓ. એકએક વસ્તુ જમીનમાંથી મળે છે. ખાવાની વસ્તુ તો ખરી. કપડાં - લત્તાં, ધનદોલત, માલમિલ્કત બધું ભૂમિમાંથી મળે છે. ખનીજ ધાતુઓ પણ ભૂમિમાંથી મળે છે. એક પણ વસ્તુ એવી નથી. જે ભૂમિમાંથી ન મળતી હોય! પણ તેના લાભ અને ગેરલાભ બંને છે. આપણે સમાજમાં જીવવા માટે કોલસો, ધાતુઓ - પેટ્રોલને કેટલું બધું કાઢકાઢ કરીએ છીએ. સમતુલા - જે બેલેન્સ છે એ - આપણે ખોઈ બેસીએ છીએ.એના પરિણામ ભોગવવા તત્પર રહેવું પડશે. આપણે તૈયારી રાખવી પડશે કે આ જે બધું ખોદતા જઈએ છીએ ખરા, પણ આ ધરતીમાતાની જે સમતુલા છે, બેલેન્સ છે તે આપણે ગુમાવતા જઈએ છીએ. એ કોઈના ખ્યાલમાં નથી આવતું - ભણેલામાં નથી આવતું - ભણેલા હોવા છતાં. પહેલાં ખ્યાલમાં આવવું જોઈએ. પણ એ આવતું નથી. ઉલ્કાપાતની તૈયારી આપણે રાખવાની. સંસ્કૃતિમાં પહેલેથી આપણે જે કંઈ કર્મ કરીએ, તેમાં ધરતીમાતાને પ્રાર્થના કરીએ છીએ કે, 'મા, અમને તું ક્ષમા કરજે. અમે આ કરીએ છીએ તે અમારા સ્વાર્થને માટે છે. અમારાથી કર્યા વિના ચાલે એવું નથી. અમારા ગુણ ને અહમ્‌ને માટે પણ,' ક્ષમાની ભાવના પહેલેથી માંગી લે છે. પણ અત્યારે એ ભાવના ચાલી ગઈ છે. એ ભાવના કેટલું કામ કરે છે. તે તો

સાઈકોલોજીનો વિષય છે. પણ આજની સાઈકોલોજીને આ ભાવના ગમતી નથી.એ ભાવના માત્રને ઉડાડી મૂકે છે. આમ છતાં એમાં ભાવના કામ કરે છે. એટલે આજે આ કામ કરાવવાનું આવ્યું છે, ત્યારે આપણે ભૂમિમાતાને પ્રાર્થના કરીએ કે,' હે મા તું અમને ક્ષમા કરજે. તારા પર અમે અનેક પ્રકારના ભાર લાદીએ છીએ'. *

તા. ૧૩-૭-૭૩

---

* નિયોમર ડિવિઝન, વડોદરાના ખાતમૂહુર્ત પ્રસંગે.

# સૂચિ


અનુભવી...૧૨૨
-ની અવરનેસ...૫૩
-ની ઇમ્પ્રેશનનો પ્રકાર...૧૫૪
-નું ગૂઢ વર્તન...૧૧૩
-ને સમજવા મુશ્કેલ...૧૫૪
-નો સંપર્ક...૧૫૨
-ની હિંસા...૧૧૬
-અને જાણવું...૪૬
-અને જીવદશા...૫૩
-અને નિમિત્ત...૫૬
અનુપમરામ ભટ્ટ(સદ્‌ગત)...૨૦
અન્નકૂટ...૩૩
અભ્યાસ...૧૬,૨૨
'અભ્યાસ'(પુસ્તિકા-શ્રીમોટા)...૧૬
અભિમુખતા...૪૪
અરવિંદ(શ્રી)...૧૮૨
અશરીરી તત્ત્વ...૧૧૪
અસુરોનું બળ...૧૫૭
અહમ...૧૪૨
-કાઢવાની રીત...૮૨
-તોડવાના પ્રયોગ...૧૪૪
આકાશતત્ત્વ...૪૦,૧૦૫.૧૧૨,૧૧૫
આકાશમાં જીવસૃષ્ટિ...૧૫૨
આકાશની સાથે...૧૭૫
આત્માનો ગુણધર્મ...૮૦
આત્મા અને પ્રકૃતિ...૪૫
'આત્મવત્ સર્વભૂતેષુ'...૫૭
'આદમ અને ઇવ'...૬૩
આધ્યાત્મિક ઇતિહાસ...૧૮૨
આયુર્વેદ...૧૫૩
આશ્રમ(હરિઃ ૐ)...૩૧
ઇન્ફ્લ્યુએન્ઝા...૪૮
ઈવીલ તત્ત્વો...૧૭૭
ઉદારતા...૫૯
ઉદ્યોગ-અનિવાર્ય...૧૮૫
-ની અસર...૧૭૧
ઉપયોગી(બધું જ)...૩૩
એકાગ્રતા...૭૦
એટ્‌મોસફીઅર..૧૧૯
એફર્ટલેસ એફર્ટ...૨૦
'ઓબ્જેક્ટિવ માઇન્ડ'...૧૧,૨૧
અંતઃકરણોનું પૃથક્કરણ...૧૪૨,૧૪૪
અંતરીક્ષમાં માનવ શરીર...૪૯
કબીર સાહેબનો પ્રસંગ...૧૨૯
કરાંચીના ઓલિયાનો પ્રસંગ...૧૩૦
કલાની પરખ...૩૪
કારણ મન...૧૧,૧૨
કાળીનાગ નાથ્યો...૧૭૮
કાશીવિશ્વનાથ(બનારસ)નું મંદિર...૮૬
'ક્રીએટીવ હેબિટ'...૨૫
કર્મ કરતાં નીરવતા...૧૪૧
કર્મ-પરિણામ...૧૩૫,૧૪૦
-ની રીત...૧૩૭
-માંથી મુક્તિ...૧૨૬
-વખતે વિચાર...૧૨૫
-ને પ્રેરનાર...૧૨૩

કર્મયોગ...૧૩૬
કૃષ્ણ(શ્રી)...૧૫૪
ખરું સુખ...૧૨૨
ખાતમુહૂર્ત-પ્રાર્થના...૧૮૮
-માં સપ્તધાન...૧૮૭
ગણપતિની સ્થાપના...૧૮૯
ગરીબીનું જીવન...૧૬૫
ગુરુ-ચેતનાના સિમ્બોલ...૨૪
-ની મદદ(પ્રસંગ)...૮૮
-ના તેજરૂપે દર્શન...૧૦૬
-નો પ્રસંગ...૧૩૮
ગુણ અને ભાવ...૬૦
-સંસારમાં અને અધ્યાત્મમાં...૪૭
ગુણાતીત...૧૫૨
-પછી તાદાત્મ્ય...૧૫૦
ગોદડિયા મહારાજ...૧૦૪,૧૪૭
ગોપાળદાસ મહેતા(સદ્ગત)...૩૬
ગ્રહોમાં જીવસૃષ્ટિ...૭૨
ગાર્ગીનો પ્રસંગ...૧૯
ગંગેશ્વરાનંદજી...૧૦૪
ગાંધીજી...૪૩,૬૪,૧૦૪,૧૧૬,૧૩૮
-ના આશીર્વાદ(મોટાને)...૧૦૪
ગુંગળામણનો કાળ...૪૯
ચૂનીભાઇ(મોટા)...૧૭૦
ચેતન...૧૮
-નો ગુણધર્મ...૪૫
-નાં લક્ષણો...૫૧
-માં નિષ્ઠા પામેલા...૧૯
-સાથે પૃથ્વી-જળનું વર્તન...૧૭૨
'છૂપોહાથ'..૬૩
જપનું સાયન્સ...૧૩
-થી સાક્ષીપણું...૨૮
જપ અને વૃત્તિઓ...૨૭
જયપ્રકાશ નારાયણ...૧૩૮
જળ અને પૃથ્વી...૬૯
-તત્ત્વમાં અવતરણ...૧૬૮
-નો સંબંધ...૪૧
જ્યોતિબહેન...૧,૧૫૩
જ્યોતિષ વિદ્યા...૧૫૩
જાનકીદાસજી મહારાજ...૯,૧૦૪,૧૪૭
જિજ્ઞાસા...૧૦૧
જીવનનું ધ્યેય...૧૪
જીવોનું અવતરણ...૫૧
જેલનો પ્રસંગ...૮૯
ટ્રેડીશનલ સ્મરણ...૧૨
ઠક્કરબાપા...૬૭
ઠાકોર...૯૧
દ્વારકા...૧૭૩
ડીવાઇન-અનડીવાઇન...૧૭૫
તટસ્થતા...૧૬૩
તાદાત્મ્ય...૫૧,૫૪,૮૦,૧૪૬,૧૫૦
-ની અસર...૬૦
તાટસ્થ્યમાં તટસ્થ...૧૬૬
તંત્રનો પ્રયોગ...૧૭૬
તંત્રનું સાધન...૩૦
દાણચોરીવાળાનો પ્રસંગ...૭૮

દેવાસુર સંગ્રામ...૧૫૬
દેશની આર્થિક નીતિ...૧૮૫
દોષ-પોતાનો...૨
ધરતીમાતાને પ્રાર્થના...૧૮૬
ધીરજબહેન...૧૫૭
ધૃતરાષ્ટ્ર...૧૭૧
નમ્રતા-નમન...૧૮૪
નાગાસાધુ(પ્રસંગ)...૮૫
નારણભાઈ શેઠ...૯,૧૦,૧૪૭
નારાયણ મોરેશ્વર ખરે...૫
નિદિધ્યાસન...૧૮
નિમિત્ત...૫૧,૧૦૯,૧૧૫
નિરંતર લડત...૧૮૩
નીરવ થવું એટલે...૨૩
-તાની કક્ષાઓ...૨૫,૨૬
નંદલાલ...૩૬
પ્રકાશ...૪૦
પ્રકૃતિ-અનંતરૂપ...૧૦૭
પ્રકૃતિને ભેદવી...૧૬૯
પ્રકૃતિ-સંસ્કારોથી મુક્ત...૧૫
પ્રપંચકાળ...૨૪
પ્રપંચથી માર(પ્રસંગ)...૯૧
'પ્રભુપ્રીત્યર્થ' એટલે...૧૮
પ્રભુમાં લય થનારનો સંબંધ...૮૯
પરિણામની ઇચ્છા વિના...૯૬
પ્રાર્થનાનું પરિણામ...૧૩૯
પ્રાર્થનાથી મદદ...૯૩
પ્રાર્થનાનો હેતુ...૧૭
પ્રાણની શુદ્ધિ...૧૪૫
પ્રેત...૫૦
પૃથ્વીનો ઇતિહાસ...૬૧
પૃથ્વીના વાતાવરણમાં...૫૧
પંચતત્ત્વો-તન્માત્રા...૧૦૦
પંચતત્ત્વોનું પ્રભુત્વ...૧૭૮
પંચતત્ત્વો વચ્ચે ભેદ...૧૬૯
ફાધર વાલેસ...૧૨૦
બળ-ત્રણ પ્રકારનાં...૯૮
બાઈબલ...૬૩,૧૬૮
બાબર બહારવટિયો(પ્રસંગ)...૬૭
બુદ્ધિનું કાર્ય-ઊર્ધ્વક્ષેત્રમાં...૧૫૩
બુદ્ધિનું બળ...૧૬૧
બુદ્ધિ અને સમાધાન...૧૧૧
બૂચ(નાગર ગૃહસ્થ)...૯૧
બૌદ્ધધર્મ...૪૦
બૌદ્ધિક સમજ...૧૯
ભગવાનનું અવતરણ અને
ધર્માચાર્યો તથા વિદ્વાનો...૮૯
ભગવાનનો પ્રવેશ...૧૭૬
ભગવાનને ભોગ...૩૩
ભગવાનની મદદ...૭૨
ભગવાનની શક્તિ...૧૮૧
ભાવ...૫૬
ભાવ-બેક ગ્રાઉન્ડ...૧૫૯
ભાવનું પરિણામ...૧૦૬
ભાવનાનો ઉપયોગ...૩૬
ભાવનાનું પતન...૩૯

ભીમજી ડ્રાયવર...૧૩૦
ભીલ સાથે કામ...૧૭૦
ભીલનો પ્રસંગ...૬૭
ભૂમિમાતા...૧૮૯,૯૦
ભૂલાભાઇ બેરિસ્ટર...૬૫
મણગાંઠ તોડવાનો પ્રસંગ...૧૩૩
મથુરા...૩૪
મનને તરફેણમાં લેવાની ક્રિયા...૫
મનને દોષ નહિ...૨
મન અને નામસ્મરણ...૬,૭
મન પર કાબૂ...૧
'મનને'(પુસ્તક)...૨,૫
મન-બેસ્ટ ફ્રેન્ડ...૪
મન-હથિયાર...૩
મનસુખરામ માસ્તર(અનુભવ-પ્રસંગ)...૧૫૮,૧૫૯
'મનાંચે શ્લોક'(રામદાસ સ્વામીનું પુસ્તક)...૨,૫
મસ્તલોકની આગાહી...૧૫૫
મહાદેવ દેસાઇના મોટાભાઇ /(પ્રસંગ)...૬૪
મહામંડળેશ્વરો...૫૫
મહાત્માનો પ્રસંગ(તંત્રવિષે)...૭૨
માલવિયાજી...૭૪,૮૪
મુક્તાત્માનાં દર્શન...૮૭
મુક્તાત્મા અને એના ભક્ત...૮૮
મુક્તાત્માને સન્મુખ કરવા...૮
મુલાયમતા-ઉત્તમગુણ...૫૯
મુસ્લીમ રાજ્યકાળમાં ધર્મ...૩૪
મૂળજીભાઇ...૧૬૪
મેટ્રિકની પરીક્ષા(પ્રસંગ)...૧૩૫
મોટા(પૂજ્યશ્રી)નો અનુભવ...૩૦
-ના બાળપણનો પ્રસંગ...૧૬૩
-ને સતત દમની ખાંસી...૧૭૮,૧૮૦
-નો પ્રેમ...૭૭
મંદિરનું વાતાવરણ...૧૧૮
મંગળ(ગ્રહ)માં પ્રવેશ...૧૧૦
મંદિરનો હેતુ...૩૯
યમુનાની આરતી...૩૫
યજ્ઞનો અર્થ...૮૩
રમણભાઇ(અમીન)...૧૫૭
રમણભાઇ શેઠ(પેટલાદ)...૧૪૭
રસ- બધાનું મૂળ...૩૩
રામદાસ સ્વામી...૨,૫
રામાનુજાચાર્ય(પ્રસંગ)...૩૭
લક્ષ્મી પવિત્ર...૭૯
વ્યક્તિનું ધ્યેય-મોક્ષ...૧૬૮
વલ્લભાચાર્યજી...૩૫
વસતી વધારો...૪૮
વહાલપની લાગણી...૧૦૧
વાતાવરણ...૧૧૭
-માં દેવ અને અસુર...૧૫૨
વાયુનો પ્રકાર...૧૧૫
વિચારો-વિશ્લેષણ અને પૃથક્કરણ...૪
-ની સૂક્ષ્મ પ્રક્રિયા...૧૦૦
વિદુર...૧૫૪

વિદ્યાનંદજી...૧૦૪
વિસ્તારદશા...૧૮૦
વૃત્તિનો હુમલો...૨૮
–ને વાળવી...૨૯
વૃન્દાવન...૩૪
વૈષ્ણવધર્મ અને કળાઓ...૩૨
શબ્દની અસર...૨૨
–નો સ્પર્શ...૧૦૨
શુભલક્ષ્મી...૩૬
શેઠનો દાખલો...૧૬૨
શંકરાચાર્ય...૩૯
શ્રીરંગમ્‌નું મંદિર(પ્રસંગ)...૩૮
'શ્રીસદ્‌ગુરુ'(મોટાનો પ્રસંગ)...૧૦૯
સ્મશાનમાં સ્વપ્ન(પ્રસંગ)...૨૩
'સચ્ચિદાનંદ'નો અર્થ...૪૧
સબકોન્સ્યસ માઇન્ડ...૧૧
સત્‌-અસત્‌ સંગ્રામ...૧૫૬
સન્મુખ કરવાની રીત...૨૪
સન્મુખતાનો પ્રયોગ...૯
સમષ્ટિની સમૃદ્ધિ...૧૮૪
સમષ્ટિનો સ્વાર્થ...૧૮૫
સમાધાનની જરૂર...૧૨૧
સાક્ષીભાવ...૧૬૦
સાચો ગુરુ 'માંહ્યલો'...૨૪
સાધના પછી મન...૩
સાધનાકાળનો પ્રસંગ...૧૨૦
સાધુ અને વ્યસન...૮૪
સૂક્ષ્મ સંગ્રામની વિગત...૧૭૧,૭૩
સોમાભાઇ...૧૬૪
સંગ્રામ...૯૮
–વેળાની પ્રાર્થના...૧૫૭
સંઘર્ષ અને વિકાસ...૧૮૦
સંતરામ મહારાજ...૧૪૭
સંપ્રદાય...૩૨
સંશોધનનું કારણ...૭૨
સંસ્કાર...૧૨૭
સંસ્કાર-દગ્ધબીજ...૫૨
સંસારમાં પ્રભુ...૮૪
'હૃદયપોકાર'/(પુસ્તક)...૧૬
'હરિની બલિહારી'(ગઝલ)...૧૪
'હરિજનસંતો'(પુસ્તક)...૧૪૯
હરિજન ઋષિ...૩૮
'હિન્દુ(દૈનિકપત્ર)...૮૭
હિન્દુ યુનિવર્સિટી(બનારસ)...૮૫
હિન્દુસ્તાનના ભાગલા...૪૮
હિમાલયના સાધુનો પ્રસંગ...૭૫
હેબિટ...૨૦,૨૧
ઋષિઓનું તાદાત્મ્ય...૧૫૩
જ્ઞાન-અનંતાનંત...૧૦૭,૧૧૨

## સાધના મર્મ

૧ મુખથી કે મનમાં જાગૃતપણે જપ; સાથે સાથે હૃદયપ્રદેશ ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨ પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમજ નરસું, બન્નેનું.

૩ સાક્ષીભાવ, જાગૃતિ; વિચારોની સાંકળ ન જોડો.

૪ બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો; અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યાં કરો.

૫ आग्रहो- પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો- છોડો; નમ્રતા કેળવો; શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬ ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર ને આર્તભાવથી પ્રાર્થના કરો; ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો; તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો; મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭ આવી પડતાં કામો પ્રભુનાં સમજો; જરાયે કચવાટ વિના, તે ખૂબ પ્રેમપૂર્વક કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮ આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી જોઈને જાતે સંડોવાવા દો નહિ.

૯ पर (પારકા) સેવા પ્રભુની સેવા સમજો; સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે ને રામને દઈએ છીએ, ત્યાં "મારું" "મારું" ક્યાં રહ્યું? તારું આ જગતમાં છે શું?

૧૦ પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને

વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવંત રાખીને કરવો. વાંચતી-લખતી વખતે ને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ-ધારણાનો અભ્યાસ કેળવ્યાં કરો.

૧૧ વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક ને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨ પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩ ઊર્મિ, આવેશ, લાગણીને એમ ને એમ વહી જવા ન દો; તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો; તાટસ્થ્ય કેળવો.

૧૪ જમતી વખતે, પાણી પીતી વખતે જીવનમાં ચેતન-શક્તિની અવતરણભાવની પ્રાર્થના કરવી; શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિની વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫ સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો. ભાવની વૃદ્ધિ કરો.

૧૬ પ્રભુ સચરાચર છે "आत्मवत् सर्व भूतेषु"ની ભાવના કેળવો.

૧૭ પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ; કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો; વાદવિવાદ ના કરો; પોતાનો આગ્રહ ના રાખો; બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો; માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો; ખૂબ પ્રેમભાવ કેળવો; પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ થતાં કર્મોની ઉપરવટ વર્તો; ફળની આસક્તિ છોડો : પોતાને થતા અન્યાયો-આવી પડતાં

દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દ્રઢાવો; ગુરુમાં પ્રેમભક્તિભાવ દ્રઢતર કર્યા કરો; અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો; સદાય પ્રસન્નતા પ્રવર્તાવો; કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો; પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો; મન નિઃસ્પંદ કરો; રાગદ્વેષ નિર્મૂળ કરવા જાગૃતિ રાખો; થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો; ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય; યદચ્છયા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંયે કોઈની સરખામણી ના કરો; અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે; જીવનસાધના સારુ સર્વકંઈ સાનુકૂળ જ હોય છે; પ્રભુમય-તેના મૂકયંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮ કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી પરંતુ જીવનના ભાવનું સતત એકધારું જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષ- પણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

-શ્રીમોટા

હરિઃ ૐ

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ....
મન વાણીના ભાવો, કર્મ વિષે ઊતરો પ્રભુ (૨)
મન વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ....
સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ....
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા પ્રભુ (૨)
પ્રભુ કૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ....
મનના સકલ વિકારો, પ્રાણ તણી વૃત્તિ પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ....
જેવા હોઈએ પ્રભુ, તેવા દેખાવા પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી કરજો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ....
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ....
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો પ્રભુ (૨)
ગુણને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ....
મન મતિ, પ્રાણ પ્રભુ તુજ, ભાવમહીં ગળજો પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઉછળજો....ૐ શરણ....

-શ્રીમોટા

હરિઃ ૐ

## સર્વરૂપ

જવું જયાં હોય વિચરજો અમે બહાલી જ આપી છે ;
'ક્હીં ક્હીંની જુદી વાતો પડે સમજણ' અનુભવ તે !

અમે ક્યાં ક્યાં જઇ વિચર્યા ન ઇચ્છા તે તણી મૂળે ;
બધે પ્રસર્યા છતાં કેવા મૂળે ક્રેરા રહેલા છે !

લઇએ સ્વાદ શા નોખા ! અનુભવ પ્રકૃતિ કેરા ;
વળી જે જે સ્વભાવો તે અનુભવથી જણાયા છે !

બધી દુનિયા અમારી છે, બધે પ્રસરેલ મૂળિયાં છે !
અમારા વિણ અસ્તિત્વ ક્શે ના કોઇનુંયે છે !

શ્રીમોટા

'જીવનઅનુભવગીત'
પૃ. ૪૧૦